શ્રી પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ



ॐ अर्हम् श्रीस्थंभनपार्श्वनाथाय नमोनमः
॥ श्री नेमिसूरीश्वरसद्गुरुभ्यो नमोनमः ॥

श्री प्राचीन स्तवनादि संग्रह

तपागच्छीय पू. पा. प्रवर्त्तिनी सा. श्री सौभाग्यश्रीजी
म. ना शिष्या प्रशान्तमूर्ति सा. श्री चंपाश्रीजी म.
तथा तेमना विदुषी शिष्या सा श्री प्रभाश्रीजी
महाराजश्रीना स्मरणार्थे

पू. पा. सा. श्री शिवश्रीजी म. तथा सा.
श्री देवीश्रीजी म. ना सदुपदेशथी

—: संग्राहक अने संपादक :—
पं. छबीलदास केशरीचंद संघवी
दानवीर शे. मुलाखीदास नानचंद संस्थापित श्री स्याद्वाद
संस्कृत पाठशाळा अने श्री भट्टीबाई जैन श्राविका
शाळाना प्रधानाध्यापक–खंभात

प्रकाशक—श्री जसवंतलाल गीरधरलाल शाह
जैन प्रकाशन मंदिर, दोशीवाडानी पोळ–अमदावाद
वीर संवत २४८५] मूल्य साडात्रण रूपिया [वि. सं. २०१५

[रू. ३—५० नया पैसा]

વિષયાનુ ક્રમ

નંબર	નામ	પૃષ્ટ
૧	ચોવીશ જિનેશ્વરના છંદ	૧
૨	બીજાનું સ્તવન ઢા. ૨	૮
૩	પાંચમનું ,, ઢા. ૫	૧૦
૪	આઠમનું ,, ઢા. ૨	૧૯
૫	,, ,, ઢા. ૨	૨૧
૬	મૌન એકાદશીનું ઢા. ૩	૨૩
૭	,, ,, ઢા. ૧૨	૨૬
૮	છ અઠ્ઠાઈનું ,, ૯	૩૬
૯	શ્રી મહાવીર સ્વામીના સત્તાવીશભવનુ ,, ઢા. ૫	૪૩
૧૦	,, ,, ઢા. ૬	૪૯
૧૧	શ્રી મહાવીર સ્વામીનાં પંચ કલ્યાણનું ,, ઢા. ૧૨	૫૮
૧૨	,, ,, ઢા. ૩	૬૯
૧૩	શ્રી મહાવીર સ્વામીનું હાલરડું	૭૭
૧૪	શ્રી પર્યુષણનું સ્ત૦	૮૦
૧૫	શ્રી ઋષભદેવ સ્વામીનું પારણું	૮૧
૧૬	શ્રી ઋષભદેવ સ્વામીનું સ્ત૦ ઢા. ૬	૮૪
૧૭	,, ,,	૯૧
૧૮	શ્રીદીવાલીકલ્પનું ,, ઢા. ૧૨	૯૪
૧૯	શ્રી વીર જિન ,,	૧૦૮
૨૦	સમકિતનું ,, ઢા. ૭	૧૦૮
૨૧	શ્રી જ્ઞાન દર્શન ચારિત્રનું ,, ઢા. ૮	૧૧૫
૨૨	દાન શીયલ તપ ભાવનું ,, ઢા. ૫	૧૨૭
૨૩	શ્રીનેમનાથનો સલોકો	૧૩૮
૨૪	શ્રીસિદ્ધચક્રજીનું સ્ત૦	૧૪૮
૨૫	શ્રીપંચ પરમેષ્ઠિનું ,,	૧૫૧
૨૬	,, ,, ઢા. ૫	૧૫૧
૨૭	બાર આરાનું ,, ઢા. ૧૨	૧૫૬
૨૮	આંતરાનું ,, ઢા. ૪	૧૬૫
૨૯	રોહિણીનું ,, ઢા. ૪	૧૭૩

નંબર	નામ	પૃષ્ઠ
૩૦	અક્ષયનિધિનું ,, ઢા. ૧૭	૧૭૯
૩૧	છઆવશ્યકનું ,, ઢા. ૬	૧૮૭
૩૨	પટ્પર્વીનું સ્તવન ઢા. ૯	૧૯૨
૩૩	શ્રીનવપદજીનું ,, ઢા. ૯	૨૦૨
૩૪	શ્રી મહાવીર જિન ,,	૨૧૧
૩૫	શ્રી આદીશ્વર ભગવાનની વિનંતિ ,,	૨૧૩
૩૬	શ્રી અરિહ જિન ,, (આત્મ નિંદા રૂપ)	૨૧૮
૩૭	શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન	૨૨૧
૩૮	શ્રી પર્યુષણ પર્વની સ્તુતિ	૨૨૨
૩૯	જ્ઞાનનું કંઈ પણ કાર્ય શરૂ કરતાં પહેલાં તથા પર્યુષણમાં કલ્પસૂત્ર વાંચન વિ. વખતે બોલાતી પૂજા તથા સ્તુતિઓ	૨૨૩
૪૦	દીપાલિકા સ્તુતિ	૨૨૮
૪૧	શ્રીપુણ્ય પ્રકાશનું સ્તવન	૨૨૯

વિષયાનુક્રમ—સજઝાય વિભાગ

નંબર	નામ	પૃષ્ઠ
૧	શ્રીખંધકમુનિની ,, ઢા. ૩	૩
૨	શ્રીસુભદ્રા સતીની ,, ઢા. ૬	૭
૩	શ્રીશ્રેણિક રાજાની ઢા. ૨	૧૧
૪	શ્રીસનત્કુમારની ઢા. ૪	૧૬
૫	શ્રી ગૌતમસ્વામીના વિલાપની ,,	૧૯
૬	શ્રીબલભદ્રમુનિની ,,	૨૦
૭	શ્રીદ્વારિકા નગરીની ,,	૨૩
૮	શ્રીધન્નાઅણગારની ,,	૨૫
૯	શ્રીસ્થૂલિભદ્રજીની ,,	૨૮
૧૦	શ્રીપર્યુષણ પર્વની ,, ઢા. ૧૬	૩૦
૧૧	શ્રીવિનય ઉપર ઢંઢણ મુનિની ,,	૬૫

૧૨ આત્મ શિખામણની ,, ૬૬
૧૩ સમકિતની ,, ૬૮
૧૪ ઉપદેશની ,, ૬૮
૧૫ પ્રતિક્રમણની ,, ૬૯
૧૬ વૈરાગ્યની ,, ૭૦
૧૭ ,, ,, ૭૧
૧૮ નવકારવાલીની ,, ૭૨
૧૯ કર્મની ,, ૭૨
૨૦ મનને જીતવાની ,, ૭૩
૨૧ નિંદા ત્યાગની ,, ૭૪
૨૨ ,, ,, ૭૪
૨૩ માનવભવ દુર્લભતાની,, ૭૫
૨૪ વૈરાગ્યની ,, ૭૫
૨૫ કદાગ્રહ ત્યાગની ,, ૭૬
૨૬ સમતાની ,, ૭૭
૨૭ નિયાણું નિવારકની ,, ૭૮
૨૮ તપની ,, ૭૮
૨૯ આત્મશિખામણ ,, ૭૯
૩૦ સમકિત સડસઠ
બોલની ,, ઢા. ૧૨ ૮૦
૩૧ વણઝારાની ,, ૯૪
૩૨ આત્મસ્વભાવની ,, ૯૪
૩૩ મૂર્ખ સ્વરૂપની ,, ૯૫
૩૪ હિતશિક્ષાની ,, ૯૬



ઉદ્બોધન

માનવી ઊર્મિલ પ્રાણી છે. એ ભાવનાઓથી ભરેલો છે. લાગણીઓનો એ મહાસાગર છે. અને માનવીએ શબ્દ શોધીને કમાલ કરી નાંખી. પછી તો એણે શબ્દને શણગારીને ભાષા બનાવી અને એ ભાષાએ માનવને સંસ્કૃત સભ્ય બનાવી દીધા.

માનવીએ પછી તો શબ્દથી જીવનને છૂટું પાડવા માંડ્યું. અને એણે એની લાગણીઓને શબ્દમાં વ્યક્ત કરવા માંડી. ઊર્મિઓને—ભાવનાને એણે ભાષાથી શણગારી અને માનવનું જીવન એથી ઊંચુ બનતું ગયું.

શબ્દની એણે શોધ કરી અને એણે પ્રાર્થના કરવાની શરૂઆત કરી માનવી પહેલાં પ્રાર્થના કરતાં શીખ્યો. પ્રકૃતિના ગુણગાન એને પહેલાં ગમ્યાં. અને એણે સ્તોત્રો ગાયાં—સ્તુતિઓ ગાઈ.

પણ માનવીને પ્રકૃતિ કંઈક ઓછી પડી. અને માનવે ખૂદ એની જ સ્તુતિ કરવા માંડી. કોઈ વિશિષ્ટ વ્યક્તિની એણે પૂજા શરૂ કરી. અને પછી એની સ્તવના કરી સ્તુતિ ગાઈ ગુણગાન કર્યાં.

માનવીને વીતરાગમાં શ્રદ્ધા બેઠી. એના સંદેશમાં એણે જીવનની જડીબુટ્ટી જોઈ અને એની સ્તવના કરતાં કરતાં એ ખૂદ વીતરાગ બની ગયા.

વીતરાગ સાથે માનવ એકરૂપ બની ગયાં. અને એણે ભગવાનનું સ્તવન કર્યું. એની ભક્તિ શબ્દમાં વહેવા લાગી. એ શબ્દો ગોઠવતો ગયો. ગોઠવતાં ગોઠવતાં એ ગાતો ગયો અને જીવનનો એ સાર પામી ગયો.

માનવ બધા કંઈ કવિ નથી હોતા અને જેનું હૃદય એવું કૂમળુ ને લાગણી સભર હોય છે એ શબ્દો બોલે છે અને હૈયું દ્રવી ઊઠે છે. જીવન એક જુદી દૃષ્ટિથી માલુમ પડે છે.

આ સંગ્રહમાં એવા હૈયાઓનો પુકાર છે. ભગવદ્‌ભક્તિથી ભરપૂર હૈયાંઓએ અહીં એમની રસધૂન ઠાલવી છે. રહસ્યોને જાણવા પુસ્તકો ઉથલાવવાં પડે એવાં ચરિત્રોને, એવાં ગહન તત્ત્વોને શબ્દોની એવી રમતથી ગૂંથ્યાં છે કે કોઈ હલકે સ્વરે ગાય તો વીર ભગવાન, આપણને, આજે જ ઉપસર્ગ સહન કરતા હોય એમ લાગે.

ચોવીશે જિનેશ્વરોનાં ચરિત્ર એક જ સ્તવનમાં અહીં જોવા મળે છે. અને વીર પ્રભુના એક જ જીવનને આવરી લેતાં સ્તવન પણ આમાં સંગ્રહીત થયેલાં છે.

આ સંગ્રહમાં સજ્ઝાયો પણ છે. માનવીના મનને માત્ર સ્તવનો કરવાં–ગુણગાન કરવાં. સ્તુતિઓ કરવી ઓછી પડી અને એણે સંસારની સમસ્યાઓને શબ્દમાં ગૂંથવા માંડી જટીલ તત્ત્વોનું એણે એવું કલામય ગુંફન કર્યું કે સહેજે સમજાઈ જાય–તરત અસર કરી જાય.

સ્તવન માત્ર સ્તવના છે. વિશિષ્ટ વ્યક્તિ પ્રત્યેનો એમાં આદર છે. ભક્તિની એમાં છોળો છે. ભગવાનના અંગ પ્રત્યંગોને ઉચ્ચતમ સૌંદર્ય સાથેની સરખામણી માત્ર સ્તવન કરી શકે, એના જીવનને એ બરાબર સ્કુ: કરી શકે અને સ્તવના એટલેજ સ્તવન તેમાં પ્રશંસા હોય, ગુણાનુરાગ હોય, પ્રેમથી ઊછળતા એમાં ભાવો હોય.

જ્યારે સજ્ઝાય એ સ્તવનથી અલગ છે. એ સ્વાધ્યાય છે. એમાં કોઈનું અધ્યયન છે. પઠન છે. પાઠન છે. જરૂર એ વ્યક્તિનું જીવન આલેખે છે. સજ્ઝાયમાં સ્થૂલિભદ્ર ગજસુકુમાર, કલાવતી, અંજના એમ અનેક પુણ્ય પુરુષોનાં જીવન ગવાય છે. પરંતુ એની ગેયતા પાછળ શીખવાનું રહે છે. સ્તવન પછી જે વિરામ બાકી રહે છે. એ સજ્ઝાય પછી નથી રહેતો.

અને આપણા સ્તવનને એક સીમા છે. આપણે માત્ર વીતરાગનું સ્તવન કરીએ છીએ. એના વિશિષ્ઠ આરાધકોનું નહિ. ચોવીસ ભગવંતોના સ્તવન બન્યાં છે. એના પર બીજાં બને છે. પરંતુ એના આરાધકોની આપણે સ્તવના નથી કરતા. સજ્ઝાય કરીએ છીએ-સ્વાધ્યાય કરીએ છીએ.

અને એવા ચરિત્રોની સજ્ઝાયો જીવનનું પાથેય ભરી જાય છે. આ સજ્ઝાયો પુણ્ય પુરુષોની હોય છે. ગંભીર તત્ત્વોની પણ હોય છે.

આ સંગ્રહમાં એવી અનેક નાની મોટી સજ્ઝાયો છે. જે જીવનની સમસ્યાઓનો—આધ્યાત્મિક સમસ્યાઓનો ઉકેલ આપી જાય છે.

અને આ સંગ્રહના સ્તવન સજ્ઝાય વર્તમાન રચિત નથી એ પ્રાચીન છે. સંસારની ભૂમિથી અલિપ્ત રહી આત્માની ધૂન ધખાવતા જોગંદર જોગીઓની આ બધી રચના છે. મહા તપસ્વીઓની-ઉગ્ર સાધકોની આ વાણી છે. તેમના અંતર આત્માએ અનુભવેલી આ બધી ભાષા છે.

સુજ્ઞ જનો ! આ સંગ્રહમાંથી કોઈ પણ નાના કે મોટા સ્તવન સજ્ઝાય કંઠાગ્ર કરશો તો સંગ્રહકર્તાની મહેનત સફળ થઈ લેખાશે.

સંગ્રહ કરવામાં પૂજ્યપાદ વિદુષી સા. શ્રી. પ્રમોદશ્રીજી પૂ. પુષ્પાશ્રીજી રૈવતશ્રીજી સુદ્‌ગુણાશ્રીજી ચંદ્રોદયશ્રીજી આદિએ ગુરૂભક્તિ નિમિત્તે મોટો ફાળો નોંધાવ્યો છે.


સા. શ્રી પ્રમોદશ્રીજી મ. શ્રીએ તો પ્રુફરીડીંગ વિ. નું પણ સારૂં એવું કામ કરી આપ્યું છે.

અંતમાં આ સંગ્રહનો ખૂબ સદુપયોગ થાય એમ ઈચ્છી ક્ષતિઓની ક્ષમા ચાહીએ છીએ.

લી. પં. **છબીલદાસ કેસરીચંદ સંઘવી**
દાનવીર શેઠ બુલાખીદાસ નાનચંદ સંસ્થાપિત—
શ્રી સ્યાદ્વાદ સંસ્કૃત પાઠશાળા અને
શ્રી ભટ્ટીબાઇ જૈન શ્રાવિકાશાળાના
પ્રધાનાધ્યાપક. ખંભાત.

શાસનસમ્રાટ્ સૂરિચક્રચક્રવર્તી

સ્વ. આ. મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ



જન્મ વિ. સં. ૧૯૨૯
કા. શુ. ૧ શનિ મહુવા
દીક્ષા વિ. સં. ૧૯૪૫
જેઠ શુદ ૭ ભાવનગર

આચાર્યપદ વિ. સં. ૧૯૬૪
જેઠ શુદ ૫ ભાવનગર
સ્વર્ગવાસ વિ. સં. ૨૦૦૫
આસો વદિ ૦)) દીવાળી શુક્ર મહુવા

॥ શ્રી નેમિસૂરીશ્વર સદ્‌ગુરુભ્યો નમઃ ॥

પ્રાર્થના–ગુરૂ સ્તુતિ

અહો યોગને ક્ષેમના આપનારા, તમે નાથ છો તારનારા અમારા ।
પ્રભો **નેમિસૂરીશ** સૌભાગ્યશાલી, નમું શ્રી ગુરૂ બાલ્યથી
બ્રહ્મચારી. ॥ ૧ ॥

તમારા ગુણોનો નહિ પાર આવે, વિના શક્તિએ તે ગણ્યા કેમ જાવે ।
તથાપિ સ્તુતિ ભક્તિથી આ તમારી, નમું શ્રી ગુરૂ બાલ્યથી
બ્રહ્મચારી. ॥ ૨ ॥

લહી યોગની આઠ અંગે સમાધિ, ભલા આત્મ પંથે રહી સિદ્ધિ સાધી ।
ક્રિયા જ્ઞાનને ધ્યાનના યોગ ધારી, નમું શ્રી ગુરૂ બાલ્યથી
બ્રહ્મચારી. ॥ ૩ ॥

હતા આપના ભક્ત ભૂપાલ ભારી, તમે ધર્મની વીરતાને ઉગારી ।
મહા તીર્થને ધર્મના યોગ ધારી, નમું શ્રી ગુરૂ બાલ્યથી
બ્રહ્મચારી. ॥ ૪ ॥

અમે નિર્ગુણી ને ગુણી આપ પૂરા, અમે અજ્ઞ ને આપ જ્ઞાને સનૂરા ।
મળો ભક્તિએ ભેદને છેદનારી, નમું શ્રી ગુરૂ બાલ્યથી
બ્રહ્મચારી ॥ ૫ ॥

નથી આપની સેવના કાંઈ કીધી, કહેલી વળી ધર્મ શિક્ષા ન લીધી ।
ક્ષમા આપજો પ્રાર્થના એ અમારી, નમું શ્રી ગુરૂ બાલ્યથી
બ્રહ્મચારી ॥ ૬ ॥

હતા આપ યોગે અમે તો સનાથ, અભાગી થયા આપ વિના અનાથ।
અમે માગીએ એક સેવા તમારી, નમું શ્રી ગુરૂ બાલ્યથી
બ્રહ્મચારી ॥ ૭ ॥

હવે પ્રેમથી બોધ એ કોણ દેશે ? અમારી અરે કોણ સંભાળ લેશે ?
દયાળુ તમે દીલમાં દાસ રાખો, નમું શ્રી ગુરૂ બાલ્યથી
બ્રહ્મચારી. ॥ ૮ ॥

ગુરૂ પ્રાર્થના.

અહો **સ્તંભનાધીશ** પ્રભુપાર્શ્વ દેવા, કરૂં સેવના મુક્તિનું રાજ્યલેવા।
અભયદેવસૂરિતણા રોગ ટાળી, પ્રભુ પાર્શ્વને વંદના કોટી વારી
॥ ૧ ॥

ગુરુ **દેવશ્રીજી** હૃદયમાંહે ધારી, સમુદાય **સૌભાગ્યના** રક્ષકારી।
ગુરુ ધ્યાન નિત્ય હોય આનંદકારી, કરૂં હે ગુરુ વંદના કોટી વારી
॥ ૨ ॥

શ્રી સ્તમ્ભતીર્થે ગુરુ જન્મ પાયા વળી સોળ વર્ષે સુચારિત્ર આયા।
ગુરુજી શ્રી સૌભાગ્યના પટ્ટધારી, કરૂં હે ગુરુ વંદના કોટી વારી ॥ ૩ ॥

ગુરુ ક્રોધ કષાયને ટાળનારા, ક્ષમાદિ યતિધર્મને પાળનારા।
વળી શાન્તમૂર્તિ વિનય ગુણધારી, કરૂં હે ગુરુ વંદના કોટી વારી
॥ ૪ ॥

સંયમ માર્ગમાં વર્ષ બાસઠ પાળી ભવિ જીવની મોહ નિદ્રા નિવારી
જંગમ તીર્થ ગુરુજી સ્વપરોપકારી, કરૂં હે ગુરુ વંદના કોટી વારી
॥ ૫ ॥

તપાગચ્છપૂજ્યપાદ ગુરૂણીજી મહારાજ શ્રી દેવશ્રીજી મહારાજના શિષ્યા

સાધ્વીજી મહારાજ સૌભાગ્યશ્રીજી મહારાજ



જન્મ: સંવત ૧૯૨૪ માગશર સુદ ૫ (બોટાદ)
દીક્ષા: સંવત ૧૯૪૬ વૈશાખ સુદી ૨ સાયણ (ભગત)
સ્વર્ગવાસ: સંવત ૧૯૯૬ માગશર સુદી ૯ સિદ્ધક્ષેત્ર (પાલીતાણા)

ગુરુ ગુણ કહેતાં નહિ પાર આવે, વિનાશક્તિએ તે કહ્યા કેમ જાવે ॥
તથાપિ સ્તવું ભક્તિથી ભાવ ધારી, કરું હે ગુરુ વંદના કોટી વારી
॥ ૬ ॥

સહસ હોય નવના વૈશાખ માસે, વદી છઠ્ઠ બુધવારની મધ્ય રાતે ।
અઠયેાતેરમે વર્ષે સ્વર્ગે સીધાવ્યા, કરું હે ગુરૂ વંદના કોટી વારા
॥ ૭ ॥

સંવત ઓગણીશે પિસ્તાલીશ સાલ, પ્રભાશ્રીજી મહારાજનેા જન્મકાલ ॥
વળી ત્રીશ વર્ષે ઉભય પક્ષ ત્યાગી, ધન્યા ચંપાશ્રીજી તણા પટ્ટધારી
॥ ૮ ॥

ગુરૂ જ્ઞાનથી પ્રૌઢ પ્રભાવશાલી, અગણિત ગુણેાને અજબ શક્તિ ધારી ।
પ્રતિભા તુમારી ગુરૂ ભક્તિ ભારી, ગુરૂ શિષ્યાની અનેાડ નેાડ દીપાવી
॥ ૯ ॥

સહસ હોય તેરે કાર્તિક અમાસે, વદે વીર શબ્દે ગયા સ્વર્ગવાસે ।
આડત્રીશ વર્ષ સુચારિત્ર પાળી, સમુદાયના છેા અતુલ ઉપગારી ।
સમુદાયના છેા અતુલ ઉપગારી, કરું હે ગુરૂ વંદના કોટી વારી ॥ ૧૦ ॥

હતેા આશરેા એક ગુરૂજી તમારેા, થયેા આતમા આ નિરાધાર મારેા ।
અરે દૈવ મારૂં હૃદય શૂન્યકારી, કરું હે ગુરૂ વંદના કોટીવારી ॥ ૧૧ ॥

હવે શાંતિથી આશ્રય કેાણ દેશે ? અમારી અરે કેાણ સંભાળ લેશે ?
ગુરૂજી અમારી દયા દીલ ધારી, સદા આપને શુભ આશીષ સારી
સદા આપને શુભ આશીષ સારી, કરું હે ગુરૂ વંદના કોટી વારી
॥ ૧૨ ॥

(આવો આવો દેવ-એ રાગ)

આવો આવો ગુરૂજી મારા મન મંદીરમાં આવો મારાં દીલડાં સૂનાં.
રોતી રોતી બાલિકાઓ વિનવે છે આજ, મારાં૦
લઘુ વયમાં વૈરાગ્ય રંગમાં, મોહને દીધા તમાચા।
મહાભાગ્યને પુણ્યોદયથી, સદ્‌ગુરૂ મળીઆ સાચા મારાં૦ ॥ ૧ ॥

ગુરૂજી આપે સ્વર્ગમાં જાતાં, વિચાર કેમ ન કીધો।
ટળવળતા સમુદાયને મૂકી, છેતરી છેહજ દીધો મારાં૦ ॥ ૨ ॥

ચાતક પક્ષી મેઘને જોઈ, પીવું પીવું કરી મૂકે।
તેમ ગુરૂજીનું મુખ જોયાવિણ, પ્રભાશ્રીજી અહનિશઝૂરે મારાં૦ ॥ ૩ ॥

એ હજારને નવની સાલે, આવ્યો વૈશાખ માસ।
વદી છઠની મધ્ય રાત્રે ગુરૂજી, પામ્યા છે સ્વર્ગવાસ મારાં ॥ ૪ ॥

પરિવાર પોકાર કરે ગુરૂજી, એકવાર દર્શન આપો।
સ્વપ્નાંતરમાં તુમે આવીને, વિરહની વેદના કાપો મારાં૦ ॥ ૫ ॥

અરે ગુરૂજી વિનંતિ કરતાં, હૃદય કહ્યું નથી કરતું।
આપના શીતલ આશ્રય વિના, મન નથી મારૂં ઠરતું મારાં૦ ॥ ૬ ॥

અધીર હવે આ હૃદયને, ના રહે ધીર લગાર।
મન જાણે ઊડી મળું રે, પાંખ નથી શરીર મારાં૦ ॥ ૭ ॥

સાગરમાં પાણી ઘણું રે, ગાગરમાં નવિ સમાય।
મુજ મનડા કેરી એ વાતો, તુમ વિણ કેમ કહેવાય મારાં૦ ॥ ૮ ॥

અમૃત સમ ગુરૂજીનું દર્શન, શિવ માર્ગને કાજે।
કોહીનૂર પ્રભા સમ ગુરૂજી, ક્ષમા તણા ભંડાર મારાં૦ ॥ ૯ ॥

ચંપક વૃક્ષની શીતલ છાયામાં, વિસામો અમે લેતા।
તુમ મુખની સુધા સમ વાણી, સુણી શાંતિને લેતા મારાં૦ ।। ૧૦ ।।

શાસનમાં લબ્ધિ મૂકને રે, આપને શક્તિ અપાર।
અવધિજ્ઞાને નિહાલજો રે, વિઘ્ન રહિત કરો કાજ મારાં૦ ।। ૧૧ ।।

ગુરૂજીના ગુણો સંભાળતાંરે, હૈયું અતિ ઉભરાંય।
પ્રભા વિનંતિ કરે છે ગુરૂજી, હૈયે દુઃખ ન માય મારાં૦ ।। ૧૨ ।।

વિરહ ગીતો

તીર્થપુરી ખંભાતમાં, પ્રગટયું રત્ન મહાન।
શાસનને સોહાવતું, અવિચલ જેનું સ્થાન ।। ૧ ।।

ઉજ્વલ કીર્તિ ઝળહળે, જેની ગામો ગામ।
સૂર્યપ્રભા સમ શોભતું, પ્રભાશ્રીજીનું નામ ।। ૨ ।।

નામ પ્રમાણે કામ છે, અગણિત ગુણ ભંડાર।
સંયમ રંગે શોભતા, શાસનના શણગાર ।। ૩ ।।

અપૂર્વ જેના જીવનમાં, જ્ઞાન ક્રિયાનો યોગ।
એવા પૂજ્ય પ્રભાશ્રીજીનો, વ્યાપી રહ્યો વિયોગ ।। ૪ ।।

" આવો આવો દેવ મારાં સૂનાંસૂનાં દ્વાર એ રાગ "

મહીમા અપરંપાર. ગુણનો ગાતાં નાવે પાર.
ગુરૂજી શાસનના શણગાર.
જ્ઞાન તણો ચમકાર, પ્રગટે જ્યોતિનો ઝલકાર ।। ગુરૂજી૦ ।।
નાથાભાઈ તાત જેમના, ડાહીબેન જનેતા,

બચપણથી નિજ બાલિકાને, શુભ સંસ્કારો દેતા,
યૌવન વયમાં આવતાં, એ જાતાં પતિને દ્વાર ॥ ગુરૂજી૦ ॥ ૧ ॥

ધર્મપ્રેમી શ્રી કસ્તુરચંદનું, નામ બધે પંકાય,
પુત્ર વજેચંદ સાથે ભુરી બેનનું, લગ્ન જીવન જોડાય,
ટુંક સમયમાં ઝુંટવ્યો કાળે, ભુરીબેનનો ભરથાર ॥ ગુરૂજી૦ ॥ ૨ ॥

ઝાંઝવાના જલની જેવું, સંસારીનું સુખ,
સુખની છાયામાં સંતાયું, જીવનભરનું દુઃખ,
સાચું સુખ મેળવવા સારૂં, તજી દીધો સંસાર ॥ ગુરૂજી૦ ॥ ૩ ॥

ચાર દીક્ષાએ ચમકી રહેતું, ચંપાશ્રીજીનું નામ,
દીક્ષા દીધી ભુરીબેનને, પાડયું પ્રભાશ્રીજી નામ,
સત્ય અહિંસા સાથે ધાર્યો, સયમનો શણગાર ॥ ગુરૂજી૦ ॥ ૪ ॥

નિશદિન મગ્ન બનીને અભ્યાસે, મેળવતા સદ્‌જ્ઞાન,
અન્ય જીવોને ઉપદેશીને, ધરતા આતમ ધ્યાન,
બુઝવી દીક્ષા વીધી કેઈને, વિસ્તાર્યો પરિવાર ॥ ગુરૂજી૦ ॥ ૫ ॥

પ્રખર પ્રભાએ જગમાં તપનું, પ્રભાશ્રીજીનું જીવન,
અંતિમ સમયે તન દુર્બલ પણ, અવિચલ જેનું મન,
આખરની ઘડીએ પણ ઉરમાં, જિનવરનો ઝંકાર ॥ ગુરૂજી૦ ॥ ૬ ॥

ક્રૂર કાળની નોબત વાગી, કાર્તિક વદી અમાસ,
ગયા પ્રભાશ્રીજી પણ પથરાયો, માનવ ઉર પ્રકાશ,
અમર ધામ બેસીને ગુરૂજી, મીટાવજો અંધકાર
ગુરૂજી શાસનના શણગાર.

(રાગ : મેંદી રંગ લાગ્યો)

સંસાર તારક દુઃખ વારક ગુરૂજી, કેમ કરી સહીએ વિરહરે,
આંખડી આંસુ ભરો,
જન્મ ને દીક્ષા સ્થંભણપુરમાં, અતિ આનંદથી થાય રે,
॥ આંખડી૦ ॥ ૧ ॥

દેશોદેશમાં વિહાર કરીને, તાર્યા છે જીવો અનેકરે, ॥ આંખડી૦ ॥
પ્રશાન્ત ગુરૂજીનાં દર્શન કરતાં, ભવ્ય જીવો થાય ઉલ્લસિત રે
॥ આંખડી૦ ॥ ૨ ॥

બે હજારને અગીયારની સાલે, આવ્યો જેઠ માસરે, ॥ આંખડી૦ ॥
રાજનગરમાં આપ પધારી, વર્તાવી લીલા લહેર રે,
॥ આંખડી૦ ॥ ૩ ॥

ઘણી તપશ્ચર્યા આપે કરીને, કાયાને શોષવી દીધરે, ॥ આંખડી૦ ॥
માસ ક્ષમણ સિદ્ધિ તપની તપસ્યાઓ, કરાવી અતિ ઉદાર રે,
॥ આંખડી૦ ॥ ૪ ॥

ઉપધાન તપમાં આપના પસાયે, ક્રિયાઓ થાયેઆનંદરે, ॥આંખડી૦॥
સમતા રસને ગુરૂજી ઝીલતા, કર્મ રાજાએ જોર કીધ રે,
॥ આંખડી૦ ॥ ૫ ॥

કર્મ રાજાએ ઘેરી લીધા પણ, ગ્લાનિ ન પામ્યા લગારરે ॥ આંખડી૦॥
દ્રવ્ય દવાના ઉપચારો કરતાં, અસર ન થાયે લગાર રે,
॥ આંખડી૦ ॥ ૬ ॥

ભાવ દવાને ગુરૂજી હૃદયમાં, ધારી રહ્યા નિશદિનરે, ॥ આંખડી૦

અંત સમય આપનો જાણીને, પ્રમોદને મોકલી વિદેશ રે,
।। આંખડી० ।। ૭ ।।

બે હજારને તેરની સાલે, આવ્યો કાર્તિક માસરે, ।। આંખડી० ।।
વદી અમાસ રવીવારના દિવસે, ગુરૂજી પામ્યા સ્વર્ગવાસ રે,
।। આંખડી० ।। ૮ ।।

આપે પ્રમોદને છેતરી મોકલ્યાં, દશ દિવસ અંતરાય રે, ।। આંખડી०।।
ધ્રસક પડ્યો તવ ધ્રાસકોરે, હૈ હૈ ગુરૂ આ શું કીધ રે,
।। આંખડી० ।। ૯ ।।

જ્ઞાની ગુરૂના વિયોગથી રે, શિષ્યાઓ કરે વિલાપરે, ।। આંખડી०।।
ગુરૂજી ગુરૂજી કોને કહું રે, સૂનાં તમારા સ્થાન રે,
।। આંખડી० ।। ૧૦ ।।

જ્ઞાનનો દીપક ચાલ્યો ગયોને, સમુદાયમાં થયો અંધકારરે, ।આંખડી०
સ્વપ્ને નિહાળું ને ઝબકીને જાગું, નજરે ન દેખું ગુરૂરાજરે,
।। આંખડી० ।। ૧૧ ।।

અવધિજ્ઞાને નિહાળીને રે, શાસનમાં કરજો સહાયરે, ।। આંખડી० ।।
કૃપા કરી પરિવારને રે, દર્શન દેજો એક વાર રે,
।। આંખડી० ।। ૧૨ ।।

શિષ્યા પ્રશિષ્યાઓ અર્જ કરે છે, વંદન હોજો વારંવારરે ।। આંખડી०।
અધિક ઓછું જે કહ્યું રે, ક્ષમા કરો અપરાધ રે ।। આંખડી० ૧૩ ।।

(રાગ : છોડ ગયે વાલમ. એ દેશી)

પોકાર કરે પરિવાર, ગુરૂ મુજને મૂકી સ્વર્ગે ગયાં।
વિલાપ કરે પરિવાર, હૃદય અમારાં સૂનાં થયાં ।। ૧ ।।

કાલ રાજા તું ભૂલો પડીયો, રત્ન હરણ કરી લીધું ।
અમાસ તાહરૂં નામ છે સાર્થક, ઘોર અંધારૂં કીધું ॥ ૨ ॥

નહોતું જાણ્યું ગુરૂજી મેં તો, આપ મને છેતરશો ।
નયનો આંસુ ભરભર સારે નિરાધાર મને કરશો, ॥ ૩ ॥

પરિવાર પોકાર કરે છે ગુરૂજી, એક વાર દર્શન આપો ।
સ્વપ્નાંતરમાં તુમે આવીને, વિરહની વેદના કાપો ॥ ૪ ॥

અંત સમય શું જાણી આપે, પ્રમોદને મોકલી વિદેશે ।
પચાશ માઇલનું અંતર હોવાથી, કેમ કરી આવે આ દેશે ॥ ૫ ॥

શિષ્યા પ્રશિષ્યા આદિ સર્વે, રાખ્યા આપની પાસે ।
હસતા મુખે આપ સ્વર્ગે સીધાવ્યા, અમે રોતાં રહ્યાં આવાસે ॥ ૬ ॥

અરે ગુરૂજી દયા ન આવી, હું શું આવત સાથે ।
સ્વર્ગમાં કદી હું સાથે હોત તો, સંકડામણ નવિ થાએ ॥ ૭ ॥

તુમ વિણ સમુદાય ટળવળે છે, વિરહે હૈયાં ઘવાય ।
એક વાર દર્શન આપો ગુરૂજી, ઉપકાર નહિ ભૂલાય ॥ ૮ ॥

થોડું કહ્યું પણ ઘણું માનીને, મારી વિનંતિ સ્વીકારી લેજો ।
તુમ પરિવારને યાદ કરીને, ક્ષણ ક્ષણ શાંતિ દેજો ॥ ૯ ॥

ગુરૂજી કહીને કોને બોલાવશું, જીકારો કરીશું કોની પાસ ।
કોણ પૂછ્યાનો ઉત્તર દેશે, કોણ રાખશે મારી લાજ ॥ ૧૦ ॥

વિનંતિ કરી હુ વરમું ગુરૂજી, દર્શન દો એક વાર ।
અમર ધામમાં આપ બીરાજો, શાંતિ રહો એ સદાય ॥ ૧૧ ॥

ૐ નમઃ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમો નમઃ

આદર્શ જીવન

યાને

સરલ સ્વભાવી સચ્ચારિત્રવંત સાધ્વીજી મહારાજશ્રી

ચંપાશ્રીજી મહારાજનો ટુંક પરિચય

જન્મભૂમિ

ચૌદ રજ્જુલોક પ્રમાણ લોકક્ષેત્રમાં મુઠ્ઠીભર માનવલોક એટલે ૪૫ લાખ યોજન પ્રમાણ–અઢી દ્વીપપ્રમાણ ભૂમિના સત્ત્વ-ભૂત આર્યક્ષેત્ર-ભારતવર્ષ તેના રળીયામણા ગુજરાત પ્રદેશમાં સર્વ દેશોને કેન્દ્રભૂત–વેપાર અને વહાણવટીઓ માટેનું ધીકતું બંદર **ખંભાત બંદર,**

જે ખંભાત બંદરમાં કલિકા સર્વજ્ઞ **હેમચંદ્રસૂરીશ્વર,** **કુમારપાલ** મહારાજ અને ઉદામહેતાની ઉચ્ચતમ જિનધર્મ-વાસિત છાયા હતી.

જે ખંભાતમાં **વસ્તુપાલ તેજપાલની** વેપારી કલા અને શૌર્ય કલા ભરેલી હતી, જે ખંભાતમાં નવાંગીવૃત્તિકાર **અભય-દેવસૂરીજી** મહારાજે ' જયતિહુયણ ' સ્તોત્રથી પ્રગટ કરેલ શ્રી સ્થંભનપાર્શ્વનાથનો પ્રગટ પ્રભાવ યાને અપૂર્વ ચમત્કારિતા હતી.

તપાગચ્છીય પરમોપકારી પ્રવર્તિની પૂ. પા. ગુરુણીજી
મ. સૌભાગ્યશ્રીજી મ. ના. પ્રથમ શિષ્યા સચ્ચારિત્ર-
સંપન્ન દીર્ઘચારિત્રી પ્રશાન્તમૂર્તિ પૂ. પા. ગુ. મ.

શ્રી ચંપાશ્રીજી મહારાજ



જન્મ : સંવત ૧૯૩૨ માગસર સુદ ૫, ખંભાત

દીક્ષા : સંવત ૧૯૪૮ માગસર સુદ ૬, ખંભાત

સ્વર્ગવાસ : સંવત ૨૦૦૯ વૈશાખ વદ ૬, ખંભાત

તપાગચ્છીય પ્રશાન્તમૂર્તિ પ્રવર્તિની પ. પા. પૂ. મ.
ચંપાશ્રીજી મ. ના શિષ્યા પ્રતિભા સંપન્ન
વિદુષી પૂ. પા. સાધ્વીજી મ.

પ્રભાશ્રીજી મહારાજ



જન્મ : સંવત ૧૯૪૧ પોષ વદ ૭, અંબાત

દીક્ષા : સંવત ૧૯૬૫ મહા સુદ ૬૪, અંબાત

સ્વર્ગવાસ : સંવત ૨૦૧૩ કાર્તક વદ અમાવાસ્યા, અમદાવાદ.

રાજીયા વાજીયા અને બીજા સેંકડો ગામે ધનિકોનો વાસ હતો અને ઋષભદાસ કવિનું કવિત્વ ભર્યું હતું.

અર્વાચીન કાળમાં પણ જ્યાં સ્થાવર તીર્થરૂપ ૬૫ ગગનચુંબી જિનાલયો અને જંગમ તીર્થસ્વરૂપ શાસન સમ્રાટ્ નેમીસૂરીશ્વરજી મહારાજસાહેબ આદિ અનેક આચાર્ય પુંગવોની અવાર નવાર પધરામણી થતી હતી,

વળી અર્વાચીન અનીજ પદાર્થોથી પણ ભરપૂર એવા આ સ્થંભનપુર (ખંભાત) શહેર (બંદર) ને એક મહાન્ આત્માએ પોતાના જન્મના પવિત્ર પુદ્ગલોથી વાસિત કર્યું.

જન્મકુલ

કોઈપણ ગામ કે શહેરમાં ચડતા ઉતરતા દરજ્જાનાં માનવકુલો હોવા સ્વાભાવિક છે. છતાં ઉક્ત મહાન્ આત્માના જન્મકાલે જૈનધર્મની એટલી સુંદર છાયા હતી કે ભારતના ખૂણે ખૂણે તપાસતાં જ્યાં એક પણ જૈનનું ઘર હોય ત્યાં આખા ગામને પૂછવા અને સલાહ લેવા લાયક સ્થળ તે જૈનનું ઘર જ હોય તો પછી એક હજાર ઘરની જૈન વસ્તીવાળા ખંભાતમાં જૈનોનું વર્ચસ્વ હોવું સ્વાભાવિક છે,

તે જમાનામાં સેંકડો વર્ષોથી જેની પ્રસિદ્ધિ ચાલી આવતી હતી. તેવા લાલા જોઈતાનું કુટુંબ ખંભાત અને તેના જીલ્લાઓમાં પ્રસિદ્ધ હતું.

અનેક લક્ષ્મીનંદનોના આલિશાન મહેલાતોથી વિભૂષિત

ચોરાશી ચોગઠા–ગીમટી નામના ઉચ્ચ લત્તામાં ઉપરોકત લાલા જોઈતાના કુટુંબનું નિવાસ સ્થાન હતું.

એ કુટુંબે વેપાર તેમજ ધર્મમાં એટલી પ્રતિષ્ઠા મેળવી હતી કે શહેરમાં પડતા કોઈપણ જાતના વિવાદ માટે પૂછવા લાયક અને સંતોષ મેળવવા લાયક સ્થાન તેજ ગણાતું હતું.

લક્ષ્મીએ પણ એ કુટુંબ ઉપર અંગત પ્રેમ બાંધ્યો હતો, અને તેઓ લક્ષ્મી મેળવતા હતા એટલું જ નહિ પણ લગભગ લક્ષ્મીનો ઉપયોગ સ્વાર્થ કરતાં પરમાર્થમાં જ વધુ ને વધુ કરતા હતા. લક્ષ્મીના સાચા ઉપયોગરૂપ ધાર્મિક કાર્યો કરવામાં તો તેઓ જરાય પાછું વાળીને જોતા જ ન હતા, તેમતેમ લક્ષ્મી પણ વધ્યે જ જતી હતી.

અનેક ધાર્મિક કુટુંબોને ધંધે લગાડી ધર્મથી વાસિત કરતા હતા. તેમના આંગણેથી કોઈપણ ધંધાર્થી યાચક, દરિદ્રિ નિરાશ થઈને પાછો ફરે તે તો તેમને મન આંખમાં શૂલ ભોંકાવા જેવું હતું. ટુંકામાં લક્ષ્મીનો સદ્વ્યય એ જ તેમને મન તેની સાર્થકતારૂપ નીચેના સુવાકયને તેમના દિલમાં વણી લીધું હતું.

" ववसायफलं विहवो, विहवस्य फलं सुपत्त विणिओगो।
तयभावे ववसाओ, विहवो वि अ दुग्गइनिमित्तं ॥ १ ॥

"ઉદ્યમનું ફળ વૈભવ અને વૈભવનું ફળ સુપાત્રમાં વ્યય કરવો તે જ છે. વૈભવ મળવા છતાં જો એ વૈભવ સત્કાર્યમાં ન ખર્ચે તો એ ઉદ્યમ અને વૈભવ દુર્ગતિનું કારણ બને છે."

તેમના વિશાળ કુટુંબમાં દૂધપાણી જેમ પ્રીતિવાળા છગનભાઇ અને તેમનાં ધર્મપત્ની મંછાબાઈ એક આદર્શ યુગલ હતું. એવા એ શુકિત સ્થાનમાં સ્વાતિનક્ષત્રના પડેલા જળબિંદુ (મોતી) રૂપ વિક્રમ સંવત ૧૯૩૧ના માગશર સુદ પાંચમના દિવસે આપણા ચરિત્રનાયક અનાગત પૂજ્યપાદ **ચંપાશ્રીજી** મહારાજ યાને **સાંકળીબાઇએ** જન્મ ધારણ કર્યો.

તેઓશ્રીને એક મોટી અને એક નાની અનુક્રમે **સમરતબેન** અને **પુતળીબેન** એમ બે બહેનો હતી.

માનવકુલમાં–આર્યક્ષેત્રમાં–જિનેન્દ્રવાસિત ધર્મવાળા ક્ષેત્રમાં એને તેમાંય ઉચ્ચ કુળ, ઉચ્ચ નીતિ અને ઉચ્ચ વારસાવાળા કુટુંબમાં જન્મ ધારણ કરવો તે પણ પૂર્વકૃત મહાપુણ્યોદયથી જ સાંપડે છે.

પૂર્વકાલીન સંસ્કાર અને તેણે કરી આપેલી અનુકૂળતા.

આજે એરોપ્લેન ઊડતાં થયાં તેમ રોકેટની ગતિએ ભારતમાં પાશ્ચાત્ય પવન ઘેર ઘેર ભરાઈ ગયો છે. અર્થ અને કામ પ્રધાન દેશોએ ધર્મ અને મોક્ષ પ્રધાન ભારત દેશમાં વર્ચસ્વ જમાવી દીધું છે. અને તેમની જ દોરવણીથી સંસ્કાર વિભૂષિત આર્ય પ્રજામાં ઉતરેલાં કપડાંને ધારણ કરવારૂપ કુસંસ્કારને સંસ્કારિતાપણે ગણાવી 'બકરું કાઢતાં ઊંટ પેસી જવાના' ન્યાયે સ્પૃશ્યાસ્પૃશ્યની ભેળશેળતાએ, ભક્ષ્યાભક્ષ્યના ભાન વિનાની લાલસાએ નીતિના નામે અનીતિએ, સદાચરણના નામે અસદાચરણે અને સેવાના નામે ખીસાભરૂઓએ જોર જમાવી દીધું

છે. જેથી દરેકમાં કર્મ પરિણામની જુદાશ સગી આંખે જોવા છતાંય એક લાકડે હાંકવા જેટલી જડતાએ ઘર ઘાલી દીધું છે.

દેવોમાં પણ જુદી જુદી નિકાયો અને નાના મોટા દેવો છે. તિર્યંચોમાં પણ પશુ પંખીઓ જુદી જુદી જાતનાં જ છે જેની આપણે ઓછીવત્તી કિંમત આંકીએ છીએ તો પછી વિચારક એવી માનવ પ્રજામાં બધાં જ માનવ સરખાં કેમ હોઈ શકે ? તેમ નથી જ. છતાં તેમ માનવું તે તો 'કમળાના દર્દથી ધોળી વસ્તુને પીળી જોવા' બરાબર છે.

કેટલાક ઉચ્ચ સંસ્કારો પૂર્વજન્મની આરાધનામાંથી લઈ ને આવેલાં તેને ઉપરોકત ઉચ્ચ કુટુંબમાં જન્મ ધારણ કરવાથી પૂરતો વેગ મળ્યો. માતપિતાની સંયમ જીવન સ્વીકારવાની ભાવના થઈ આવેલ અને તેમના પિતાશ્રી તો સંયમ લેવા માટે સાંસારિક વાસનાઓને તુચ્છ ગણી ચાલી નિકળેલા પણ પાછળથી 'યમને દેવાય પણ યતિને ન દેવાય' એ લોકોકિત અનાદિ વાસનાજન્ય વિકૃતિને સાબિત કરે છે તે પ્રમાણે તેમના કુટુંબીઓ તેમને પાછા શોધી લાવ્યા અને ત્યારબાદ તેજ ભાવનામાં સંસાર પ્રત્યે ઉદ્વિગ્ન એવા તેમના પિતાશ્રીનું એક જ વર્ષમાં સ્વર્ગગમન થયું. ત્રણેય પુત્રીઓની જવાબદારી માતા ઉપર આવી પડી. માતાએ ધીરજ ધરી ત્રણેય પુત્રીઓમાં ઉચ્ચ સંસ્કાર નાખવાનું કામ ચાલુ રાખ્યું. તે જમાનામાં જેમ નાની ઉંમરમાં લગ્ન થઈ જાય તેમ તે કુટુંબની વધારે પ્રતિષ્ઠા ગણાતી.

માતાએ પણ આવી પડેલો જવાબદારીને માથા ઉપરથી ઉતારી હળવા થવા માટે મોટી બ્હેનનાં લગ્ન લેવાનાં હતાં તેમની સાથે આપણા ચરિત્રનાયક **સાંકળીબેનને** પણ ખંભાતના જ ઉચ્ચ કુટુંબોમાં પ્રતિષ્ઠા પામેલા ચોકશી **નેમચંદ મગનલાલ** સાથે વ્યવહારિક-સાંસારિક સંબંધથી જોડવામાં આવ્યા. યાને લગ્નગ્રંથીથી જોડવામાં આવ્યાં, જ્યારે તેમની ઉંમર ૯ વર્ષની હતી. તેઓ તો ધર્મ માર્ગમાં રકત હતા. તે ઉંમરમાં તેમને 'લગ્ન શું?' એ વસ્તુનો ખ્યાલ સરખો યે ન હતો.

દીક્ષા

બન્ને બેનોના લગ્ન ધામધુમથી પતી ગયા બાદ મોટીબેન સમરથને તો ઉંમરલાયક ગણી સાસરે વળાવી પણ આપણાં ચરિત્રનાયક શ્રી સાંકળીબેનની ઉંમર તો માત્ર નવ જ વર્ષની હોવાથી તેમની માતાએ માત્ર લગ્ન કર્યાં તેટલું જ સાસરે વળાવ્યાં ન હતાં. તેઓ તો પોતાની સખીઓ સાથે આનંદ કરતાં અને માતાની આપેલી કુલીનતાની અને ધર્મની શિખામણોમાં તન્મય બનતાં હતાં. તે અરસામાં લગ્ન થયાં ને હજુ એક વર્ષ પણ પૂરું નહિ થયું હોય ત્યાં તો તેમના પતિ નેમચંદ ભાઈની તબિયત નાદુરસ્ત બની અને તે અનેક ઉપચારોથી પણ ન સુધરી. સાંસારિક રિતરિવાજ મુજબ આપણા ચારિત્ર-નાયકને સાસરે મોકલવામાં આવ્યાં. પણ અહીં તો જે દિવસે સાસરે આવ્યા તે જ દિવસે નેમચંદભાઈનું સ્વર્ગગમન થયું. અને પિયરને જ પોતાનું ઘર માનતા સાસરું શું કહેવાય

તેને નહીં સમજતા આપણા ચરિત્રનાયક બેન સાંકળી સાંસારિક વ્યવહારના યાને વિધવા તરીકે નોંધાયા. પણ જ્ઞાની-ધ્યાની ઓની દૃષ્ટિએ તો તેઓ બાલકુમારીકા-અખંડ બ્રહ્મચારિણી જ રહ્યાં હતાં.

માતાની કપરી કસોટી અને તેમાં બજાવેલી ફરજ

ઉપરોક્ત અણઘટતા બનાવથી મંછાબાઈના હૃદય ઉપર તો વીજળી પડ્યા જેવું થયું. છતાં ધીરજ નહીં ખોતાં સાંસારિક બાબતમાં અણસમજુ દીકરીને ધર્મ માર્ગમાં તલ્લીન બનાવવા લાગ્યા, જ્ઞાનાભ્યાસ કરાવવા લાગ્યા, ક્રિયાઓમાં રસ પેદા કરાવવા લાગ્યા. અને તેઓ એમ ચિંતવવા લાગ્યા કે પૂર્વ જન્મમાં બાંધેલા હોય તો જ અશુભ કર્મો ઉદયમાં આવે છે. તેને સમભાવે સહન ન કરીએ તો બે રીતે અતીવ દુઃખકારક થાય છે. ભોગવવામાં મુશ્કેલી વધે છે અને નવાં પણ તેથી સમભાવે સહન કરવામાં જ આત્મશ્રેય છે. માતાપિતાની ફરજ છે કે પોતાનું બાળક સાંસારિક બાબતોમાં રકત થાય તેથી ખુશ નહિ થતાં ધર્મ અને સંસ્કારમાં રકત બને તો ખુશ થવું જોઈએ. ધર્મ અને સંસ્કાર નહિ પામવાથી દુર્ગતિમાં જાય તેવું બનવું જ નહિ જોઈએ.

બ્હેન સાંકળી પહેલેથી જ ધર્મવાસિત હતાં. અને તેમાં માતા તેમજ પૂજ્ય સાધુ-સાધ્વીનું સિંચન થવાથી વધારે પડતાં તલ્લીન બન્યાં.

તે જમાનાની હવાને અનુસરીને તેઓ આજ સુધીમાં

કંઈ પણ જ્ઞાનાભ્યાસ કરી શકયા ન હતા. કેળવણીનો પ્રચાર જ નહોતો. પરંતુ શ્રી બુદ્ધિવિજયજી (બુટેરાયજી) મ. ના વિદ્વાન્ શિષ્યરત્ન નીતિવિજયજી મહારાજ સાહેબ પધાર્યા અને વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, અનુભવવૃદ્ધ અને ક્રિયાવૃદ્ધ મહાપુરુષ પાસે તેઓશ્રીએ નવકાર મહામંત્રના મંગલાચરણ કર્યા. અને તેઓશ્રીની, વૈરાગ્ય-વાહિની દેશનાથી અને માતુશ્રીની સત્પ્રેરણાથી સંયમમાર્ગે સંચ-રવાની ભાવના વિકસિત થઈ. અને તેમને ઉપાશ્રયમાં સાધ્વી-જીના સમાગમમાં રહેવામાં જ આનંદ આવવા લાગ્યો. અને તે સંસર્ગમાં અને આનંદમાં ગણુતરીના દિવસોમાં તેઓ સામાયિક, પ્રતિક્રમણનાં વિધિ સૂત્રો શીખી ગયાં. આત્મિક વિચારશ્રેણિમાં આગળ વધતાં અને વૈરાગ્યની ઉત્કટતા થતાં, તે વખતે પૂ. ગુરુણીજી શ્રી વીજકોરશ્રીજી મ. શ્રીનાં શિષ્યા ખંભાતના જ વતની સાધ્વીજી શ્રી દેવશ્રીજી મ. પોતાનાં શિષ્યા શ્રી સૌભાગ્યશ્રીજી મ. સાથે આગમન થતાં તેમની અપૂર્વ વાણી પ્રકાશને પામી માતાએ કરેલા અપૂર્વ મહોત્સવ સાથે પૂ. હર્ષ-વિજયજી મ. ના વરદ હસ્તે દીક્ષા લઇ ખેડન ' સાંકળી 'માંથી પરિવર્તન પામી સાધ્વીજી શ્રી સૌભાગ્યશ્રીજીનાં શિષ્યા સા. શ્રી ચંપાશ્રીજી તરીકે જાહેર થયા અને સં. ૧૯૪૮ ના માગશર સુદ અગીયારસ તીથિને યાદગાર બનાવવા સાથે ખંભાતના આંગ-ણાને પરમ પાવન બનાવ્યું.

સમુદાય

દીક્ષિત જીવનમાં પૂ. વૃદ્ધિવિજયજી, (વૃદ્ધિચંદ્રજી)

પૂ. ગંભીરવિજયજી અને પછીથી શાસનસમ્રાટ્ આચાર્ય દેવેશ શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમદ્વિજય નેમિસૂરીશ્વરજી મ. શ્રીનું અજ્ઞાનુવર્તીપણું પામી પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યા. અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રવૃત્તિમાં આગળ વધવા લાગ્યા. જેથી તેમના ઉપર પૂ. ગુરુણીજી મ. શ્રીનો અનહદ પ્રેમ વધતો હતો. અને પૂ. ચરિત્ર નાયિકા પણ પૂ. ગુરુણીજી મ. આદિના વિનય, વૈયાવચ્ચમાં પણ તલ્લીન રહેતાં. અને તેથી તેમના અત્યંત પ્રીતિપાત્ર બનવાથી દિનપ્રતિદિન અભ્યાસમાં સારી એવી પ્રગતિ સાધવા લાગ્યાં, અને પહેલું ચાતુર્માસ વિશાળ જૈનપુરી સમાન અમદાવાદમાં કર્યું.

તેઓશ્રીના ચાતુર્માસની અને પરિવારની યાદી અલગ આપવામાં આવેલ હોવાથી અહીં તેઓશ્રીનાં વિશિષ્ટ કાર્યોની જ નોંધ લઈશું.

પૂ. ચરિત્રનાયિકાએ જે પૂ. સા. શ્રી સૌભાગ્યશ્રીજી પાસે દીક્ષા લીધી હતી તેમનું જીવન ઘણું જ ઉચ્ચ કોટિનું રસિક અને પ્રૌઢતાભર્યું છે. જેમણે જૈનશાસનમાં મહાન્ કાર્યો એવી સુંદર રીતે કર્યા છે કે જે સારા સાધુ મહાત્મા માટે પણ કઠિન હોય. જેથી તેઓશ્રીની જીવનરેખા ખંભાત તેમજ બીજાં અનેક ક્ષેત્રોના લોકોના હૃદયમાં હજુ પણ અંકાઇ રહી છે.—અનેરી છાપ પાડી રહી છે. તેમના પ્રથમ શિષ્યા તરીકે આપણાં ચરિત્ર નાયિકા ચંપાશ્રીજી વિશાલ વંશવૃક્ષના બીજરોપણરૂપ થયાં.

સાધ્વી તરીકેની લાયકાત

જૈન સાધ્વી થવું એ એટલું બધું સહેલું નથી કે જે વેશ પહેરવાથી આવી જાય.

હંમેશાં ઉઘાડા પગે રહેવું.

ટાઢ તાપ સહન કરવા.

સદાને માટે પગે ચાલી વિહાર કરવા.

ભિક્ષાવૃત્તિથી જ જીવન ટકાવવું.

કડક ત્યાગ તપશ્ચર્યાઓનું પાલન કરવું.

ગમે તેવા સંજોગોમાં પણ કડકમાં કડક ગુરુઆજ્ઞા શિરોમાન્ય કરવી

છ છ મહિને લોચાદિ કષ્ટો સ્વેચ્છાએ સહન કરવાં.

આમ અનેક જાતનાં કષ્ટો આત્માની સન્મુખ રાખી સ્વેચ્છાએ સ્વીકારવાથી જ જૈન સાધ્વી તરીકેની લાયકાત આવે છે.

ઉપરોકત બધા જ ગુણોનું બીજ બાલવયથી જ તેમનામાં જણાતું હતું. તેમ ન હોય તો મોટી ઉંમરે પણ આવે જ કયાંથી ? પણ બાલ્યવયમાં આચ્છાદિત રહેલા તે ગુણો આવરણ જતાં ખીલી નિકળે છે. ૨૫ વર્ષે મહાન્ વિદ્વત્તા મેળવનાર બાળક બે વર્ષની ઉંમરે પૂરું બોલી પણ શકતું નથી તો પછી વાંચતા લખતાં તો આવડે જ કયાંથી ? છતાં તેની તે જ વ્યકિતમાં વખત જતાં કેટલો બધો ફરક પડે છે તે આપણે નજરે જોઈ

શકીએ છીએ. માટે કહેવું જ પડશે કે બાલવયમાં આચ્છાદિત રહેલા ગુણો જ મોટી ઉંમરે પ્રકાશમાં આવે છે." કદાચ કોઈ એમ કહેતું હોય કે—અભ્યાસ અને સત્સંગથી ગુણો આવે છે તે વાત અપેક્ષાએ તદ્દન સાચી છે, પણ એકાન્તે તેમજ હોય છે એવું પણ નથી. કેમકે—અભ્યાસાદિ બધી જ રીતે સરખી સામગ્રીવાળા બે બાળકોમાં એક પહેલે નંબરે જ્યારે બીજો છેલ્લે નંબરે બેસે છે. વખત જતાં એક મહાન્ વિદ્વાન્ તરીકે જાહેર થાય છે જ્યારે બીજો તદ્દન સામાન્યની પંક્તિમાં પણ મહામહેનતે આવે છે. એટલે બહારની અભ્યાસાદિ સામગ્રી કરતાં આંતરિક લાયકાત એ જ બંનેના ભેદનું શક્તિનું મૂળ કારણ છે.

અંદર લાયકાત હોય તો જ મોટી ઉંમરે તે ખીલે 'કૂવામાં હોય તો જ હવાડામાં આવે.' તેલ તલમાંથી નિકળે પણ રેતીને ગમે તેટલી પીલવા છતાં ય તેમાંથી તેલ નહિ નીકળે. માટે નક્કી થાય છે કે પ્રાણીઓમાં અમુક શક્તિઓ અમુક કાળ સુધી ઢંકાયેલી રહે છે, જ્યારે પ્રસંગ આવ્યે ખીલી નીકળે છે.

તેમ આપણાં ચારિત્રનાયિકામાં પણ સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રને ઢાંકનાર આવરણ ખસી જતાં આંતરિક આચ્છાદિત શક્તિઓ યોગ્ય પ્રસંગ સાંપડતાં ખીલવા માંડી કે જેની પ્રતિભાથી શાસન; સંઘ અને સમુદાય સુગંધીત થવા લાગ્યાં. એટલે ચંપાશ્રીજી નામને નામ પ્રમાણે જ અપૂર્વ ગુણો કેળવી સાર્થક

કરી બતાવ્યું. આવું નામ પણ ધરાવવાની લાયકાતવાળા કોણ બની શકે છે તે પણ ટુંકમાં વિચારીએઃ—

નામની મહત્તા

શરીર કે કર્મ રહિત શુદ્ધ પવિત્ર આત્માઓને તો કોઈ પણ નામોની જરૂરીઆત રહેતી જ નથી પણ આવાં નામો તો શરીર અને કર્મ સહિત આત્માઓને જ દુન્યવી વ્યવહારમાં વ્યવહારૂ બનવા માટે જ કોઈને કોઇ નામ ધારણ કરવું પડે છે.

ચંપાશ્રીજી એવું નામ વ્યવહાર માટેનું હોવા છતાં તે કંઈક વિશિષ્ટતાભર્યું છે. દુનિયામાં એવાં નામો ભાગ્યે જ પડે છે અને પડે તો કોઇ વિશિષ્ટ લાયકાતવાળા માનવીઓનાં જ પડે છે.

જેનું જેટલું વધારે મહત્ત્વનું સ્થાન તેટલી જ તેમાં સંખ્યાની ઓછાશ. સોનાની કિંમત વધારે છે જ્યારે તેને મેળવવામાં ઘણી મહેનત છે તેમ આવાં નામ ધરાવનાર વ્યકિતઓની કિંમત આંકી શકાય તેમ નથી ત્યારે સંખ્યા બહુ જ અલ્પ હોય તે સ્વાભાવિક છે.

એક બાજુ એક હજાર ભિખારીને મૂકો અને બીજી બાજુએ તે હજારેનું બલકે સારાયે શહેરને દોરવણી આપનાર અને પાલન કરનાર એક જ વ્યકિત મૂકી તુલના કરતાં એક જ વ્યકિતની કિંમત જરૂર વધારે આંકવી જ પડશે. કહેવત પણ

છે કે—'સો મરો પણ સોનો પાલનહાર ન મરો' માટે જ બધા માનવો બે પ્રકારના છે. જંગલી અને સામાજિક, સામાજિકમાં –પણ આર્ય અને અનાર્ય આર્યમાં પણ–વંશ પરંપરાગત શુદ્ધિવાળા અને ઇતર, વંશ પરંપરાની શુદ્ધિવાળાઓમાં જવાબદારી ઉપાડી શકે તેવા અને બિનજવાબદાર, જવાબદારમાં પણ દુન્યવી જીવનવાળા અને આધ્યાત્મિક જીવનવાળા, આધ્યાત્મિક જીવનવાળાઓમાં સ્વોપકાર સાથે પરોપકારાર્થે જીવન ટકાવવાવાળા અને કેવળ પરોપકારાર્થે જીવન ટકાવવાવાળા આમ જેમ જેમ આગળ વધીયે તેમ તેમ ઊંચું સ્થાન આવે જ્યારે સંખ્યા ઘણી ઓછી મળતી જાય.

ઉપર જણાવેલ દરેક સ્થાનમાંથી આધ્યાત્મિક જીવનને સ્વોપકાર સાથે પરોપકારાર્થે જીવનાર **ચંપાશ્રીજી** જેવાં નામ પ્રાપ્ત કરવાની લાયકાત ધરાવી શકે છે.

આ ઉપરથી એમ ખ્યાલ આવશે કે–**ચંપાશ્રીજી** નામની કેટલીક મહત્વભરી કિંમત છે. કેટલીય હદ સુધીનાં ઉચ્ચ સ્થાનોને વટાવ્યા બાદ **ચંપાશ્રીજી** જેવાં નામ પ્રાપ્ત કરવાની યોગ્યતા આવે છે, આવાં નામ મેળવવાં તો દૂર રહો પણ જે જીવો પામી શકવા જેટલી યોગ્યતા સુધી પણ આવતા નથી તેવા તો જગતમાં અનેક પ્રાણીઓ છે અને ક્ષણે ક્ષણે અનંત ઉપજે છે અનંત મરે છે માટે તેવા જીવોની તેટલી મહત્તા હોતી નથી કે જેટલી મહત્તા આવાં નામવાળાંઓની હોય છે.

વર્તમાન સમયની આગળ પડતી દરેક સ્ત્રીઓ જેવી કે–

દેશસેવિકાઓ, શેઠાણીઓ, પ્રમુખીઓ, લેડીડોકટરો, લેડી ઈન્સ્પેકટરો, સેક્રેટરીઓ, કવિયણો, પતિવ્રતાઓ, બ્રહ્મચારિણીઓ, રાજરાણીઓ, દયાદેવીઓ, ગોરાણીઓ, તપસ્વીઓ એ બધી કરતાં સાધ્વીજી મહારાજો મહાસતી શિરોમણી ગણાય છે કારણ કે—

પતિવ્રતા સ્ત્રી સતી, સમ્યક્ત્વધારી સતીતર, દેશવિરતીધર સતીતમ અને સર્વ વિરતીધરમાં અતિસતીતમ એટલે મહાસતીપણું છે.

મહાસતીતમ જૈન સાધ્વીજીનું જીવન

જીવનભર કોઈપણ પ્રાણીની હિંસા પોતાની ખાતર ન થાય, તેના માટે સતત જાગ્રત રહેવું પોતાના માટે જરૂરી કોઈ પણ વસ્તુનો ઉપયોગ પોતાની જાતે તો હિંસા વિનાની હોય તો જ કરી શકે. તડકા અને લોકોના પગફેરથી ખુંદાયેલા રસ્તા અને જમીન ઉપર જ જીવનભર ચાલવાનું અને રહેવાનું, સચિત્ત, કોઈપણ વસ્તુને અડકાય જ નહિ. અડકવાથી તે જીવોને દુઃખ થાય પાણી માટે પણ તેમ જ; નદી, નાળાં તળાવ, કુવા, વાવ, વાવ, સમુદ્ર, સામે ભર્યા હોય, નળ વહેતા મૂકયા હોય તો પણ તેના એક ટીપાનોય ઉપયોગ તો શું! પણ અડાયે નહિ.

ગમે તેવી કડકડતી ટાઢ, હિમ કે બરફથી અંગ ઠુંઠું થઈ જાય તો પણ અગ્નિને અડવાનું તપાવવાનું હોય જ નહિ તો પછી રાંધી લેવાની વાત જ શી!

ગમે તેવી ગરમી થાય મુંઝાઈ જવાય તો પણ પંખાનો તો શું! પણ કાગળ કપડાથીયે પવન ખવાય જ નહિ.

ફળફૂલ શાક અનાજ વિ. ને જાતે સ્પર્શ કરવાનો હોતો જ નથી. ગમે તેવી ભૂખ લાગી હોય સામે ખોરાક ભરપુર હોય. વૃક્ષો ફળાદીથી લચી પડતાં હોય તો પણ તેને અડાય જ નહિ. માત્ર માલીકે પોતાના માટે તૈયાર કરેલ હોય, અચિત્ત થયા હોય, માલીક પોતાની ઈચ્છાથી જ એટલે કોઈપણ જાતનો સંકોચ રાખ્યા સિવાય આપવા તૈયાર હોય. તેમ છતાં ગુરૂની આજ્ઞા મળી હોય તો જ કામમાં લઈ શકાય.

આમ કોઈ પણ જીવની પોતે હિંસા કરે નહિ પોતાના નિમિત્તે બીજા પાસે કરાવે નહિ અને કરનારના આરંભાદિનાં કાર્યોમાં સંમત ન થઈ જવાય તેનો પૂરેપૂરો ખ્યાલ રાખે.

સહેજ પણ જુઠું ગમે તેવા સંજોગોમાંયે બોલે નહીં પોતાના કારણે બીજા પાસે પણ બોલાવે નહીં અને બોલાવનારમાં સંમત ન થઈ જવાય તેની પૂરે પૂરી સાવચેતી રાખે.

નહીં યાચના કરેલી હોય પણ વસ્તુનો પોતે ઉપયોગ કરે નહીં કરાવે નહીં અને કરનારને અનુમોદન આપે નહીં.

પુરૂષ જાતિના ગમે તેવા નાના બાળકનો પણ જીવનભર સ્પર્શ નહીં કરવાનો. કારણ કે સ્મરણ માત્રથી પણ બ્રહ્મચર્યનો ભંગ ન થઈ જાય એ માટે આ જાતના રક્ષણોથી બ્રહ્મચર્ય પાલન માટે કડકાઈ જાળવવાની હોય છે તો પુરૂષ સહવાસ કે સંસર્ગની તો વાત જ શી ! બલકે જે જગ્યાએ પુરૂષ બેઠેલ હોય તે જગ્યાએ પણ અમુક વખત સુધી તો બેસાય નહીં. એટલે પોતે અબ્રહ્મસેવન કરે નહીં કરાવે નહીં અને કરનારથી

તદ્દન અલગ રહે. એટલે જરાય અનુમોદન અપાઈ ન જાય તેનો ખ્યાલ રાખે.

કોઈપણ જાતના સાંસારિક વૃદ્ધિનાં કારણરૂપ પાઈ પૈસો દાગીના ધન ધાન્ય બાગબગીચા દાસી દાસાદિ પરિગ્રહ હોય તેને પણ છોડી દેવાના. તો રાખવાની તો વાત જ શી ! એટલે રાખે નહીં રખાવે નહીં અને રાખનાર પ્રત્યે ઉપેક્ષા વૃત્તિ હોય. ખાવાની કે મુખમાં નાખવાની ગમે તેટલી સારી ચીજ હોય, બીજી સવારે મળે તેમ પણ ન હોય છતાં પણ સૂર્યાસ્ત પછી તો તે ચીજ પોતાની પાસે કે બીજાની પાસે રાખી રખાવી શકાય જ નહીં.

સૂર્યોદય પછી ૪૮ મિનિટ અને સૂર્યાસ્ત પછી તો ગમે તેવા સંજોગોમાં ખોરાક પાણી લેવાય જ નહીં.

આમ અનેક ગુણો વાળું જીવન જીવી બતાવવાથી જ જૈન સાધ્વી બની શકાય છે, પણ એકાંતે આત્મહિતકર છે એમ સમજાઈ ગયા પછી આત્મા આ રીતે વણાઈ જ ગયો હોય છે કે જેથી તેને આવું જીવન રસિક લાગે છે.

આમ આપણાં પૂ. ચરિત્રનાયિકા અહિંસા સંયમ અને તપની મૂર્તિ હતાં. ઓછામાં ઓછા સાધુ જીવનને યોગ્ય આ ત્રણ ન હોય તે સાધુ સાધ્વી જ નથી. તો પછી ઉપરના બતાવેલ જૈન સાધુ સાધ્વીપણું તો કયાંથી જ આવે ! પણ આ તપસ્વીનીમાં તો તે ગુણોની ભાવના પહેલેથી ભરેલી હતી હવે

તો ઓટ વિનાની ભરતીરૂપ વિકાસક્રમ ચાલુ થયો હતો અને દિન પ્રતિદિન તે ગુણો ખીલી રહ્યા હતા.

જીવનની રસિકતા

કોઈ એવી શંકા કરી શકે છે કેઃ—ઉપરની બધી વસ્તુઓ કષ્ટ રૂપ હોવાથી આવું જીવન જીવવું તે તો તદ્દન નીરસ કઠોર અને ફોગટ કષ્ટમય ગણાય. એવું જીવન તો જંગલમાં રહેલ ઝાડ, પશુ, પંખી પણ જીવે છે તો તેવા જીવનને ઉત્તમ શી રીતે ગણાય!

તેના જવાબમાં ખરેખર! અમે પણ તેમ જ કહીયે કે—જો અનિચ્છાએ આવાં કષ્ટો લાદવામાં આવતાં હોય તો તેવું જીવન ઉત્તમ ન જ ગણાય. પણ પરિણામે ફાયદાનું અનુમાન કરવા પૂર્વક પોતાની ઈચ્છાપૂર્વક જ સ્વીકારેલાં તે કષ્ટો દુઃખરૂપ નથી થતાં પણ અનેક ગણું આનંદરૂપ લાગે છે, દવા લેવી કે ઓપરેશન કરાવવું તે કષ્ટ હોવા છતાં ભવિષ્યના સુખને કારણે આનંદથી કરાવાય છે તેમ અહીં ભવિષ્યનું શાશ્વત સુખ મેળવવા માટે સહન કરેલું કષ્ટ કષ્ટરૂપ ન જ લાગે માટે જ્યાં કષ્ટ હોય ત્યાં જીવન નીરસ હોય તેવું એકાંતે માનવું જરાય વ્યાજબી નથી.

વળી આ સાધ્વી જીવન બીજા પણ અનેક પ્રકારનાં આનંદ અને રસથી ભરપૂર છે. જેટલો વિદ્યાર્થીઓનાં રસોત્પાદક વિદ્યાભ્યાસમાં કલાકારને કલામાં અને વેપારીને વેપારમાં આનંદ આવે છે કે જે આનંદમાં બાવાનું પણ ભૂલી જાય છે એટલે દુઃખ પણ સુખરૂપ બને છે તેમ આ જીવનમાં નવીન નવીન

જ્ઞાનામૃત અને ઉપદેશામૃતના પાનમાં અને બીજાને તે માર્ગે દોરવામાં બીજાં કષ્ટો લક્ષમાંયે આવતાં નથી. તેમ જ ધાર્મિક ઉત્સવો, તીર્થયાત્રાઓ અને ગામેગામ નિસ્વાર્થે ફરતાં મળતાં નવીન નવીન અનુભવોમાં આ કષ્ટ પૂર્ણ જીવન પણ આનંદ અને રસપૂર્ણ બની સ્વપર કલ્યાણકર બને છે.

આ રીતે આપણાં ચરિત્રનાયિકા ચંપાશ્રીજી મહારાજ પોતાનું સુદૃઢ જીવન ગુરુ મહારાજની અપૂર્વ ભક્તિ અને છાયામાં બીલવી ગુરુ મહારાજની સાથે નવીન-નવીન અનુભવ અને જ્ઞાન મેળવવા લાગ્યાં. પણ તે બધાં ગુણોમાં તેમણે ગુરુભક્તિ અને વૈયાવચ્ચનો ગુણ ખૂબખૂબ કેળવ્યો હતો. તેના પ્રતિક તરીકે–

એક વખત પૂજ્ય શ્રી દાદી ગુરુણીજી મ. શ્રી તથા ગુરુણીજી મહારાજશ્રી સાથે ખંભાતમાં હતાં. અને પૂજ્ય આણંદ શ્રીજી મહારાજ સાથે અમદાવાદ ચાતુર્માસ કરવા જવાની જરૂર પડી. દાદી ગુરુણીજી મ. ની તબિયત નાદુરસ્ત હોવાના કારણે તેમજ તેઓશ્રીની સાથે પોતાના ગુરુણીજી શ્રી સૌભાગ્યશ્રીજીને રહેવાની જરૂર હોવાથી, બન્ને પૂજ્યોને છોડીને અને વૈયાવચ્ચનો ગુણ જે આત્મા સાથે વણાઈ ચૂકયો હતો તેને જતો કરીને, જવાની જરાય ભાવના ન હતી પણ દાદી ગુરુણીજી તથા પૂ. ગુરુણીજીની આજ્ઞા થતાં જૈન શાસનમાં ધર્મ મૂળ તરીકે જે આજ્ઞાને અપનાવી છે "आणाए धम्मो" આજ્ઞામાં ધર્મ.–એ સૂત્રને અનુસરવામાં જ સારીયે ગુરુ ભક્તિ સમાયેલી છે તેથી તેઓએ દુઃખતે દિલે પણ આજ્ઞાને શિરસ્માન્ય કરી શારીરિક

ભક્તિ કરતાં વાચિક અને માનસિક ભક્તિને મુખ્ય ગણી અમદાવાદ ચાતુર્માસ કર્યું. કેવી અપૂર્વ ભક્તિ !

રાજનગરની એક સ્કુલનો દાખલો છે કે એક વિદ્યાર્થીને શિક્ષકે મારતાં તે શિક્ષકને અદાલતમાં ઘસડાવા સાથે માફી માગવી પડી હતી. કયાં એ વર્તમાનયુગની ગુરુભક્તિ અને કયાં જૈન શ્રમણોનો ગુરુભકિત ! જૈન શ્રમણોની ગુરુભકિત માટે તાદેશ ચિતાર આપે તેવું દૃષ્ટાંત હોવાથી અહીં ટાંકયું છે.–

એક વખત શ્રીપાદલિપ્તસૂરિજીનાં દર્શનાર્થે મહારાજા મુરંડ આવ્યા. રાજાએ પૂછયું કે ભગવન્ ! અમારા સેવકો તો વેતન મળતું હોવાથી વેતન પ્રમાણે પોતાનું કાર્ય બજાવે એ સ્વાભાવિક છે, પણ માત્ર ભિક્ષાવૃત્તિના આધારે રહેલા આપના શિષ્યો આપની આજ્ઞા શી રીતે ઉઠાવતા હશે ?

સૂરિજીએ જવાબમાં જણાવ્યું–રાજન્ ! આ લોક પરલોકના હિત ખાતર જ અમારા શિષ્યો આજ્ઞામાં તત્પર હોય છે. તેઓ આજ્ઞામાં જ હિત સમજે છે. તેમને દુનિયાની બીજી કોઈ વસ્તુની પરવા હોતી નથી.

રાજા કહે છે કે આ વાત મારે ગળે નહિ ઉતરે. હું તો જ્યાં જોઉં છું ત્યાં સહુ કોઈ સ્વાર્થનાં જ સગાં જણાય છે.

સૂરિજીએ જણાવ્યું–રાજન્ ! તમારા મોટા પગારદારો જે કામ નથી કરી શકતા તે કાર્ય વગર પગારે આત્મકલ્યાણાર્થે અમારા શિષ્યો કરી બતાવે છે તમારે ખાત્રી કરવી હોય તો

જેને તમે ખૂબ ધન આપી પોષ્યો હોય અને જેના ઉપર તમારો પૂર્ણ વિશ્વાસ હોય તેવા સેવકને બોલાવો.

રાજાને પણ પરીક્ષા કરવાનું મન થયું. પ્રધાનને બોલાવ્યો. પ્રધાને આવીને ઝુકી ઝુકીને સલામ ભરી કહ્યું–આ સેવક આપની સેવામાં હાજર છે. ફરમાવો હુકમ. માત્ર હુકમની જ રાહ છે. દુષ્કરમાં દુષ્કર કાર્ય પણ વિના વિલંબે કરવા તૈયાર છું.

રાજાએ સૂરિજીના દેખતાં જ આજ્ઞા કરી–જઈને જુઓ. ગંગા નદીનો પ્રવાહ કઈ દિશામાં વહી રહ્યો છે ?

રાજાનું વચન સાંભળી પ્રધાન મનમાં જ બબડવા લાગ્યો. આ બાલસૂરિની સંગતથી રાજા પણ બાલ-અજ્ઞાન થઈ ગયો છે. નહિં તો આવી સામાન્ય વાત પૂછવાની જરૂર શી ? પણ પ્રધાન તો 'જેવી આજ્ઞા' એમ કહી પ્રણામ કરી ચાલતો થયો રસ્તામાં જતાં વિચાર્યું, રાજા પાગલ છે હું કંઈ થોડો જ પાગલ છું. એટલો સમય ફોગટ બગાડવા કરતાં આ જુગારીઓ મળ્યા છે તો તેમની રમતગમત–આનંદ વિનોદમાં જ ન પસાર કરું. પ્રધાને તો ત્યાં બે ત્રણ કલાક પસાર કરી રાજા પાસે આવી પ્રણામ કરી કહ્યું. મહારાજ ! ગંગા નદીનો પ્રવાહ પૂર્વ તરફ વહે છે.

રાજાએ આજ્ઞા કર્યા બાદ છુપા બાતમીદારોથી જાણી લીધું હતું કે પ્રધાન નદીએ ગયો જ નથી જુગાર રમ્યો છે અને બોટું ડીંગ મારે છે. સૂરિજીએ જરા હાસ્યભાવ સાથે કહ્યું. કેમ

રાજન્! કેમ જોયું? ધનથી પોષાયેલા અને વિશ્વાસુ સેવકની આ દશા છે તો બીજાનું તો પૂછવું જ શું?

રાજન્! હવે અમારા નવદીક્ષિત અને અશિક્ષિત શિષ્યનો પણ ચમત્કાર જુઓ. તરત જ સૂરિજીએ બાલ શિષ્યને બોલાવ્યો. બાલ મુનિ ગુરુદેવને હાથ જોડી 'ઇચ્છામિ' કહી સહર્ષ મસ્તક નમાવી વિનવવા લાગ્યા–'આ સેવક ઉપર કૃપા કરી સેવાનો લાભ આપો.' સૂરિજીએ આજ્ઞા કરી, જાવ જુઓ અત્યારે ગંગા કઈ દિશામાં વહે છે? શિષ્ય તો 'તહત્તિ' કહી ઉપડયો. રસ્તામાં મળતા લોકોને પૂછતાં જવાબ મળ્યો 'પૂર્વાભિમુખ' પણ તે તો તે તરફ લક્ષ્ય ન આપતાં સીધા નદી કિનારે પહોંચી ગયા. જોયું તો પ્રવાહ પૂર્વાભિમુખ જ હતો. પણ કંઇ ભૂલતો તો નથીને? પૂર્ણ નિશ્ચય કરવા ઓઘામાંથી દાંડી કાઢી હાથમાં રાખી પાણીમાં તરતી મૂકી. દાંડી પૂર્વાભિમુખ તણાવા લાગી. તેમણે નિશ્ચય કર્યો કે જરૂર પૂર્વાભિમુખ જ વહે છે.

છુપા બાતમીદારોથી રાજાએ તો બાલશિષ્યનો સર્વ વૃત્તાંત પહેલેથી જ જાણી લીધો હતો.

રાજા મુરંડને જૈન સાધુઓ પરત્વે ખૂબ જ બહુમાન પેદા થયું. ખરે જ જૈન મુનિઓનો વિનય અજબ હોય છે. શિષ્યો આજ્ઞાપાલનમાં બધું જ સમર્પણ કરવા તૈયાર હોય છે.

આપણા ચરિત્રનાયિકા પૂ. ચંપાશ્રીજી મ. શ્રી પણ કપરી કસોટીવાળી ગુરુ આજ્ઞાને શિરસાવંદ્ય કરી પરિવારને પોતાના આચરણથી બોધપાઠ આપી જાય છે.

અભ્યાસ

તેઓશ્રીના યુગમાં વ્યાકરણાદિના અભ્યાસની પ્રવૃત્તિ ઓછી હતી. છતાં તેઓશ્રીએ પ્રકરણો, કર્મગ્રંથો, સંસ્કૃત બે ચુકો, હેમલઘુપ્રક્રિયા સારસ્વત્ વ્યાકરણ, કાવ્યવાંચન તથા શાસ્ત્રવાંચન તે કાળના બીજા શ્રમણ–શ્રમણીઓ કરતાં પોતાની મહેનત અને ગુરુનો પ્રસાદી પામી સારું જ્ઞાન સંપાદન કર્યું હતું.

ચારિત્રપાલન

મોક્ષને પ્રધાન અંગ ગણીને તેમનું કોઈપણ અનુષ્ઠાન પોતાને અને બીજાને રોચક થઈ પડતું. પૂર્વે કહ્યા પ્રમાણે નિયમનોમાં કડકમાં કડક રહેતાં હતાં. છેલ્લાં છેલ્લાં નવ વરસની સ્થિરવાસમાં અને તેમાં છેલ્લા દોઢ વરસની માંદગી કપરી હતી. છતાં કોઈપણ જાતનાં પચ્ચકખાણો છોડ્યાં ન હતાં. તે એક ચારિત્રપાલનની કટ્ટરતા હતી.

વિહાર ક્ષેત્રો

પૂજ્યશ્રીએ દીક્ષા અંગીકાર કર્યા બાદ ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, માળવા, મારવાડ, મેવાડ, અંગપ્રદેશ, બંગદેશ, મહાડાષ્ટ્રાદિ દૂરદૂર દેશોમાં અવિરત વિહાર કરી દરેક દેશોમાં અનેક ભવ્યાત્માઓને ધર્મ–માર્ગમાં જોડ્યા છે. વળી અનેક ભવ્ય આત્માઓને પ્રતિબોધી દેશવિરતિ અને સર્વવિરતિ માર્ગમાં લાવ્યા છે.

તેઓશ્રીનાં દરેક દરેક ચાતુર્માસમાં વિશિષ્ટ અને બોધપ્રદ અનેક કાર્યો થયાં છે. તે બધાનું વર્ણન કરવું આવશ્યક તો છેજ

પણ વિસ્તારનો ભય હોવા સાથે લેખકની શક્તિ બહારનો વિષય હોવાથી દુઃખતે દિલે છોડી દેવું પડયું છે.

તીર્થયાત્રાઓ અને તેમાં પણ આકરી કસોટીવાળી ગિરનાર તીર્થની નવાણું યાત્રાઃ—

વિહારમાં આવતાં દેશોદેશનાં પ્રત્યેક ગામોની તીર્થયાત્રાઓ કરવા સાથે સમેતશિખરજી આદિ તે પ્રદેશનાં બધાં તીર્થો, કેશરીયાજી, નાનીમોટી મારવાડનાં દરેક તીર્થો, માળવાનાં તીર્થો, કચ્છ, ભદ્રેશ્વર વિ. મોટી યાત્રાઓ બબ્બે વખત કડક કસોટીમાં પસાર થઇ ઉગ્ર વિહાર કરવા સાથે તે પ્રદેશમાં તેઓશ્રીનું અજીગમજનું ચાતુર્માસ અને તેમાં બાબુ વિજયસિંહજી, બુદ્ધિસિંહજી, બાબુ ધનપતસિંહજી અને રાણીશ્રી મીનાકુમારીજી પાસે કરાવેલી ધર્મ આરાધના તો એક યાદગાર પ્રસંગ રૂપ બની હતી. એક તો તે પ્રદેશમાં પૂ. શ્રમણ-શ્રમણીઓનો વિહાર જ નહિં તેમાં આવા ઉચ્ચતમ ચારિત્રશાળી મહારાજશ્રીનો ત્યાંનાં ભાવુકોને સમાગમ-દર્શન-વંદનનો લાભ મળતાં અને આપણા ચરિત્રનાયિકાની વર્ધમાનદેશના અને સ્થૂલભદ્રચરિત્રના વ્યાખ્યાનમાં સુંદર વાણી સાંભળવા મળતાં અને વીશ સ્થાનકનું અપૂર્વ શૈલીભર્યું શ્રવણ કરતાં રાણી મીનાકુમારીએ તે તપનું આરાધન સ્વયં કરવા સાથે અન્ય ભાવુકોને પણ કરાવ્યું. અને એ જમાનામાં પચ્ચીશ હજારની રકમ ધર્મમાર્ગમાં પોતાના વાણી પ્રભાવથી ખર્ચાવી.

બે વખત શ્રી શત્રુંજય મહાતીર્થની ૯૯ યાત્રાઓ તો

વિધિપૂર્વક કરી. શ્રી ગિરનાર તીર્થની ૯૯ યાત્રાઓ તો એવી કસોટીપૂર્વક કરી કે એક વખત તેઓશ્રી નેમિનાથ ભગવાનની યાત્રા કરી ત્યાં વધારે આનંદ આવતો હોવાથી ત્યાં ધ્યાનમાં બેસવાની ઈચ્છા જણાવી. અને સાથે રહેલાં હીરાશ્રીજી તથા દેવી શ્રીજી મ. ને તેમની ભાવના પ્રમાણે સહસ્રામ્ર વન યાત્રા કરવા મોકલ્યાં. પોતાને પણ પાછળથી ભાવના થતાં ધ્યાનમાં ને ધ્યાનમાં ચાલતાં એકાએક પત્થરચટ્ટી નામની ખીણવાળા ખાડામાં પડી ગયા. જ્યાં તેઓશ્રી પડ્યાં ત્યાં અત્યંત ઢોળાવવાળો માર્ગ હોવાથી ગબડતાં ગબડતાં ચાર પાંચ માથોડાં નીચે ગીચ ઝાડીમાં ભરાઈ ગયાં. શરીરે લોહીલુહાણ થઈ ગયાં, છતાં તેઓશ્રી બાહ્ય વેદન ને ન ગણકારતાં અને પોતાની મેળે બેઠા થઇ શકવાની શક્તિ ન રહેતાં પડ્યાં પડ્યાં પણ અરિહંતનું ધ્યાન અને તેનોજ ઉચ્ચાર કરી રહ્યાં હતાં. આ ઉચ્ચાર ત્યાંથી પસાર થતાં એક યાત્રિકે સાંભળી એકાએક થંભી ગયા અને તેમણે ગાઢ ઝાડીમાં પ્રવેશ કરી માંડમાંડ ઝાડીમાંથી બહાર કાઢ્યા. પછીથી અવાર-નવાર આવી રહેલાં સાધ્વીજીઓ પાસે રસ્તા ઉપર લેવડાવ્યાં અને રસ્તામાં જ પૂ. પ્રભાશ્રીજી તેમને મળ્યાં. તે તો પૂ. ગુરુ-શ્રીની આવી લોહીલુહાણ સ્થિતિ જોઈ હેબતાઈ જ ગયા. પણ હિંમત રાખી જયણાપૂર્વક દાદાના દરબારમાં લાવ્યાં ત્યાંથી ડોળી કરવા છતાં તેમની ચાલીને કરવાની કડક પ્રતિજ્ઞાના કારણે તેઓશ્રીએ ડોળીનો ઉપયોગ ન જ કર્યો, વળી નીચે આવ્યા બાદ જુનાગઢનો શ્રી સંઘ ખબર પડતાં તેઓશ્રીને શહેરમાં પધારવા વિનંતિ કરવા આવેલો પણ તેઓશ્રી એ તો મક્કમ

અવાજે કહી દીધું કે આ નશ્વર દેહ પડી જાય તો બહેતર પણ હજ યાત્રા કર્યા પછી જ શહેરમાં પ્રવેશ કરીશ, આમ તેઓશ્રીની આત્મિક ભાવ દવા અને બાહ્ય ઉપચારોથી તુરતમાં જ સુધારો થઈ જતાં તેઓશ્રીએ હજ યાત્રા કરીને જ શહેરમાં પ્રવેશ કર્યો.

કોઈપણ નિયમોમાં અને વ્રતપાલનમાં અને ત્યાગ તપશ્ચર્યામાં આટલી કડકાઈ તેઓશ્રીની હતી. તેના જ પ્રતાપે આજે પણ તેઓના સમુદાયમાં દૃઢ વ્યવસ્થા કડક ચારિત્રપાલન આપણને જોવા મળે છે.

તપશ્ચર્યા

તપશ્ચર્યા એ કર્મ રૂપી કચરાને સાફ કરવાનું-બાળી નાંખવાનું ઉત્તમોત્તમ અંગ છે. એ સિદ્ધાંતને પુરેપુરો હૃદયમાં ઉતારી વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ-વરસીતપ, વીશસ્થાનક તપ, વર્ધમાન તપ, સિદ્ધિ તપ કર્મસૂદન તપ, અષ્ટાપદતપ, માસખમણ. સોળ ઉપવાસાદિ ઉગ્ર તપશ્ચર્યાઓ તેઓએ કરી હતી.

વરસમાં બે વખતની નવપદજીની ઓળી, પર્યુષણપર્વની અઠ્ઠાઈ, ચતુર્દશીનો ઉપવાસ તો પોતાની નાદુરસ્ત તબિયતમાં પણ લગભગ છોડયા નથી.

વૈયાવચ્ચ

વિહારમાં તેઓશ્રી દરેકની ખૂબ ખૂબ વૈયાવચ્ચ કરતાં અને દરેક ઠેકાણેથી નવીન નવીન અનુભવો મેળવ્યે જતાં એમ અનુ-

ભવ મેળવતાં અને ભવ્ય જીવોને સુંદર બોધ આપતાં પોતાનું જીવન સુંદર બોધપ્રદ બની ગયું. કોઈને કંઈ પણ માંદગી કે તેવા પ્રસંગો હોય કે તેમનું ચિત્ત ત્યાં ને ત્યાં જ ચોંટી રહે. કારણ કે કોઇનાય સારા કામમાં હું કેમ આવી શકું તેજ એક આંતરિક ભાવના તેમના આત્મામાં વસેલી હતી. ખરેખર માનવ-જાતમાં તેની જ મોટી જરૂરિયાત છે. નહીંતર સામાન્ય પશુ-પંખીઓનું પુદ્ગલ જેમ કંઈ ને કંઇ ઉપયોગમાં આવે છે તેમ માનવના પુદ્ગલનો એક અંશ પણ કોઇનાય ખપમાં આવતો નથી.

ગુરુ સેવા

સં. ૧૯૯૫ ની સાલના પાલીતાણાના ચાતુર્માસમાં પૂ. ગુરુણીજી સૌભાગ્યશ્રીજી મ. શ્રીની તબિયત બગડતાં તેમની ભક્તિમાં એટલા તલ્લીન બની ગયાં હતાં કે–સાચું જીવન જ તે માન્યું હતું એક ક્ષણ પણ હૃદયમાંથી તેમનો વાસ દૂર થતો ન હતો. તેથી જ ગુરુણીજીનો પ્રેમ પણ અદ્વિતીય સંપા-દન કર્યો હતો.

આપણે વ્યવહારમાં પણ જોઈએ છીએ કે–દરેક માબાપો ને વિનયી અને વિવેકી છોકરાં ઉપર ખૂબ ખૂબ ચાહના થાય છે. તેવીજ રીતે આપણા ચરિત્રનાયિકા ઉપર ગુરુણીજીનો આંતરિક પ્રેમ અગાધ હતો.

આમ તેઓશ્રીના શુશ્રૂષા ગુણે ગુરુણીજી તો શું પણ એકે એક વ્યક્તિનો આંતરિક પ્રેમ ખૂબ સારી રીતે સંપાદન કર્યો.

હતો. એટલે સેવા કરવામાં તો જાણે નવીન દીક્ષિત જ ન હોય તેટલે સુધીની લઘુતા ધરાવતાં હતાં અને કોઈનું ય ભલું કરવાની તકને તો જરાય જવા દેતાં જ નહીં.

આવું અપૂર્વ જીવન જીવી શકવા માટે પણ ઘણા ભવોની તૈયારી અને તેને લગતી યોગ્યતાઓ ક્રમે ક્રમે મેળવતાં હોય એમ ચોક્કસ માની શકાય. અને તે બધાના પ્રતિકરૂપે જ આ જીવન આવું બોધપ્રદ નીવડ્યું હોય એમ આપણે જરૂર કલ્પી શકીએ.

અંતિમ અવસ્થા

આ મહાન આત્મા સ્તમ્ભતીર્થની પવિત્ર શીતલ છાયામાં પોતાની અવસ્થાને અંગે નવ વર્ષ સુધી સ્થીરવાસ રહી રત્નત્રયની આરાધના કરવા પૂર્વક પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યા, તેવામાં કર્મ રાજાએ જોર કર્યું, અંતિમ દોઢ વર્ષ સુધી લકવાની માંદગી રહી, પણ તે માંદગીની અંદર તેઓશ્રીએ સાધ્વીઓને સિદ્ધિતપને માસ ક્ષમણાદિ તપશ્ચર્યા કરાવી, તેમજ પોતે સંજ્ઞા-દ્વારાએ ભવ્ય જીવોને પ્રતિમા પધરાવવા વિષે ઉપદેશ આપતાં આવી અંતિમ દશામાં પણ પચ્ચક્ખાણમાં તેમજ શાસ્ત્રો સાંભ-ળવામાં ઉપયોગ રાખવા પૂર્વક ભાવના ભાવી પૂર્વે બાંધેલ વેદ-નીય કર્મને સમતા ભાવે ભોગવતા હતા કહ્યું છે કે

कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥ १ ॥

એ પ્રમાણે પોતાને ગાઢ વેદનીય કર્મનો ઉદય આવતાં કોઈ ઉપાયો લાગુ ન પડયા, પૂજ્યપાદશ્રીને જેવાં જેવાં પ્રકારનું વેદનીય કર્મ ઉદયમાં આવ્યું તેને સમતાભાવે સહન કરતા કરતા સંવત્ ૨૦૦૯ ની સાલમાં વૈશાખ વદિ છઠ્ઠના બુધવારને દિવસે મધ્ય રાત્રિએ બાર વાગે સ્વર્ગસ્થ થયાં.

તેઓશ્રીની ઉત્તરક્રિયા તેઓશ્રીના સંસારી સંબંધી ભીખાભાઈ વજેચંદ, સોમચંદ પોપટચંદ તથા શ્રી સકલસંઘે મળીને ઠાઠમાઠથી સારી રીતે કરી. તેઓશ્રીનો સ્વર્ગવાસ થવાથી શિષ્યાદિ પરિવારને અનહદ આઘાત થયો, આવા સંસારોદ્ધારક પરમોપકારી ગુરુજીનો વિરહ કોને દુઃખદાયક ન થાય ? ચિરકાલના દીક્ષા પર્યાયના સંબંધે વિરહાનલનું દુઃખ થાય તે સ્વાભાવિક છે, પરંતુ સંયોગે વિયોગ સરજેલ છે, એમ વિચારીને વિરહાનલને શાંત કર્યો.

ગુરૂણીજીના સ્વર્ગવાસ નિમિત્તે સ્તંભતીર્થ તથા રાજનગરના શ્રી સંઘે અઠ્ઠાઈ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર, પૂજા, પ્રભાવના વિગેરે ઘણા આનંદ પૂર્વક કરી હતી, તેમજ પેટલાદ બોરસદ વિગેરે સ્થલોએ પણ અઠ્ઠાઈ મહોત્સવ પૂજા પ્રભાવના વિગેરે શાસનોન્નતિ સારી રીતે થએલ હતી, તેઓશ્રીનાં નિમિત્તે તપશ્ચર્યા તથા સ્વાધ્યાય વિગેરે સારા પ્રમાણમાં થયેલ હતો.

આમ પૂ. ગુરુણીજીના ગુણગ્રામોનો પાર પામી શકીએ તેમ નથી છતાં ટુંકમાં પણ વર્ણન કરવાની ઉમેદ પાર પાડી છે

એવાં પૂ. ગુરુણીજી સર્વ જીવોનું કલ્યાણ કરો તેઓશ્રીની અપૂર્વ રીતે સેવા બજાવવામાં પૂ. પ્રભાશ્રીજી મ. શ્રી પડયો બોલ ઝીલતા હતાં તેમનું પણ ટુંક જીવન આ સાથે આપવામાં આવેલ છે.

પૂ. ચંપાશ્રીજી મ. ના શિષ્યા પ્રશિષ્યાઓનું યંત્રઃ—

નંબર	સંસારીનામ	જન્મસ્થાન	દીક્ષા સ્થળ	નામ	સંવત
૧	ચંદનબેન	ખંભાત	બોટાદ	* દર્શનશ્રીજી	૧૯૫૮
૨	મુળીબેન	,,	ખંભાત	શીવશ્રીજી	૧૯૫૯
૩	હીરાકોરબેન	,,	,,	* હીરાશ્રીજી	૧૯૬૯
૪	મણીબેન	પેટલાદ	વડતાલ	ખીમાશ્રીજી	૧૯૭૩
૫	ભૂરીબેન	ખંભાત	ખંભાત	* પ્રભાશ્રીજી	૧૯૭૫
૬	કસ્તુરીબેન	જુનાગઢ	જામનગર	કાંતીશ્રીજી	૧૯૮૨

પ્રશિષ્યાઓનું યંત્રઃ–

સંસારીનામ	જન્મસ્થાન	દીક્ષા સ્થળ	નામ	કોનાં શિષ્યા	સંવત
સન્નતબેન	પાટણ	પાલીતાણા	લાભશ્રીજી	દર્શનશ્રીજીનાં	૧૯૭૫
ગજરાબેન	અહમદનગર	પાલણપુર	* ઉત્તમશ્રીજી	,, ,,	૧૯૭૮
પારવતીબેન	ખંભાત	ખંભાત	દીવ્યશ્રીજી	,, ,,	૧૯૮૫
મણીબેન	,,	,,	ચારિત્રશ્રીજી	,, ,,	,,
મણીબેન	વડાલી	વડાલી	મહેન્દ્રશ્રીજી	લાભશ્રીજી ,,	૧૯૮૬
ચંપાબેન	કપડવંજ	અમદાવાદ	* ચરણશ્રીજી	મહેન્દ્રશ્રીજી ,,	
લીલીબેન	ખંભાત	ખંભાત	લલિતદર્શનાશ્રીજી	દીવ્યશ્રીજી ,,	૨૦૧૨
મંજુબેન	વડોદરા	અમદાવાદ	મંગલશ્રીજી	હીરાશ્રીજી ,,	૧૯૮૭
શકરીબેન	ખંભાત	ખંભાત	શુશીલાશ્રીજી	,, ,,	૧૯૮૮
પુષ્પાબેન	વડોદરા	કદંબગીરી	પુન્યપ્રભાશ્રીજી	,, ,,	૧૯૯૯
તનમનબેન	ખંભાત	ખંભાત	પૂર્ણભદ્રાશ્રીજી	,, ,,	૨૦૦૦
મણીબેન	વડોદરા	,,	મુક્તિપ્રભાશ્રીજી	,, ,,	૨૦૦૪
ચંદ્રાબેન	ખંભાત	,,	દેવભદ્રાશ્રીજી	પૂર્ણભદ્રાશ્રીજી ,,	૨૦૦૭
કમળાબેન	અમદાવાદ	અમદાવાદ	કાન્તભદ્રાશ્રીજી	,, ,,	૨૦૧૦
સુશીલાબેન	,,	,,	સમંતભદ્રાશ્રીજી	,, ,,	૨૦૧૩

નં.	સંસારીનામ	જન્મસ્થાન	દીક્ષા સ્થળ	નામ	કોનાં શિષ્યા	સંવત
૨૨	ચંપાબેન	ખંભાત	ખંભાત	ચંદનપ્રભાશ્રીજી	ખીમાશ્રીજી ,,	૨૦૦૧
૨૩	પરસનબેન	વડોદરા	વડોદરા	પ્રભંજનાશ્રીજી	,, ,,	
૨૪	રત્નાવતીબેન	વડોદરા	અમદાવાદ	રત્નપ્રભાશ્રીજી	પુન્યપ્રભાશ્રીજી ,,	૨૦૧૫

*—આ નિશાનવાળાં પૂ. સાધ્વીજી મહારાજ સ્વર્ગસ્થ થયેલા છે.

વિશેષ હકીકત

નં. ૧. **દર્શનશ્રીજી**:—અત્યંત વ્યવહારૂ, સચ્ચારિત્રશીલ, જ્ઞાની તેમજ ગુણી હતા.

નં. ૩. **હીરાશ્રીજી**:—બહોળા પરિવારવાળાં, સમુદાયને શિક્ષણ આપવા માટે ખૂબખૂબ તમન્ના રાખનારાં, આદર્શ જીવન જીવી બોધપાઠ પુરો પાડનાર હતાં.

નં. ૫. **પ્રભાશ્રીજી**:—તત્ત્વજ્ઞાનનો ઘણો શોખ, પઠન પાઠનમાં ઘણાંજ એકાગ્ર હતાં. જીવનના અંત સુધી અધ્યયન-અધ્યાયન છોડ્યું નથી. તેઓશ્રીનું જીવન ચરિત્ર આ સાથે આવ્યું છે.

નં. ૧૪. **મંગલશ્રીજી**:—સારા અભ્યાસી છે.

નં. ૧૬. **પુન્યપ્રભાશ્રી**:—કુમારિકા અવસ્થામાં દીક્ષા લઈ સારી શક્તિ મેળવી છે.

નં. ૧૭. **પૂર્ણભદ્રાશ્રીજી**:—કુમારિકા, ભટ્ટીબાઈ જૈન શ્રાવિકાશાળાના પહેલાં મુમુક્ષુ, ગંભીર, મુદ્રાયુક્ત, સહનશીલ અને અધ્યયનમાં સારો રસ ધરાવે છે.

		સંવત			સંવત
૧	અમદાવાદ	૧૯૪૮	૩૨	અમદાવાદ	૧૯૭૯
૨	મહુવા	૧૯૪૯	૩૩	પાલીતાણા	૧૯૮૦
૩	ખંભાત	૧૯૫૦	૩૪	જુનાગઢ	૧૯૮૧
૪	અમદાવાદ	૧૯૫૧	૩૫	જામનગર	૧૯૮૨
૫	ખંભાત	૧૯૫૨	૩૬	વેરાવળ	૧૯૮૩
૬	કપડવંજ	૧૯૫૩	૩૭	ખંભાત	૧૯૮૪
૭	પાલીતાણા	૧૯૫૪	૩૮	મહુવા	૧૯૮૫
૮	,,	૧૯૫૫	૩૯	અમદાવાદ	૧૯૮૬
૯	માંગરોલ	૧૯૫૬	૪૦	,,	૧૯૮૭
૧૦	વેરાવળ	૧૯૫૭	૪૧	પેટલાદ	૧૯૮૮
૧૧	વીરમગામ	૧૯૫૮	૪૨	કપડવંજ	૧૯૮૯
૧૨	પાલીતાણા	૧૯૫૯	૪૩	અમદાવાદ	૧૯૯૦
૧૩	સુરત	૧૯૬૦	૪૪	મહુવા	૧૯૯૧
૧૪	પેથાપુર	૧૯૬૧	૪૫	પાલીતાણા	૧૯૯૨
૧૫	પાલીતાણા	૧૯૬૨	૪૬	ખંભાત	૧૯૯૩

		સંવત			સંવત
૧૬	શિવપુરી	૧૯૬૩	૪૭	પાલીતાણા	૧૯૯૪
૧૭	માલુચર	૧૯૬૪	૪૮	,,	૧૯૯૫
૧૮	માલુચર	૧૯૬૫	૪૯	વઢવાણસીટી	૧૯૯૬
૧૯	પેટલાદ	૧૯૬૬	૫૦	ભાવનગર	૧૯૯૭
૨૦	પાલીતાણા	૧૯૬૭	૫૧	પાલીતાણા	૧૯૯૮
૨૧	ખંભાત	૧૯૬૮	૫૨	મહુવા	૧૯૯૯
૨૨	,,	૧૯૬૯	૫૩	ખંભાત	૨૦૦૦
૨૩	બોટાદ	૧૯૭૦	૫૪	,,	૨૦૦૧
૨૪	અમદાવાદ	૧૯૭૧	૫૫	,,	૨૦૦૨
૨૫	,,	૧૯૭૨	૫૬	,,	૨૦૦૩
૨૬	બોટાદ	૧૯૭૩	૫૭	,,	૨૦૦૩
૨૭	ધોલેરા	૧૯૭૪	૫૮	,,	૨૦૦૫
૨૮	પાલીતાણા	૧૯૭૫	૫૯	,,	૨૦૦૬
૨૯	અમદાવાદ	૧૯૭૬	૬૦	,,	૨૦૦૭
૩૦	મહેસાણા	૧૯૭૭	૬૧	,,	૨૦૦૮
૩૧	ખંભાત	૧૯૭૮			

દીક્ષાદિન—સંવત ૧૯૪૮ માગશર સુદ ૧૧—**ખંભાત.**

પૂ. ચંપાશ્રીજી મ. ના સ્વર્ગવાસ વખતે તેઓશ્રી નિમિત્તે સાધ્વીઓએ કરેલી તપશ્ચર્યા.

અઠ્ઠમ,	છઠ્ઠ,	ઉપવાસ,	આયંબિલ,	નવપદજીમ.	નીઓળી,
૪	૫૫	૧૮૦	૧૨૫	૨૭	
નીવી,	એકાસણા,	બેસણા,	સ્વાધ્યાય.		
૯	૮૦૦	૬૭૫	૯૬૦૦૦		

નિશ્ચય વ્યવહારવિદ્ વિદુષી સાધ્વીજીશ્રી પ્રભાશ્રીજી મહારાજનું ટુંક

જીવનાલેખન

પૂજ્યપાદ શ્રી **ચંપાશ્રીજી** મ. શ્રીના જીવનચરિત્રની સાથે અખંડપણે સંબંધ ધરાવતાં પૂજ્યપાદ **પ્રભાશ્રીજી**નું જીવન અનેક ભવ્ય જીવોને બોધપાઠરૂપ હોવાથી અહીં અમો ટુંકમાં આલેખીએ છીએ.

એ દિવસ ચિરસ્મરણીય રહેશે.

વિક્રમ સંવત ૧૯૪૫! ફાગણ સુદ અષ્ટમી! ખંભાતને માટે એ મંગલદિન બની ગયો અને ભલા જે દિવસ બધા માટે મંગલમય હોય એ દિન જેણે મંગલવાસિત કર્યો છે એના કુટુંબીયો માટે તો કેટલો શ્રેષ્ઠ દિન બની રહે?

નાથાભાઈ તેમજ ડાહીબેનનો એ પુણ્યદિન રહેશે.

ખંભાતના એક વિભાગમાં – **બોળપીપળામાં** શ્રી **નાથાભાઈ અમીચંદ** રહેતા હતા. તેઓ વિશાશ્રીમાલી હતા, જૈનને યોગ્ય જે ગુણો જોઈએ તે ગુણોથી સભર એવું એમનું દંપત્યજીવન હતું. **ડાહીબેન** એમનાં પત્ની હતા.

ફાગણ સુદ અષ્ટમીના દિને એક બાલિકાનો જન્મ થયો. સંસાર જાણે છે કે આવેલો જીવ જવા માટે આવ્યો છે, છતાંય તે એનું મમત્વ રાખે છે. દિવસો વ્રતતા ગયા, નામ સંસ્કરણ

ક્રિયા પણ થઈ. બાલિકા મટી એ હવે ભૂરીબેન બન્યાં. તેમને હીરાભાઈ નામના નાના ભાઈ હતા.

સુખી કુટુંબ હતું. સંસ્કારી હતું. વીતરાગની શ્રદ્ધાથી સભર હતું. માબાપના ધર્મમય સંસ્કાર ઝીલતાં ભૂરીબેન જિંદગીનો રસ્તો કાપે જાય છે. સાધુ શ્રમણોના સમાગમથી એમનું બાલ હૈયું આનંદ અનુભવે છે. મૂર્તિઓના દર્શનથી એ શાંત ભાવ ધારણ કરે છે. વ્યાખ્યાન શ્રવણથી એ શાંત ભાવ ધારણ કરે છે. વ્યાખ્યાન શ્રવણથી એ જિંદગીનાં રહસ્ય જાણે છે. પણ બાલમાનસ કેટલું સમજી શકે ? છતાંયે શ્રદ્ધાથી એ બધું કરે જાય છે.

ભૂરીબેન અગિયાર વર્ષ પૂરાં કરે છે. બારમામાં એ પ્રવેશે છે, અને જિંદગી એક નવો રાહ લે છે. ત્યારે તો આજનો જમાનો ન હતો. આજના સુધારા, છુટછાટ ન હતાં. છોકરી થોડી ઉંમરલાયક થતી એટલે એના માટે વરની તપાસ થતી. સુખી અને સંસ્કારી કુટુંબોની ગણત્રી થતી. અને યોગ્ય કુટુંબ ને વર જડતાં છોકરીના લગ્ન થઈ જતાં.

ચરિત્રનાયિકા પણ એક દિવસ આમ પરણી જાય છે. સાસરું પણ એવું જ ખાનદાન છે. ચૌદિશ એમની ધર્મગાથા ગવાતી હતી. ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાન એ કુટુંબ હતું. સાધુ શ્રમણોનું એ અનુરાગી કુટુંબ હતું ભૂરીબેનના સંસ્કારને સીંચે એવો જ ઘરસંસાર એ હતો. અને એક શુભ મુહૂર્તે શ્રી અમરચંદ પ્રેમચંદના પૌત્ર અને કસ્તુરભાઇ અમરચંદના પુત્ર વજેચંદભાઈ સાથે એમનું લગ્ન થઇ ગયું. પાંચ પાંચ પેઢીથી

જગમશહુર ! ગુરુભકિત, સાધર્મિકભકિત આદિ જિનધર્મવાસિત ગુણોથી વસ્તુપાલ તેજપાલની ઝાંખી કરાવતું, રસોયા જીવનમાંથી સંસ્કાર પામી દીક્ષિત થનાર વર્તમાન યુગમાં પં. મેરુવિજયજી વિ. મોજુદ છે એવું એ કુટુંબ હતું. જેમાં જન્મ ધારણ કરવો કે પુત્રવધુ બની જવું એ જીવનનું પરમ સૌભાગ્ય છે.

વજેચંદભાઈ પણ પિતાના જ વારસદાર હતા. સંસ્કારી, સંયમી ને ધર્માનુરાગી હતા. સાધર્મિક બંધુઓ પ્રત્યે અનહદ પ્રેમ હતો. તેમજ બહુજ પુણ્યશાળી એવું આ **વજેચંદભાઈ** ને **ભૂરીબેનનું** યુગલ હતું.

પરંતુ વિધિના લેખ કોણ મિથ્યા કરી શકે છે ? બનનાર બન્યા વિના રહેતું નથી. "તૂટીની કોઈ બૂટી નથી રહેતી." અને એક કારમા દિવસે **વજેચંદભાઈ** આ નશ્વર દુનિયા છોડી ચાલ્યા જાય છે. હજુ તો એકજ વરસ માંડ ગાર્હસ્થ્ય જીવન જીવ્યા થયું હશે ત્યાં **ભૂરીબેનનો** સંસાર આમ સમાપ્ત થઈ જાય છે. સૌભાગ્યના બદલે વૈધવ્યનો સાજ હવે સજવો પડે છે.

દિલ પર આઘાત તો જરૂર લાગે છે. પરંતુ **ભુરીબેન** ધર્મમાં શ્રદ્ધા રાખી કર્મની એવી વિટંબના સમજી ધર્મ પ્રત્યે વધુ વળે છે. હજુ કંઇ ઉંમર કોઈ મોટી નહોતી થઈ ગઈ, અને બુદ્ધિ પણ એમની એવી તીવ્ર હતી. એ અભ્યાસ કરે છે. સાથે સાથે ગુરુભક્તિ પણ ચાલુ જ છે. બસ અભ્યાસ એક જ ધૂન હવે લાગી છે. અને **ભૂરીબેન** પ્રકરણો પૂરાં કરે છે, કર્મગ્રંથ શરૂ કરે છે, એ પણ ઝડપથી પૂરાં કરે છે; અને બૃહત્સંગ્રહણી આદરે છે. ક્ષેત્રસમાસ–કુલકો–દ્રવ્યાનુયોગ–સંસ્કૃત વ્યાકરણ કાવ્ય

ન્યાય એમ અભ્યાસ વધતો જ જાય છે. ૩૦ વરસ લગભગ આમ સાધનામાં ને અભ્યાસમાં વહી જાય છે. મનથી નક્કી કરી લીધું છે. બસ દીક્ષા લઈ આત્મકલ્યાણ કરી લઈશ. પરંતુ કુટુંબીજનોનાં અને તેમાંય મુખ્યત્વે તેમના ઓરમાયા હોવા છતાં ઔરસ્ય પુત્રથી પણ અધિક **નટવરભાઈ**ના મમત્વથી રજા નથી મળતી. છેવટે એક દિવસ પુણ્યનો જાગે છે અને **ભૂરીબેન**ને દીક્ષાની સંમતિ મળી જાય છે.

સં. ૧૯૭૫ મહા સુદ ૧૪ **ભૂરીબેન** કવિકુલકીરિટ પૂ. આ. શ્રીમદ્‌વિજય **લબ્ધિસૂરીશ્વરજી** મ. શ્રી ના વરદ હસ્તે દીક્ષિત બને છે.—સંસારી મટી સાધ્વી બને છે. એ હવે **ભૂરીબેન** નથી, **પ્રભાશ્રીજી** છે. **નાથાભાઈ**ની પુત્રી નથી, શાસનસમ્રાટ્ પૂજ્યપાદાચાર્ય શ્રીમદ્‌વિજય **નેમિસૂરીશ્વરજી** મ. સા. ના આજ્ઞાવર્તી પૂજ્યપાદ સૌભાગ્યશ્રીજી મ. શ્રી ના પ્રશિષ્યા અને શ્રી ચંપાશ્રીજીનાં શિષ્યા છે. નવું જ જીવન હવે શરૂ થાય છે. ગુરુ એ અહીં માબાપ છે. અને અત્યંત ભક્તિથી, ખૂબ પ્રેમથી એ ગુરુબેનોની, ગુરુની બધાંની સેવા કરે છે. તેમની આમન્યામાં જ જીવન સમર્પિત કરે છે.

સ્વાધ્યાય ફરી શરૂ થઈ જાય છે. આચાર્ય મહારાજ પાસેથી વાંચના લઈ એ ઉચ્ચ અભ્યાસ શરૂ કરે છે. ઉત્તરાધ્યયન—આચારાંગ—ઠાણાંગ—સમવાયાંગ—ભગવતીજી—જ્ઞાતાસૂત્ર-વિપાકસૂત્ર—આવશ્યક—દશવૈકાલિક—પન્નવણાજી—કમ્મપયડી—પંચસંગ્રહ એમ સૂત્રેસૂત્રોનું અધ્યયન કરે જ જાય છે. જ્ઞાનાભ્યાસની અતૂટ લગનથી એ વિદુષી બને છે. છતાંય પોતાની વિદ્યાનું ઘમંડ નથી

એમને, સહુની સાથે નમ્રતાથી વર્તે છે. અન્ય સમુદાયના સાધ્વીજી આવે છે તોપણ નમ્રતાથી જ એ સંપર્ક સાધે છે.

વિહાર પણ કરતા જાય છે. કાઠિયાવાડ, કચ્છ, ગુજરાત, મારવાડ, મેવાડ બધા પ્રદેશમાં એ ફરે છે, ચોમાસા કરે છે, અને લોકોની ધર્મભાવનાને સતેજ કરે છે. એનેાને સંસારનો અસારતા સમજાવી ધર્મમાર્ગે વાળે છે. દીક્ષાની ભાવુકવાળી બેનોને દીક્ષા આપે છે. ભાઈઓને પણ પ્રતિબોધ કરે છે. મોરબીમાં તો એ વ્યાખ્યાન પણ આપે છે. ઉત્તરાધ્યયન અને ચરિત્ર-વાંચન કરે છે. પોતાના મંજુલ સ્વરે અને અનોખી શૈલીથી બધાને એ મુગ્ધ કરે છે, ધર્મભાવનાથી ભીંજવે છે, ધર્મમાં દૃઢ કરે છે, બીજા ધર્મના ભાઇઓ પણ તેમનો સંગ કરે છે, તેમની પાસેથી ધર્મનું શ્રવણ કરે છે. સ્થાનકવાસી ભાઇ શ્રી **ગુલાબચંદ ભગનલાલ** સ્થાનકવાસી હતા, છતાંય તેમની સાથે એ ચર્ચા કરતાં, તત્ત્વોની છણાવટ કરતા. કાનજીસ્વામી જેવાની પણ એમની સાથે મુલાકાત થઈ હતી, અને તેઓને એ ચર્ચા વિચારણાથી આનંદ પણ થયો હતો **ગુલાબચંદભાઇ** તો એમને પોતાના આત્મોદ્ધારક ગુરુ સમજતા હતા. આમ ચાતુર્માસ અને ભાવુકજનને દીક્ષિત બનાવવા રૂપ શિષ્યાપ્રશિષ્યાઓનું વર્ણન પણ રોચક હોવા છતાં બહુ વિસ્તૃત હોવાથી ગ્રંથ ગૌરવના ભયે આ સાથેના કોષ્ટકમાં અતિ સંક્ષિપ્ત રીતે આપવામાં આવેલ છે.

વિહાર કરતાં કરતાં એ ઉના જાય છે. ઉનામાં પોતાની

શૈલિથી ધર્મધ્યાન વિગેરે કરાવે છે, અને એમની યાદમાં એક પાઠશાળા શરૂ થાય છે.

તેમનો અપ્રમાદ અનુકરણીય હતો. ક્રિયામાં સતત જાગૃત રહેતાં. દરેક ક્રિયા ઊભાં ઊભાં જ કરતાં. નિદ્રા પરિમિત હતી. દરરોજ ઋષિમણ્ડલાદિ સ્તોત્રો ગણ્યા પછી જ પચ્ચક્ખાણ પારવાનો નિયમ હતો. માંદગીમાં પણ તે પ્રમાણે નિયમ પાળતા નવસ્મરણાદિ સ્તોત્રો, ચઉશરણ, આઉરપચ્ચક્ખાણાદિ સૂત્રો તથા સ્વાધ્યાયાદિ નિત્યકર્મ સાથે ઠાણાંગાદિ સૂત્રની ટીકાઓ માંદગીમાં છેવટ સુધી પોતે વાંચતાં અને બીજાઓને પઠન પાઠન કરાવતાં. છઠ્ઠો કર્મગ્રંથ જાણે કંઠમાં જ ન વસ્યો હોય તેમ પુસ્તક વિના જ વ્યવસ્થિત સમજાવતાં અને એના જ ચિંતનમાં તે સમાધિસ્થ થયાં હતાં. ખરેખર, અપૂર્વ જ્ઞાનશક્તિ હતી એમની!

જીવનમાં ભોગોની વિપુલ સામગ્રી હતી. છતાં સંયમની અભિલાષા જપ, તપ, વ્રત, નિયમનું પાલન કરવાપૂર્વક ગૃહસ્થાશ્રમનો નિર્વાહ કરતાં. તેઓનો ત્યાગ ગૃહસ્થજીવનથી જ વૈરાગ્ય મૂલક હતો. સંયમ જીવનમાં પણ એ ગુણ અધિકાધિક ખીલતો જ રહ્યો હતો. ઔપચારિક નહિં રહેતાં નૈષ્ઠિક (નૈસર્ગિક) બની ગયો હતો. માટે જ અનેકાનેક જીવોને તેઓ સંયમમાર્ગે જોડી શક્યા હતા. તેમનો થોડો વખત પરિચય કરનારા પણ યોગ્ય જીવો સંયમ પ્રત્યે સન્માનવાળા બની જતા અને તેમાંથી કેટલાંય સંયમી પણ બની ગયા હતા.

રસનાનો વિજય શેષ ઇંદ્રિયોના વિજયથી અતિ દુષ્કર

ગણેલો છે, તેનો કાબુ પણ તેમણે ઠીક કેળવ્યો હતો. બાલ્યવયથી આરંભેલી નવપદની ઓળી દીક્ષા પર્યાયમાં ચાલુ જ હતી. વર્ધમાનતપની ૨૭ ઓળી કરી હતી. તેમજ પાસખમણ, માસખમણ, સિદ્ધિતપ, વરસીતપ, છમાસી, ચાતુર્માસિક આદિ તથા પર્યુષણની અઠ્ઠાઈઓ ઘણા વર્ષ સુધી આમ તપ સાધના ચાલુ જ હતી. દર વર્ષે અભિગ્રહના અઠ્ઠમ પણ કરતા તેમજ દ્રવ્યો પણ નિયમપૂર્વક જ વાપરતા હતા.

ભાષામાં મધુરતા હતી, દૃઢતા હતી, સાત્ત્વિકતા હતી, તેમજ પ્રભાવશાલિતા હતી. લગભગ આદેય નામકર્મના ઉદયને અંગે તેઓશ્રીનું વચન કોઈ ઉત્થાપવાની હિંમત કરી શકતું નહિ. તેમની મધુર દેશનાથી ઘણી જગ્યાના સંઘના ઝઘડાઓ પણ દૂર થવા પામ્યા હતા. સ્વપર સમુદાય તેમની સેવા તેમજ હિતશિક્ષા સાંભળતા. તેઓશ્રીની હિત, મિત અને પ્રિય વાણીનો એવો પ્રભાવ હતો કે તેમનાથી સમુદાયના કોઈપણ વ્યકિતને જુદાં વિચરવું પડતું તો વિરહનું અનહદ દુઃખ અનુભવવાનો પ્રસંગ બની જતો હતો !

વાત્સલ્ય તો તેમનું અદ્‌ભૂત હતું, એમનો પ્રતાપ એ હતો કે કોઈ તેમના વચનનો અનાદર કરતું નહિ. મોટાથી નાના સુધી દરેક પ્રત્યે વિવેકપૂર્વક સમભાવ ધરાવતાં. સારી વસ્તુ બીજાને આપવામાં તેમને અધિક આનંદ થતો. પ્રસંગે બીજાને જ્ઞાન, ધ્યાનમાં સગવડ આપવા હંમેશાં તૈયાર રહેતાં.

જીવ માત્રને કર્મના ઉદય અનુસાર રુચિની ભિન્નતા હોય છે. એમ સમજી દરેકની રુચિને સન્માર્ગે વળવા (સુધારવા)

કેશીષ કરતાં, સમાચારીનું શકય પાલન કરતાં. એમાં એ જ કારણ હતું કે સહુના પ્રત્યે તેઓના હૃદયમાં માતાથી પણ અધિક વાત્સલ્ય હતું. તેમજ તેમની મુખાકૃતિ અને સંસ્થાન પ્રભાવ-શાળી હતાં.

લઘુતા પણ અપૂર્વ હતી. પચાસ પચાસ શિષ્યા પ્રશિષ્યા-ઓનાં ગુરુણી વિદ્વતાથી ભરપૂર તેમજ વિશિષ્ટ ગુણોનો ખજાનો હોવા છતાં માન તેમને વિકૃત બનાવી શકયો નહિ. વિહારાદ્રિકમાં બીજા સાધ્વીની સેવા કરવામાં સંપૂર્ણ ઉત્સાહ ધરાવતાં, અને અન્ય સાધ્વીઓ પ્રત્યે ઔચિત્યને બરાબર સાચવતા હતાં.

ઉદારતા એવી હતી કે પોતાની કોઈપણ વસ્તુ યોગ્ય આત્માને સંયમમાં ઉપકારક કેમ બને તેનું પૂર્ણ લક્ષ્ય રાખી વસ્ત્ર, પાત્ર, પુસ્તક કે બીજું જે જે બીજાને આપી શકાય તેટલો તે વધારે આનંદ માનતાં. તેમજ દૂર રહેલા સાધુઓ વિગેરે તેમને નહિ જોયેલ છતાં કોઇ વસ્તુની જરૂર પડે તો તે પુણ્યાત્માના નામથી જ મંગાવી લેતા અને પૂજ્યશ્રીના પૂણ્યની પુષ્ટિ કરતાં બાહ્ય વસ્તુની જેમ અભ્યંતર ઔદાર્ય પણ વિશિષ્ટ હતું, અને એથી ભૂલ થાય તેને શિક્ષા કરતાં તેમ અયોગ્યની ઉપેક્ષા પણ કરી શકતાં એથી જ આગ્રહ કે દુરાગ્રહથી તેઓ બચી જવા સાથે સર્વના પ્રેમ જીતી શકયા હતાં.

ગુણાનુરાગ પણ નોંધનીય હતો. કોઈની નિંદા તેમના મુખે કદી થતી જ નહિ. સ્વ કે પર સમુદાયના પણ ઉત્તમ આત્માઓના ગુણ આગળ કરી અમને પણ

ભાવિની શિખામણરૂપે અનુકરણ કરવાનું ટુંકામાં સમજાવી દેતા હતા. જ્ઞાન પ્રત્યેનો રાગ એવો હતો કે ભણનારને જોઇ તેઓ પુલકિત થઈ જતાં. પોતાના સાધ્વીઓને ભણાવવામાં ખૂબ કાળજી ધરાવતાં, તેમ અન્ય સાધ્વીઓ કે કોઈ પણ વ્યકિતને ભણવા માટે પ્રેરણા કરતાં, અને અન્ય સમુદાયના સાધ્વીઓને પોતે ભણાવતાં અને સૂત્ર તથા ટીકાઓ વંચાવતા. જીવનના અંત સુધી ચરિત્રનાયિકાએ જે અધ્યયન–અધ્યાપન છોડયું નથી એ તેઓશ્રીના જ્ઞાન પ્રત્યેના અનહદ રાગની નિશાની છે.

વિનય વૈયાવચ્ચ–વડીલો પ્રત્યે પૂજ્ય ભાવ ખૂબજ હતો. પોતાની ક્ષતિ દેખાડનાર પ્રત્યે નારાજ નહિ થતાં ઉપકાર માનતા તેમજ પોતાના અતિ ઉપકારી અનન્ય શરણતુલ્ય પ્રાતઃસ્મરણીય શાસનસમ્રાટ્ પૂજ્યપાદ શ્રીમાન્ વિજય **નેમિસૂરીશ્વરજી** મ. સાહેબની કૃપાને અખંડ રાખવા તેઓશ્રી જાગૃત રહેતાં. તેમજ શાંતમૂર્તિ ભદ્રિકપરિણામી પ્રવર્તિની પોતાના ગુરુજી શ્રીમતી પૂ. પા. ચંપાશ્રીજી મહારાજશ્રીના આજ્ઞાવર્તી તેમજ પોતાના વડીલ ગુરુઓનો પ્રત્યે વિનય વિવેકથી અધિક પ્રીતિપાત્ર બન્યા હતાં.

જિનઆજ્ઞાનો રાગ એવો હતો કે નાની મોટી કોઈપણ પ્રવૃત્તિ પાછળ વીતરાગની આજ્ઞા વિરૂદ્ધ કંઈપણ ન થઈ જાય તેની કાળજી રાખતાં માટે જ ક્રિયામાં વિધિની ખૂબ સાવચેતી રાખતાં અને સહુને અવિધિથી બચાવવા સારણા વારણાદિ કરવામાં સદૈવ જાગ્રત રહેતાં. વ્યાખ્યાન સાંભળવામાં ખૂબ આદર હતો. એમાં પણ સારા વ્યાખ્યાતાનો યોગ હોય ત્યારે તો શરીરની પણ ઉપેક્ષા કરતા. જિનવાણી ન હોય તો આ જગતનું શું

થાય એ તેઓ સમજતાં હતાં. અને પ્રત્યેક ભવમાં એનો યોગ આત્માને દુર્લભ હોવાથી એ વિષયમાં સારો આદર ધરાવતાં હતાં.

પુણ્ય પ્રકર્ષ અદ્‌ભૂત હતો. શ્રીમંતો અને સત્તાધીશો પ્રત્યે પણ તેમના પુણ્યની છાયા પડતી. સર્વત્ર માન સન્માન પામતાં. વિના પ્રયત્ને શાસનનો ઉદ્યોત થાય તેવો તેઓશ્રીનો પુણ્યપ્રભાવ હતો. અતિ પરિચયમાં આવતાં આત્માઓ પણ અવજ્ઞાને બદલે આદર ધરાવતા બની સંઘના વિખવાદો દૂર કરી સંગઠ્ઠન સાધી શકતા હતાં.

અને ગુરુભક્તિ તો સંસારનું એક દૃષ્ટાંત બની રહેશે. ગુરુ પ્રત્યેની એમની ભક્તિ અપૂર્વ હતી ! દરેક ચાતુર્માસ ગુરુની સાથે જ એ ગાળતાં. વરસમાં છ માસ બીજે વિહરતાં. પરંતુ સ્થિરતા—ચોમાસુ તો સાથે જ કરતાં. વેરાવળ તથા અમદાવાદ બસ એજ ચોમાસાં એમણે જુદાં કરેલાં. પરંતુ ગુરુજીનાં કાળધર્મ પછી એ એકાકી બન્યાં. ગુરુની છાંય જતી રહી. ગુરુની ગેર-હાજરી સાલી રહી, પણ અનિવાર્ય હતું એ બધું ! ગુરુમહારાજના વિરહની ઝાંખી કરાવતી નિસ્તેજ છાયા હોવા છતાં નવ નવ વર્ષની અપૂર્વ ગુરુભક્તિના સંતોષની છાયા લઈ ખંભાતથી વિહાર કરી એ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની છાયામાં ગયા. બસ તીર્થરાજની યાત્રા હતી. એ આખરી વિહાર કરતાં કરતાં એ મહુવા આવ્યા. ચાતુર્માસમાં વ્યાખ્યાન વિ. શરૂ કર્યું. બુઝાતો દીપક હંમેશાં ઝગારા મારે છે, વધુ પ્રકાશ આપે છે, અને છેવટે એ વિલાઈ જાય છે એવો જ અપૂર્વ ઉત્સાહ ઉછળતો હતો.

જીવન આમ દોડ્યું જાય છે. દિવસો પર દિવસો વીતે છે. અને હાર્ટનું દરદ જોર કરે છે, છતાંયે એ સહન કરે છે. અને છેલ્લા છેલ્લા ફરી દાદાના દર્શને જાય છે. તબીયત ખૂબ જ લથડે છે, પણ સાધી જવાની ધૂનમાં કશાની પરવા નથી. સાધનોની મદદથી દાદાના દર્શન કરે છે. અને અમદાવાદ પાછા ફરે છે. બબ્બે વરસ સુધી ઔષધ ને અનુપાન ચાલે છે. પરંતુ આરામ થતો નથી. વેદનીય કર્મ એની પરાકાષ્ઠાએ પહોંચે છે. દરદ મટતું નથી. છેલ્લી ઘડીઓ ગણાય છે, વીર વીરના ઉચ્ચારણ થાય છે, અર્હંત ભગવાનનો જાપ થાય છે. અને વીર વીર જપતાં એ આ ફાની દુનિયા છોડી ચાલ્યા જાય છે જાણે તેમના ગુરુણીજીથી પાછળ ન પડી જતાં હોય તેમ તેમના પછી થોડા જ સમયમાં માત્ર સાડાત્રણ વર્ષના ગાળામાં તેમના પગલે પગલે ચાલી નીકળે છે.

અને ૨૦૧૩ ની કારતક વદ અમાવાસ્યા, એ એમના જીવનનો આખરી દિન બની ગયો.

એકમના દિવસે ભવ્ય સ્મશાનયાત્રા નીકળી. ખંભાતથી હીરાભાઈ સોમચંદ વિ. મુંબઈથી શેઠ હીરાભાઇ પુરુષોત્તમદાસ તથા રમણલાલ શેઠ વિ. અને બીજેથી પણ અનેક ભક્તિવાળા ભાઈઓ આવ્યાં અને તેમના મૃતદેહનાં આખરી દર્શન કર્યાં.

જય જય નન્દા ને જય જય ભદ્દાના અવાજે સાથે એમનો દેહ પણ ચાલ્યો ગયો.

ગુરુણીજી ગયા. અમારી આશાઓ અધૂરી રહી. પણ એમના ગુણો વિસરે તેમ નથી. ગુણોથી તેઓશ્રી અમારી સામે જીવંત અને જાગ્રત છે. અમારી પ્રાર્થના છે કે ભવોભવ શ્રી જિનશાસનના આરાધક ઉત્તમ એ ગુરુનો અમને યોગ મળે, અને અમે કૃતાર્થ થઈએ.

તેઓના કાળધર્મના યોગે અનેક સ્થળે ઓચ્છવો, મહોત્સવો, ઉજવાયા હતા. રાજનગરમાં ઘુસાપારેખની પોળમાં શ્રી ધર્મનાથજીના મંદિરમાં તેમજ ખંભાતમાં તેમના કુટુંબીજનો શ્રી કસ્તુરભાઈ અમરચંદ તરફથી ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ શાંતિસ્નાત્ર સહિત ઉજવાયો હતો.

અમે અને બીજા પણ ભવ્ય જીવો પૂજ્ય ગુરુણીજીના ઉપકારોનું અને ગુણોનું વારંવાર સ્મરણ કરી શકીએ એ ઉદ્દેશથી ચાદર રહેલું તે અહીં લેખ રૂપે સંકલિત કરાવ્યું છે. ભવ્ય આત્માઓ તેને વાંચી વિચારી યથાશક્ય લાભ લેશે એવી અમો આશા રાખીએ છીએ.

તેમની પાસે અનેક મુમુક્ષુ આત્માઓએ તેમાં પણ મુખ્યત્વે ઘણીખરી કુમારીકાઓએ ઉચ્ચતમ વૈરાગ્ય રંગને પ્રાપ્ત કરી ચારિત્ર અંગીકાર કર્યું છે તેમનું લિષ્ટઃ—

પૂ. પ્રભાશ્રીજી મ. નાં શિષ્યાઓનું યંત્ર

નંબર	સંસારી નામ	જન્મ સ્થાન	દીક્ષા સ્થલ	દીક્ષાભિધાન	દીક્ષા સંવત
૧	ઇચ્છાબેન	મહુધા	મેસાણા	દેવીશ્રીજી	૧૯૬૭
* ૨	રેવાબેન	ખંભાત	ખંભાત	ભાનુશ્રીજી	૧૯૭૯
૩	ચંપાબેન	સીંજવાડા	અમદાવાદ	પદ્માશ્રીજી	૧૯૮૩
* ૪	,,	ખંભાત	,,	ચંદ્રાશ્રીજી	૧૯૮૪
૫	કેશરબેન	,,	ખંભાત	પુષ્પાશ્રીજી	૧૯૮૫
૬	શનીબેન	,,	,,	રૈવતશ્રીજી	,,
૭	અજવાળીબેન	મહુવા	અમદાવાદ	અશોકશ્રીજી	૧૯૮૬
૮	જાસુદબેન	અમદાવાદ	,,	જંબુશ્રીજી	૧૯૮૭
૯	દીવાળીબેન	આદ્રી	માંગરોલ	દીપકશ્રીજી	૧૯૮૮
*૧૦	વીજીબેન	સાવરકુંડલા	અમદાવાદ	વિમળાશ્રીજી	૧૯૮૯
૧૧	ચંપાબેન	કપડવંજ	કપડવંજ	ચંદ્રોદયાશ્રીજી	૧૯૯૦
૧૨	શશીબેન	અમદાવાદ	અમદાવાદ	સદ્‌ગુણાશ્રીજી	૧૯૯૨
૧૩	તારાબેન	પાટણ	,,	રવીન્દુપ્રભાશ્રીજી	૧૯૯૫
૧૪	હીરાબેન	બોટાદ	,,	હેતપ્રભાશ્રીજી	૨૦૦૩

નંબર	સંસારી નામ	જન્મ સ્થાન	દીક્ષા સ્થલ	દીક્ષાભિધાન	દીક્ષા સંવત
*૧૫	કમળાબેન	મહુવા	કદંબગિરિ	સંવેગશ્રીજી	૨૦૦૬
૧૬	લીલાવતીબેન	ભાડલા	રોહીશાલા	લલિતપ્રભાશ્રીજી	,,

* નિશાનવાળાં સાધ્વીજી મહારાજ સ્વર્ગસ્થ થયાં છે.

૧. **દેવીશ્રીજી**:—જ્ઞાની, ધ્યાની અને વ્યવહારકુશળ છે છકર્મગ્રંથ બેબુક પ્રાકૃત આગમો આદિનું સારૂં પઠન પાઠન કરેલ છે.

૪. **ચંદ્રાશ્રીજી**:—ચારિત્ર લેવામાં ઘણું સામર્થ્ય ફોરવ્યું હતું. વિનયાદિ ગુણ સંપન્ન હતાં.

૫. **પુષ્પાશ્રીજી**:—સમુદાયની વ્યવસ્થા જાળવવામાં અને પઠન પાઠનમાં સતત ઉદ્યમી છે. ઉપદેશનું પણ સારૂં સામર્થ્ય ધરાવે છે. જગમશહુર શેઠ કસ્તૂરભાઈ અમરચંદના કુટુંબમાંથી નીકળી જેમણે સંયમ ગ્રહણ કરેલ છે.

૬. **રૈવતશ્રીજી**:—ચારિત્ર લેવામાં જેમણે ઘણી કુશળતા દાખવી હતી. અને જ્ઞાનક્રિયાઓમાં સારો રસ ધરાવે છે.

૧૧–૧૨. ચંદ્રોદયશ્રીજી—સદ્‌ગુણાશ્રીજી—વ્યવહાર વિચક્ષણ છે.

નં. ૧૧–૧૩–૧૪. કુમારિકાઓ હતી. ૨–૪–૬–૧૬ સૌભાગ્યવંતી બેનોએ દીક્ષા લીધી તેમાં ૬–૧૬ ના પતિઓએ પણ સંયમ ગ્રહણ કરેલ છે.

પૂ. પ્રભાશ્રીજી મ. નાં પ્રશિષ્યાઓનું યંત્ર

નં.	સંસારીનામ	જન્મસ્થાન	દીક્ષાસ્થલ	દીક્ષાનાં નામ	કોનાં શિષ્યા	દી. સં.
૧૭	રેવાબેન	સીંજીવાડા	અમદાવાદ	પ્રમોદશ્રીજી	પદ્માશ્રીજી	૧૯૮૩
૧૮	સાંકુબેન	ખંભાત	તલાજા	શાંતિશ્રીજી	દેવીશ્રીજી	૧૯૮૫
૧૯	ડાહીબેન	પોયડા	અમદાવાદ	હેતશ્રીજી	પુષ્પાશ્રીજી	૧૯૮૭
૨૦	ચંચળબેન	ખંભાત	ખંભાત	ચારિત્રશ્રીજી	રૈવતશ્રીજી	,,
૨૧	મણીબેન	ધોરાજી	માંગરોલ	મહોદયશ્રીજી	દીપકશ્રીજી	૧૯૮૮
૨૨	કાન્તાબેન	ખંભાત	ખંભાત	દેવેન્દ્રશ્રીજી	પુષ્પાશ્રીજી	,,
*૨૩	ડાહીબેન	,,	,,	દમયંતીશ્રીજી	દેવીશ્રીજી	૧૯૮૯
૨૪	કાન્તાબેન	,,	,,	શ્રીમતીશ્રીજી	પુષ્પાશ્રીજી	,,
૨૫	કમળાબેન	,,	,,	સુદર્શનાશ્રીજી	દેવીશ્રીજી	૧૯૯૦
૨૬	જશીબેન	,,	,,	જયાશ્રીજી	,,	,,
૨૭	શણગારબેન	સાણંદ	અમદાવાદ	હેમશ્રીજી	,,	,,
૨૮	જાસુદબેન	અમદાવાદ	,,	દેવાનંદાશ્રીજી	રૈવતશ્રીજી	૧૯૯૨
૨૯	કુસુમબેન	,,	,,	કુમુદશ્રીજી	દેવાનંદાશ્રીજી	,,
૩૦	કલાવતીબેન	,,	,,	કંચનશ્રીજી	સદ્‌ગુણાશ્રીજી	,,
૩૧	ડાહીબેન	અમદાવાદ	ઈડર	મલયશ્રીજી	રંજનશ્રીજી	૧૯૯૪

નં.	સંસારીનામ	જન્મસ્થાન	દીક્ષા સ્થલ	દીક્ષાના નામ	કોના શિષ્યા	દી. સં.
૩૧	માણેકબેન	અમદાવાદ	મહુવા	મનકશ્રીજી	પદ્માશ્રીજી	૧૯૯૫
૩૨	ચંદ્રકાન્તાબેન	ખંભાત	અમદાવાદ	ચંદ્રપ્રભાશ્રીજી	પ્રમોદશ્રીજી	,,
૩૩	હીરામણીબેન	,,	,,	હેમપ્રભાશ્રીજી	ચંદ્રપ્રભાશ્રીજી	,,
*૩૪	રૂક્ષ્મણીબેન	મોરેલ	,,	ઋદ્ધિશ્રીજી	દેવીશ્રીજી	૨૦૦૦
૩૫	જશીબેન	ભડકત	ઈદોર	જયપ્રભાશ્રીજી	હેતશ્રીજી	૨૦૦૨
૩૬	કમળાબેન	અમદાવાદ	કદંબગિરી	કમલપ્રભાશ્રીજી	દેવીશ્રીજી	,,
૩૭	સુશીલાબેન	,,	,,	સૂર્યપ્રભાશ્રીજી	કમલપ્રભાશ્રી	,,
૩૮	તારાબેન	,,	,,	તિલકપ્રભાશ્રીજી	,,	,,
૩૯	વીજીબેન	સાવરકુંડલા	,,	વિદ્યુતપ્રભાશ્રીજી	દેવીશ્રીજી	૨૦૦૩
૪૦	મંછાબેન	મહુવા	,,	શશીપ્રભાશ્રીજી	વિદ્યુતપ્રભાશ્રીજી	,,
૪૧	કમળાબેન	ખંભાત	ખંભાત	કાન્તપ્રભાશ્રીજી	રૈવતશ્રીજી	,,
૪૨	હસુમતીબેન	,,	,,	હર્ષપ્રભાશ્રીજી	દેવેન્દ્રશ્રીજી	૨૦૦૪
૪૩	પારવતીબેન	પ્રભાસપાટણ	,,	પુન્યોદયશ્રીજી	ચારીત્રશ્રીજી	૨૦૦૬
૪૪	રસીલાબેન	દેવા	દેવા	રાજેન્દ્રપ્રભાશ્રીજી	દેવીશ્રીજી	૨૦૦૭
૪૫	યશોમતીબેન	અમદાવાદ	અમદાવાદ	યશઃપ્રભાશ્રીજી	,,	૨૦૦૮

નં.	સંસારીનામ	જન્મસ્થાન	દીક્ષાસ્થલ	દીક્ષા ભિધાન	કોનાં શિષ્યા	દી. સં.
૪૬	ક્રાન્તાબેન	બોરસદ	બોરસદ	સૂર્યોદયાશ્રીજી	ચંદ્રોદયશ્રીજી	૨૦૦૮
૪૭	સવીતાબેન	પેટલાદ	પેટલાદ	સત્યપ્રભાશ્રીજી	પુષ્પાશ્રીજી	,,
૪૮	વીરમતી બેન	અમદાવાદ	અમદાવાદ	વિજયાશ્રીજી	પ્રમોદશ્રીજી	,,
૪૯	ચંપાબેન	ખંભાત	ખંભાત	ચંદ્રયશાશ્રીજી	,,	,,
૫૦	સન્નતબેન	અમદાવાદ	અમદાવાદ	સુવ્રતાશ્રીજી	જંબુશ્રીજી	૨૦૧૦
૫૧	સીતાબેન	આંત્રોલી	આંત્રોલી	સુલસાશ્રીજી	શ્રીમતીશ્રીજી	૨૦૧૨
૫૨	સુશીલાબેન	અમદાવાદ	અમદાવાદ	વિનયપ્રભાશ્રીજી	સૂર્યપ્રભાશ્રીજી	,,
૫૩	વસુમતીબેન	બોરસદ	કોઠ	વિદ્યુત્કલાશ્રીજી	પ્રમોદશ્રીજી	૨૦૧૩
૫૪	પુષ્પાબેન	,,	,,	પૂર્ણકલાશ્રીજી	વિદ્યુત્કલાશ્રીજી	,,
૫૫	સુમિત્રાબેન	ખંભાત	ખંભાત	સુશીલપ્રભાશ્રીજી	પુષ્પાશ્રીજી	,,
૫૬	મધુબેન	,,	,,	જ્યોતિપ્રભાશ્રીજી	જયાશ્રીજી	૨૦૧૪
૫૭	જ્યોત્સ્નાબેન	અમદાવાદ	અમદાવાદ	જયંતપ્રભાશ્રીજી	વિજયાશ્રીજી	,,

નીચેના નંબરની બહેનોએ કુમારિકા અવસ્થામાં સંયમ ગ્રહણ કરેલ છે. ૧૭–૨૨–૨૪–૨૯–૩૦–૩૨–૩૩–૩૭–૩૮–૪૦–૪૨–૪૪ થી ૪૮ ૫૨ થી ૫૭

૧૭. **પ્રમોદશ્રીજી**:—ન્યાય વ્યાકરણ સાહિત્ય ધર્મશાસ્ત્રના સારા અભ્યાસી છે. પઠન પાઠનમાં ખૂબ ખૂબ રસ ધરાવે છે. આ પુસ્તક છાપવામાં તેઓશ્રીએ ઘણી સેવા બજાવી છે.

૨૪. **શ્રીમતીશ્રીજી**:—ન્યાય વ્યાકરણ સાહિત્ય ધર્મશાસ્ત્રોના સારા અભ્યાસી છે.

૨૫. **જયાશ્રીજી**:—લગ્ન થયા બાદ આઠ જ દિવસમાં વિધવા થવા છતાં ચારિત્ર માર્ગમાં દોરાઈ બીજાને પણ દોરવણી આપનાર બન્યાં છે. સારૂં વીર્ય ફોરવ્યું છે.

પૂ. પા. પ્રભાશ્રીજી મ. નાં ચા તુમસન યાદી

નંબર	સ્થાન	સંવત	નંબર	સ્થાન	સંવત
૧	અમદાવાદ	૧૯૭૫	૨૦	પાલીતાણા।	૧૯૯૪
૨	,,	૭૬	૨૧	,,	૯૫
૩	મેસાણા	૭૭	૨૨	વઢવાણસીટી	૯૬
૪	ખંભાત	૭૮	૨૩	ભાવનગર	૯૭
૫	અમદાવાદ	૭૯	૨૪	પાલીતાણા	૯૮
૬	પાલીતાણા	૮૦	૨૫	મહુવા	૯૯
૭	જુનાગઢ	૮૧	૨૬	ખંભાત	૨૦૦૦
૮	જામનગર	૮૨	૨૭	,,	૧
૯	મોરબી	૮૩	૨૮	,,	૨
૧૦	ખંભાત	૮૪	૨૯	,,	૩
૧૧	મહુવા	૮૫	૩૦	,,	
૧૨	અમદાવાદ	૮૬	૩૧	,,	૫
૧૩	,,	૮૭	૩૨	,,	૬
૧૪	વેરાવળ	૮૮	૩૩	,,	૭
૧૫	કપડવંજ	૮૯	૩૪	,,	૮
૧૬	અમદાવાદ	૯૦	૩૫	,,	૯
૧૭	મહુવા	૯૧	૩૬	મહુવા	૨૦૧૦
૧૮	અમદાવાદ	૯૨	૩૭	અમદાવાદ	૧૧
૧૯	ખંભાત	૯૩	૩૮	,,	૧૨

દીક્ષા સં. ૧૯૭૫ના મહા સુદ ૧૪, થઈ ત્યારે પછી ઉપરોક્ત ચાતુર્માસોમાં ઉપધાન, ઉજમણાં, અક્ષયનિધિ, માસક્ષમણ, સોળભત્તા, અષ્ટ-મહાસિદ્ધિ, ઇત્યાદિ અનેક જાતની તપશ્ચર્યાઓ, મહોત્સવો, અધ્યયન, અધ્યાપન તેમજ બીજાં પણ અનેક મહાન શાસનોન્નતિકારક કાર્યો કરાવી શાસનની સાચી ભક્તિ કરી હતી.

પૂ. પ્રભાશ્રીજી મ. ના સ્વર્ગવાસ વખતે તેઓશ્રીના નિમિત્તે સાધ્વીઓએ કહેલી તપશ્ચર્યા.

અઠ્ઠમ,	છઠ,	ઉપવાસ,	આયંબિલ,	નવપદજીમ. ની ઓળી
૩	૧૫	૧૨૫	૧૬૦	૧૫
એકાસણા,	બેસણા,	નવીગાથા,	સ્વાધ્યાય.	
૪૫૦	૪૨૫	૬૨૫	૩૦૨૫૦૦	

તેઓશ્રીમાં નીચેના ગુણો તો ખાસ તરી આવતા કે જેથી આજે પણ દરેક ગામ સ્મૃતિ પથમાં તેઓશ્રીને રોજે રોજ લાવ્યા કરે છે.

૧. ગમે તેવા સંજોગોમાં પણ શાન્તિ જાળવવા સાથે સામુદાયિક વ્યવસ્થા ખૂબ કુશળતાભરી હતી.

૨. ગમે તેવા કુટ સવાલોનાં હાજર જવાબી અને રસ્તો કાઢનાર હતાં.

૩. ગમે તેવા પુદ્ગલાનંદી માનવનું પણ વાક્કૌશલ્યથી હૃદય પગળાવી આત્મમાર્ગ સન્મુખ કરનાર હતાં.

ઉપસંહાર

આ મહાસતીતમ બંને સાધ્વીજી મ. ના બધા જ ગુણોને પહોંચી વળવું અશક્ય હોવા છતાં 'આકૃતિઃ ગુણાન્ કથયતિ' એ ન્યાયે કંઈક ખ્યાલ તો આવી જ જાય અને તેથી એટલું તો જરૂર

સમજી શકાયું છે કે–તેમનું મુખારવિંદ ખૂબ શાન્ત પણ પ્રસંગને અનુલક્ષી તેમાં ભીમકાન્તત્વ પણ હતું. સાધ્વી સમુદાયને દોરવણી સુંદર આપી શકતાં હતાં. જન સમાજ ઉપર શાસનની સુંદર છાપ પાડવા સાથે સ્યાદ્વાદ માર્ગનું ખૂબ પોષણ કરી શકતાં હતાં. ભદ્ર પરિણામી સદાને માટે આનંદી સ્વભાવવાળાં અને તદ્દન નિખાલસ પ્રકૃતિનાં હતાં. તેમનામાં ખાસ કરીને નીચેના ગુણો તરી આવતા હતા.

૧. ગુરૂ આજ્ઞા પાલનનો ગુણ અનન્ય હતો.

૨. વિનય ગુણની પરાકાષ્ઠાએ પહોંચ્યાં હતાં.

૩. વૈયાવચ્ચ સેવાશુશ્રૂષા ગુણ તો પ્રશંસાને શિખરે પહોંચે તેવો હતો.

૪. અધ્યયન અધ્યાપનમાં ખૂબ તલ્લીન હતાં.

૫. સંસ્કારી આત્માઓ પ્રત્યે તેમનો ભાવ નિઃસ્વાર્થ બુદ્ધિએ ઉત્તમ રહેતો હતો.

૬. સામાન્ય જનને પણ કંઈને કંઈ પમાડવાની બુદ્ધિએ ખૂબ સહનશીલ હતાં.

આમ બંને પૂજ્ય સાધ્વીજી મહારાજનું જીવન બહુ જ ઉચ્ચકોટિનું હોવાથી સ્હેજે તેનું વર્ણન લંબાઈ જાય છતાં પણ તેમ નહિ થવા દેતાં ટુંક વૃત્તાંતનોજ આશય હોવાથી બહુજ કાબુમ પતાવવું પડયું છે.

લે–શ્રી ગુરૂચરણ ચંચરિક—

સા. શ્રી પ્રમોદશ્રીજી મહારાજ તથા

સા. શ્રી પુષ્પાશ્રીજી મહારાજ

પ્રેરકઃ—પં. છબીલદાસ કેશરીચંદ સંઘવી—અંબાત

પૂજ્ય પ્રભાશ્રીજી મહારાજના સ્વર્ગવાસ નિમિત્તે ભવ્યાંજલિ

પ્રભાવ જેનો જોઈને, જોનાર સાધુ અંજઈ જતા
ભાવ જેનાં ભક્તિનો, ભવિક જન પામી જતા ॥ ૧ ॥

સદ્‌ગુણ જેના રોમે રોમે, શું કહું શું ના કહું
રીઝવે સદા સમુદાયને, ગુણ તેહના કેતા કહું ॥ ૨ ॥

જીનભક્તિ ભક્તિ જીનઆણા ખરેખર, વ્યાપી રહી છે હૃદયમાં
મમતા નહિ પુદ્‌ગલતણી, ગુરૂરાજ રહેતા ધ્યાનમાં ॥ ૩ ॥

હાસ્ય કરતું જ્યાં સદા, એ મુખ કયાં મળશે હવે
રાગ જેનો સુણવો ગમતો, કયાં જઈ સુણવો હવે ॥ ૪ ॥

જનાર તો ચાલ્યા ગયા, સૌને મૂકી સૂના જહીં
ના કદીય ભૂલશો ગુરૂજી, કેમે કરી જીવન મહીં ॥ ૫ ॥

સ્વજન જેવા માનતા, જીનવાણી નિત્ય સંભળાવતા
ગમતા સૌ ભવિજનને, પ્રેમે બોધ પમાડતા ॥ ૬ ॥

વાલા એવા ગુરૂજી ગયા, હસતા સૌ રડતા મૂકી
સહુ શોકમાં ડુબી ગયા, અણચિંત્યા આ અવસાનથી ॥ ૭

નિર્ણય કર્યો સહુ કોઈ ગચ્છે, કંઈ યાદગીરી રાખવા
મિટાવવા ઉપગાર એહનો, ઋણ એનું કરવા અદા ॥ ૮ ॥

તેવું કરો કાંઈક હૃદયથી, આશિષ આપે સ્વર્ગથી
કરે શ્રી સંઘ વિનતિ, છેટા ન કરશો નજરથી ॥ ૯ ॥

રે કાળની આ શી ગતિ, ગુણીયલ ગુરૂ ચાલ્યા ગયા
લુંછો આંસુ નયણુનાં, વિરેંદ્ર હૈયે વસી રહ્યા ॥ ૧૦ ॥

શ્રી કળિકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય કૃત છંદ

ગુરુ જ્ઞાન દાતા, ગુરુ ભ્રાત તાતા
ગુરુ જ્ઞાન ચક્ષુ, ગુરુ વિશ્વત્રાતા

ગુરુ કામધેનૂ, ગુરુ કલ્પવેલી
ગુરુ રત્નચિંતામણી, ગુરુ અંતવેલી

ગુરુ મુખથી સ્તુતિ, જે નિત્ય ગાવે
મહા મંગલ લીલા, લક્ષ્મિ તે નિત્ય પાવે

ગુરુ ઉપગારી ઉપગારી, આણું દે
રચ્યેા છે રૂડેા છંદ શ્રી હેમચંદ્રે

સમાપ્ત.

શુદ્ધિ પત્ર—સ્તવન વિભાગ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૫	સુતા	સુતાવાણી
૨	૧૩	તરંગ	તરંગ રંગ
૩	૨	ઠાણુ	ઠામ
,,	૧૧	કર્મ	કુકર્મ
,,	૧૫	ભાવિ	ભવિ
૪	૮	હ	હે
૭	૧૭	જનાનનંદ	જનાનંદ
૮	૧૪	પ્રાણુજીરે	પ્રાણીજીરે
૧૧	૬	ઉન	જ્ઞાન
૧૩	૧૧	એઠા	એહા રહો
,,	૨૩	ગેહરે	રેલરે
૧૪	૧૩	જીવ	જાવ
,,	૧૬	જિન	નિજ
૧૮	૨	ચાર	ચોરાશી
,,	૧૬	વાસુ	વાસ
૧૯	૨	નિસુણો	નિસુણી
,,	૪	વિશાલાજી	વિશાલજી
૨૩	૭	લીજે	દીજે
૩૩	૫	નીરદ	નીર
૩૭	૪	આરાધરે	આધારોરે
,,	૫	કવિંકારો	કવિંકારે
,,	૯	ઉત્તરાધ્યન	ઉત્તરાધ્યયન
૩૯	૭	સદા	સંધ
૪૦	૬	નિહરતા	નિરીહતા
,,	૭	નગકેતુ	નાગકેતુ
,,	૧૭	લોગસ	લોગસ્સ
,,	૧૮	ધન	થણુ
૪૧	૪	પ્રકારક	પ્રકાશક
૪૨	૧૩	પૂજા	પૂજો
૪૫	૫	રોગ	રોગે
૪૬	૧૦	ગોશ્રુંગે	ગોશ્રૃંગે
,,	૨૨	ધનંજય	ધનંજય
૫૦	૩	સૌમર્મે	સૌધર્મે
૫૫	૧૩	ધરણુ	ધરણી
૬૨	૧૪	દેઈ	દેાય
,,	,,	દેાય	દુષ્ય
૬૭	૧૩	ધ્યા	ધ્યા
૭૧	૧૫	વિમલે એહવે	વિમલ હવે
૮૧	૪	સમતારે	મમતારે
૮૮	૧૨	આણીરે	આપેરે
,,	૧૮	વનચંદ	વનચંદરે
૮૯	૯	પુર્યારે	પુરરે
૯૦	૨૦	ધણીજ	ધણી જગ
૯૭	૧૪	પાપલ	પાપ

પૃ.	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
,,	,,	અજયણુ	અજ્જયણુ
૬.	૧૬	પ્રતક્ષ	પ્રત્યક્ષ
૯૮	૧૯	નિજ	જિન
,,	૨૦	નિજ	જિન
૯૯	૧૦	પ્રાહિં	પ્રાયે
,,	૧૫	ગહગહિએ	ગહગહિઓ
૧૦૦	૧૦	હાંગણે	હાણુરે
૧૦૧	૪	સુરહરિ	સૂરહીર
૧૦૨	૧૯	થયેા	થયેા કામિનીને એક તાન
૧૦૩	૬	અડલ	આખંડલ
,,	૨૧	ભૂકિ	મૂકિ
૧૦૬	૧૧	નમુંચિ	નવમેા
,,	૧૭	મેાટેરે	મેાટેારે
૧૦૭	૩	જન	જન્ન
,,	૨૨	સજલ	સયલ
૧૦૮	૫	તવન	સ્તવન
૧૧૦	૪	જિનરાજતે	જિનરાજને
૧૧૨	૧૧	વણ્ણાદિક	વસ્ત્રાદિક
,,	૧૩	કુરૂખી	કુખી
૧૪૧	૧૬	ભાભીને	ભાભીનેા
,,	૧૬	ભરેાસે	ભરેાસેા
૧૪૨	૨૧	તજના	તાજનાં
૧૪૫	૧૦	ઢળકે	ઝળકે
૧૪૭	૪	તેમને	નેમને
૧૫૫	૧૭	સમકિત	સમકિત
૧૭૧	૭	ગણુગાય	ગુણુગાય
૧૭૬	૨૦	મંજ્જ	મજ્જ
૧૭૭	૧૭	સજ્જમધર	સંજ્જમધર
૧૭૮	૩	રેાહિણુનેા	રેાહિણીનેા
,,	૮	અગશે	અગાશે
૧૮૩	૧૦	શકતતણે	શક્તિતણે
,,	૧૮	વદી	વાંદી
,,	૨૧	બીજા	બીજે
૧૮૪	૧૯	ભેલજી	ભેલાજી
૧૮૬	૧૩	શ્રીશુભવાર	શ્રીશુભવીર
૧૮૭	૧૩	કરારે	કરેારે
૧૮૯	૧૪	સમક્તિ	સમકિત
૧૯૦	૪	૦।। ।।	।। ૩ ।।
,,	૬	।। ૩ ।।	।। ૪ ।।
૧૯૧	૩	પરહરેા	પરિહરેા
૧૯૯	૧૮	દેખાવે	દેખાવે
૨૨૬	૬	આરધતેા	આરાધતેા
,,	૮	સાભાગ્ય	સૌભાગ્ય
૨૨૯	૧૧	ભાવિક	ભવિક
૨૩૦	૨૦	મતિ	મન
૨૩૧	૧૭	મેન્ના	મેલ
૨૩૨	૧૧	પુંહક	પૈકિ
,,	,,	છેદ્યાં	છેદ્યાં છુંદ્યાં
,,	૧૨	એરંડા.	એરંડ,

પૃ.	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
,,	૧૯	વાળો	વાળા
,,	,,	વિચલ તરસ	વિચલિત રસ
,,	૨૦	બેઇંદ્રી	બેઇંદ્રી
૨૩૩	૩	તેઇંદ્રી	તેઇંદ્રી
,,	૬	ચૌઇંદ્રી	ચૌરિંદ્રી
,,	૭	જળચળ	જળચર
૨૩૪	૧૩	હુડે	હૈડે
,,	૧૯	ખમાવીઓ	ખમાવીએ
,,	૨૦	રીતી	રીત
૨૩૫	૩	મથુન	મૈથુન

સજ્ઝાય વિભાગ

૩	૧૨	સાવિત્થિ	સાવત્થિ
,,	૨૧	રાય	રાયને
૪	૧૨	સવિં	સવિ
૫	૫	ચિને	ચિંતે
૬	૧૭	ગાત	ગતિ
૮	૩	માસખ્ખણનું	માસ ખમણનું
૧૧	૨	ાવનવીરે	વિનવીરે
૧૫	૧૩	રણીએ	રાણીએ
૧૭	૨૧	૫,થરે	પાયરે
૧૯	૧૧	તુજનેર	તુજનેરે
,,	૨૦	સગીરે	સંગીરે
૨૧	૧૯	ાવયોગે	વિયોગે
૨૩	૭	દેખીરે	દેખીનેરે
,,	૧૪	બેંતાલી	બેંતાલીસ
૪૭	૩	અવધિ	અવિધિ

પૃ.	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધિ
,,	૫	...ન દીજે	કુડાં ન દીજે
૨૩૬	૧૫	જીણુંહર	જીણુહર
૨૩૭	૫	પુન્ય	પુન્યનું
,,	૬	ધ્રન૦	ધન૦
૨૩૮	૩	પુરવનું	પુરવનો
,,	૭	જ્યું	જુઓ
,,	૧૧	કુમારે	કુમરે
૨૩૯	૧૫	પ્રભુ	પ્રતી
,,	૧૭	નિજ એ,	વિજયે
,,	૨૦	સિદ્ધ	સિદ્ધિ

૩૯	૫	મેદની	મેદિની
૪૧	૧	પધારજો	પધારજોજી
,,	૧૯	ફૂલ	ફલ
૪૬	૪	સાવચ્છિરે	સાવત્થિરે
,,	૨૧	બેશી	બેંશી
૪૭	૧૩	ગણુધરાતો	ગણધારતો
૫૦	૮	અડત્રાશ	અડત્રીશ
૫૭	૧૦	લખ્ધ	લબ્ધિ
૬૩	૮	સુગાલ	સુકાલ
,,	૧૯	ઉણુત્રીશાજી	એગુણુત્રીશાજી
૬૪	૬	ચારિત્ર	ચરિત્ર
૭૧	૨	પુન્યનો	પુન્યને
૭૪	૮	કેનાને વરે	કેના નેવરે
૭૯	૮	ધન્નો	ધન્નો
૯૧	૫	~~છટ્ઠું~~	છઠ્ઠું

અમારા પાઠશાલોપયોગી તથા પ્રભાવના સિરિઝના પ્રકાશનો.

સામાયિક ચૈત્યવંદનાદિસૂત્ર	૦–૨–૦
,, (સચિત્ર)	૦–૪–૦
,, હિન્દી	૦–૪–૦
બે પ્રતિક્રમણ મૂળ કાચું પુઠું	૦–૭–૦
,, મૂળ પાકું પુઠું	૦–૧૦–૦
,, સચિત્ર કાચું પુઠું	૦–૮–૦
,, હિન્દી સચિત્ર મૂળ	૦–૧૦–૦
,, ,, ,, પાકું પુઠું	૦–૧૨–૦
,, વિધિ સહિત	૧–૦–૦
પંચ પ્રતિક્રમણ મૂળ	૨–૦–૦
,, વિધિસહીત	૨–૦–૦
,, હિન્દી વિધિ સહિત	૨–૮–૦
નવસ્મરણ ૩૨ પેજી	૧–૦–૦
,, કાચું પુઠું	૦–૧૨–૦
,, ૬૪ પેજી લોકેટ	૧–૦–૦
સ્નાત્ર પૂજા	૦–૪–૦
રત્નાકર પચ્ચીશી	૦–૪–૦
આવશ્ય ક્રિયાનાં સૂત્રો	૦–૧૨–૦
દેવવંદનમાળા (વિધિ સહિત)	૨–૪–૦
સજ્ઝાયમાળા (સચિત્ર)	૨–૮–૦
નિત્ય સ્વાધ્યાય સ્તોત્રાદિ સંગ્રહ	૪–૮–૦
(૬૦૦૦ ઉપરાંત ગાથાઓનો સંગ્રહ)	
વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૧૧	૫–૦–૦
હરકોર પુષ્પવાટીકા	૧–૦–૦
દેવસૌભાગ્ય ગુણચંદ્રમાળા	૧–૮–૦
પચ્ચક્ખાણનો કોઠો	૦–૪–૦
હૈમલઘુ પ્રક્રિયા–(ઉ-વિનય–વિજય સટિપ્પન)	૫–૦–૦
ઉપદેશ પ્રાસાદ ભા. ૩ પત્રાકાર	૧૦–૦–૦
ઉપદેશ પ્રાસાદ ભા. ૪	૧૦–૦–૦
શ્રી જિનેન્દ્રદર્શન ચોવિશી (૩૨ પૂર્ણ રંગી–ચિત્રો સહિત)	૧–૮–૦

–: વધુ વિગત માટે અમારૂં મોટું સૂચિપત્ર મંગાવો :–

: પ્રાપ્તિસ્થાન :

જસવંતલાલ ગીરધરલાલ શાહ

૩૦૬/૪ ડોસીવાડાની પોળ, ખત્રીની ખડકી–અમદાવાદ–૧

મુદ્રક : કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ, મંગલ મુદ્રણાલય, રતનપોળ, અમદાવાદ.

॥ ॐ श्री वीतरागाय नमः ॥

श्री प्राचीन स्तवनादि संग्रह

चोवीश जिनेश्वरना छंद.

॥ दुहा ॥

आर्या ब्रह्मसुता गिर्वाणी। सुमति विमल आपो ब्रह्माणी।
कमल कमंडल पुस्तक पाणी। हुं प्रणमुं जोडी जुग पाणी ॥ १ ॥
चोवीसे जिनवर तणा। छंद रचूं चोसाल।
भणतां शिवसुख संपजे। सुणतां मंगल माल ॥ २ ॥

॥ छंद जाति सवैया ॥

आदि जिणुंद नमे नरइंद सपुनमचंद समान मुखं,
समामृत कंद टाले भवफंद मरुदेवीनंद करंत सुखं।
लगे जस पाय सुरिंद निकाय भला गुणु गाय भविक जनं;
कंचन काय नहि जस माय नमे सुख थाय श्री आदिजिनं ॥ १ ॥

अजितजिणुंद दयाल मयाल विसाल कृपाल नयन जुगं,
अनुपम गाल महामृग चाल सुभाल सुजानु बाहु जुगं।
मनुष्य मेलीह मुनिसरसींह अणीह नरीह गये मुगती;
कहे नय चित्त धरी बहु भक्ति नमे जिननाथ भली जुगती ॥ २ ॥

अहो संभवनाथ अनाथको नाथ मुगतिको साथ मिल्यो प्रभु मेरो,
भवोदधिपाज गरिबनिवाज सवे शिरताज निवारत फेरो।
जितारीको जात सुसेना मात नमे नर जात मिली बहु घेरो;
कहे नय शुद्ध धरि बहु बुद्ध जितावनी नाथहुं सेवक तेरो ॥ ३ ॥

અભિનંદન સ્વામ લિધે જશ નામ સરે સવિ કામ ભવિક તણો,
વનિતા જસ ગામ નિવાસકો ઠામ કરે ગુણ ગ્રામ નરિંદ ઘણો।
મુનીશ્વર રૂપ અનુપમ ભૂપ અકલ સ્વરૂપ જિનંદ તણો;
કહે નય એમ ધરી બહુ પ્રેમ નમે નર પાવત સુખ ઘણો ॥ ૪ ॥

નરિંદ મલ્હાર વિરાજિત સોવનવાંન સમાન તનુ,
ચંદ સુચંદ વદન સુહાવત રૂપવિનિર્જિત કામતનુ।
કર્મકી કોડ સવે દુખ છોડ નમે કરજોડ કરિ ભક્તિ;
વંશ ઈક્ષ્વાકુ વિભૂષણ સાહિબ સુમતિજીનંદ ગએ મુક્તિ ॥ ૫ ॥

હંસપાદ તુલ્ય રંગ રતિ અર્ધ રાગરંગ અઢિસે
ધનુષ ચંગ દેહકો પ્રમાણ હે,
ઉગતો દિણુંદ રંગ લાલકેસુ કુલ રંગ રૂપ હે
અનંગ ભંગ અંગ કેરોવાન હે।

ગંગકો તરંગ દેવનાથહિ અભંગ જ્ઞાનકો
વિલાસ રંગ શુદ્ધ જાકો ધ્યાન હે;
નિવારીએ કલેશ સંગ પદ્મપ્રભુસ્વામિ ધીંગ
દિજિએ સુમતિ સંગ પદ્મ કેરો જાણ હે ॥ ૬ ॥

જિણુંદ સુપાસ તણા ગુણ રાસ ગાવે ભવિ ભાસ આનંદ ઘણો,
ગમે ભવિપાસ મહિમા નિવાસ પૂરે સવિ આસ કુમતિ હણે।
ચીંહુ દિસે વાસ સુગંધ સુખાસ ઉસાસ નીસાસ જિનેંદ્ર તણો;
કહે નય ખાસ મુનીંદ્રસુપાસ તણો જસ વાસ સદૈવ ભણો ॥ ૭ ॥

ચંદ્ર ચંદ્રિકા સમાન રૂપ સૈલસે સમાંન
દોઢસો ધનુષમાન દેહકો પ્રમાણ હે,

ચંદ્રપ્રભુ સ્વામી નામ લીજીયે પ્રભાત નામ
પામીયે સુખ ઠાણુ ગામ જસનામ હે।
મહાસેન અંગજાત લક્ષ્મણાભિધાન માત
સવિ જગજંતુ તાત ચંદ્ર સમકાંત હે;
કહે નય છોડી વાત ધ્યાઈયે જો દિનરાત
પામીયે તો સુખ સાત દુખકો ભીજાત હે ॥ ૮ ॥

દુધસિંધુકેન પીંડ ઉજલો કપુરખંડ
ધેનુ ખીર કોમંડ શ્વેત પદ્મ ખંડ હે,
ગંગકો પ્રવાહ પિંડ શંભુશેલ શુદ્ધ દંડ અમૃત
સરસ કુંડ શુદ્ધ જાકો તુંડ હે,
સુવિધિ જિનંદ સંત કીજીયે કર્મ અંત
શુભ ભક્તિ જાસદંત શ્વેત જાકો વાન હે ॥
કહે નય સુણો સંત પૂજીયે જો પુષ્પદંત
પામીયે તો સુખ સંત સુદ્ધ જાકો ધ્યાન હે ॥ ૯ ॥

શિતલ શિતલ વાણી ઘનાઘન ચાહક કે ભાવિકોક કિશોરા,
કોક દિણુંદ પ્રજાસુ નરીંદ વલી જિમ ચાહત ચંદ ચકોરા।
વિંધ ગયંદ સુચિ સુરિંદ સતિ નિજ કંત સુમેઘ મયૂરા;
કહે નય નેહ ધરી ગુણ ગેહ તથા હું ધાવત સાહેબ મેરા ॥ ૧૦ ॥

વિષ્ણુ ભૂપકો મલ્હાર જગ જંતુ સુખકાર
વંશકો શૃંગારહાર રૂપકો અમાર હે,
છોડિ સવિ ચિત્તકાર માન મોહકો વિકાર
કામ ક્રોધકો સંચાર સર્વ વેરી વાર હે।

આદર્યો સંજમભાર પંચ મહાવ્રત સાર
ઉતારે સંસારપાર જ્ઞાનકો ભંડાર હે;
દ્રવ્યારમો જિણુંદ સાર ખડગી જિવ ચિન્હધાર
કહે નય વારોવાર મોક્ષકો દાતાર હે ॥ ૧૧ ॥
લાલ કેસુ કુલ લાલ રતિ અર્ધ રંગ લાલ
ઉગતો દિણુંદ લાલ લાલચોલ રંગ હે,
કેસરીકી જીહ લાલ કેસરકા ઘોલ લાલ
ચૂનડીકો રંગ લાલ લાલ પાન રંગ હ ।
લાલ કીર ચંચૂ લાલ હીંગલો પ્રવાલ લાલ
કોકિલાકી દૃષ્ટિ લાલ લાલ ધર્મ રંગ હે;
કહે નય તેમ લાલ બારમો જિણુંદ લાલ
જયાદેવિ માત લાલ લાલ જાકો અંગ હે ॥ ૧૨ ॥
કૃતવર્મ નરિંદ તણો એહ નંદ નમંત સુરેંદ્ર પ્રમોદ ધરી,
ગમે દુખદંદ દીયે સુખવૃંદ જાકે પદ સોહત્ત ચિત્ત ધરી ।
વિમલ જિનંદ પ્રસન્ન વદન જાકે સુભ મન્ન સુગંગ,
પરિનમે એક મન્ન કહે નય ધન્ય નમો જિનરાજ
દિણુંદ સુપ્રીત ધરી ॥ ૧૩ ॥
અનંત જિણુંદ દેવ દેવમાં દેવાધિદેવ પૂજો ભવી
નિતમેવ ધરી બહુ ભાવના,
સુર નર સારે સેવ સુખ કીયો સ્વામી હેવ
તુજ પાખે ઓર દેવ ન કરૂં હું સેવના ।
સિંહસેન અંગ જાત સુજસાલિધાન માત
જગમાં સુજસ ખ્યાત ચીહું દિશે વ્યાપતો;

કહે નય તાસ વાત કીજીએ જો સુપ્રભાત
નિજ હોઈ સુખ સાત કિર્તિ કોડ આપતો ॥ ૧૪ ॥

જાકે પ્રતાપ પરાજિત નિર્મલ ભૂતલ થઈ ભમે ભાનુ આકાસે,
સૌમ્ય વદન વિનિર્જિત અંતર શ્યામ શશિ નવિ હોત પ્રકાસે ।
ભાનુ મહીપતિ વંસે કુસેસય બોધ ન દીપત ભાનુપ્રકાસે;
નમે નય નેહ નિતુસાહિબ એહ ધર્મ જિણુંદ ત્રિજગ પ્રકાસે ॥ ૧૫ ॥

સોલમા જિણુંદ નામે શાંતિ હોય ઠામો ઠામે
સિદ્ધિ હોઈ સર્વ કામે નામ કે પ્રભાવથે ॥
કંચન સમાન વાન ચાલીસ ધનુષ માન
ચક્ર વર્તિકો બિધાન દીપતો તે સૂરથે ॥
ચૌદ રયણ સમાન દીપતા નવય નિધાન
કરત સુરેંદ્ર ગાન પુણ્યકે પ્રભાવથે ॥
કહે નય જોડી હાથ અબ હું થયો સનાથ
પાઇઓ સુમતી સાથ શાંતિનાથ કે દિદારથે ॥ ૧૬ ॥

કહે કુંથુ જિણુંદ મયાલ દયાલ નિધિ સેવકની અરદાસ સુણો,
ભવ ભીમ મહાર્ણવ પૂર અગાહ અથાગ ઉપાધિ સુનીર ઘણો ।
બહુ જન્મ જરા મરણાદિ વિભાવ નિમિત ઘણાદિ કલેસ ઘણો;
અભતારકતાર કિપાપર સાહિબ સેવક જાણીએછે આપણો ॥ ૧૭ ॥

અરદેવ સુદેવ કરે નર સેવ સવે દુખ દોહગ દુર કરે,
ઉપદેશ ઘનાઘન નીર ભરે ભવિ માન સમાનસ ભૂરીતરે ।
સુદર્શન નામ નરેસર અંગજ ભવ્ય મને પ્રભુ જાસ વસે;
તસ સંકટ શોક વિયોગ કુયોગ દરિદ્ર કુસંગતિ
ન આવત પાસે ॥ ૧૮ ॥

નીલ કીરપંખ નીલ નાગવલિ પત્ર નીલ
તરૂવર રાજી નીલપંખ નીલ નીલ દ્રાખ હે,
કાચકેા સુગેાલ નીલ પાછિકેા સુરંગ નીલ
ઇંદ્રિ નીલ રત્નનીલ પત્રનીલ ચાસ હે।
જમુના પ્રવાહ નીલ ભૃગરાજ પંખી નીલ
જેહવેા અશેાક વૃક્ષ નીલ નીલ રંગ હે;
કહે નય તેમ નીલ રાગથે અતિવ નીલ **મલ્લિનાથ**
દેવ નીલ નીલ જાકેા અંગ હે ॥ ૧૯ ॥

સુમિત્ર નરીંદ તણેા વરનંદ સુચંદ્ર વદન સેાહાવત હે,
મંદર ધીર સેવે નરહીર સુસામ શરીર વિરાજિત હે।
કજ્જલવાંન સુકચ્છપયાન કરે ગુણગાન નરિંદ ઘણેા;
મુનિસુવ્રતસ્વામી તણેા અભિધાન લહે
નય માન આનંદ ઘણેા ॥ ૨૦ ॥

અરીહંત સરૂપ અનુપમ રૂપકે સેવક દુઃખને દુર કરે,
નિજ વાણી સુધારસ મેઘ જલે ભવીમાનસ માનસ ભૂરી ભરે।
નમિનાથકેા દર્શન સાર લહી કુંણ વિષ્ણુ મહેશ ઘરે જે ફરે;
અબ માનવ મુઢ લહિ કુંણ સાકર છેાડકે કંકર હાથ ધરે ॥ ૨૧ ॥

જાદવ વંસ વિભૂષણ સાહિબ **નેમિજિણુંદ** મહાનંદકારી,
સમુદ્ર વિજય નરિંદ તણેા સુતઉજ્જવલ સંખ સુલક્ષણ ધારી।
રાજુલ નાર મુકી નિરધાર ગયે ગિરનાર કલેસ નિવારી;
કજ્જલ કાય શિવા દેવી માય નમે નય પાય મહાવ્રતધારી ॥ ૨૨ ॥

પાર્શ્વનાથ અનાથકેા નાથ સનાથ થયેા પ્રભુ દેખત થે,
સવિ રેાગ વિજોગ કુજોગ મહા દુઃખ દુર ગએ પ્રભુ ધ્યાવતથે।

અશ્વસેન નરેશ સપુત વિરાજિત ઘનાઘનવાન સમાન તનુ;
નય સેવક વંછીત પૂરણ સાહિબ અભિનવ કામ કરિ રમનુ ॥ ૨૩ ॥

કુકમઠ કુલંઠ ઉલંઠ હઠી હઠ ભંજન જાસ પ્રતાપ વિરાજે,
ચંદન વાણીસુવામાનંદન પુરૂસાદાણી બિરૂદ જસ છાજે ।
જસ નામકે ધ્યાન થકો સવિ દોહગ દારિદ્ર દુઃખ મહા ભય ભાંજે;
નય સેવક વંછિત પૂરણ સાહિબ અષ્ટમહા
સિદ્ધિ નિત્ય નીવાજે ॥ ૨૪ ॥

સિદ્ધારથ ભૂપ તણા પ્રતિકરૂપ નમે નર ભૂપ આનંદ ધરી,
અચિંત્ય સ્વરૂપ અનુપમ રૂપકે લંછન સોહત જાસ હરી ।
ત્રિસલા નંદન સમુદ્રમ કંદન લઘુપણે કંપિત મેરૂ ગિરિ;
નમે નય ચંદ વદન વિરાજિત વીર જિણંદ સુપ્રીત ધરી ॥ ૨૫ ॥

ચોવીસ જિનંદ તણા ઇહ છંદ ભણે ભવિવૃંદ જે ભાવ ધરી,
તસ રોગ વિયોગ જોગકુ ભોગ સવિ દુખ દોહગ દુર ટળે ।
તસ અંગણ બાર ન લાભે પાર સુમતિ તોખાર હેખાર કરે;
કહે નયસાર સુમંગલ ચાર ઘરે તસ સંપદ ભૂરી ભરે ॥ ૨૬ ॥

સંવેગી સાધુ વિભૂષણ વંસ વિરાજિત
શ્રી વિનયવિમલ જનાનનંદકારી,
તસ સેવક સંજમધીર સુધીરકે ધીરવિમલગણી જયકારી ।
તાસ પદાંબુજ ભૃંગ સમાન શ્રીનયવિમલ મહાવ્રત ધારી;
કહે એ છંદ સુણો ભવિવૃંદકે ભાવધરીને ભણો નરનારી ॥ ૨૭ ॥

॥ શ્રી ॥ ॥ શ્રી ॥ ॥ શ્રી ॥

बीजनुं स्तवन

॥ दुहा ॥ सरस वचन रस वरसति, सरसति कला भंडार ।
बीज तणो महिमा कहुं जिम कह्या शास्त्रमोझार ॥ १ ॥

जंबुद्वीपना भरतमां, राजगृही नगरी उद्यान ।
वीर जिणुंद समोसर्या, वांदवा आव्या राजन ॥ २ ॥

श्रेणीक नामे भूपति बेठा बेसणु ठाय ।
पुछे श्री जिनरायने, द्यो उपदेश महाराय ॥ ३ ॥

त्रिगडे बेठा त्रिभुवनपति, देसना दिये जीनराय ।
कमल सकोमल पांखडी, इंम जिन हृदय सोहाय ॥ ४ ॥

शशि प्रगट जिम ते दिने, धन ते दिन सुविहाणु ।
एक मने आराधतां, पामे पद निर्वाणु ॥ ५ ॥

॥ ढाल ॥ १ ॥ कल्याणुक जीननां कहुं सुणु प्राणीजीरे,
अभिनंदन अरिहंत

ए भगवंत भविप्राणुजीरे । महाशुद बीजने दीने ॥ सु० ॥
पाम्या शीव सुखसार हरख अपार ॥ भवि० ॥ ॥ १ ॥

वासुपूज्य जिन बारमा ॥ सु० ॥ एज तिथे थयुं नाणु ॥
सफल विहाणु ॥ भवी० ॥ अष्ट करम चुरणु करी ॥ सुणो० ॥
अवगाहन एकवार ॥ मुगति मोझार ॥ भ० ॥ ॥ २ ॥

अरनाथ जीनजी नमुं ॥ सुणो० ॥

અષ્ટાદશમો અરિહંત ॥ એ ભગવંત ॥ ભવિ૦ ॥
ઉજ્વલ તિથિ ફાગુણ ભલી ॥ સુણો૦ ॥
વરીયા શીવ વધુ સાર ॥ સુંદર નાર ॥ ભવિ૦ ॥ ॥ ૩ ॥
દશમા શીતલ જિનેસરૂ ॥ સુણો૦ ॥
પરમ પદની વેલ ॥ ગુણની ગેલ ॥ ભવિ૦ ॥
વૈશાખ વદી બીજને દિને ॥ સુ૦ ॥
મુકયો સરવ એ સાથ ॥ સુરનરનાથ ॥ ભવિ૦ ॥ ॥ ૪ ॥
શ્રાવણ સુદની બીજ ભલી ॥ સુણો૦ ॥
સુમતિનાથ જિનદેવ ॥ સારેસેવ ॥ ભવિ૦ ॥
ઈણ તિથિએ જિનવરભલા ॥ સુ૦ ॥
કલ્યાણક પંચસાર ॥ ભવનોપાર ॥ ભવિ૦ ॥ ૫ ॥
॥ ઢાલ ॥ ૨ ॥ જગપતિ જિન ચોવીસમોરે લાલ,
એ ભાખ્યો અધિકારરે ॥ ભવિકજન ॥
શ્રેણિક આદે સહું મિલ્યારે લાલ ॥
શક્તિ તણે અનુસારરે ભવિકજન,
ભાવ ધરીને સાંભળોરે લાલ ॥ આરાધો ધરી ખંતરે ॥ ભ૦ ॥ ૧ ॥
દોયવરસ દોયમાસનીરે લાલ, આરાધો ધરી હેતરે ॥ ભ૦ ॥
ઉજમણું વિધિશું કરોરે લાલ
બીજ તે મુગતિ મહંતરે ॥ ભ૦ ॥ ભા૦ ॥ ૨ ॥
મારગ મિથ્યા દુરે તજોરે લાલ, આરાધો ગુણના થોકરે ॥ ભ૦ ॥
વીરની વાણી સાંભલીરે લાલ,
ઉછરંગ થયો બહુ લોકરે ॥ ભ૦ ॥ ભા૦ ॥ ૩ ॥

ઇણિ બીજે કેઈ કેઈ તર્યારે લાલ, વળી તરશે કેઈ શેષરે ॥ ભ૦ ॥
શશિનિધિ અનુમાનથીરે લાલ,
સઈલા નાગધર અંકરે ॥ ભ૦ ॥ ૪ ॥
અસાડ શુદી દશમી દીનેરે લાલ, એ ગાયેા સ્તવન રસાલરે ॥ ભ૦ ॥
નવલવિજય સુપસાયથીરે લાલ,
ચતુરને મંગલ માલરે ॥ ભ૦ ॥ ભા૦ ॥ ૫ ॥
॥ કલશ ॥ ઇમ વીર જિનવર
સયલ સુખકર ગાયેા અતિ ઉલટ ભરે,
અસાડ ઉજવલ દશમી દિવસે સંવત અઢાર અઠ્ઠોત્તરે ।
બીજ મહિમા એમ વરણ્યેા રહી સિદ્ધપુર ચેામાસુએ;
જેહ ભવિક ભાવે સુણે ગાવે તસ ઘર લીલ વિલાસએ ॥ ૧ ॥

અથ પંચમી સ્તવન.

॥ ઇડર આંબા આંબલીરે ॥ એ દેશી ॥

॥ ઢાલ ॥ ૧ ॥ શ્રી ગુરૂ ચરણ નમી કરીરે, પ્રણમી સરસ્વતી માય ॥
પંચમી તપ વિધિશું કરેારે, નિર્મલ જ્ઞાન ઉપાય ॥
ભવિક જન કીજે એ તપસાર ॥ ૧ ॥ જનમ સફલ નિરધાર ॥
॥ ભવિક૦ ॥ લહીએ સુખશ્રીકાર ॥ ભવિક૦ કીજે૦ ॥ એ આંકણી ॥

સમવસરણ દેવે રચ્યુંરે, બેઠા નેમી જિણંદ
બારે પરખદા આગલેરે, ભાખે શ્રી જિનચંદ ॥ ભ૦ ॥ ૨ ॥

જ્ઞાન વડેા સંસારમાંરે, શિવપુરનેા દાતાર ।
જ્ઞાનરૂપી દીવેા કહ્યોરે, પ્રગટયો તેજ અપાર ॥ ભવિક૦ ॥ ૩ ॥

જ્ઞાન લોચન જબ નિરખીયેરે, તવ દેખે લોક અલોક ।
પશુઆપરે તે માનવીરે, જ્ઞાન વિના સવિ ફોક ॥ ભવિક૦ ॥ ૪

જ્ઞાની શ્વાસોશ્વાસમાંરે, કરમ કરે જે નાશ ।
નારકીના તે જીવનેરે, કોડિ વરસસુ વિલાસ ॥ ભવિક૦ ॥ ૫ ॥

આરાધક અધિકો કહ્યોરે, ભગવતી સૂત્ર મઝાર ।
કીરીઆવંતને આગલેરે, ઉન સકલ સિરદાર ॥ ભવિક૦ ॥ ૬ ॥

કષ્ટ ક્રિયા તો સહુ કરેરે, તેહથી નહિ કોઈ સિદ્ધ ।
જ્ઞાન ક્રિયા જબ દો મિલેરે, તબ પામે
અહુલી રિદ્ધ ॥ ભવિક૦ ॥ ૭ ॥

કુણે આરાધી એહવીરે, કોઇને ફલી તતકાલ ।
તેહ ઉપર તુમે સાંભલોરે, એહની કથા રસાલ ॥ ભવિક૦ ॥ ૮ ॥

જંબુદ્વીપ સોહામણોરે, ભરતક્ષેત્ર અભિરામ ।
પદ્મપુર નગરે શોભતોરે, અજિતસેન રાય નામ ॥ ભવિક૦ ॥ ૯ ॥

શીલ સૌભાગી આગલેરે; યશોમતિ રાણીનાર ।
વરદત્ત બેટો તેહનોરે, મૂરખમાં શિરદાર ॥ ભવિક૦ ॥ ૧૦ ॥

માત પિતા મન રંગશુંરે, મુકે અધ્યાપક પાસ ।
પણ તેહને નવી આવડેરે, વિદ્યા વિનય વિલાસ ॥ ભવિક૦ ॥ ૧૧ ॥

જિમ જિમ યૌવન જાગતોરે, તિમ તિમ તનુ બહુ રોગ ।
કોઢ થયો વળી તેહનેરે, વિસમા કરમના ભોગ ॥ ભવિક૦ ॥૧૨॥

આદરીએ આદર કરીરે, સૌભાગ્ય પંચમી સાર ।
સુખ સઘલાં સહેજે મિલેરે, પામે જ્ઞાન અપાર ॥ ભવિક૦ ॥૧૩॥

॥ દુહા ॥ તિલકપુર શેઠ વસે તિહાં, સિંહદાસ ગુણવંત ।
જૈનધરમ કરતાં લહે, કંચનકોડિઅનંત ॥ ૧ ॥
કપુરતિલકા સુંદરી, ચાલે કુલ આચાર ।
તેહની કુંખે અવતરી, ગુણમંજરી વરનાર ॥ ૨ ॥
મુંગી થઈ તે બાલિકા, વચન વદે નહીં એક ।
જિમ જિમ અતિ ઔષધ કરે, તિમ તિમ તનુ બહુ રોગ ॥૩॥
સોલ વરસ તેહને થયાં, પરણે નહિ કુમાર ।
એહને કોઈ વંછે નહીં, સ્વજનાદિક પરિવાર ॥ ૪ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ બન્યોરે કુંવરજીનો સેહેરો ॥ એ દેશી ॥
એહવે આવી સમોસર્યા, શ્રી વિજયસેન સુરિંદરે ॥ સુંદર ॥
જ્ઞાની ગુરૂને વાંદવા, પુત્ર સહિત ભૂપ વૃંદરે ॥ સુંદર ॥ ૧ ॥
સદગુરૂ દીએ દેશનારે, સાંભલેા ચતુરસુજાણુરે ॥ સુંદર૦ ॥
જ્ઞાન ભણેા ભવિ ભાવસું, જિમ લહેા કોડી
કલ્યાણુરે ॥ સું ॥ સ૦ ॥ ૨ ॥
સિંહદાસ સુત આપણેા, આવી નમ્યેા કરજોડીરે ॥ સું૦ ॥
વિધિશું વાંદી દેશના, સાંભલવાના કોડરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૩ ॥
જ્ઞાન આશાતના જે કરે, તે લહે દુખ અનેકરે ॥ સું૦ ॥
વાચા પણ નવિ ઉપજે, બાલપરે વિવેકરે ॥ સું૦ ॥ સ૦ ॥૪॥
ઈહ ભવ પરભવ દુખ લહે, દુષ્ટ કુષ્ઠાદિક રોગરે ॥ સું૦ ॥
પરભવ પુત્ર ન સંપજે, કલત્રાદિક વિયેાગરે ॥ સું૦ ॥ સ૦ ॥૫॥
સિંહદાસ પુછે હવે, નિજ બેટીની વાતરે ॥ સું૦ ॥
શો કરમે રોગ ઉપનેા, તે કહેા સકલ અવદાતરે ॥ સું૦ ॥ ૬ ॥

ગુરૂ કહે શેઠજી સાંભલેા, પુરવભવ વિરતંતરે ॥ સું૦ ॥
ધાતકી ખંડ મધ્ય ભરતમાં, ખેટક નગર
નિરખંતરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૭ ॥
જિનદેવ વણિક વસે તિહાં, સુંદરી નામે નારરે ॥ સું૦ ॥
પાંચ બેટા ગુણ આગલા ચાર સુતા
મનેાહારરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૮ ॥
એક દિન ભણવા મુકીયા, હુંશધરી મન માંહીરે ॥ સું૦ ॥
ચપલાઈ કરે ચેાગુણી, ન ભણે હરખે
ઉછાંહિરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૯ ॥
શીખામણ પંડચો દીએ, આવી રૂએ માતા પાસરે, ॥ સું૦ ॥
કેાપ કરી વલતું કહે બેઠા ઘરવાસરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૧૦ ॥
ચુલામાંહિ નાખિયાં, પુસ્તકપાટી સેાયરે ॥ સું૦ ॥
રીસે ધમધમતી કહે, આખર મરશે સહુ
કેાયરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૧૧ ॥
કંથ કહે નારિ પ્રત્યે, કેાણ દીએ કન્યાદાનરે ॥ સું૦ ॥
મુરખ ગુણ ગ્રહેનહિ, ન લહે આદર
માનરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૧૨ ॥
બિહુ જણ માંહિ બેાલતાં, કેાધ વસ્યેા વિકરાલરે ॥ સું૦ ॥
જિનદેવે માર્યું મૂશલું, મરણ પામી
તતકાલરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૧૩ ॥
તેહ મરી ગુણમંજરી, અવતરી તારે ગેહરે ॥ સું૦ ॥
જાતિ સમરણ ઉપનું, પ્રગટી પુન્યની
ગેહરે ॥ સું૦ ॥ સ૦ ॥ ૧૪ ॥

સાચું સાચું સહુ કહે, જ્ઞાન ભણ્યો ગુણ જાણુરે ॥ સુ૦ ॥
તપનો જો ઉદ્યમ કરો, તો લહો કેવલ
નાણુરે ॥ સુ૦ ॥ સ૦ ॥ ૧૫ ॥

॥ દુહા ॥ પાંસઠ મહિના કીજીએ, માસ માસ ઉપવાસ ॥
પોથી થાપો આગલે, સ્વસ્તિક પુરો આસ ॥ ૧ ॥

પાંચ પાંચ ફલ મુકીએ, પાંચ જાતિનાં ધાન ॥
પાંચ વાટી દીવો કરો, પાંચ ઢોઉ પકવાન ॥ ૨ ॥

કુસુમ ભલાં આણી કરી, ધૂપ પુજા કરી સાર ॥
"નમો નાણસ્સ" ગુણણું ગણો, ઉત્તર દિશિ દોય હજાર ॥ ૩ ॥

ભક્તિકરે સાહમ્મી તણી, શક્તિ તણે અનુસાર ॥
જીનવર જુગતે પુજતાં, પામે મોક્ષદુવાર ॥ ૪ ॥

બાર ઉપવાસ ન કરીશકે, વરસા માંહિ દીન એક ॥
જીવ જીવ આરાહિયે, આણી પરમ વિવેક ॥ ૫ ॥

॥ ઢાળ ॥ ૩ ॥ ચુડલે ચોવન ઝલ રહ્યો ॥ એ દેશી ॥

॥ રાયજન ॥ મુનીવર દીએ ધર્મદેશના, સુણીયે દેઈ કાન ॥ રા૦ ॥
આલસ મુકી આદરો, અજુઆલો જિનજ્ઞાન ॥ રા૦ ॥ મુ૦ ॥૧॥

રાયપૂછે હરખેકરી, સાંભલો ગુરૂ ગુણવંત ॥ રાયજન ॥
વરદત્તે કર્મ કીશ્યાં કર્યાં, કેાઢે અંગ ગલંત ॥ રા૦ ॥ ॥ ૨ ॥

ભવિક જીવ હિત કારણે, ગુરૂ કહે મધુરી વાણી ॥ રા૦ ॥
પૂરવભવની વારતા, સાંભલો ચતુર સુજાણિ ॥ રાય ॥ મુ૦ ॥ ૩ ॥

જંબુદ્વીપ ભરતક્ષેત્રમાં, શ્રીપુરનગર વિસાલ ॥ રા૦ ॥
વસુ શેઠના સુત બે ભલા, વસુસાર વસુદેવ નિહાલ ॥ રા૦ ॥૪॥
વનરમતાં ગુરૂવાંદિયા, શ્રી મુનિસુંદરસુરિ ॥ રા૦ ॥
સાંભલતાં સંજમ લીયે, તપ કરે આનંદપુર ॥ રા૦ ॥ ૫ ॥
સકલ કલાગુણ આગલો, લઘુભાઈ અતિસાર ॥ રા૦ ॥
વસુદેવને કીધો પાટવી, પંચસયાં સિરદાર ॥ રા૦ ॥ ૬ ॥
પગ પગ પુછે તેહને, સૂત્ર અરથ નિરધાર ॥ રા૦ ॥
પલક એક ઉંઘે નહીં, તવ ચિંતે અણુગાર ॥ રા૦ ॥ ૭ ॥
પાપ લાગ્યું મુજ કીહાંથકી, એવડો શો કંઠ શોષ ॥ રા૦ ॥
મૂઢ મૂરખ સંસારમાં, કાયા કરે નિજ પોષ ॥ રા૦ ॥ ૮ ॥
બાર દિવસ મૌને રહ્યો, પ્રગટ થયો તવ પાપ ॥ રા૦ ॥
જેવાં કરમ જે કો કરે, તે લહે સઘલાં આપ ॥ રા૦ ॥ ૯ ॥
તુજ કુલે આવી અવતર્યો, દીપાવ્યો તુજ વંશ ॥ રા૦ ॥
વૃદ્ધભાઈ મરી ઉપન્યો, માન સરોવર હંસ ॥ રા૦ ॥ ૧૦ ॥
સયલ કથા સુણતાં લહ્યો, જાતિ સમરણ બાલ ॥ રા૦ ॥
ધન ધન જ્ઞાની ગુરૂ મિલ્યા, રોગ થયા આલમાલ ॥ રા૦ ॥૧૧॥
વિધિસાથે પંચમી કરે, રાજાદિક પરિવાર ॥ રા૦ ॥
રોગગયા સવિ તેહના, જિમ જાયે તડકે ઠાર ॥ રા૦ ॥ ૧૨ ॥
સ્વયંવર મંડપ માંડીઓ, પરણી એક હજાર ॥ રા૦ ॥
હરખ્યો વરદત્ત ઈમ કહે, જૈનધરમ જગ સાર ॥ રા૦ ॥ ૧૩ ॥
રાજ થાપી નિજ પુત્રને, સાથે શિવપુર સાથ ॥ રા૦ ॥
અજિતસેન ચારિત્ર લીયો, સાચા શ્રી ગુરૂ હાથ ॥ રા૦ ॥ ૧૪ ॥

સુખ વિલસે સંસારના, વરતાવે નિજ આણ ॥ રા૦ ॥
પુત્ર જનમએ હવે થયેા, ઉગ્યેા અભિનવ ભાણ ॥ રા૦ ॥ ૧૫ ॥

॥ દુહા ॥ ગુણમંજરી સુંદર ભઈ, પરણી સા નિજચંદ ।
ચારિત્ર સાધી નીરમલું, પામે વૈજયંતસુરિંદ ॥ ૧ ॥

વરદત્ત મનમાં ચિંતવે, આપું સુતને રાજ ।
હવે હું સંજમ આદરું, સાધું આતમ કાજ ॥ ૨ ॥

અશુભ ધ્યાન દુરે કરે, કરતાં જીનવર ધ્યાન ।
કાલ ધરમ પામી ઉપન્યેા, પુષ્કલાવતી વિજયપ્રધાન ॥ ૩ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ સહીયાં હે પીઉ ચાલીયેા ॥ એ દેશી ॥

॥ સૌભાગ્ય પંચમી આદરેા, જિમ પામેા
હેા સુખ સઘલાં વડવીરતેા ।
ચેાથ ભત્તે શુદ્ધી પંચમી, વ્રત ધરવું હેા
લેાંયે સુવું ધીરતેા ॥ સૌ૦ ॥ ૧ ॥

ત્રણ કાલ દેવ વાંદીએ, કીજે દીજે હેા ગુરૂને બહુ માનતેા ।
પડિક્કમણાં દેાય વારના, જિમ વાધે હેા
ઉત્તમ ગુણ જ્ઞાનતેા ॥ સૌ૦ ॥ ૨ ॥

નયરી પુંડરીગીણી સેાહતી, વિરાજે હેા અમરસેન ભૂપાલતેા ।
તસ ધરણી શીલે સતી ગુણવતી કુખેહેા
અવતરીયેા બાલતેા ॥ સૌ૦ ॥ ૩ ॥

સજ્જન સંતેાષી સામટાં, નામ થાપેહેા સુરસેન અભિરામતેા ।
ચંદકલા જેમ વાધતી, તેમ સાધે હેા વાધે
નિજ નામતેા ॥ સૌ૦ ॥ ૪ ॥

યૌવનવય જાણી પિતા, સો કન્યા હો પરણાવી સારતો ।
રાજ દેઈ નિજ પુત્રને, અમરસેન પહોતોહો
પર લોક મોજારતો ॥ સૌ૦ ॥ ૫ ॥

શ્રી સિમંધર આવ્યા સાંભલી, વાંદવાનેહો તીહાં આવે ભૂપ તો ।
જ્ઞાન આરાધન દેશના, દેખાડે હો વરદત્ત
સ્વરૂપ તો ॥ સૌ૦ ॥ ૬ ॥

સૂરસેન હવે વિનવે, પ્રભુ પ્રકાશો હો તે કુણ વરદત્ત તો ।
સકલ વાત માંડી કહી, તપ માંડ્યો હો
કીજે રંગ રત્તતો ॥ સૌ૦ ॥ ૭ ॥

જિનવર વાંદી આવીઆ, સંવેગે હો મુકે ઘર ભારતો ।
સિંહતણી પરે આદરી, જિણે લહીએ હો
ભવજલનો પાર તો ॥ સૌ૦ ॥ ૮ ॥

પંચમહાવ્રત આદરે, સહસ વરસ હો પામે કેવલજ્ઞાનતો ।
અવિચલ સુખ એણે લહ્યાં, ઈમ નિસુણિહો
આરાધો જ્ઞાનતો ॥ સૌ૦ ॥ ૯ ॥

જંબુદ્વીપ માંહે વલી, વિજય રમણી હો નગરી ચોસાલ તો ।
અમરસેન અમરાવતી, પુણ્ય પ્રગટ્યો હો,
આવ્યો એ બાલ તો ॥ સૌ૦ ॥ ૧૦ ॥

ગુણમંજરી જીવ ઉપનો, રાજાને હો હુઓ ઉછરંગ તો ।
રાજકરે નિજ તાતનું, પ્રેમે પરણે હો કન્યા
સુખ સંગ ત્રો ॥ સૌ૦ ॥ ૧૧ ॥

એક દીન મનમાં ચિંતવે, હું તો સાધુ હો નિજ આતમ કાજ તો ।
ચાર સહસ્સ બેઠા થયા, પાટ આપેહો
નિજસુત શિરતાજ તો ॥ સૌ૦ ॥ ૧૨ ॥

સિંહતણી પરે નીકલે, લાખ પૂરવ હો સંયમ શીરતાજતો ।
તપ તપે અતિ આકરા, કેવલ પામી હો
લહે શિવરાજતો ॥ સૌ૦ ॥ ૧૩ ॥

॥ ઢાલ ॥ ૫ ॥ રાગ ધનાશ્રી ॥ ખજાનાની ॥

તપ ઉજવણું એણી પરે સુણીએ, વિત સારૂ ધન ખરચોજી ।
પાંચમ દિન પામી કીજીએ, જ્ઞાનાદિકને આચરોજી ॥
પાંચ પ્રતી સિદ્ધાંતની સારી, પાઠાં પાંચ રૂમાલજી ।
ખડીયો લેખણ પાટી પોથી, ઠવણી કવલી ધો લાલજી ॥ ૧ ॥

સ્નાત્ર મહોત્સવ વિધિશું કીજે, રાતીજગે ગીત ગાયોજી ।
ચૈત્યાદિકની પૂજા કરતાં, જીનવરના ગુણગાઓજી ॥
ગુણમંજરી વરદત્ત તણીપરે, કીજે ત્રિકરણ શુદ્ધજી ।
એ વિધ કરતાં થોડે કાલે, લહીએ સઘળી સિદ્ધજી ॥ ૨ ॥

વાસુકુંપી ધૂપ ધાણ વલિ કીજીયે, ઝરમર પાંચ મંગાવોજી ।
ગુરૂને વાંદી પુસ્તક પુજી, સામી સામીણો નોતરાવોજી ॥
ગુરૂને તેડી બે કરજોડી, આદરસું વહોરાવોજી ।
પારણું કીજે લાહો લીજે, પાંચમ તપ ઉજવાવોજી ॥ ૩ ॥

નેમિ જિણેસર અતિ અલવેસર, કેશર વર સમ કાયાજી ।
એ ઉપદેશ સુણીને સમજ્યા, જ્ઞાન લોચન દેખાયાજી ॥

વરદત્ત ગણુધર આગે કહીએ લહીએા ભવિજન પ્રાણીજી ।
સૌભાગ્ય પંચમી તપ આરાહેા, નિસુણેા જીનવર વાણીજી ॥ ૪ ॥

દેહ નિરાગી સેાભાગી થાએા, પાએા રંગરસાલજી ।
મુરખપણું દૂરે છાંડેા, માંડેા જ્ઞાન વિશાલાજી ॥
સૌભાગ્ય પંચમી જે નર કરશે, તે વરશે મંગલ માલજી ।
ગજરથ છેાડેા સુંદર મંદિર, મણિમય ઝાક ઝમાલજી ॥ ૫ ॥

સંવત સત્તર અઠ્ઠાવન માંહિ, સિદ્ધપુર રહી ચેામાસજી ।
કાર્તિક શુદ્ધી પાંચમ દીને ગાયેા, સફલ ફલી મુજ આસજી ॥
તપગચ્છ નાયક દિનકર સરખા શ્રીવિજયપ્રભ સુરિંદાજી ।
શ્રીવિજયરત્ન સુરીશ્વર રાજે, પ્રણમે પરમાનંદાજી ॥ ૬ ॥ ક૦ ॥

કલશ

ઇમ નેમિ જિનવર સયલ સુખકર, ઉપદિશે ભવિ હિત કરેા ।
તપગચ્છ નાયક સુખદાયક લાયક માંહી પુરંદરેા ॥
શ્રી લાલકુશલ વિબુધ સુખકર, વીર કુશલ પંડિત વરેા ।
સૌભાગ્ય કુશલ સુગુરૂ સેવક, કેશવ કુશલ જયકરેા ॥

॥ ઇતિશ્રી સૌભાગ્યપંચમી સ્તવન સંપૂર્ણમ્ ॥

અષ્ટમીનું સ્તવન

ઢાલ–૧ શ્રીરાજગૃહી શુભ ઠામ અધિક દિવાજેરે,
વિચરંતા વીર જીણુંદ અતિશય છાજે રે,
ચેાત્રીશ ને પાંત્રીશ વાણી ગુણ લાવેરે,
પધાર્યા વધામણી જાય શ્રેણિક આવે રે, ॥ ૧ ॥

તિહાં ચોસઠ સુરપતિ આવીને ત્રિગડું બનાવેરે,
તેમાં બેસીને ઉપદેશ પ્રભુજી સુણાવે રે,
સુરનરને તિર્યંચ નિજનિજ ભાષારે,
તિહાં સમજીને ભવતીર પામે સુખ સાતા રે. ॥ ૨ ॥

તિહાં ઇંદ્રભૂતિ ગણધાર શ્રીગુરૂ વીરનેરે,
પૂછે અષ્ટમીનો મહીમાય કહો પ્રભુ અમનેરે
તવ ભાંખે વીરજીણંદ સુણો સહુ પ્રાણીરે,
આઠમદિન જીનનાં કલ્યાણ ધરો ચિત્ત આણીરે ॥ ૩ ॥

ઢાલ-૨ શ્રીઋષભનું જન્મકલ્યાણુરે ચારિત્ર લહ્યું ભલે વાનરે

ત્રીજા સંભવનું નિર્વાણ ભવિતુમે અષ્ટમી તિથિ સેવોરે
એ છે શિવવધુ વરવાનો મેવો ભવિતુમે૦ ॥ ૧ ॥

શ્રીઅજીત સુમતિજિન જન્મ્યારે અભિનંદન શિવ પદ પામ્યારે
જીન સાતમા શિવપદ પામ્યા ભવિતુમે ॥ ૨ ॥

વીશમા મુનિસુવ્રત સ્વામિરે તેહનો જન્મ નમિ જન્મ પામીરે
આવીશમા શિવ વિસરામી ભવિતુમે ॥ ૩ ॥

પાર્શ્વજીન મોક્ષ મહંતારે ઇત્યાદિક જીન ગુણવંતારે
કલ્યાણક મોક્ષ મહંતા ભવિતુમે ॥ ૪ ॥

શ્રીવીરજીણંદની વાણીરે નિસુણી સમજ્યા ભવિ પ્રાણીરે
આઠમ દિન અતિગુણ ખાણી ભવિતુમે ॥ ૫ ॥

આઠકર્મ તે દૂર પલાયરે એથી અડસિદ્ધિ અડબુદ્ધિ થાયરે
તે કારણ કયું ચિત્તલાય ભવિતુમે ॥ ૬ ॥

શ્રીઉદયસાગરસૂરિ રાયારે ગુરૂ શિષ્ય વિવેકે ધ્યાયારે
તસ ન્યાયસાગર ગુણ ગાયા ભવિતુમે ॥ ૭ ॥

સમાપ્ત

અષ્ટમી સ્તવન બીજું

॥ દુહા ॥ જય હંસાસણી શારદા, વરદાતા ગુણવંત ॥
માતા મુજ કરૂણા કરી, મહિયલ કરો મહંત ॥ ૧ ॥

સોલ કલા પૂરણ શશિ, નિર્જિત એણે મુખેણ ॥
ગજગતિ ચાલે ચાલતી, ધારતી ગુણવર શ્રેણ ॥ ૨ ॥

કવિ ઘટના નવનવિકરે, કેવલ આણી ખંત ॥
માતા તુજ સુપસાઉલે, પ્રગટે ગુણ બહુભ્રાંત ॥ ૩ ॥

માતા કરૂં તુજ સાન્નિધ, અષ્ટમી સ્તવન ઉદાર ॥
શત મુખ જીભે કો સ્તવે તુજ ગુણ નાવે પાર ॥ ૪ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ નવમા નેમિ જિણંદને ॥ એ દેશી ॥

અષ્ટમી તિથિ ભવિ આચરો, સ્થિરકરી મન વચ કાયરે ॥
ધ્યાન ધરમનું ધ્યાઈએ, ટાળીએ દુષ્ટ અપાયરે ॥ અ૦ ॥ ૧ ॥

પોસહપણ ધરીયે સહી, સમતા ગુણ આદરીયેરે ॥
રાજ્યકથાદિક વરજીએ. ગુણીજન ગુણ આચરીએરે ॥ અ૦ ॥ ૨ ॥

ષટ લેશ્યામાંહે કહી. આદ્ય ત્રિહું અપ્રશસ્તરે ॥
વરજો સજ્જન દૂર એ, ધરો ત્રિહું અંત પ્રશસ્તરે ॥ અ૦ ॥ ૩ ॥

શલ્ય ત્રિહું દુરે તજો વરજો કુમતિ કુનારીરે ॥
સદ્ગતિ કેરી નિવારિકા, દુર્ગતિ કેરી એ બારીરે ॥ અ૦ ॥ ૪ ॥

રમીએ સુમતિ નારીસું, કરીએ દાન સહાયરે ॥
મૈત્રી પ્રમોદ કરૂણાદિક, ધરીએ દિલ સુખદાયરે ॥ ૫ ॥

વાચના પૃચ્છના તિમ વલી, અનુપ્રેક્ષા ધર્મ સંગરે ॥
પરાવર્ત્તના પંચ ભેદ એ, કરીએ ધરી મનરંગરે ॥ અ૦ ॥ ૬ ॥

૧ ૨ ૩
જ્ઞાનાવરણીય દર્શના, વરણી વેદનીય તેમરે ॥
૪ ૫ ૬ ૭ ૮
મોહ આયુ નામ ગોત્રએ, આઠમું અંતરાયરે ॥ અ૦ ॥૭ ॥

એ અષ્ટ કર્મ વિનાશિની, અષ્ટમી તિથિ જિન ભાખીરે ॥
આરાધનાદિક એ કિયા, માનવ ગતિ એક સાખીરે ॥ અ૦ ॥ ૮ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ મુનિવર આર્યસુહસ્તીરે ॥ એ દેશી ॥

બાસઠ માર્ગણા દ્વારરે પ્રભુજીએ કહ્યાં, સુંદર સુલલિત વયણથીએ ॥
તેહમાં દશ દ્વારરે મોક્ષ જિનેશ્વરે કહિયા,
અવરમાં નવિ લહ્યાં એ ॥ ૧ ॥

તિણ કારણ દિવ્ય મોક્ષરે, કારણ સુખ તણા પામે માનવ ભવથકી એ ॥
દુલહેા દશ દૃષ્ટાંતરે, લહિય મનુજ ભવ,
હારેા મત વિષય થકી એ ॥ ૨ ॥

પંચ ભરત મઝારરે, પંચ ઐરવત, પંચ મહાવિદેહમાં એ ॥
પંદર કર્મભૂમિ રે, નાણી જિનવરે,
ધર્મ કહ્યો નહિ અન્યાયમાં એ ॥ ૩ ॥

ક્રોધ માનને માયારે, લેાભ તિમ વલી, એ ચારે દુખદાયીયા એ ॥
અપ્રત્યાખ્યાનાદિકરે, કરતાં ભેદ એ,
સેાલ હેાએ તહે ભાઇઆ એ ॥ ૪ ॥

થોડાપણુ એ કષાયરે, કીધાં દુખ દીએ, મિત્રાનંદ તણી પરે એ ॥
તે માટે તન્હે દુરરે, હૃદયથકી વલી,
જેમ અનુક્રમે શિવ સુખ વરો એ ॥ ૫ ॥

અષ્ટમી તિથિ આરાધેરે, અષ્ટ પ્રવચન, માતા આરાધક કહું એ ॥
અનુક્રમે લહે નિર્વાણુરે, એ તિથિ આરાધે,
મુક્તિ રમણી સન્મુખ જુવે એ ॥ ૬ ॥

અભય દાન સુપાત્રરે, અષ્ટમી પર્વણી, લીજે અઢલક વિત્તશું એ ॥
પામે બહૂલી ઋદ્ધિરે, પરમ પ્રમોદશું,
લીજે લાહો વિત્તશું એ ॥ ૭ ॥

॥ કલશ ॥ શ્રી પાર્શ્વજિન પસાય ઈણિપરે, સંવત સત્તર અઢાર એ ।
વૈશાખ સુદી વર અષ્ટમી દિન, કુમતિ દિનપતિ વાર એ ॥
શ્રી **શુભવિજય** ઉવઝાય જયકર, શિષ્ય ગંગવિજય તણો ।
નય શિષ્ય પભણે ભક્તિ રાગે, લહ્યો આનંદ અતિ ઘણો ॥ ૧ ॥

॥ ઈતિ શ્રી અષ્ટમી સ્તવનમ્ ॥

॥ મૌન એકાદશી સ્તવનમ્ ॥ ઢાલ. ૧ ॥

॥ વૈરાગી થયો ॥ એ દેશી ॥

પ્રણમી પુછે વીરને રે, શ્રી ગોયમ ગણરાય ।
મૃગશિર સુદિ એકાદશીરે, તપથી શું ફલ થાયરે ॥
જિનવર ઉપદિશે, તિહાં સાંભલે સહુ સમુદાયરે ॥જિન૦॥ ૧ ॥

વીર કહે ગોયમ સુણોરે, હરિ આગલ કહ્યો નેમ,
તેમ તુમ આગલ હું કહું રે, સાંભલો મનધરી પ્રેમરે ॥જિન૦॥૨॥

દ્વારિકા નયરી સમોસર્યારે, એકદિન નેમિ જિણુંદ ॥
કૃષ્ણ આવ્યા તિહાં વાંદવારે, પુછે પ્રશ્ન નરિંદરે ॥જિ૦॥ ૩ ॥
વર્ષ દિવસનાં દિન મિલીરે, તિનસો સાઠ કહંત ॥
તેહમાં દિન કુણ એહવોરે, તપથી બહુ ફલ હુંતરે ॥જિ૦॥ ૪॥
મૃગશિર શુદિ એકાદશીરે, વર્ણવી શ્રી જગનાથ ॥
દોઢસો કલ્યાણુક થયાંરે, જિનનાં એકણુ સાથરે ॥જિ૦॥ ૫ ॥
શ્રી અરજિન દીક્ષા ગ્રહીરે, "નમિ" ને કેવલ નાણુ,
જન્મદીક્ષા કેવલ લહ્યારે, શ્રીમલ્લિ જગભાણુરે ॥જિ૦॥ ૬॥
વર્તમાન ચોવિશીનારે, ભરતે પંચ કલ્યાણ ॥
એ પાંચ ભરતે થઈરે, પંચાધિક વીશ જાણુરે ॥જિ૦॥ ૭॥
પાંચે ઐરવતે મિલીરે, કલ્યાણુક પંચ પંચ ॥
દશ ક્ષેત્ર સહુ એ મિલીરે, પચાસ કલ્યાણુક સંચરે ॥જિ૦॥ ૮॥
અતીત અનાગત કાળનાંરે, વર્ત્તમાનનાં વલી જેહ ॥
દોઢસો કલ્યાણુક કહ્યાંરે, ઉત્તમ ઇણુદિન એહરે ॥જિ૦ ૯॥
જે એકાદશી તપ કરેરે, વિધિ પૂર્વક ગુણ ગેહ ॥
દોઢસો ઉપવાસો તણોરે, ફલ લહે ભવિયણ તેહરે ॥જિ૦ ૧૦॥

॥ ઢાલ ॥ ૨ ॥

॥ ઘોડી તો આવી તારા દેશમાં મારૂજી ॥ એ દેશી ॥
હવે એકાદશી તપ તણો માધવજી, વિધિ કહું નિર્મલ
બુદ્ધિ હો ગુણરાગી નરેશ્વર સાંભલો જાદવજી
દેવ જુહારો દેહરે ॥માળા ગુરૂવંદો ભાવ વિશુદ્ધિ હો ॥ગુ૦॥૧॥
અહરત્તો પોસહ કરી ॥માળા ગુરૂ મુખે કરો પચ્ચક્ખાણુહો ॥ગુ૦॥
દેવ વંદો ત્રણ ટંકના ॥માળા સાંભળો સદગુણી વાણીહો ॥ગુ૦॥૨॥

દોઢસો કલ્યાણક તણો ।।મા०।। ગણુણો ગણો એક મને હો ।।ગુ०।।
ભણુણ ગુણુણ કિરીયા વિના ।।મા०।। નવિ બોલે
અન્ય વચનહો ।। ગુ० ।। ૩ ।।

મૌન ગ્રહો નિશીદિવસનો ।।મા०।। રાખો શુભ પરિણામ હો ।।ગુ०।।
મૌન એકાદશી તે ભણી ।।મા०।। નિરૂપમ એવું નામહો ।।ગુ०।।૪।।
પ્રથમ દિને એકાસણું ।। મા० ।। પારણે એહિજ રીત હો ।।ગુ०।।
બારવર્ષ તપ ઈમ કરે ।।મા०।। શુદ્ધ ધર્મશું પ્રીત હો ।।ગુ०।।૫।।
અંગ અગ્યારે તે ભણે ।।મા०।। પડિમા તપ અગ્યાર હો ।।ગુ०।।
પ્રતિમાસે ઉપવાસનો ।।મા०।। તપ કરે નિરૂપમ વાર હો ।।ગુ०।।૬।।
સુવ્રતશેઠતણી પરે ।।મા०।। મન રાખે સ્થિરતા જોગ હો ।।ગુ०।।
તો એકાદશી દશમે ભવે ।।મા०।। લહે શિવવધૂ સંજોગહો ।।ગુ०।।૭।।

।। દેસી લલનાની ।। ઢાલ. ।। ૩ ।।

હવે ઉજમણું તપ તણું, એકાદશી દિનસાર લલના,
દિન ઈગ્યારે દેહરે, સ્નાત્ર પૂજા અધિકાર લલના ।।
ભગવંત ભાખે હરિભણી ।। ૧ ।।

ઢોણું ઢોવિયે દેહરે, ધાન્ય ઈગ્યાર પ્રકાર ।। લ० ।।
શ્રીફલ ફોફલ સુખડી, નવ નવી ભાત ઈગ્યાર લ० ।। ભ० ।।૨।।
કેસર સુખડ ધોતીયાં, કાંચન કલશ શૃંગાર લ० ।।
ધૂપ ધાણાને વાટકી, અંગલૂહણા ઘનસાર ।। લ० ભ० ।। ૩ ।।
અંગ ઈગ્યારે લિખાવીયે, પુઠાંને રૂમાલ ।। લ० ।।
બારી દોરા દાબડી, લેખણ કાંબી નિહાલ ।। લ० ભ० ।। ૪ ।।

ઝલહલ ચંન્દુઆ ભલા, ઠવણી સ્થાપના કાજ ॥ લ૦ ॥
પાટી જપમાલા ભલી, વાસના વટુઆ સાજ ॥ લ૦ ॥ ભ૦ ॥૫॥
વીજણાને વળી પૂજણા, કવળી કોથળી તામ ॥ લ૦ ॥
રેશમની પાટી રૂયડી, મુહપતી જયણા કામ ॥ લ૦ ભ૦ ॥ ૬ ॥
જ્ઞાનના ઉપગરણ ભલા, ઈગ્યાર ઈગ્યાર માન ॥ લ૦ ॥
સાધર્મિક ઈગ્યારને, પોષીજે પકવાન ॥ ॥ લ૦ ॥ ભ૦ ॥ ૭ ॥
તે સાંભલી હરિ હરખીયા, આદરે વ્રત પચ્ચખ્ખાણ ॥ લ૦ ॥
તિથિ એકાદશી તપ કરે, બાર વર્ષ ગુણ ખાણ ॥ લ૦ ભ૦ ॥૮॥
તીર્થંકર પદ તિણ થકી, ગોત્ર નિકાચિત કીધ ॥ લ૦ ॥
અમમ નામે જિન બારમા, હોસી તપ ફલ સીધ ॥ લ૦ ॥ ભ૦॥૯॥
ઈણ વિધિ શ્રીવીરે કહ્યો, એ અધિકાર અશેષ ॥ લ૦ ॥
તેહ ભણી તપ તુમે આદરો, લેશો સુખ સુવિશેષ ॥લ૦ભ૦॥૧૦॥

॥ કલશ--શ્રીવીરજિનવર સયલ સુખકર વરણવી એકાદશી,
તે સુણીય વાણી ભવિક પ્રાણી તપ કરણ મન ઉલ્લસી ॥
જશવંત સાગર સુગુણ આગર શિષ્ય **જિનેન્દ્ર**સાગરે,
એકાદશી યહ સ્તવન કીધો, સુણીય ભવિયણ આદરે ॥ ૧ ॥

॥ અથ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત મૌન એકાદશી દોઢસો કલ્યાણકનું સ્તવન પ્રારંભઃ ॥ ઢાલ પહેલી.

॥ છઠી ભાવના મન ધરો, એદેશી ॥
ધુર પ્રણમું જિન મહરસી ॥ સમરું સરસતિ ઉલ્લસી ॥ ધસમસી ॥
મુજમતિ જિન ગુણ ગાયવાએ ॥૧॥

હરિ પૂછે જિન ઊપદિશિ ।। પરવ તે મૌન એકાદશી ।।
મનવસિ ।। અહનિસિ તે ભવિલોકને એ ।। ૨ ।।
તરીઆને ભવજલ તરસિ ।। એહ પરવ પોષધ ફરસિ ।।
મનહરસિ ।। અવસર જે આરાહસિએ ।। ૩ ।।
ઊજમણે તે ધારસિ ।। વસ્તુ ઈગ્યાર ઈગ્યારસિ ।।
વારસિ ।। તે દુરગતિનાં બારણાંએ ।। ૪ ।।
એ દિન અતિહિ સુહામણો ।। દોઢસો કલ્યાણુક તણો
મન ઘણો ।। ગણણું કરતાં સુખ હોયે એ ।। ૫ ।।

ઢાલ બીજી.

પાડે પાડે ત્રણ્ય ચોવીસી ।। દશ ક્ષેત્ર જિન નામેં ।।
પાડે પાડે પાંચ કલ્યાણુક ।। ધારો શુભ પરિણામે ।। ૧ ।।
જિનવર ધ્યાયીયેંરે, મોક્ષ મારગના દાતા । એ આંકણી ।।
સર્વજ્ઞાય નમો, ઇમ પહેલે, નમો અરિહંતએ બીજે ।
ત્રીજે નમો નાથાય તે ચોથે, સરવજ્ઞાય કહીજે ।। જિન૦ ।। ૨ ।।
પાંચમે નમો નાથાય કહીજે, પાડે પાડે જાણો ।
ત્રણ્ય નામ તીરથંકર કેરાં, ગણણું પાંચ વખાણો જિન૦ ।।૩।।
ત્રણ્ય ચોવીસી એક એક ઢાલે, ત્રણ્ય નામ જિન કહિસું ।
કોડ તપ કરી જે ફલ લહિયેં,
તે જિન ભક્તિ લહિસું ।। જિન૦ ।। ૪ ।।
કામસવે સિજે જિન નામેં, સફલ હોય નિજ જિહાં ।
જે જિભે જિન ગુણ સમરંતા,
સફલ જનમ તે દિહા ।। જિન૦ ।। ૫ ।।

ઢાલ ત્રીજી.

જંબુદ્વીપ ભરત ભલું, અતીત ચોવીસિ સાર મેરે લાલ।
ચોથા મહાશય કેવલી,
છઠ્ઠા સરવાનુભૂતિ ઊદ્ધાર મેરે લાલ ॥ ૧ ॥
જિનવરનામે જય હુએ ॥ એ આંકણી ॥
શ્રી શ્રીધર જિન સાતમા, હવે ચોવીસી વર્તમાન મેરે લાલ
શ્રી નમિજિન એકવીસમા,
ઓગણીસમા મલ્લિ પ્રધાન મેરે લાલ ॥ જિન૦ ॥ ૨ ॥
શ્રી અરનાથ અઢારમા, હવે ભાવિ ચોવીસી ભાવ મેરે લાલ
શ્રી સ્વયંપ્રભ ચોથા નમું,
છઠ્ઠા દેવસુત મન લ્યાવ મેરે લાલ ॥ જિન૦ ॥ ૩ ॥
ઉદયનાથ જિન સાતમા, તેહનું નામ મંગલમાલ મેરે લાલ
ઓચ્છવ રંગ વધામણાં,
વળી લહીયેં પ્રેમ રસાલ મેરે લાલ ॥ જિન૦ ॥ ૪ ॥
અલિઅ વિઘન દુરે ટલે, દૂરિજન ચિંત્યું નવી થાય મેરે લાલ
મહીમા મહોટાઈ વધે વલી,
જગમાં સુજસ ગવાય મેરે લાલ ॥ જિન૦ ॥ ૫ ॥

ઢાલ ચોથી.

પુરવ ભરતે તે ધાતકી ખંડેરે, અતિત ચોવીસી ગુણ અખંડેરે।
ચોથા શ્રી અકલંક સોભાગી રે, છઠ્ઠા દેવ સુભંકર ત્યાગીરે ॥૧॥
સપ્તનાથ સપ્તમ જિન રાયારે, સુરપતિ પ્રણુમે તેહના પાયારે।
વર્ત્તમાન ચોવીસી જાણોરે, એકવીસમા અજિતેન્દ્ર વખાણોરે ॥૨॥

ઓગણીસમા ગુણનાથ સમરીયેંરે,
અઢારમા ગાંગીક મન ધરીયેંરે।
કહું અનાગત હવે ચોવીસીરે, ધાતકી ખંડે હૈયડે હિંસીરે ॥ ૩ ॥
શ્રી સાંપ્રત ચોથા સુખદાયીરે ॥ છઠ્ઠા શ્રી મુનીનાથ અમાયીરે।
શ્રી વિશિષ્ટ સપ્તમ સુખકારારે,
તેતો લાગે મુજ મન પ્યારારે ॥ ૪ ॥
શ્રી જિન સમરણ જેહવું મીહુંરે, એહવું અમૃત જગમાં ન દીહુંરે।
સુજસ મહોદય શ્રી જિન નામેરે,
વિજય લહીજે ઠામો ઠામેરે ॥ ૫ ॥

ઢાલ પાંચમી.

પુષ્કર અર્દ્ધ પૂરવ હુઆ ॥ જિન વંદીએરે ॥
ભરત અતીત ચોવીસી કે ॥ પાપ નિકંદીએરે ॥
ચોથા સુમૃદુ સુહંકરૂં ॥ જિન૦ ॥
છઠ્ઠા વ્યક્ત જગદીશ કે ॥ પાપ નિ૦ ॥ ૧ ॥
શ્રી કલાશત ગુણ ભરચા ॥ જિન૦ ॥
હવે ચોવીસી વર્ત્તમાન કે ॥ પાપ નિ૦ ॥
કલ્યાણક એ દિન હુવા ॥ જિન૦ ॥
લીજીયેં તેહના અભિધાન કે ॥ પાપ નિ૦ ॥ ૨ ॥
અરણ્યવાસ એકવીસમા ॥ જિન૦ ॥
ઓગણીસમા શ્રીયોગ કે ॥ પાપ નિ૦ ॥
શ્રી અયોગ તે અઢારમા ॥ જિન૦ ॥
દિયે શિવરમણી સયોગ કે ॥ પાપ નિ૦ ॥ ૩ ॥

ચોવીસી અનાગત ભલિ ॥ જિન૦ ॥
તિહાં ચોથા **પરમ** જિનેસ કે ॥ પાપ નિ૦ ॥
સુધારતિ છઠ્ઠા નમું ॥ જિન૦ ॥
સાતમા શ્રી **નિઃકેશ** કે ॥ પાપ નિ૦ ॥ ૪ ॥

પ્રીયમેલક પરમેશ્વરૂ ॥ જિન૦ ॥
એહનું નામ તે પરમ નિધાન કે ॥ પાપ નિ૦ ॥
મહોટાનો જે આશરો ॥ જિન૦ ॥
તેહથી લહીયેં **યશ** બહુમાન કે પાપ નિ૦ ॥ ૫ ॥

ઢાલ છઠ્ઠી.

ધાતકી ખંડેરે પશ્ચિમ ભરતમાં અતિત ચોવીસી સંભાર ।
શ્રી **સરવારથ** ચોથા જિનવરૂ, છઠ્ઠા **હરિભદ્ર** ધાર ॥ ૧ ॥
જિનવર નામેરે મુઝ આનંદ ઘણો ॥ એ આંકણી ॥
શ્રી **મગધાધિપ** વંદુ સાતમા, હવે ચોવીસી વર્ત્તમાન ।
શ્રી **પ્રયચ્છ** પ્રણમું એકવીસમા,
જેહનું જગમાં નહીં ઉપમાન ॥ જિન૦ ॥ ૨ ॥

શ્રી **અક્ષોભ** જિનવર ઓગણીસમા, અઢારમા **મલ્લસીંહનાથ** ।
હવે અનાગત ચોવીસી નમું,
ચોથા **દિનરૂકૂ** શિવ સાત જિન૦ ॥ ૩ ॥
છઠ્ઠા શ્રી જિન **ધનદ** સંભારીયે, સાતમા **પોષધદેવ** ।
હરખે તેહના ચરણ કમલ તણી,
સુર નર સારે શેવ ॥ જિન૦ ॥ ૪ ॥

ધ્યાવે મલવું એહવા પ્રભુ તણો, આલસ માંહેરે ગંગ ।
જનમ સફલ કરી માનું તેહથી,
સુજસ વિલાસ સુરંગ ॥ જિન૦ ॥ ૫ ॥

ઢાલ સાતમી.

પુષ્ખર પચ્છિમ ભરતમાં, ધારો અતિત ચોવીસીરે ।
ચોથા પ્રલંબ જિનેસરૂ, પ્રણમું હિયડલે હિંસીરે ॥ ૧ ॥
એહવા સાહિબ નવી વીસરે, ક્ષિણ ક્ષિણ સમરીયેં હેજેરે ।
પ્રભુ ગુણ અનુભવ યોગથી, શોભીયેં આતમ તેજેરે ॥
એહવા સાહીબ નવી વીસરે ॥ ૨ ॥
છઠ્ઠા ચારિત્ર નિધિ સાતમા, પ્રશમરાજિત ગુણ ધામરે ।
હવે વર્ત્તમાન ચોવીસીયેં,
સમરીજેં જિન નામરે ॥ એહવા૦ ॥ ૩ ॥
સ્વામી સરવજ્ઞ જયંકરૂ, એકવીસમા ગુણ ગેહરે ।
શ્રી વિપરીત એાગણીસમા,
અવિહડ ધરમ સનેહરે ॥ એહવા૦ ॥ ૪ ॥
નાથપ્રસાદ અઢારમા, હવે અનાગત ચોવીસીરે ।
ચોથા શ્રી અઘટિત જિન વંદીયેં,
કર્મસંતતિ જિણે પીસીરે ॥ એહવા૦ ॥ ૫ ॥
શ્રી ભ્રમણેંદ્ર છઠ્ઠા નમું, રિષભચંદ્રાભિધ વંદુરે ।
સાતમા જગજશ જયકરૂ,
જિન ગુણ ગાતાં આનંદુરે ॥ એહવા૦ ॥ ૬ ॥

ઢાલ આઠમી.

જંબુદ્વીપ ઐરાવતેંજી, અતિત ચોવીસી ઉદાર ।
શ્રી **દયાંત** ચોથા નમુંજી, જગજનના આધાર ॥ ૧ ॥

મનમોહન જિનજી, મનથી નહીં મુઝ દૂર ॥ એ આંકણી ॥
અભિનંદન છઠ્ઠા નમુંજી, સાતમા શ્રી **રતનેસ** ।
વર્ત્તમાન ચોવીસીયેંજી, હવે જિન નામ ગણેસ ॥ મન૦ ॥ ૨ ॥

સ્યામકોષ્ટ **એકવીસમાજી**, ઓગણીસમા **મરૂદેવ** ।
શ્રીઅતીપાર્શ્વ અઢારમાજી, સમરૂં ચિત્ત નિતમેવ ॥મન૦ ॥૩॥

ભાવિ ચોવીશી વંદિએજી, ચોથા શ્રી **નંદીષેણ** ।
શ્રી **વ્રતધર** છઠ્ઠા નમુંજી, ટાલી કરમની રેણ ॥ મન૦ ॥ ૪ ॥

શ્રી નિવારણ તે સાતમાજી, તેહસું સુજસ સનેહ ।
જિમ ચકોર ચિત્ત ચંદસુંજી, તિમ મોરા મનમેહ ॥ મન૦ ॥ ૫ ॥

ઢાલ નવમી

॥ પ્રથમ ગોવાલીઆ તણે ભવેજીરે ॥ દેશી ॥
પૂરવ અર્ધે ધાતકીજીરે, ઐરાવતે જે અતીત ।
ચોવીસી તેહમાં કહુંજીરે, કલ્યાણક સુપ્રતિત ॥ ૧ ॥

મહોદય સુંદર જિનવર નામ ॥ એ આંકણી ॥
ચોથા શ્રી **સૌંદર્યનેજી**, વંદુ વારોવાર ।
છઠ્ઠા **ત્રિવિક્રમ** સમરીયેંજી, સાતમા **નરસિંહ** સાર ॥
મહોદય સુંદર ॥ જિ૦ ॥ ૨ ॥

વર્ત્તમાન ચોવીસીયેં જી, એકવીસમા **ક્ષેમંત** ।
સંતોષિત ઓગણીસમાજી, અઢારમા **કામનાથ** સંત ॥
મહોદય સુંદર જિ૦ ॥ ૩ ॥

ભાવિ ચોવીસી વંદીએજી, ચોથા **શ્રી મુનિનાથ** ।
ચંદ્રદાહ છઠ્ઠા નમું જી, ભવ દવ નીરદ પાથ ॥
મહોદય સુંદર જિ૦ ॥ ૪ ॥

દિલ્લાદિત્ય જિન સાતમાજી, જન મન મોહન વેલ ।
સુખ જશ લીલા પામીયેં જી, જશ નામે રંગરેલ ॥
મહોદય સુંદર જિ૦ ॥ ૫ ॥

ઢાલ દશમી

॥ ભવિકા સિદ્ધ ચક્ર પદ વંદો, એ દેશી ॥
પુષ્કર અર્ધે પૂરવ ઐરવતે, અતીત ચોવીસી સંભારૂં ।
શ્રી અષ્ટાહ્નીક ચોથા વંદી,
ભવ વન ભ્રમણ નિવારૂં રે ॥ ૧ ॥ ભવિકા ॥

એહવા જિનવર ધ્યાવો ॥ ગુણવ તના ગુણ ગાવોરે ॥ ભવિકા ॥ એ૦॥
વણિક નામ છઠ્ઠા જિન નમીયેં, શુદ્ધ ધર્મ વ્યવહારિં ॥
ઉદયનાથ સાતમા સંભારો, ત્રણ્યભુવન ઉપગારીરે ॥
ભવિકા૦ ॥ એહવા૦ ॥ ૨ ॥

વર્તમાન ચોવીસી વંદુ, એકવીસમા **તમોકંદ** ।
સાયકાક્ષ ઓગણીસમા સમરો, જન મન નયણાનંદરે
ભવિકા ॥ એહવા૦ ॥ ૩ ॥

શ્રી ક્ષેમત અઢારમા વંદો, ભાવી ચોવીસી ભાવો ।
શ્રી નિરવાણુ ચોથા જિનવર, હૃદયકમલમાં લાવોરે
ભવિકા ॥ એહવા૦ ॥ ૪ ॥

છઠ્ઠા રવીરાજ સાતમા, પ્રમથનાથ પ્રણમીજે ।
ચિદાનંદઘન સુજસ મહોદય, લીલા લચ્છિ લહીજે રે
ભવિકા ॥ એહવા૦ ॥ ૫ ॥

ઢાલ અગીયારમી.

॥ કરપટ કુલીરે લુછણાં ॥ એ દેશી ॥

પશ્ચિમ ઐરાવતેં ભલો, ધાતકી ખંડે અતિત કે ।
ચોવીસીરે પૂરૂરવા, ચોથા જિન સુપ્રતિત કે ॥ ૧ ॥

જિનવર નામ સોહામણું, ઘડીય ન મેલ્યું જાય કે ।
રાત દિવસ મુઝ સાંભરે, સંભારે સુખ થાય કે ॥ જિન૦ ॥ ૨ ॥

શ્રી અવબોધ છઠ્ઠા નમું, સાતમા શ્રી વિક્રમેંદ્ર કે ।
ચોવીસી વર્ત્તમાનના, હવે સંભારૂ જિનેંદ્ર કે ॥ જિન૦ ॥ ૩ ॥

એકવીસમા શ્રી સુશાંતજી, ઓગણીસમા હર નામકે ।
શ્રી નંદીકેશ અઢારમા, હોજો તાસ પ્રણામ કે ॥ જિન૦ ॥ ૪ ॥

ભાવિ ચોવીશી સંભારીયે, ચોથા શ્રી મહામૃગેંદ્ર કે ।
છઠ્ઠા અસોચિત વંદીયેં, સાતમા શ્રી ધર્મેંદ્ર કે ॥ જિન૦ ॥ ૫ ॥

મન લાગું જસ જેહસું, ન સરે તેહ વિણ તાસ કે ।
તિણે મુઝ મન જિન ગુણ સ્થુણિ, પામી સુજસ વિલાસ કે ॥
જિન૦ ॥ ૬ ॥

ઢાલ બારમી.

પુષ્કર પશ્ચિમ ઐરાવતે હવે, અતિત ચોવીશી વખાણુજી ।
અશ્વવૃંદ ચોથા જિન નમીયેં, છઠ્ઠા **કુટીલક** જાણુંજી ॥
સાતમા શ્રી **વર્દ્ધમાન** જિનેશ્વર, ચોવીસી વર્ત્તમાનજી ।
એકવીસમા શ્રી **નંદીકેસ** જિન, તે સમરું સુભ ધ્યાનજી ॥ ૧ ॥

ઓગણીસમા શ્રી **ધરમચંદ્ર** જિન, અઢારમા શ્રી **વિવેકોજી** ।
હવે અનાગત ચોવીસીમાં, સંભારું શુભ ટેકોજી ॥
શ્રી **કલાપક** ચોથા જિન છઠ્ઠા, શ્રી **વિશોમ** પ્રણમીજેજી ।
સાતમા શ્રી **આરણ્ય** જિન ધ્યાતાં, જન્મનો લાહો લીજેજી ॥૨॥

શ્રી **વિજયપ્રભ** સુરીશ્વર રાજે, દિન દિન અધિક જગીસજી ।
ખંભનયરમાં રહી ચોમાસો, સંવત સત્તર બત્રીસેજી ॥
દોઢસો કલ્યાણકનું ગુણણું, ઈમ મેં પૂરણ કીધુંજી ।
દુઃખ ચુરણ દીવાલી દીવસેં, મનવંછિત ફલ લીધુંજી ॥ ૩ ॥

શ્રી **કલ્યાણવિજય** વાચક, વાદી મંતગજ સિંહોજી ।
તાસ શિષ્ય શ્રી **લાભવિજય** બુધ, પંડિત માંહિ લિહોજી ॥
તાસ શિષ્ય શ્રી **જિતવિજય** બુધ, શ્રી **નયનવિજય** સૌભાગીજી ।
વાચક **જશવિજયે** તસ શિષ્યેં થુણીઆ જિન વડભાગીજી ॥ ૪ ॥

એ ગણુણો જે કંઠે કરશે, તે શિવરમણી વરશેજી ।
તરસે ભવ હરસે સવિ પાતિક, નિજ આતમ ઊધરસેજી ॥
બાર ઢાલ જે નિત સમરસે, ઊચિત કાજ આચરસેજી ।
સુકૃત સહોદય સુજસ મહોદય, લીલા તે આદરસેજી ॥ ૫ ॥

કલસ.

એ બાર ઢાલ રસાલ બારહ, ભાવના તરૂ મંજરી,
વર બાર અંગ વિવેક પલ્લવ, બાર વ્રત શોભા કરી ।
ઇમ બાર તપ વિધ સાર સાધન, ધ્યાન જિન ગુણ અનુસરી,
શ્રી **નયવિજય** બુધ ચરણ સેવક **જસવિજય** જયશ્રી લહી ॥ ૧ ॥

॥ ઇતિ શ્રી મહોપાધ્યાય શ્રી **યશોવિજય** કૃત મૌન એકાદશીનાં
ગણણાનું બાર ઢાલનું સ્તવન સંપૂર્ણ ॥

અથ. છ અઠ્ઠાઇનું સ્તવન

દુહા

સ્યાદ્વાદ શુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જીનચંદ;
પરમ પંચ પરમેષ્ટિમાં, તસ ચરણ સુખકંદ ॥ ૧ ॥

ત્રિગુણ ગોચર નામ જે બુદ્ધિ ઇશાનમાં તેહ;
થયા લોકોત્તર સત્વથી, તે સર્વે જીન ગેહ ॥ ૨ ॥

પંચવર્ણ અરિહા વિભુ પંચ કલ્યાણક ધ્યેય;
ષટ્ અઠ્ઠાઈ સ્તવન રચ્યું પ્રણમી અનંત ગુણગેહ ॥ ૩ ॥

ઢાલ–૧ ॥ કપુર હોયે અતિ ઉજળો–એ દેશી ॥

ચૈત્ર માસ સુદી પક્ષમાંરે, પ્રથમ અઠ્ઠાઈ સંયોગ.
જીહાં સિદ્ધચક્રની સેવનારે, અધ્યાતમ ઉપયોગરે ભવિકા;
પર્વ અઠ્ઠાઈ આરાધ, મન વાંછિત સુખ સાધરે ભવિકા ॥ ૧ ॥

પંચ પરમેષ્ટી ત્રિકાલનારે, ઉત્તર ચઉ ગુણકંત;
શાસ્વતા પદ સિદ્ધચક્રનારે, વંદતાં પુન્ય મહંતરે ભવિકા૦ ॥ ૨ ॥

લોચન કર્ણ યુગલ મુખેરે, નાસિકા અગ્ર નિલાડ;
તાલુ શિર નાભિ હૃદેરે, ભમુંહ મધ્યે ધ્યાન પાઠરે ભવિકા૦ ॥ ૩ ॥
આલંબન સ્થાનક કહ્યાંરે, જ્ઞાનીએ દેહ મઝાર;
તેહમાં વિગત વિષયપણેરે, ચિત્તમાં એક આરાધરે, ભવિકા૦ ॥ ૪ ॥
અષ્ટ કમલદલ કર્ણિકારો નવપદ થાપો ભાવ;
અહિર યંત્ર રચી કરીરે, ધારો અનંત અનુભાવરે, ભવિકા૦ ॥ ૫ ॥
આસોસુદી સાતમ થકીરે, બીજી અઠ્ઠાઈ મંડાણુ;
અસેં ત્રેતાલીસ ગુણે કરીરે, અસિઆઉસાદિક ધ્યાનરે, ભવિકા૦॥૬॥
ઉત્તરાધ્યન ટીકા કહેરે, એ દોય શાશ્વતિ યાત્ર;
કરતા દેવ નંદીશ્વરેરે, નર જિમ ઠામ સુપાત્રરે ભવિકા૦ ॥ ૭ ॥

ઢાલ–૨ ॥ ભવિકા સિદ્ધચક–એ દેશી ॥

આસાઢ ચોમાસાની અઠ્ઠાઈ, જીહાં અભિગ્રહ અધિકાઈ,
કૃષ્ણ કુમારપાલ પરે પાલો, જીવદયા ચિત્ત લાઈરે પ્રાણી,
અઠ્ઠાઈ મહોત્સવ કરીયે, સચિત્ત આરંભ પરિહરીયેરે પ્રાણી ॥ ૧ ॥
દિશિગમન તજે વર્ષા સમયે, ભક્ષ્યાભક્ષ્ય વિવેક,
અછતિ વસ્તુ પણ વિરતિયે બહુફલ, વંકચૂલ વિવેકરે પ્રા૦ ॥ ૨ ॥
જે જે દેહગ્રહીને મૂકચા, દેહથી જે હિંસા થાય,
પાપ આકર્ષણ અવિરતિયોગે, તે જીવ કર્મ બંધાયરે પ્રા૦ ॥ ૩ ॥
સાયક દેહના જીવ જે ગતિમાં, વસિયા તસ હોય કર્મ,
રાજારંક કિયા સારિખી, ભગવંત અંગનો મર્મરે પ્રા૦ ॥ ૪ ॥
ચોમાસી આવશ્યક કાઉસ્સગ્ગના, પંચશત માન ઉસાસ,
છઠ તપની આલોયણ કરતાં, વિરતિ સધર્મ ઉલ્લાસરે પ્રા૦ ॥ ૫ ॥

ઢાલ-૩ ॥ જિન રયણુજી-એ દેશી ॥

કાર્તિક સુદીમાંજી ધર્મવાસર અડધારીયે,
તિમવલી ફાગુણેજી પર્વ અઠ્ઠાઈ સંભારીએ,
ત્રણ અઠ્ઠાઈજી ચૌમાસી ત્રણ કારણી,
ભવિ જીવનાજી પાતિક સર્વ નિવારણી ॥ ૧ ॥

નિવારણી પાતિક તણીએ જાણી, અવધિ જ્ઞાને સુરવરા,
નિકાય ચારના ઇંદ્ર હર્ષિત, વંદે નિજ નિજ અનુચરા,
અઠ્ઠાઈ મહોત્સવ કરણ સમયે, શાસ્વતા એ દેખીએ,
સવિ સજજ થાએ દેવ દેવી, ઘંટ નાદ વિશેષ એ, ॥ ૨ ॥

વલી સુરપતિજી ઉદ્ઘોષણ સુરલોકમાં,
નીપજાવેજી પરિકર સહિત અશોકમાં,
દ્વિપ અઠમેજી નંદીશ્વર સવિ આવીયા,
શાસ્વતિ પ્રતિમાજી પ્રણમી વધાવે પ્રાણીઆ ॥ ૩ ॥

ભાવીઆ પ્રણમી વધાવે પ્રભુને હર્ષ બહુલે નાચતા,
બત્રીશ વિધના કરીય નાટક કોડિ સુરપતિ માચતા,
હાથ જોડી માન મોડિ અંગભાવ દેખાવતી,
અપ્સરા રંભા અતિ અચંભા અરિહા ગુણ આલાવતી ॥ ૪ ॥

ત્રણ અઠ્ઠાઈમાંજી ષટ્ કલ્યાણુક જિનતણાં,
તથા આલયજી ભાવન જિનના બિંબ ઘણા,
તસ સ્તવનાજી સદ્ભૂત અર્થ વખાણતાં,
ઠામે પહોંચેજી પછે જિનનામ સંભારતાં ॥ ૫ ॥

સંભારતાં પ્રભુનું નામ નિશદિન પર્વ અઠ્ઠાઈ મન ધરે,
સમકિત નિર્મલ કરણ કારણ શુભ અભ્યાસ એ અનુસરે,
નરનારી સમકિતવંત ભાવે એહ પર્વ આરાધશે,
વિઘ્ન નિવારે તેહના સવિ સૌભાગ્ય લક્ષ્મી વાધશે ॥ ૬ ॥

ઢાલ–૪ ॥ આદિ જિણુંદ મયા કરી–એ દેશી ॥

પર્વ પજુષણમાં સદા, અમારી પડહો વજડાવોરે,
સદા ભક્તિ દ્રવ્ય ભાવથી, સાહમિ વચ્છલ શુભ ભાવરે
મહોદય પર્વ મહિમા નિધિ ॥ ૧ ॥
સાહમિ વચ્છલ એકણ પાસે, એકત્ર કર્મ સમુદાયરે,
બુદ્ધિ તુલાએ તોલીએ, તુલ્ય લાભફલ થાયરે મ૦ ॥ ૨ ॥
ઉદાયી ચરમ રાજઋષિ, તિમકરો ખામણા સત્યરે
મિચ્છાદિ દુક્કડં દઈને, ફરી સેવો પાપવત્તરે, મ૦ ॥ ૩ ॥
તેહ કહ્યા માયા મૃષાવાદી, આવશ્યક નિર્યુક્તિ માંહેરે,
ચૈત્ય પરિવાડિ કીજીએ, પૂજા ત્રિકાલ ઉછાહેરે, મ૦ ॥ ૪ ॥
છેલ્લી ચાર અઠ્ઠાઇએ, મહા મહોત્સવ કરે દેવારે,
જીવાભિગમે ઇમ ઉચ્ચરે, પ્રભુ શાસનના એ મેવારે, મ૦ ॥ ૫ ॥

ઢાલ–૫ ॥ અરણિક મુનિવર– એ દેશી ॥

અઠ્ઠમનો તપ વાર્ષિક પર્વમાં, શલ્ય રહિત અવિરુદ્ધરે,
કારક સાધક પ્રભુના ધર્મનો, ઇચ્છા રોધે હોય શુદ્ધરે,
તપને સેવોરે કાંતા વિરતિના ॥ ૧ ॥
સો વર્ષે કર્મ અકામથી, નારકી તે તો સકામેરે,
પાપ રહિત હોય નવકારશી થકી સહસ તે પોરસી ઠામરે, તપ૦ ॥૨॥

વધતો વધતોરે તપ કરવા થકી, દશ ગુણો લાભ ઉદારરે,
દશ લાખ ક્રોડ વર્ષનું અઠ્ઠમે દુરિત મટે નિરધારરે, તપ૦ ॥ ૩ ॥
પચ્ચાસ વર્ષ સુધી તપ્યા લક્ષ્મણા, માયા તપ નવિ શુદ્ધરે,
અસંખ્ય ભવ ભમ્યા એક કુવચન થકી,
પદ્મનાભ વારે સિદ્ધરે, તપ૦ ॥ ૪ ॥
આહાર નિહરતારે સમ્યગ તપ કહ્યો જુઓ અભ્યંતર તત્વરે,
ભવોદધિ સેતુરે અઠ્ઠમ તપભણી, નગકેતુ તપ ફલ સત્વરે, તપ૦ ॥૫॥

ઢાલ–૬ ॥ સ્વામિ સીમંધર–એ દેશી ॥

વાર્ષિક પડિકમણાં વિષે, એક હજાર શુભ આઠરે,
શ્વાસ ઉસાસ કાઉસગ તણાં, આદરી તજે કર્મ કાઠરે,
પ્રભુ તુમ શાસન અતિ ભલું ॥ ૧ ॥
દુગ લખ ચઉસય અડકહ્યાં પલ્ય પણયાલીસ હજારરે,
નવ ભાંગે પલ્યના ચઉ ગ્રહ્યા, શ્વાસમાં સુર આયુ સારરે, પ્ર૦ ॥૨॥
ઓગણીશ લાખને ત્રેસઠી, સહસ બસેં સતસઠ્ઠિરે,
પલ્યોપમ દેવનું આઉખું, નવકાર કાઉસગ્ગ જીઠરે, પ્ર૦ ॥ ૩ ॥
એકસઠ લાખને પણતીસા, સહસ બસેં દશ જાણુરે,
એટલા પલ્યનું સુર આઉખું લોગસ કાઉસગ માનરે, પ્ર૦ ॥ ૪ ॥
ધેનુ ધન રૂપેરે જીવનાં, અચલ છે આઠ પ્રદેશરે,
તેહ પરે સર્વ નિર્મલ કરે, પર્વ અઠ્ઠાઈ ઉપદેશરે, પ્ર૦ ॥ ૫ ॥

ઢાલ–૭ ॥ લીલાવંત કુંવર–એ દેશી ॥

સોહમ કહે જંબુ પ્રત્યે, જ્ઞાનાદિ ધર્મ અનંતરે વિનીત
અર્થ પ્રકાશે વીરજી, તિમ મેં રચીઓ સિદ્ધાંતરે વિનીત
પ્રભુ આગમ ભલો વિશ્વમાં ॥ ૧ ॥

ષટ્ લાખ ત્રણુસેં ને તેત્રીશ, એગુણા સાઠ હજારરે વિનીત,
પિસ્તાલીસ આગમ તણેા, સંખ્યા જગદાધારરે, વિ૦ ॥ ૨ ॥

અથમીએ જિન કેવલ રવિ, સુત દીયે વ્યવહારરે વિ૦
ઉભય પ્રકારક સૂત્રનેા, સંપ્રતિ બહુ ઉપગારરે વિ૦ ॥ ૩ ॥

પુન્ય ક્ષેત્રમાં સિદ્ધગિરિ, મંત્રમાંહે નવકારરે વિ૦
શુકલ ધ્યાન છે ધ્યાનમાં, કલ્પસૂત્ર તિમ સારરે વિ૦ ॥ ૪ ॥

વીર વર્ણન છે જેહમાં, શ્રી પર્વ તસુ સેવરે વિ૦
છઠ તપે કલ્પસૂત્ર સુણે મુદા, ઉચિત વિધિ તતખેવરે વિ૦ ॥ ૫ ॥

ઢાલ–૮ ॥ તપશું રંગ લાગ્યેા–એ દેશી ॥

નેઉં સહસ સંપ્રતિ નૃપેરે ઉધર્યા જૈન પ્રાસાદરે
છતિસ સહસ નવાં કર્યાંરે, નિજ આયુ દિનવાદરે
મનને મેાદેરે, પૂજે પૂજે મહેાદય પર્વ મહેાત્સવ મેાટેારે ॥ ૧ ॥

અસંખ્ય ભરતના પાટવીરે, અઠ્ઠાઈ ધર્મના કામિરે,
સિદ્ધગિરિયે શિવપુરી વર્યારે, અજરામર સુભ ધામિરે, મ૦ ॥૨॥

યુગ પ્રધાન પૂર્વ ધણીરે, વયરસ્વામિ ગણુધારરે
નિજ પિતુ મિત્ર પાસે જઇરે, જાચ્યાં કુલ તૈયારરે, મ૦ ॥ ૩ ॥

વીશ લાખ કુલ લેઇનેરે, આવ્યા ગિરિ હિમવંતરે,
શ્રીદેવી હાથે લીયાંરે, મહા કમલ ગુણવંતરે, મ૦ ॥ ૪ ॥

પછે જિન રાગીને સુંપિયારે, સુભિક્ષ નયર મઝારરે,
સુગત મત ઉછ દિનેરે, શાસન શેાભા અપારરે મ૦ ॥ ૫ ॥

ઢાલ–૯ ॥ ભરત નૃપ ભાવશું એ–એ દેશી ॥

પ્રાતિહારજ અડ પામીયેએ, સિદ્ધ પ્રભુના ગુણ આઠ, હર્ષ ધરી સેવીયેએ,
જ્ઞાન દર્શન ચારિત્રનાંએ, આઠ આચરણા પાઠ હ૦
સેવો સેવો પર્વ મહંત હ૦ ॥ ૧ ॥

પવયણ માતા સિદ્ધિનું એ, બુદ્ધિ ગુણ અડ દૃષ્ટિ, હ૦
ગણિસંપદ અડ સંપદાએ, આઠમી ગતિ દિયે પુષ્ટિ હ૦ ॥ ૨ ॥

આઠ કર્મ અડ દોષનેએ, અડ મદ મેલિ પ્રમાદ હ૦
પરિહરી આઠ કારણ ભજીએ, આઠ પ્રભાવક વાદ હ૦ ॥ ૩ ॥

ગુર્જર દિલ્લિ દેશમાંએ, અકબરશાહ સુલતાન હ૦
હીરજી ગુરૂનાં વયણથીએ, અમારી પડહ વજડાવી હ૦ ॥ ૪ ॥

સેનસૂરિ તપગચ્છ મણિએ, તિલક આણિંદ મુણિંદ હ૦
વર્ધમાન રિદ્ધિ લહેએ, સૌભાગ્ય લક્ષ્મી સુરિંદ હ૦ ॥ ૫ ॥

સેવો સેવો પર્વ મહંતહ૦, પૂજા જીનપદ અરવિંદ, હ૦
પુન્ય પર્વ સુખકંદ હ૦, પ્રગટે પરમાણંદ, હ૦
કહે એમ લક્ષ્મી સુરિંદ, હ૦ ॥ ૬ ॥

કલસ

એમ પાર્શ્વ પ્રભુનો પસાય પામી, નામે અઠ્ઠાઇ ગુણ કહ્યા;
ભવિ જીવ સાધો નિત્ય આરાધો, આત્મ ધર્મે ઉમહ્યા ॥ ૧ ॥

સંવત જીન અતિશય વસુ શશી (૧૮૩૪) ચૈત્રી પુનમે ધ્યાઇયા
સૌભાગ્યસૂરિ શિષ્ય લક્ષ્મીસૂરિ બહુ, સંઘ મંગલ પાઇઆ ॥૨॥

ઇતિ અઠ્ઠાઇ સ્તવન સંપૂર્ણ

શ્રી મહાવીર સ્વામીના સત્તાવીશ ભવનું પંચઢાલીયું

દુહા

શ્રીશુભવિજય સુગુરૂનમી, નમી પદ્માવતી માય.
ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય, ॥ ૧ ॥
સમકિત પામે જીવને, ભવ ગણતીયે ગણાય,
જો વલી સંસારે ભમે, તોપણ મુકતે જાય. ॥ ૨ ॥
વીર જીનેશ્વર સાહિબો, ભમિયો કાલ અનંત,
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ॥ ૩ ॥

ઢાલ પહેલી

પહેલે ભવે એક ગામનોરે, રાયનામે નયસાર,
કાષ્ટ લેવા અટવી ગયોરે, ભોજન વેળા થાયરે પ્રાણી
ધરિયે સમકિત રંગ, જીમ પામીયે સુખ
અભંગરે, પ્રાણી ધરિયે૦ ॥ ૧ ॥
મન ચિંતે મહીમા નીલોરે, આવે તપસી કોય,
દાન દેઈ ભોજન કરૂંરે, તો વાંછિત ફલ હોયરે પ્રાણી ॥ ૨ ॥
મારગ દેખી મુનિવરારે, વંદે દેઈ ઉપયોગ,
પૂછે કેમ ભટકો ઇંહાંરે, મુનિ કહે સાથ વિયોગરે પ્રાણી ॥ ૩ ॥
હર્ષ ભરે તેડી ગયોરે, પડિલાભ્યા મુનિરાજ,
ભોજન કરી કહે ચાલીયેરે, સાથ ભેળા કરૂં આજરે પ્રાણી ॥૪॥

પગવટીએ ભેળા કર્યારે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ,
સંસારે ભૂલા ભમોરે, ભાવ માર્ગ અપવર્ગરે પ્રાણી ॥ ૫ ॥
દેવગુરૂ ઓળખાવીયારે દીધો વિધિ નવકાર,
પશ્ચિમ મહાવિદેહમાંરે પામ્યો સમકિત સારરે પ્રાણી ॥ ૬ ॥
શુભ ધ્યાને મરી સુર હુઓરે પહેલા સ્વર્ગ મઝાર,
પલ્યોપમ આયુ ચવીરે ભરત ઘરે અવતારરે પ્રાણી ॥ ૭ ॥
નામે મરીચી યૌવનેરે સંયમ લીયે પ્રભુ પાસ,
દુષ્કર ચરણ લહી થયોરે ત્રિદંડીક શુભ વાસરે પ્રાણી ॥ ૮ ॥

ઢા–૨.

"વિલાહલાની દેશી"

નવો વેશ રચે તેણી વેળા, વિચરે આદીશ્વર ભેળા.
જળ થોડે એ સ્નાન વિશેષે, પગ પાવડી ભગવે વેષે ॥ ૧ ॥
ધરે ત્રિદંડી લાકડી મોટી, શીર મુંડણને ધરે ચોટી,
વળી છત્ર વિલેપન અંગે સ્થુલથી વ્રત ધરતો રંગે ॥ ૨ ॥
સોનાની જનોઈ રાખે, સહુને મુનિ માર્ગ ભાખે,
સમવસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જીનેશ ॥ ૩ ॥
જીન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચી નામ,
વીર નામે થશે જીન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા ॥ ૪ ॥
ચક્રવર્તિ વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે,
મરીચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમજ કહેતા ॥ ૫ ॥
તમે પુન્યાઈવંત ગવાશો હરિ ચક્રી ચરમ જીન થાશો,
નવિ વંદુ ત્રિદંડીક વેષ નમું ભક્તિયે વીર જિનેશ ॥ ૬ ॥

એમ સ્તવના કરી ઘર જાવે, મરીચી મન હર્ષ ન માવે,
મારે ત્રણ પદવીની છાપ, દાદા જીન ચક્રી બાપ ॥ ૭ ॥
અમે વાસુદેવ ધુર થઇશું, કુલ ઉત્તમ માર્‌ કહીશું,
નાચે કુલ મદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો ॥ ૮ ॥
એક દીન તનુ રોગ વ્યાપે કોઈ સાધુ પાણી ન આપે,
ત્યારે વંછે ચેલો એક તવ મલીયો કપિલ અવિવેક ॥ ૯ ॥
દેશના સુણી દીક્ષા વાંછે કહે મરીચી લીયો પ્રભુ પાસે,
રાજપુત્ર કહે તુમ પાસે લેશું અમે દીક્ષા ઉલ્લાસે ॥ ૧૦ ॥
તુમ દર્શને ધર્મનો ન્હેમ, સુણી ચિંતે મરીચી એમ,
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો ॥ ૧૧ ॥
મરીચી કહે ધર્મ ઉભયમાં, લીયે દીક્ષા યૌવન વયમાં,
એણે વચને વધ્યો સંસાર એ ત્રીજે કહ્યો અવતાર ॥ ૧૨ ॥
લાખ ચોરાશી પૂરવ આય, પાળી પંચમે સ્વર્ગે સધાય,
દશ સાગર જીવિત ત્યાંહી, **શુભવીર** સદાસુખ માંહી ॥ ૧૩ ॥

ઢાલ ૩. ॥ ચોપાઈની દેશી ॥

પાંચમે ભવે કોલ્લાગ સન્નિવેષ કૌશિક નામે બ્રાહ્મણવેષ,
એંશીલાખ પૂર્વ અનુસરી ત્રિદંડીયાને વેષે મરી ॥ ૧ ॥
કાલ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર,
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડી વેષ ધરાય ॥ ૨ ॥
સૌધર્મે મધ્ય સ્થિતિયે થયો, આઠમે ચૈત્ય સન્નિવેષે ગયો,
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુલાખ સાઠે મૂઓ. ॥ ૩ ॥
મધ્યસ્થિતિયે સુર સ્વર્ગઈશાન, દશમે મંદીરપુર દ્વિજ ઠાણ,
લાખ છપ્પન પૂર્વાપુરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી ॥ ૪ ॥

ત્રીજે સ્વર્ગે મધ્યાયુ ધરી, બારમે ભવ શ્વેતાંબીપુરી,
પૂર્વ લાખ ચુમાલીશ આય, ભારદ્વાજ ત્રિદંડીક થાય ॥ ૫ ॥
તેરમે ચોથે સ્વર્ગે મરી, કાલ ઘણો સંસારે ભમી,
ચઉદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીશલાખ પૂર્વને આય ॥ ૬ ॥
થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો,
સોળમે ભવ કોડ વર્ષ સમાય, રાજકુંવર વિશ્વભૂતિ થાય ॥૭॥
સંભૂતિમુનિ પાસે અણગાર, દુષ્કર તપ કરી વર્ષ હજાર,
માસખમણ પારણુ ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા ॥ ૮ ॥
ગાયે હણ્યા મુનિ પડ્યા વશા, વિશાખનંદી પિતરીઆ હસ્યા;
ગોશ્રુંગે મુનિ ગર્વે કરી ગયણુ ઉછાળી ધરતી ધરી ॥ ૯ ॥
તપ બળથી હોન્યો બળધણી, કરી નિયાણું મુનિ અણસણી,
સત્તરમે મહાશુકે સુરા, શ્રી **શુભવીર** સત્તર સાગરા ॥ ૧૦ ॥

ઢાલ ૪.

અઢારમે ભવે સાત સુપન સૂચિતસતિ,
પોતનપુરીયે પ્રજાપતિ રાણી મૃગાવતી,
તસસુત નામે ત્રિપૃષ્ઠ વાસુદેવ નીપન્યા,
પાપ ઘણું કરી સાતમી નરકે ઉપન્યા ॥ ૧ ॥
વીશમે ભવ થઈ સિંહ ચોથી નરકે ગયા,
તિહાંથી ચવી સંસારે ભવ બહુલા થયા,
બાવીશમે નર ભવ લહી પુણ્યદશા વર્યા,
ત્રેવીશમે રાજધાની મૂકાયે સંચર્યા ॥ ૨ ॥
રાય ધનંજય ધારણીયે જનમીયા,
લાખ ચોરાશી પૂર્વ આયુ જીવિયા,
પ્રિયમિત્ર નામે ચક્રવર્તિ દીક્ષાલહી,
કોડી વર્ષ ચારિત્ર દશા પાલી સહી ॥ ૩ ॥

મહાશુક્રે થઈ દેવ ઇણે ભરતે ચવી,
છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી,
ભદ્રામાય લાખ પચવીશ વર્ષ સ્થિતિધરી,
નંદન નામે પુત્રે દીક્ષા આચરી ॥ ૪ ॥
અગીયાર લાખને એંશી હુન્દર છશેવળી,
ઉપર પિસ્તાલીશ અધિક પણ દિન રૂળી,
વીશસ્થાનક માસખમણે જાવજ્જીવ સાધતા,
તિર્થંકર નામકર્મ તિહાં નિકાચતા ॥ ૫ ॥
લાખવર્ષ દીક્ષા પર્યાય તે પાળતા,
છવ્વીશમે ભવ પ્રાણુત કલ્પે દેવતા,
સાગર વીશનું જીવિત સુખભર ભોગવે,
શ્રી શુભવીર જીનેશ્વર ભવ સુણજો હવે ॥ ૬ ॥

ઢાલ ૫.

નયર માહણકુંડમાં વસેરે મહાઋદ્ધિ ઋષભદત્ત નામ
દેવાનંદા દ્વિજ શ્રાવિકારે પેટ લીયેા પ્રભુ વિસરામરે
પેટ લીયેા પ્રભુ વિસરામ ॥ ૧ ॥
બ્યાશી દિવસને અંતરેરે સુર હરિણુગમેષી આય
સિદ્ધાર્થ રાજા ઘરેરે ત્રિશલા કૂખે છટકાયરે ત્રિશલા૦ ॥ ૨ ॥
નવ માસાંતરે જનમીયારે દેવદેવી ઓચ્છવ કીધ
પરણી યશોદા યૌવનનેરે, નામે મહાવીર પ્રસિદ્ધરે નામે૦ ॥ ૩ ॥
સંસાર લીલા ભોગવીરે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ,
બાર વર્ષે હુઆ કેવલીરે,
શિવવહુનું તિલક શિર દીધરે, શિવ૦ ॥ ૪ ॥

સંઘ ચતુર્વિધ સ્થાપીયોરે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર,
સંયમ દેઈ શિવ મોકલ્યારે,
ભગવતી સૂત્રે અધિકાર રે, ભગ૦ ॥ ૫ ॥
ચોત્રીશ અતિશય શોભતારે, સાથે ચૌદ સહસ અણુગાર,
છત્રીશ સહસ તે સાધવીરે,
બીજો દેવ દેવી પરિવારરે, બીજો૦ ॥ ૬ ॥
ત્રીશ વર્ષ પ્રભુ કેવલીરે, ગામ નગર તે પાવન કીધ,
બહોતેર વર્ષનું આઉખું રે, દીવાલીયે શિવપદ લીધરે, દીવા૦ ॥૭॥
અગુરૂલઘુ અવગાહનેરે, કીયો સાદી અનંત નિવાસ,
મોહરાય મલ્લ મૂળશુંરે, તનમન સુખનો હોય નાશરે, તન૦ ॥૮॥
તુમ સુખ એક પ્રદેશનું, નવી માવે લોકાકાશ,
તો અમને સુખીયા કરોરે,
અમે ધરીયે તુમારી આશરે, અમે૦ ॥ ૯ ॥
અક્ષય ખજાનો નાથનોરે મેં દીઠો ગુરૂ ઉપદેશ,
લાલચ લાગી સાહિબારે,
નવિ ભજીયે કુમતિનો લેશરે, નવિ૦ ॥ ૧૦ ॥
મહોટાનો જે આશરોરે, તેથી પામીયે લીલવિલાસ
દ્રવ્ય ભાવશત્રુ હણીરે **શુભવીર** સદા સુખવાસરે, શુભ૦ ॥ ૧૧ ॥

કલશ

ઓગણીશ એકે વર્ષ છેકે પૂર્ણિમા શ્રાવણવરો,
મેં થુણ્યો લાયક વિશ્વનાયક વર્ધમાન જીનેશ્વરો,
સંવેગ રંગ તરંગ ઝીલે જશવિજય સમતા ધરો,
શુભવિજય પંડિત ચરણ સેવક **વીરવિજય** જયજય કરો ॥ ૧ ॥

શ્રી ગોતમગુરૂભ્યોનમઃ

અથ શ્રી મહાવીર સ્વામીના સત્યાવીશ ભવનું સ્તવન લિખ્યતે

॥ દોહા ॥

વિમલ કમલ દલ લોયણાં, દીસે વદન પ્રસન્ન ।
આદર આણી વીરજિન, વાંદી કરૂં સ્તવન ॥ ૧ ॥
શ્રી ગુરૂતણે પસાઉલે, સ્તવશું વીર જિણંદ ।
ભવ સત્યાવીશ વરણવું, સુણજો સહુ આણંદ ॥ ૨ ॥
સાંભલતાં સુખ ઉપજે, સમકિત નિર્મલ હોય ।
કરતા જિનની સંકથા, સફલ દહાડો સોય ॥ ૩ ॥

॥ ઢાલ પહેલી ॥ દેશી ઢાલની ॥

મહાવિદેહ પશ્ચિમજાણું, નયસાર નામેં વખાણું ।
નયરતણો છે એ રાણો, અટવી ગયો સપરાણો ॥ ૧ ॥
જમવા વેલા એ જાણી, ભગતેં રસવતી આણી ।
દત્તની વાસના આવી, તપસી જૂવે તે ભાવી ॥ ૨ ॥
મારગ ભૂલ્યા તે હેવ મુનિ આવ્યો તતખેવ ।
આહાર દીયો પાય લાગી, ઋષિની ભૂખ તૃષા ભાગી ॥ ૩ ॥
ધર્મ સુણ્યો મન રંગે, સમકીત પામ્યો એ ચંગે ।
ઋષિને ચાલંતા જાણી, હીયડે ઉલટ આણી ॥ ૪ ॥

મારગ દેખાડ્યો વહેતો, પાછો વલી એ એમ કહેતો ।
પહેલે ભવેં ધર્મજ પાવે, અંતે દેવ ગુરૂ ધ્યાવે ॥ ૫ ॥
પંચ પરમેષ્ઠીનું ધ્યાન, સોમમેં પામ્યો વૈમાન ।
આઉખું એક પલ્યોપમ, સુખ ભોગવી અનોપમ ॥ ૬ ॥
ભવ બીજે ત્રીજે આયો, ભરતકુલેં સુત જાયો ।
ઉત્સવ માંગલિક કીધું, નામ તે મરીયંચ દીધું ॥ ૭ ॥
વાધે સુરતરૂ સરિખો, આદિ જિન દેખીને હરખ્યો ।
આઉએ દેશના દીધી, ભાવેં દીક્ષા એ લીધી ॥ ૮ ॥
જ્ઞાન ભણ્યો સુવિશેષ, વિચરે દેશ વિદેશ ।
દીક્ષા લેઇ એ હરખે, અલગો સ્વામીથી વિચરે ॥ ૯ ॥
મહાવ્રત ભાર એ મહોટો, હું પણ પુણ્યાઈ એ છોટો ।
ભગવું કપડું કરશું, માથે છત્રએ ધરશું ॥ ૧૦ ॥
પાયે પાનહી પેરશું, સ્નાન સુચિજલે કરશું ।
પ્રાણી થુલ નહીં મારૂં, ખુર મુંડ ચોટીયે ધારૂં ॥ ૧૧ ॥
જનોઈ સોવન કેરી, શોભા ચંદન ભલેરી ।
હાથેં ત્રિદંડીયું લેવું, મનમાંહે ચિંતવ્યું એહવું ॥ ૧૨ ॥
લિંગ કુલિંગનું રચીયું, સુખકારણ એમ મચીઉં ।
ગુણ સાધુના વખાણે, દીક્ષાયોગ તે જાણે ॥ ૧૩ ॥
આણી જતિયોને આપે, સૂધો મારગ થાપે ।
સમવસરણ રચ્યું જાણી, વંદે ભરત વિન્નાણી ॥ ૧૪ ॥
બારે પરખદા રાજે, પૂછે ભરત એ આજે ।
કોઇ છે તુમ સરીખો, દાખ્યું મરીયંચ તીખો ॥ ૧૫ ॥

પહેલો વાસુદેવ થાશે, ચક્રવર્તી મૂકાએ વાસે ।
ચોવીશમો એ તીર્થંકર, વર્ધમાન નામે જયંકર ॥ ૧૬ ॥

ઉલ્લશ્યું ભરતનું હૈયું જઈ મરીયંચને કહ્યું ।
તાતેં પદવીએ દાખી, હરિચક્રી જિનપદ ભાખી ॥ ૧૭ ॥

ત્રણ્ય પ્રદક્ષિણા દેઈ, વંદન વિધિશું કરેઈ ।
સ્તવના કરી એમ દાખે, પુત્ર ત્રિદંડી ન રાગે ॥ ૧૮ ॥

વંદું છું એહ મરમેં, થાશો જિનપતિ ચરમે ।
એમ કહી પાછો એ વલીયો, ગરવે મરીયંચ ચડીયો ॥ ૧૯ ॥

॥ ઢાળ બીજી ॥

ઈખાગ કુલેંહું ઊપનો, મારો ચક્રવર્તી તાતજી ।
આઉઓ માહારો જિન હુઓ, હું પણ ત્રિજગ વિખ્યાતજી ॥૧॥

અહો ઉત્તમ કુલ માહરૂં, અહો અહો મુજ અવતારજી ।
નીચગોત્ર તિહાં બાંધીયું, જૂઓ જૂઓ કર્મ પ્રચારજી ॥અ૦॥૨॥

આ ભરતેં પોતનપુરેં, ત્રિપૃષ્ઠ હરિ અભિરામજી ।
મહાવિદેહ ખેત્ર મુકાપુરી, ચક્રીપ્રિયમિત્ર નામજી ॥અ૦॥૩॥

ચરમ તીર્થંકર થાઈશું, હોંશે ત્રિજડુ સારજી ।
સુરનર સેવા સારશે, ધનધન મુજ અવતારજી ॥અ૦॥૪॥

રહે મદમાતો એણીપરેં, એક દિન રોગ અતીવજી ।
મુનિજન સાર કો નવિકરે, સુખ વાંછે નિજ જીવજી ॥અ૦॥૫॥

કપિલનામેં કોઈ આવિયા, પ્રતિબોધ્યો નિજવાણીજી ।
સાધુ સમીપેં દીક્ષા વરો, ધર્મ છે એણે ઠામજી ॥અ૦॥૬॥

સાધુસમીપેં મોકલે, નવિ જાએ તે અજોગજી ।
ચિંતે મરિયંચ નિજમને, દીશે છે મુજ જોગ્યજી ॥અ૦॥૭॥
તવ તે વલતું બોલિયેા, તુમવાદે શું હોયજી ।
ભેા ભેા ધર્મ તે ઇહાંઅછે ઉત્સૂત્ર ભાંખ્યું સોયજી ॥અ૦॥૮॥
તેણે સંસાર વધારીયેા, સાગર કોડાકોડીજી ।
લાખ ચોરાશી પૂરવતણું, આયુ ત્રીજે ભવ જોડીજી ॥અ૦॥૯॥
ભવચોથે સ્વર્ગ પાંચમેં, સાગર સ્થિતિ દશ જાણુજી ।
કૌશિક દ્વિજ પાંચમેં ભવેં, લાખ એંશી પૂર્વ માનજી ॥અ૦॥૧૦॥
થુણા નયરીએ દ્વિજ થયેા, પૂર્વલાખ બહુંતેર સારજી ।
હુએા ત્રિદંડી છઠે ભવેં, સાતમે સોહમ અવતારજી ॥અ૦॥૧૧॥
અગ્નિદ્યોત આઠમેભવે, સાઠલાખ પૂર્વ આયજી ।
ત્રિદંડી થઈ વિચરે વલી, નવમે ઈશાને જાયજી ॥અ૦॥૧૨॥
અગ્નિભૂતિ દશમે ભવેં, મંદિરપુરે દ્વીજ હોયજી ।
લાખ છપન્નપૂર્વ આઊખું, ત્રિદંડી થઇ મરે સોયજી ॥અ૦॥૧૩॥
ઇગ્યારમે ભવે તે થયેા, સનતકુમારે દેવજી ।
નયરી શ્વેતાંબીયેં અવતર્યો, બારમે ભવેં દ્વિજ હેવજી ॥અ૦॥૧૪॥
ચુમ્માલીશ લાખ પૂર્વ આઊખું, ભારદ્વીજ જસ નામજી ।
ત્રિદંડી થઈ વિચરે વલી, માહેંદ્ર તેરમે ભવેં ઠામજી ॥અ૦॥૧૫॥
રાજગૃહી નયરી ભવ ચૌદમે, થાવર બ્રાહ્મણ દાખજી ।
ચોત્રીશ લાખ પૂર્વ આઊખું, ત્રિદંડી લિંગ તે ભાખજી ॥અ૦॥૧૬॥
અમર થયેા ભવ પન્નરમે, પાંચમેં દેવલોકે દેવજી ।
સંસાર ભમ્યેા ભવ શોલમે; વિશ્વભૂતિ ક્ષત્રી હેવજી ॥અ૦॥૧૭॥

ઢાલ ત્રીજી

વિશાખભૂતિ ધારણીનો બેટો ભુજબલ પૂઠ સમૂલ સમેટો,
સંભૂતિ ગુરૂ તેણે ભેટો ॥ ૧ ॥
સહસ વરસ તિહાં ચારિત્ર પાલી લહી દીક્ષા આતમ અજુઆલી
તપ કરી કાયા ગાળી ॥ ૨ ॥
એક દિન ગાય ધસી સિંગાલી, પડયો ભૂમિ તસ
ભાઇયેં ભાલી, તેહસું બલ સંભાલી ॥ ૩ ॥
ગરવેં રીષ ચઢી વિકરાલી, સિંગધરી આકાશેં
ઊછાલી, તસ બલ શંકા ટાલી ॥ ૪ ॥
તિહાં અણુસણ નિયાણું કીધું, તપ વેચી બલ
માગી લીધું અધુરૂં પરિયાંણું કીધું ॥ ૫ ॥
સતરમે ભવેં શુકે સુરવર, ચવી અવતરીયો
જિહાં પોતનપુર, પ્રજાપતિ મૃગાવતી કુંઅર ॥ ૬ ॥
ચોરાશી લાખ વરસનો આયુ, સાત સુપન
સૂચિત સુત જાયો, ત્રિપૃષ્ઠ વાસુદેવ ગાયો ॥ ૭ ॥
ઓગણીશમેં ભવેં સાતમી નરગેં, તેત્રીશ
સાગર આયુ અભંગેં, ભોગવીયું તનુસંગે ॥ ૮ ॥
વીસમે ભવેં સિંહ હિંસા કરતો, એકવીશમે ચોથે
નરકેં ફિરતો વિચ વિચ ઘણા ભવ કરતો ॥ ૯ ॥
બાવીશમે ભવેં સરલ સભાવિ, સુખ ભોગવતાં
જસ ગવરાવિ, પુણ્યેં શુભ મતિ આવી ॥ ૧૦ ॥

ત્રેવીશમે ભવેં મૂકા પુરી સુખેં, ધન
જાયેા ધારણીની કુખેં, નર અવતરિયેા સૂખેં ॥ ૧૧ ॥

તિહાં ચક્રવર્ત્તીની પદવી લાધી, પેાટીલાચાર્યશું
મતિ બાંધી, શુભ તપ કિરિયા સાધી ॥ ૧૨ ॥

કેાડી વરસ દીક્ષાનેા જાણુ, લાખ ચેારાશી પૂર્વ
પ્રમાણુ, આઊખું પૂરૂં જાણુ ॥ ૧૩ ॥

ચેાવીશમેં ભવે શુકેં સુરવર, સુખ ભેાગવિઆ
સાગર સત્તર, તિહાંથી ચવીયેા અમર ॥ ૧૪ ॥

ઢાલ ચેાથી ॥ રાગ મલાર ॥

આ ભરતેં છત્રિકાપુરી, જિતશત્રુ વિજયાનાર ॥ મેરે લાલ ॥
પંચવીશમે ભવેં ઊપનેા, નંદન નામ ઉદાર ॥ મેરે લાલ ॥
તીર્થંકર પદ બાંધિયું ॥ ૧ ॥ એ આંકણી ॥ ૧ ॥

લઈ દીક્ષા સુવિચાર ॥ મેરેલાલ ॥
વીશ થાનક તપ આદરયું, હુએા તિહાં
જયજયકાર ॥ મેરે૦ ॥ તીર્થંકર૦ ॥ ૨ ॥

રાજ્ય તજી દીક્ષા લિયે, પેાટીલાચાર્યપાસ ॥ મેરેલાલ ॥
માસખમણ પારણું કરે, અભિગ્રહવંત
ઉલ્લાસ ॥ મેરેલાલ ॥ તીર્થંકર ॥ ૩ ॥

લાખ વરસ એમ તપ કર્યું, આલસ નહીંય લગાર ॥ મેરેલાલ ॥
પરિગલ પુણ્ય પેાતેં કર્યું, નિકાચ્યું જિનપદ
સાર ॥ મેરેલાલ ॥ તીર્થં૦ ॥ ૪ ॥

માસખમણ સંખ્યા કહું. લાખ ઈગ્યાર એંશી સહસ ॥ મેરેલાલ ॥
છશે પિસ્તાલીશ ઊપરેં પંચ દિન વૃદ્ધિ
કહીશ ॥ મેરેલાલ ॥ તીર્થં૦ ॥ ૫ ॥
પંચવીશ લાખ વરસનું આઊખું, માસ સંલેષણા કીધ ॥ મેરેલાલ ॥
અમી ખમાવી તે ચ્યૈો, દશમે સ્વર્ગ ફલ
લીધ ॥ મેરેલાલ ॥ તીર્થં૦ ॥ ૬ ॥
પુષ્પોત્તરાવતંસકેં, વિમાન સાગર વીશ ॥ મેરેલાલ ॥
સુરચવીયેા સુખ ભેાગવી, હુઆ એ ભવ
છવ્વીશ ॥ મેરેલાલ ॥ તીર્થં૦ ॥ ૭ ॥

॥ ઢાલ પાંચમી ॥ ભમરહુલીની ॥

સત્યાવીશમેા ભવ સાંભલેા તેા ॥ ભમરહુલી ॥
રૂઅડું માહણકુંડ ગામતેા ॥ ઋષભદત્ત બ્રાહ્મણ વસેતેા ॥
ભમરહુલી ॥ દેવાનંદા ધરણી નામતેા ॥ ૧ ॥
કર્મ રહ્યાં લવલેશ વલીતેા ॥ ભ૦ ॥ મરીયંચ ભવનાં જેહતેા ॥
પ્રાણત કલ્પથકી ચવીતેા ॥ભ૦॥ દ્વિજ કુલેં અવતર્યેા તેહતેા ॥૨॥
ચૌદ સુપન માતા લહેતેા ॥ ભ૦ ॥ આણંદ હુએા બહુતતેા ॥
ઇંદ્રેં અવધીયેં જોઇયું તેા ॥ ભ૦ ॥ એહ અછેરાભૂતતેા ॥ ૩ ॥
ત્યાશી દિન તિહાં કણે રહ્યા તેા ॥ ભ૦ ॥ ઇંદ્ર આદેશેં દેવતેા ॥
સિદ્ધાર્થ ત્રિશલા કૂખેંતેા ॥ ભ૦ ॥ ગર્ભ પાલટ્યેા તતખેવતેા ॥૪॥
ચઉદ સુપન ત્રિશલા લહેતેા ॥ભ૦॥ શુભ મુહૂર્તે જનમ્યા જામતેા ॥
જન્મ મહેાત્સવ તિહાં કરેતેા ॥ ભ૦ ॥ ઇંદ્ર ઇંદ્રાણી તામતેા ॥૫॥
'વર્દ્ધમાન' તસુ નામ દીયેાતેા ॥ ભ૦ ॥ દેવેં દીયેા 'મહાવીર'તેા ॥
હર્ષે શું પરણાવિઆ તેા ॥ ભ૦ ॥ સુખ વિલસે ઘર વીરતેા ॥૬॥

માયબાપ સુરલોકેં ગયાંતો ।। ભ૦ ।। જિનસાધે નિજકાજતો ।।
લોકાંતિક સુર ઈમ કહેતો ।। ભ૦ ।। લ્યો દીક્ષા મહારાજતો ।।૭।।
વરસીદાન દેઈ કરીતો ।। ભ૦ ।। લીધો સંયમ ભારતો ।।
એકાકી જિનવિહાર કરેતો ।। ભ૦ ।। ઉપસર્ગનો નહીં પારતો ।।૮।।
તપ ચઉવિહાર કર્યા ઘણાતો ।।ભ૦।। એક છ માસી ચોવિહારતો ।।
બીજો છ માસી કર્યો તો ।। ભ૦ ।। પંચદિન ઊણા ઊદાર તો ।।૯।।
નવ તે ચોમાસી કર્યાં તો ।। ભ૦ ।। બે ત્રણ માસી જાણતો ।।
અઢી માસ બે વાર કર્યા તો ।।ભ૦।। બે માસી છ વાર તો ।।૧૦।।
દોઢ માસી બે વાર કર્યા તો ।।ભ૦।। માસ ખમણ કર્યા બારતો ।।
બહુતેર પાસખમણ કર્યા તો ।।ભ૦।। છઠ્ઠ બસેં ઓગણત્રીશ તો ।।૧૧।।
બારે વરસે પારણાતો ।। ભ૦ ।। ત્રણશેં ઓગણપચાસતો ।।
નિદ્રા બેઘડી કરીતો ।। ભ૦ ।। બેઠા નહીં બારે વરસતો ।।૧૨।।
કરમ ખપાવી કેવલ લહ્યુંતો ।। ભ૦ ।। ત્રિગડે પર્ષદા બારતો ।।
ગણધર પદની થાપનાતો ।। ભ૦ ।। જગહુઓ જયજયકારતો ।।૧૩।।
ગણધરવર ઈગ્યાર હુઆતો ।।ભ૦।। ચઉદ સહસ સાધુ સુખકારતો ।।
છત્રીશ સહસ તે સાધવી તો ।।ભ૦।। સીયલ રયણ ભંડારતો ।।૧૪।।
એક લાખ ઓંગણસાઠ હજાર કહ્યા તો ।। ભ૦ ।।
શ્રાવક સમક્તિ ધારતો ।। ભ૦ ।।
ત્રણ લાખ અઢાર હજાર શ્રાવિકાતો ।। ભ૦ ।।
એ કહ્યો વીર પરિવારતો ।। ૧૫ ।।
બ્રાહ્મણ માત પિતા હુઆંતો ।।ભ૦।। મોકલ્યા મુક્તિ મઝારતો ।।
સુપુત્ર આવે ઈમ કરેતો ।।ભ૦।। સેવકની કરો સારતો ।। ૧૬ ।।
ત્રીશ વરસ ગૃહવાસ વસ્યાતો ।। ભ૦ ।। બાર વરસ છદ્મસ્થતો ।।
ત્રીશ વરસ કેવલ પર્યું તો ।।ભ૦।। બહોંતેર વરસ સમસ્ત તો ।।૧૭।।

એણીપરેં પાલી આજિખુંતો ।। ભ૦ ।। દિન દીવાલી જેહતો ।।
મહાનંદ પદ પામીયાતો ।। ભ૦ ।। સમરૂં હું નિત તેહતો ।।૧૮।।
સંવત શોલ બાસઠ્ઠોતો ।। ભ૦ ।। વિજયાદશમી ઊદારતો ।।
લાલવિજય ભકતેં કહેતો ।।ભ૦।। વીરજિન ભવજલ તારતો ।।૧૯।।

।। ઢાલ છઠી. ।।

સમરવસણ સુખ સંપદ મિલે, ફલે મનોરથ કોડજી ।
રોગ વિયોગ સવીટલે, ન હોય શરીરેં કોઢજી ।। ૧ ।।
આદરી આણાપુર મંડણો, ખંડન પાપનાં પૂરજી ।
જે ભવિયણ સેવા કરે, સુખ પામે તે ભરપૂરજી ।। આ૦ ।। ૨ ।।
મૂરતિ મોહન વેલડી, દીઠે અતિ આણંદોજી ।
સિંહાસન સોહે સદા, ગગનેં જીસ્યો રવિચંદોજી ।। આ૦ ।।૩।।
પ્રતિમાએ લહીએ સદા, પ્રણમું જોડી હાથજી ।
ત્રણ્ય પ્રદક્ષિણા દેઈ કરૂં, માણું મુક્તિનો સાથજી ।। આ૦ ।।૪।।
શ્રાવક યતિ ઊદ્યમ કરે, કીધો જિનપ્રાસાદજી ।
કાઢયું પાપ ઠેલી કરી, પુણ્યેં જગ જસવાદજી ।। આ૦ ।। ૫ ।।

કલશ.

શ્રી વીર પાટપરંપરાગત, શ્રી આણંદ વિમલ સૂરીશ્વરૂ,
શ્રી વિજયદાનસૂરી તાસ પાટેં, શ્રી હીરવિજયસૂરી ગણધરૂ ।
શ્રી વિજયસેનસૂરી તાસ પાટેં, શ્રી વિજય દેવસૂરી હીત ધરૂ;
શ્રી કલ્યાણવિજય ઊવજ્ઝાય પંડિત શ્રી શુભવિજય
શિષ્ય જયંકરૂ ।। ૧ ।।

।। ઈતિ શ્રી મહાવીર સ્વામીના સત્યાવીશ ભવનું સ્તવન સંપુર્ણ ।।

★

અથ શ્રી મહાવીર સ્વામીના પાંચ કલ્યાણકનું બાર ઢાલનું સ્તવન પ્રારંભ:

ઢાલ પહેલી

। પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુઝવાત એ દેશી ।
સરસતિ ભગવતિ દીયો મતિ ચંગી, સરસ સુરંગીવાણ ।
તુઝ પસાય માય ચિત્ત ધરી હું, જિનગુણ રયણની ખાણ ॥૧॥
ગીરૂઆ ગુણ વીરજી, ગાઇશું ત્રિભુવનરાય ।
તુજ નામેં ઘર મંગલ માલા, ચિત્તધરે બહુ સુખ
થાય ॥ ગિ૦ ॥ ૨ ॥ એ આંકણી

જંબૂદ્વીપેં ભરત ક્ષેત્રમાંહિ, નયર માહણકુંડ ગામ ।
ઋષભદત્તવર વિપ્ર વસે તિહાં, દેવાનંદા તસ પ્રિયા
નામ ॥ ગિ૦ ॥ ૩ ॥

સુર વિમાનવર પુષ્પોત્તરથી, ચવિ પ્રભુ લીયે અવતાર ।
તવ તે માહણી રયણી મધ્યે, સુપન લહે દશ ચાર ॥ ગિ૦ ॥૪॥
ધુર મયગલ મલપંતો દેખે, બીજે વૃષભ વિશાલ ।
ત્રિજે કેસરી ચોથે લક્ષ્મી, પાંચમે કુલની માલ ॥ ગિ૦ ॥ ૫॥
ચંદ્ર સૂર્ય ધ્વજ કલશ પઉમસર, દેખે દેવ વિમાન ।
રયણુરેહા રયણાયર રાજે, ચઉદમે અગ્નિ પ્રધાન ॥ ગિ૦ ॥૬॥
આનંદભર તવ જાગી સુંદરી, કંતને કહે પરભાત ।
સુણી વિપ્ર કહે તુજ સુત હોશે, ત્રિભુવન માંહે વિખ્યાત ॥ગિ૦॥

અતિ અભિમાન કીયો મરિયંચ ભવ, જુઓ જુઓ કરમ વિચાર ।
તાત સુતાવર તિહાં થયા કુંવર, વલિ નીચ કુલે
અવતાર ॥ ગિ૦ ॥ ૮ ॥

ઇણ અવસર ઇંદ્રાસન ડોલે, નાણે કરી હરિ જોય ।
માહણી કુખે જગગુરૂ પેખે, નમી કહે અઘટતું હોય ॥ગિ૦॥૯॥

તતક્ષણ હરિણુગમેષી તેડાવી, મોકલિયો તેણે ઠાય ।
માહણી ગર્ભ અને ત્રિશલાનો, બિહું બદલી સુરજાય ॥ગિ૦॥૧૦॥

વલી નિશિભર તે દેવાનંદા, સુપન લહે અસાર ।
જાણ્યું સુપન ત્રિશલા કર ચઢિયાં, જઈ કહે નિજ
ભરતાર ॥ ગિ૦ ॥ ૧૧ ॥

કંત કહે તું દુઃખહર સુંદરી, મુઝ મન અચરિજ હોય ।
મરૂસ્થલ રણુમાં કલ્પદ્રુમ દીઠો, આજ સંશય ટલ્યો
સોય ॥ ગિ૦ ॥ ૧૨ ॥

ઢાલ બીજી.

નયરિ ક્ષત્રિકુંડ નરપતિ, સિદ્ધારથ ભલોએ ।
આણ ન ખંડેરે તસતણી, જગજસ નિર્મલોએ ॥ ૧ ॥

તસ પટ્ટરાણી ત્રિશલા સતિ, કૂખે જગપતિએ ।
પરમ હર્ષ હિયડે ધરિ, ઠવિયા સુરપતિએ ॥ ૨ ॥

સુખ સેજે પોઢી દેવી તો, ચઉદ સુપન લહેએ ।
જાગતી જિન ગુણ ગાવતી, હર્ષંતી ગહગહેએ ॥ ૩ ॥

રાજહંસ ગતિ ચાલતી, પિયુકને આવતી એ ।
મહ ઉગમતે સૂરતો, વિનવે નિજપતિએ ॥ ૪ ॥
વાત સુણી રાય રંજિયો, પંડિત તેડીયાએ ।
તેણે સમે સુપન વિચારતો, પુસ્તક છોડીયાં એ ॥ ૫ ॥
બોલે મધુરી વાણુતો, ગુણનિધિ સુત હોશેએ ।
સુખ સંપત્તિ ઘરે વાધશે, સંકટ ભાંજશેએ ॥ ૬ ॥
પંડિતને રાય તુઠિયા, લચ્છી દીયે ઘણીએ ।
કહે તુમ વાણી સફલ ફલ હોજો, આશા અમતણીએ ॥ ૭ ॥
નિજપદ પંડિત સંચર્યા, રાય સુખેં રહે એ ।
દેવી ઉદર ગર્ભ વાધતો, શુભ દોહલા લહેએ ॥ ૮ ॥
માત ભક્તિ જિનપતિ કરે, ગર્ભ હાલે નહીંએ ।
સાત મસવાડા વોલીયા, માય ચિંતા લહીએ ॥ ૯ ॥
સહીયરને કહે સાંભલો, કુણે મહારો ગર્ભ હર્યો એ ।
હૂંરે ભોલી જાણું નહીં, કોગટ પ્રગટ કર્યોએ ॥ ૧૦ ॥
સખી કહે અરિહંત સમરતાં, દુઃખ દોહગ ટલેએ ।
તવ જિન જ્ઞાન પ્રયુંજીયો, ગર્ભ તે સલસલેએ ॥ ૧૧ ॥
માત પિતા પરિવારનું, દુઃખ નિવારિયું એ ।
સંયમ ન લેઉં માય તાય છતાં, જિન નિર્ધારિયું એ ॥ ૧૨ ॥
અણુદીઠે મોહ એવડો, તે કિમ વિછોહ ખમેએ ।
નવ મસવાડા ઉપરે, દિન સાડા સાતમેએ ॥ ૧૩ ॥
ચૈત્ર શુકલ તેરશે, શ્રી જિન જનમીયાએ ।
સિદ્ધારથ ભૂપતિ ભલો, ઓચ્છવ માંડિયાએ ॥ ૧૪ ॥

॥ ઢાલ ત્રીજી ॥ વસ્તુની દેશી ॥

પુત્ર જનમ્યો પુત્ર જનમ્યો જગત શણગાર ।
શ્રી સિદ્ધારથ નૃપ કુલ તિલો, કુલમંડણ કુલતણો દીવો ।
શ્રી જિનધર્મ પસાઉલે, ત્રિશલા દેવી સુત ચિરંજીવો ।
એમ આશીશ દીયે ભલી, આવી છપન્ન કુમારી ।
શુચિ કર્મ કરે તે સહી, સોહે જિસી હરિની નારી ॥ ૧ ॥

॥ ઢાલ ચોથી ॥

ચલ્યું રે સિંહાસન ઇંદ્ર, જ્ઞાનેં નિરખતાએ ।
જાણ્યું શ્રી જન્મ જિણુંદ, ઇંદ્રિ તવ હરખતાએ ॥ ૧ ॥
આસનથીરે ઉઠેવ, ભક્તિ હૃદયેં ઘણીએ ।
વાજે સુઘોષા ઘંટ, સઘલે રણુઝણુએ ॥ ૨ ॥
ઇંદ્ર ભુવનપતિ વીશ, વ્યંતરતણાએ ।
બત્રીશ રવિ શશિ દોય, દશ હરિ કલ્પનાએ ॥ ૩ ॥
ચોશઠ ઇંદ્ર મિલેવી, પ્રણમી કહેએ ।
રત્ન ગર્ભા જિન માત, દુજી એસી નહીંએ ॥ ૪ ॥
જન્મ મહોત્સવ કરે દેવ, સરવે આવીયાએ ।
માયને દેઈ નિદ્રામંત્ર, સુત લેઈ મેરૂ ગયાએ ॥ ૫ ॥
કંચન મણિરે ભૃંગાર, ગંધોદક ભર્યાએ ।
કિમ સહેશે લઘુવીર, હરિશંકા ધરેએ ॥ ૬ ॥
વહેશે નીરપ્રવાહ, કિમ નામીયેંએ ।
ન કરે નમણ સનાત્ર, જાણ્યું સ્વામીયેએ ॥ ૭ ॥

ચરણ અંગુઠે મેરૂ, ચાંપી નાચિયોએ ।
મુજ શિર પગ ભગવંત, ઈમ કહી માચિયોએ ॥ ૮ ॥
ઉલટયા સાયર સાત, સરવે જલ હલ્યાએ ।
પાયાલેં નાગિંદ્ર, સઘલા સલસલ્યાએ ॥ ૯ ॥
ગિરિવર ત્રુટે ટુંક, ગડગડે ઘણુંએ ।
ત્રિભુવનના લોક, કંપિત લડથડચાએ ॥ ૧૦ ॥
અનંત બલ અરિહંત, સુરપતિ કહેએ ।
મુઝ મન મૂરખ મૂઢ, એટલું નવિ લહેએ ॥ ૧૧ ॥
પ્રદક્ષિણા દેઈ ખામેવ, મહોત્સવ કરેએ ।
નાચે સુર ગાએ ગીત, પુણ્ય પોતેં ભરેએ ॥ ૧૨ ॥
ધણુ સમે સદ્ગની લીલ, તૃણ સમ ગણેએ ।
જિન મૂકી માયને પાસ, પદ ગયા આપણેએ ॥ ૧૩ ॥
માય જાગી જુવે પુત્ર, સુરવર પૂજિયોએ ।
કુંડલ દેઈ દેવ દોય, અમિય અંગુઠે દીયોએ ॥ ૧૪ ॥
જન્મ મહોત્સવ કરે તાત, રિદ્ધિયેં વાધીયોએ ।
સ્વજન સંતોષી નામ, વર્દ્ધમાન થાપીયોએ ॥ ૧૫ ॥

॥ ઢાલ પાંચમી ॥

પ્રભુ કલ્પતરૂ પરે વાધે, ગુણ માહિમાનો પાર ન લાધે ।
રૂપેં અદ્ભુત અનુપમ અકલ, અંગ લક્ષણ કલા વિદ્યા સકલ ॥૧॥
મુખચંદ કમલ દલ નયણાં, શ્વાસ સુરભિ ગંધ મીઠાં વયણાં ।
હેમવર્ણ તનુ સોહાવે, અતિ નિરમલ નીરે નવરાવે ॥ ૨ ॥

તપ તેજે સૂર્ય સોહે, જોતાં સુરનાં મન મોહે ।
રમે રાજકુંવરશું વનમાં, માય તાયને આનંદ મનમાં ॥ ૩ ॥
પ્રભુ અતુલ મહાબલ વીર, ઇંદ્ર સભામાંહે કહે જીનવીર ।
એક સુર મૂઢ વાત ન માને, આવ્યો પરખવાને રમવાને ॥ ૪ ॥
સુર અહિ થઈ આમલિયો રાખે, પ્રભુ હાથે ઝાલી દૂર નાખે ।
વલી બાલક થઇને આવી રમિયો, હારી વીરને ખાંધે લઈ ગમિયો ॥૫॥
માયતાય દુઃખ ધરિ કહિયો. લાડકડો કિણે અપહરિયો ।
જોતાં સુર વાધે ગગને મિથ્યાત્વી,
વીરે મુઠીયે હણ્યો પડ્યો ધરતી ॥ ૬ ॥
નમી નામ દીધું **મહાવીર**, જેહવો ઇંદ્રે કહ્યો તેહવો ધીર ।
સુર વલીયોને પ્રભુ આવ્યા રંગે, માય તાયને ઉલટ અંગે ॥ ૭ ॥

॥ ઢાલ છઠ્ઠી ॥ વસ્તુની દેશી ॥

રાય ઓચ્છવ કરે મનરંગ, લેખકશાલા
સુત ઠવે, વીરજ્ઞાન સયલ જાણે ।
તવ સુધર્મા ઇંદ્ર આવી કરી, પૂછે ગ્રંથ સામી વખાણે ।
જૈન વ્યાકરણ તિહાં કીયો, આણંદે સુરરાય ।
વચન વિશેષે ભારતી, પંડ્યો વિસ્મય થાય ॥ ૧ ॥

॥ ઢાલ સાતમી ॥

યૌવન વય જિન આવિયાએ, રાયે કન્યા યશોદા પરણાવીયાએ ।
વિવાહ મહોત્સવ શુભ કીયાએ,
સવિ સુખ સંસારનાં વિલસીયાંએ ॥ ૧ ॥

અનુક્રમેં હુઈ એક કુંવરીએ, ત્રીશ વરસ જિનરાજ લીલા કરીએ ।
માતાપિતા સદ્ગતિ ગયાએ, પછે વીર વૈરાગે પૂરિયાએ ॥ ૨ ॥
મયણુરાય મનશું જીતિયેાએ, વીરેં અથિર
સંસાર મન ચિંતિયેાએ ।
રાજરમણી ઋદ્ધિ પરિહરીએ, કહે કુટુંબને
લેશું સંયમ સિરીએ ॥ ૩ ॥

॥ ઢાલ આઠમી ॥

॥ પિતરીયેા સુપાસરે, ભાઈ નંદીવર્ધન,
કહે વત્સ એમ ન કીજિયેં એ ॥ ૧ ॥
આગે માય તાય વિચ્છેાહરે, તું વલી વ્રત લીયે,
ચાંદે ખાર ન દીજીયેંએ ॥ ૨ ॥
નીર વિણુ જિમ મત્સ્યરે, વીર વિના તિમ,
ટલવલતું સહુ એમ કહેએ ॥ ૩ ॥
કૃપાવંત ભગવંતરે, નેહ વચને કરી,
બે વરસ જાજેરાં રહેએ ॥ ૪ ॥
ફાસુ લીયે અન્નપાનરે, પરઘર નવિ જીમે,
ચિત્ત ચારિત્ર ભાવેં રમેએ ॥ ૫ ॥
ન કરે રાજની રીતરે, સુરલેાકાંતિક, આવી કહે સંયમસમેએ ॥ ૬ ॥
બુજ બુજ ભગવંતરે, છેાડી વિષય સુખ,
આ સંસાર વધારણુાએ ॥ ૭ ॥

॥ ઢાલ નવમી ॥

આલે આલે ત્રિશલાનેા કુવર, રાજા સિદ્ધારથનેા
નંદન, દાન સંવત્સરીએ ॥ ૧ ॥

એક કોડી આઠ લાખ દિન પ્રતેએ, કનક રયણ
રૂપામોતી તો, મૂઠીયું ભરી ભરીએ ॥ ૨ ॥
ધણ કણ ગજરથ ઘોડલાએ, ગામ નયર પુર દેશ તો,
મનો વાંછિત ફલ્યાં એ ॥ ૩ ॥
નિરધન તે ધનવંત થયા એ, તસ ઘરે ન ઓલખે
નારીતો, સમ કરે વલી વલી એ ॥ ૪ ॥
દુઃખ દારિદ્ર હરે જગતણાએ, મેઘપરેં વરસે દાનતો,
પૃથિવી અઋણ કરીયે ॥ ૫ ॥
બહુનર નારી ઉત્સવ જુએએ, સુરનર કરેરે મંડાણતો,
જિન દીક્ષા વરીએ ॥ ૬ ॥
વિહાર કરમ જગ ગુરૂ કિયેાએ, કેડેં આવ્યેા માહણ મિત્રતો,
નારી સંતાપિયેા એ ॥ ૭ ॥
જિન જાચક હૂં વીસર્યો એ, પ્રભુ ખંધથકી દેવ દૂષ્યતો,
ખંડ કરી દિજીએએ ॥ ૮ ॥

॥ ઢાલ દશમી ॥ છઠ્ઠી ભાવના મનધરેા ॥ એ દેશી ॥

જસ ઘર કરે પ્રભુ પારણું, સુર તિહાં કંચન વરસે
અતિ ઘણું, આંગણું દીપે તેજેં તેહનું એ ॥ ૧ ॥
દેવદુંદુભિ વાજે એ, તિણ નાદે અંબર ગાજેએ, છાજેએ,
ત્રિભુવનમાંહે સોહામણું એ ॥ ૨ ॥
ત્રોટક ॥ સોહામણું પ્રભુ તપ તપે બહુ, દેશ વિદેશેં વિચરતાં ।
ભવ્ય જીવને ઉપદેશ દેઈ, સાતે ઇતિ શમાવતા ॥ ૩ ॥
ષટ્માસ વનમેં કાઉસ્સગ્ગેં રહ્યા, જિન કર્મ કઠીન દહે સહી ।
ગોવાલ ગોકુલ ભલાવીયા, વીરમુખેં બોલ્યા નહીં ॥ ૪ ॥

॥ ઢાલ પૂર્વલી ॥

ગોકુલ સવિ દહ દિશિ ગયાં, તિણેં આવી કહે મુનિ કિહાં ગયા,
ઋષિરાય, ઉપર મૂરખ કોપીયાએ ॥ ૫ ॥

ચરણ ઉપર રાંધી ખીર, તેણે ઉપસર્ગે ન ચલ્યા ધીર,
મહાવીર શ્રવણે ખીલા ઠોકીયાએ ॥ ૬ ॥

ત્રોટક ॥ ઠોકીયા ખીલા, દુઃખ પીડા કોણ લહે તિમ કરિ ગયા।
જિનરાયને મન શત્રુ મિત્ર સરિખા, મેરૂપરેં ધ્યાને રહ્યા ॥ ૭ ॥

ઊન્હી વરસે મેઘ બારે, વીજલી જબકે ઘણી।
બેહુ ચરણ ઉપર ડાભ ઊગ્યા, ઈમ સહે ત્રિભુવન ધણી ॥ ૮ ॥

॥ ઢાલ ॥

ઈકિ દિન ધ્યાન પૂરૂં કરી, પ્રભુ નયરીયેં પહોતા ગોચરી,
તિહાં વૈદ્યે શ્રવણે ખીલા જાણીયાએ ॥ ૯ ॥

પારણું કરી કાઉસ્સગ્ગેં રહ્યા, તિહાં વૈદ્યે સંચ ભલા કીયા,
બાંધીયા વૃક્ષેં દોર, ખીલા તાણીયાએ ॥ ૧૦ ॥

ત્રોટક ॥ તાણી કાઢ્યા દોય ખીલા, વીર વેદના થઈ ઘણી।
આકંદતાં ગિરિ થયો શતખંડ જુઓ ગતિ કરમતણી ॥ ૧૧ ॥

બાંધે જીવડો કર્મ હસતાં, રોવતાં છૂટે નહીં।
ધન્ય મુનિવર રહે સમચિત, ઈમકર્મ ત્રૂટે સહી ॥ ૧૨ ॥

॥ ઢાલ અગ્યારમી ॥

જુઓ જુઓ કરમેં શું કીધૂં રે, અજ વરસ રિખભે ન લીધૂં રે।
કરમ વશેં ન કરો ખેદરે, મલ્લિનાથ પામ્યા જીવેદરે ॥ ૧ ॥

કર્મે ચક્રી બ્રહ્મદત્ત નડીયોરે, સુભૂમ નરકે એ પડિયોરે ।
ભરત બાહુબલશું લડીયોરે, ચક્રી હરિસય જસ ચડિયોરે ॥ ૨ ॥
સનત્કુમારે સહ્યા રોગરે, નલ દમયંતી વિયોગરે ।
વાસુદેવ જરાકુમરે માર્યોરે, બલદેવ મોહનીયે ધાર્યોરે ॥ ૩ ॥
ભાઈ શબ મસ્તકે વહીયોરે, પ્રતિબોધ સુરમુખે લહિયોરે ।
શ્રેણિક નરકે એ પહુત્તરે. વન ગયા દશરથ પુત્તરે ॥ ૪ ॥
સત્યવંત હરિચંદ ધીરરે, કુંભ ઘરે શિર વહ્યું નીરરે ।
કુબેરદત્તને કુયોગરે, બેન વલી માતાશું ભોગરે ॥ ૫ ॥
પરહસ્તે ચંદનબાલરે, ચઢયું સુભદ્રાને આલરે ।
મયણરેહા મૃગકલેબારે, દુઃખ ભોગવ્યાં તે અનેકારે ॥ ૬ ॥
કરમે ચંદ્ર કલંકયોરે, રાયરંક કોઈ ન મૂકયો રે ।
ઈંદ્ર અહલ્યાશું લુબ્ધ્યોરે, રત્નાદેવી ઈશ વશ કીધોરે ॥ ૭ ॥
ઈશ્વર નારીયે નચાવ્યોરે, બ્રહ્મા ધ્યાનથી મુકાવ્યોરે ।
અહો અહો કર્મ પ્રધાનરે, જીત્યા જીત્યા શ્રી વર્દ્ધમાનરે ॥ ૮ ॥

॥ ઢાલ બારમી ॥

ઈમ કર્મ ખપાવી, ધીર પુરૂષ મહાવીર ।
બાર વરસ તપ્યું તપ, તે સઘલું વિણ નીર ॥ ૧ ॥
શાલિવૃક્ષ તણે પ્રભુ, પામ્યા કેવળ જ્ઞાન ।
સમોસરણ રચ્યું સુર, દેશના દીયે જિનભાણ ॥ ૨ ॥
અપાપાનયરી, યજ્ઞ કરે વિપ્ર જેહ ।
સરવ બુજવી દીક્ષા દીયે, વીરને વન્દે તેહ ॥ ૩ ॥
ગૌતમ ઋષિ આદે, ચારશે ચાર હજાર ।
સહસ ચઉદ મુનીશ્વર, ગણધર વર અગ્યાર ॥ ૪ ॥

ચન્દનબાલા પ્રમુખ, સાધવી સહસ છત્રીશ ।
દોઢલાખ સહસ નવ શ્રાવક દે આશીષ ॥ ૫ ॥
ત્રણ્ય લાખ શ્રાવિકા, ઉપર સહસ અઢાર ।
સંઘ ચતુર્વિધ થાપ્યો, ધનધન જિન પરિવાર ॥ ૬ ॥
પ્રભુ અશોક તરૂ તલે, ત્રિગડે કરે વખાણ ।
સુણે પરખદા બારે, યોજન વાણી પ્રમાણ ॥ ૭ ॥
ત્રણ્ય છત્ર સોહે શિર, ચમર ઢાલે ઇંદ્ર ।
નાટક બદ્ધ બત્રીશ, ચોત્રીશ અતિશય જિણંદ ॥ ૮ ॥
કુલપગર ભરે સુર, વાજે દુંદુભિ નાદ ।
નમે સકલ સુરાસુર, છાંડી સવિ પ્રમાદ ॥ ૯ ॥
ચિહું રૂપે સોહે, ધર્મ પ્રકાસે ચાર ।
ચોવીશમો જિનવર, આપે ભવનો પાર ॥ ૧૦ ॥
પ્રભુ વરસ બહોંતેર, પાલી નિર્મલ આય ।
ત્રિભુવન ઉપગારી, તરણ તારણ જિનરાય ॥ ૧૧ ॥
કાર્તિક માસે દિન, દીવાલી નિર્વાણ ।
પ્રભુ મુગતે પોતા, પ્રણમે નિત્ય કલ્યાણ ॥ ૧૨ ॥

॥ કલસ ॥

એ વીર જિનવર સયલ સુખકર, નામે નવનિધ સંપજે ।
ધન ઋદ્ધિ વૃદ્ધિ સુસિદ્ધિ પામે, એકમના જે નર ભજે ।
તપગચ્છ ઠાકર, ગુણ વીરાગર, હીરવીજય સૂરીશ્વરૂ ।
હંસ વંદે મન આણંદે, કહે ધન એ મુઝ ગુરૂ ॥ ૧ ॥

॥ ઇતિ શ્રી મહાવીર સ્વામીનું પાંચ કલ્યાણકનું બાર ઢાલીયું સંપૂર્ણ ॥

॥ શ્રી મહાવીરસ્વામીનું પંચકલ્યાણકનું-ત્રણ ઢાલનું સ્તવન ॥

॥ દુહા ॥ શાસન નાયક શિવકરણ, વંદુવીર જિણુંદ ।
પંચ કલ્યાણક જેહના, ગશું ધરી આણુંદ ॥ ૧ ॥
સુણતાં થુણતાં પ્રભુ તણા, ગુણ ગીરૂઆ એકવાર ।
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, સફલ હુએ અવતાર ॥ ૨ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ બાપલડી સુણ જીભલડી ॥ એ દેશી ॥

સાંભળજ્યો સસ્નેહી સયણાં, પ્રભુના ચરિત્ર ઉલ્લાસે ।
જે સાંભળશે પ્રભુ ગુણ એહના, સમકિત નિર્મળ
થાશેરે ॥ સાં૦ ॥ ૧ ॥
જંબુદ્વીપે દક્ષિણ ભરતે, માહણકુંડ ગામે ।
ઋષભદત્ત બ્રાહ્મણ તસ નારી, **દેવાનંદા** નામેરે ॥ સાં૦ ॥૨॥
આષાઢસુદી છઠે પ્રભુજી, પુષ્પોત્તરથી ચવિયા ।
ઉત્તરા ફાલ્ગુની યોગે આવી, તસ કુખે અવતરીયારે ॥ સાં૦ ॥૩॥
તિણ રયણી સા **દેવાનંદા**, સુપન ગજાદિક નિરખે ।
પ્રભાતે સુણી કંથ **ઋષભદત્ત**, હિયડામાંહી હરખેરે ॥ સાં૦॥૪॥
ભાંખે ભોગ અર્થ સુખ હોસ્યે, હોસ્યે પુત્ર સુજાણ ।
તે નિસુણી સા દેવાનંદા, કીધું વચન પ્રમાણ ॥ સાં૦ ॥ ૫ ॥
ભોગ ભલા ભોગવતા વિચરે, એહવે અચરિજ હોવે ।
શતકતુ જીવ સૂરેસર હરખ્યો, અવધિ પ્રભુને જોવેરે ॥ સાં૦ ॥ ૬ ॥
કરી વંદનને ઇંદ્ર સન્મુખ, સાત આઠ પગ આવે ।
શક્રસ્તવ વિધિ સહિત ભણીને, સિંહાસન સોહાવેરે ॥ સાં૦ ॥ ૭ ॥

સંશય પડિયો એમ વિમાસે, જિન ચક્રી હરી રામ ।
તુચ્છ દરિદ્ર માહણકુલ નાવે, ઉત્તમભોગ વિણ ધામેરે ॥ સાં० ॥ ૮ ॥

અંતિમ જિન માહણ કુલ આવ્યા, એહ અછેરૂં કહીએ ।
ઉત્સર્પિણી અવસર્પિણી, અનંતી જાતાં એહવું
લહીએરે ॥ સાં० ॥ ૯ ॥

ઇણ અવસર્પિણી દસ અછેરાં, થયાં તે કહીએ તેહ ।
ગર્ભહરણ[૧] ગોસાલાઉપસર્ગ,[૨] નિષ્ફલ દેશના[૩]
જેહરે ॥ સાં० ॥ ૧૦ ॥

મૂલ વિમાને રવિ શશી આવ્યા,[૪] ચમરાનો ઉત્પાત[૫] ।
એ શ્રીવીરજિણેસર વારે, ઉપનાં પંચ વિખ્યાતરે ॥ સાં० ॥ ૧૧ ॥

સ્ત્રીતીર્થ[૬] મલ્લિજિનવારે, શીતલને હરિવંશ[૭] ।
ઋષભને અઠોત્તરસો સીધા[૮], સુવિધિ અસંજતી[૯]
સંસરે ॥ સાં० ॥ ૧૨ ॥

શંખ શબ્દ મીલીયા હરિ હરિસ્યું,[૧૦] નેમીસરને વારે ।
તીમ પ્રભુ નીચ કુલે અવતરીયા, સુરપતિ એમ
વિચારેરે ॥ સાં० ॥ ૧૩ ॥

॥ ઢાલ ૨ ॥ નદી યમુનાકે તીર ॥ એ દેશી ॥

ભવ સત્તાવીસ સ્થુલમાંહિ ત્રીજે ભવે,
મરીચી કીયો કુલનો મદ ભરત યદા સ્તવે ।
નીચ ગોત્ર કરમ તિહાં બાંધ્યું તે વતી, અવતરીયા માહણ
કુલ અંતીમ જિનપતી ॥ ૧ ॥

અતિ અઘટતું એહ થયું થાશે નહીં,
જે પ્રસવે જિન ચક્રી નીચકુલે નહી ।
ઈહાં મારો આચાર ધરૂં કુલે, હરિણુગમેષી દેવ
તેડાવે એટલે ॥ ૨ ॥
કહે માહણકુંડ નયરે જોઈ ઉચિત કરો, દેવાનંદ કુખેથી પ્રભુને સંહરો ।
નયર ક્ષત્રીયકુંડ રાય સિદ્ધારથ ગેહિની,
ત્રિશલા નામે ઘરો પ્રભુ કુખે તેહની ॥ ૩ ॥
ત્રીશલા ગર્ભ લઇને ઘરો માહણી ઉરે,
બ્યાસી રાત વસીને કહ્યું તીમ સુર કરે ।
માહણી દેખે સુપન જાણે ત્રીશલા હર્યો,
ત્રીશલા સુપન લહે તવ ચોદ અલંકર્યા ॥ ૪ ॥
હાથી[૧] વૃષભ[૨] સિંહ[૩] લક્ષ્મી[૪] માલા[૫] સુંદરૂં શશી[૬] રવિ,[૭]
ધ્વજ[૮] કુંભ[૯] પદ્મસરોવર[૧૦] સાગરૂ[૧૧] ।
દેવવિમાન[૧૨] રયણપુંજ[૧૩] અગ્નિ[૧૪] વિમલે,
એહવે દેખે ત્રિશલા એહ કે પીઉને વિનવે ॥ ૫ ॥
હરખ્યો રાય સુપન પાઠક તેડાવિયા,
રાજભોગ સુતફલ સુણી તેહ વધાવિયા ।
ત્રિશલારાણી વિધિસ્યું ગર્ભસુખે હવે,
માય તણે હિત હેત કે પ્રભુ નિશ્ચલ રહે ॥ ૬ ॥
માય ધરે દુઃખ ઘોર વિલાપ ઘણું કરે,
કહે મેં કીધાં પાપ અઘોર ભવાંતરે ।
ગર્ભ હર્યો મુજ કેણ હવે કેમ પામીએ,
દુખનો કારણ જાણી ચ્યવીયું સ્વામીએ ॥ ૭ ॥

અહો અહો મોહ વિટંબણ જાલમ જગતમેં,
અણદીઠે દુઃખ એવડો ઉપાયો પલકમેં ।
તવ અભિગ્રહ ધારે પ્રભુ તે કહું,
માત પિતા જીવતાં સંયમ નવિ ગ્રહું ॥ ૮ ॥

કરૂણા આણી અંગ હલાવ્યું જિનપતિ,
બોલી ત્રિશલા માત હિયે ઘણું હિસતી ।
અહો મુજ જાગ્યાં ભાગ્ય ગર્ભ મુજ સલસલ્યો,
સેવ્યો શ્રી જિનધર્મ કે સુરતરૂ જિમ ફલ્યો ॥ ૯ ॥

સખીય કહે શીખામણ સ્વામીની સાંભલો,
હળવે હળવે બોલો હસો રંગે ચલો ।
ઈમ આનંદે વિચરંતા ડોહલા પુરતે,
નવ મહિનાને સાડાસાત દિવસ થતે ॥ ૧૦ ॥

ચૈત્ર તણી સુદ તેરસ નક્ષત્ર ઉત્તરા,
જોગે જન્મ્યા વીર કે તવ વીકસી ધરા ।
ત્રિભુવન થયો ઉદ્યોત કે રંગ વધામણાં,
સોના રૂપાની વૃષ્ટિ કરે ઘેર સુર ઘણા ॥ ૧૧ ॥

આવી છપ્પન કુમારી કે ઓછવ પ્રભુ તણે,
ચલ્યું રે સિંહાસન ઇંદ્રકે ઘંટા રણઝણે ।
મળી સુરની કોડ કે સુરવર આવીયો,
પંચ રૂપ કરી પ્રભુને સુરગિરિ લાવીઓ ॥ ૧૨ ॥

એક કોડ સાઠ લાખ કલશ જલશું ભર્યા,
કિમ સ્નેહસ્યે લઘુ વીર કે ઇંદ્ર સંશય ધર્યા ।

પ્રભુ અંગુઠે મેરૂ ચાંપ્યો અતિ ઘડ ઘડે,
ગડગડે પૃથ્વી લોક જગતના લડથડે ॥ ૧૩ ॥

અનંત બળી પ્રભુ જાણી ઇંદ્રે ખમાવિઓ,
ચાર વૃષભનાં રૂપ કરી જલ નામીઓ ।
પૂજી અરચી પ્રભુને માય પાસ ધરે,
ધરી અંગુઠે અમૃત ગયા નંદીશ્વરે ॥ ૧૪ ॥

॥ ઢાલ ૩ ॥ દેશી હમચડીની ॥

કરી મહોચ્છવ સિદ્ધારથ ભૂપ, નામ ધરે **વર્ધમાન** ।
દીન દીન વાધે પ્રભુ સુરતરૂ જિમ, રૂપ કલા અસમાન રે
॥ હમચડી ॥ ૧ ॥

એક દિન પ્રભુજી રમવા કારણ, પુર બાહિર જબ જાવે ।
ઇંદ્ર મુખે પ્રશંસા સુણી તિહાં, મિથ્યાત્વી સુર આવેરે
॥ હમચડી ॥ ૨ ॥

અહિ રૂપે વિટાણો તરૂસ્યું, પ્રભુ નાખ્યો ઉછાલી ।
સાત તાડનું રૂપ કર્યું તબ, મુઠે નાંખ્યો વાલીરે
॥ હમચડી ॥ ૩ ॥

પાયે લાગીને તે સુર ખામે, નામ ધરે **મહાવીર** ।
જેવો ઇંદ્રે વખાણ્યો સ્વામી, તેવો સાહસ ધીરરે ॥ હમચડી ॥ ૪ ॥

માત પીતા નિશાળે મુકે, આઠ વરશના જાણી ।
ઇંદ્રતણા તિહાં સંશય ટાળ્યા, નવ વ્યાકરણ વખાણીરે
॥ હમચડી ॥ ૫ ॥

અનુક્રમે યૌવન પામ્યા પ્રભુજી, વર્યા યશોદારાણી ।
અઠ્ઠાવીશે વરસે પ્રભુનાં, માત પિતા નિર્વાણીરે ॥ હમચડી ॥ ૬ ॥

દોય વરસ ભાઈને આગ્રહ, પ્રભુ ઘરવાસે વસીયા ।
ધર્મ પંથ દેખાડો ઈમ કહે, લોકાંતિક ઉલસીયારે
॥ હમચડી ॥ ૭ ॥

એક કોડ આઠ લાખ સોનઈયા, દીન દીન પ્રભુજી આપે ।
ઈમ સંવચ્છરી દાન દઈને, જગનાં દારિદ્રય કાપેરે
॥ હમચડી ॥ ૮ ॥

છાંડ્યાં રાજ અંતેઉર પ્રભુજી, ભાઈએ અનુમતિ દીધી ।
મૃગશીર વદ દશમી ઉત્તરાયે, વીરે દીક્ષા લીધીરે
॥ હમચડી ॥ ૯ ॥

ચઉનાણી તિણ દીનથી પ્રભુજી, વરસ દિવસ ઝાઝેરે ।
ચિવર અર્ધ બ્રાહ્મણને દીધું, ખંડ ખંડ બે ફેરી રે
॥ હમચડી ॥ ૧૦ ॥

ઘોર પરિસહ સાડાબારે, વરસ જે જે સહીયા ।
ઘોર અભિગ્રહ જે જે ધરિયા, તે નવિ જાયે કહીયારે
॥ હમચડી ॥ ૧૧ ॥

સૂલપાણીને, સંગમદેવે, ચંડકોસી ગોસાલે ।
દીધું દુખને પાયસ રાંધી, પગ ઉપર ગોવાલેરે ॥ હમચડી ॥ ૧૨ ॥

કાને ગોપે ખીલા માર્યા, કાઢતાં મુકી રાડી ।
જે સાંભલતાં ત્રિભુવન કંપ્યાં, પર્વત શિલા ફાટીરે
॥ હમચડી ॥ ૧૩ ॥

તે તેં દુષ્ટ સહુ ઉધરીયા, પ્રભુજી પર ઉપગારી ।
અડદ તણા બાકુલા લઈને, ચંદનબાલા તારીરે ॥ હમચડી ॥ ૧૪ ॥
દોય છ માસી નવ ચઉ માસી, અઢી માસી ત્રણમાસી ।
દોઢ માસી બે બે કીધાં, છ કીધાં બે માસીરે ॥ હમચડી ॥ ૧૫ ॥
બાર માસને પખ બેહોતેર, છઠ બસેં ઓગણત્રીસ વખાણું ।
બાર અઠમ ભદ્રાદિ પ્રતિમા, દીન દોઈ ચાર દશ જાણું રે
॥ હમચડી ॥ ૧૬ ॥
ઈમ તપ કીધાં બારે વરસે, વીણુ પાણી ઊલ્લાસે ।
તેમાં પારણાં પ્રભુજીએ કીધાં, ત્યણશેં ઓગણપચાસરે
॥ હમચડી ॥ ૧૭ ॥
કર્મ ખપાવી વૈસાખ માસે, સુદ દશમી સુભ જાણ ।
ઉત્તરા યેાગ શાલિવૃક્ષ તલે, પામ્યા કેવલ નાણરે
॥ હમચડી ॥ ૧૮ ॥
ઇંદ્રભૂતિ આદિ પ્રતિબોધ્યા, ગણધર પદવી દીધી ।
સાધુ[૧] સાધવી[૨] શ્રાવક[૩] શ્રાવિકા[૪], સંઘ સ્થાપના કીધીરે
॥ હમચડી ॥ ૧૯ ॥
ચઉદ સહસ અણગાર સાધ્વી, સહસ છત્રીસ કહીજે ।
એક લાખને સહસ્ર ગુણસઠ્ઠિ, શ્રાવક શુદ્ધ કહીજેરે ॥ હમચડી ॥ ૨૦ ॥
તીન લાખ અઠાર સહસ વલી, શ્રાવિકા સંખ્યા જાણી ।
ત્રણસેં ચૌદ પૂર્વધારી, તેરસેં બોહી નાણીરે ॥ હમચડી ॥ ૨૧ ॥
સાત સયાં તે કેવલનાણી, લબ્ધિધારી પણ તેતા ।
વિપુલ મતિયા પાંચસેં કહીયા, ચારસેં વાદી જિત્યારે
॥ હમચડી ॥ ૨૨ ॥

સાતસેં અંતેવાસી સીધ્યા, સાધવી ચૌદસેં સાર ।
કોન દીન તેજ સવાયે દીપે એ, પ્રભુજીનો
પરિવારરે ॥ હમચડી ॥ ૨૩ ॥

ત્રીસ વરસ ઘરવાસે વસીયા, બાર વરસ છદ્મસ્થે ।
તીસ વરસ કેવલ બેંતાલીસ, વરસ સમણુા
મધેરે ॥ હમચડી ॥ ૨૪ ॥

વરસ બહોતેર કેરૂ આયુ, વીર જિણંદનું જાણેા ।
દીવાલી દીન સ્વાતી નક્ષત્ર, પ્રભુજીનો
નિરવાણુરે ॥ હમચડી ॥ ૨૫ ॥

પંચકલ્યાણુક એમ વખાણ્યા, પ્રભુજીના ઉલ્લાસે ।
સંઘ તણે આગ્રહ હરખ ભરીને, સુરત રહી
ચેામાસુંરે ॥ હમચડી ॥ ૨૬ ॥

॥ કલશ ॥ ઇમ ચરમ જિનવર, સયલ
સુખકર થયેા અતિ ઉલટ ધરી ।
અષાડ ઉજ્વલ પંચમી દિન, સંવત શત ત્રીહોતરે ।
ભાદ્રવા શુદ્ધ પડવા તણે દીન, રવિવારે ઉલટ ભરેા ।
વિમલવિજય ઉવજ્ઝાય પયકજ, ભ્રમર સમ શુભ શીષ્ય એ ।
રામવિજય જિનવર નામે, લહે અધિક જગીસએ ॥ ૨૭ ॥

ઇતિ શ્રી વીરજિન પંચકલ્યાણુક સ્તવન સંપૂર્ણ ॥

।। મહાવીર સ્વામીનું હાલરડું ।।

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરૂવાનાં ગીત ।
સોના રૂપાને વળી રત્ને જડીયું પારણું,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત ।
હાલો હાલો હાલો હાલો મારા વીરને ।। ૧ ।।

જિનજી પાર્શ્વ પ્રભુથી વર્ષ અઢીસેં અંતરે,
હોશે ચોવીશમો તીર્થંકર જીન પરિણામ ।
કેશીસ્વામી મુખથી એહવી વાણી સાંભળી,
સાચી સાચી હુઈ તે મારે અમૃત વાણ । હાલો ।। ૨ ।।

ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જીનરાજ,
વીત્યા બારે ચક્રી નહી હવે ચક્રી રાજ ।
જીનજી પાર્શ્વ પ્રભુના શ્રી કેશી ગણધાર,
તેહને વચને જાણ્યા ચોવીશમા જીનરાજ
મારી કુખે આવ્યા ત્રણ ભુવન શીરતાજ,
મારી કુખે આવ્યા તારણ તરણ જહાજ,
હુંતો પુણ્ય પનોતી ઈંદ્રાણી થઈ આજ । હાલો૦ ।। ૩ ।।

મુજને દોહલા ઉપન્યા એસું ગજ અંબાડીએ,
સિંહાસન પર એસું ચામર છત્ર ધરાય ।
એ સહુ લક્ષણ મુજને નંદન તારા તેજનાં,
તે દિન સાંભરૂંને આણંદ અંગ ન માય । હાલો૦ ।। ૪ ।।



કરતલ પગતલ લક્ષણ એઠ હજારને આઠ છે,
તેહથી નિશ્ચય જાણ્યા જીનવર શ્રી જગદીશ ।
નંદન જમણી જંઘે લંછન સિંહ બીરાજતો,
મેંતો પહેલે સ્વપ્ને દીઠો વિશવાવીશ । હાલો૦ ॥ ૫ ॥

નંદન નવલા બંધવ નંદિવર્ધનના તમે,
નંદન ભોજાઈઓના દેવર છો સુકુમાલ ।
હસશે ભોજાઈઓ કહી દીઅર મહારા લાડકા,
હસશે રમશે ને વળી ચુંટી ખણશે ગાલ
હસશે રમશેને વળી હુંસા દેશે ગાલ । હાલો૦ ॥ ૬ ॥

નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન નવલી પાંચશે મામીના ભાણેજ છો ।
નંદન મામલીયાના ભાણેજા સુકુમાલ,
હસશે હાથે ઉછાળી કહીને નાના ભાણેજા.
આંબ્યો આંજીને વળી ટપકું કરશે ગાલ । હાલો૦ ॥ ૭ ॥

નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં,
રત્ને જડીયાં ઝુલણાં મોતી કસબી કોર ।
નીલાં પીળાં ને વળી રાતાં સર્વે જાતિનાં,
પહેરાવશે મામી મારા નંદકિશોર । હાલો૦ ॥ ૮ ॥

નંદન મામા મામી સુખડલી બહુ લાવશે,
નંદન ગજુવે ભરશે લાડુ મોતી ચૂર ।
નંદન મુખડાં જોઈને લેશે મામી ભમણાં,
નંદન મામી કહેશે જીવો સુખ ભરપુર । હાલો૦ ॥ ૯ ॥

નંદન નવલા ચેડા મામાની સાતે સતી,
મહારી ભત્રીજી ને બહેન તમારી નંદ ।
તે પણ ગુંજે ભરવા લાખણુસાઈ લાવશે,
તુમને જોઈ જોઈ હોશે અધિકે પરમાણુંદ । હાલો૦ ॥ ૧૦ ॥
રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો,
વળી સુડા મેના પોપટ ને ગજરાજ ।
સારસ કોયલ હંસ તીતર ને વળી મોરજી,
મામી લાવશે રમવા નંદ તમારે કાજ । હાલો૦ ॥ ૧૧ ॥
છપ્પન કુમરી અમરી જલ કલશે નવરાવીઆ,
નંદન તમને અમને કેલી ઘરની માંહ ।
કુલની વૃષ્ટિ કીધી ચોજન એકને માંડલે,
'બહુ ચિરંજીવો' આશીષ દીધી તુમને ત્યાંહ । હાલો૦ ॥ ૧૨ ॥
તમને મેરૂગિરિ પર સુરપતિએ નવરાવિઆ,
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય ।
મુખડા ઉપર વારી કોટી કોટી ચંદ્રમા,
વળી તન પર વારી ગ્રહ ગણુનો સમુદાય । હાલો૦ ॥ ૧૩ ॥
નંદન નવલા ભણુવા નિશાળે પણ મૂકશું,
ગજ પર અંબાડી બેસાડી મહોટે સાજ ।
પસલી ભરશું શ્રીફલ ફોફળ નાગરવેલશું,
સુખડલી લેશું નિશાળીયાને કાજ । હાલો૦ ॥ ૧૪ ॥
નંદન નવલા મહોટા થાશોને પરણાવશું,
વહુવર સરખી જોડી લાવશું સજકુમાર ।

સરખા વેવાઈ વેવાણો પધરાવશું,
વરવહુ પોંખી લેશું જોઈ જોઇને દેદાર । હાલો૦ ॥ ૧૫ ॥
પીયર સાસરા મહારા બેહુ પખ નંદન ઉજળા,
મહારી કુખે આવ્યા તાત પનોતા નંદ ।
મહારે આંગણે વુઠ્યા અમૃત દુધે મેહુલા,
મહારે આંગણે ફલીયા સુરતરૂ સુખના કંદ ॥ હા૦ ॥ ૧૬ ॥
ઇણિ પરે ગાયું માતા ત્રિશલા સુતનું હાલરૂ,
જે કોઈ ગાશે લેશે પુત્રતણાં સામ્રાજ ।
ખીલીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરૂ,
જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ ॥ હા૦ ॥ ૧૭ ॥

શ્રી પર્યુષણનું સ્તવન

પ્રભુ વીર જિણુંદ વિચારી ભાખ્યા પર્વ પજુષણ ભારી,
આખા વર્ષમાં તે દિન મોટા, આઠે નહીં તેમાં છેટારે એ
ઉત્તમને ઉપગારી । ભાખ્યા પર્વ૦ ॥ ૧ ॥
જેમ ઔષધ માંહી કહીએ, અમૃતને સારૂં લહીએરે,
મહામંત્રમાં નવકારવાલી । ભાખ્યા૦ ॥ ૨ ॥
વૃક્ષમાંહી કલ્પતરૂ સારો એમ પર્વ પજુષણ ધારોરે,
સૂત્રમાંહી કલ્પ ભવતારી, ભાખ્યા૦ ॥ ૩ ॥
તારા ગણમાં જેમ ચંદ્ર સુરવર માંહી જેમ ઇંદ્ર રે,
સતીઓમાં સીતા નારી । ભાખ્યા૦ ॥ ૪ ॥
જો બને તો અઠ્ઠાઈ કીજે, વળી માસ ખમણ તપ લીજે રે,
સોળ ભથ્થાની બલીહારી । ભાખ્યા૦ ॥ ૫ ॥

નહિ તો ચોથ છઠ્ઠ તો લહીએ, અઠ્ઠમ કરી દુઃખ સહીએરે,
તે પ્રાણી જુજ અવતારી ભાખ્યા૦ ॥ ૬ ॥

તે દિવસે સમતા છોડો, મોહમાયાને સમતારે,
સમતારસ દિલમાં ધારી ભાખ્યા૦ ॥ ૭ ॥

નવ પૂર્વ તણો સાર લાવી, જેણે કલ્પસૂત્ર બનાવીરે,
ભદ્રબાહુ વીર અનુસારી, ભાખ્યા૦ ॥ ૮ ॥

સોના રૂપાનાં ફુલડાં ભરીએ, એ કલ્પની પૂજા કરીએરે,
એ શાસ્ત્ર અનોપમ ભારી, ભાખ્યા૦ ॥ ૯ ॥

ગીત ગાન વાજિંત્ર વજાવે, પ્રભુજીની આંગી રચાવેરે,
કરે ભક્તિ વાર હજારી ભાખ્યા૦ ॥ ૧૦ ॥

સુગુરૂ મુખથી એ સાર સુણે, અખંડ એકવીશ વારરે,
જુએ એહીજ ભવે શિવપ્યારી, ભાખ્યા૦ ॥ ૧૧ ॥

એમ અનેક ગુણના ખાણી, તે પર્વ પજુષણ જાણીરે,
સેવો દાન દયા મનોહારી ભાખ્યા૦ ॥ ૧૨ ॥

શ્રી ઋષભદેવ સ્વામીનું પારણું

શ્રી જીન વનમાં જઈ તપ કરે, કર્યા માસ છ માસ ।
તપ તપતાં રે પુરમાંહી, આવ્યા વહોરવા કાજ ।
પ્રથમ જીનેશ્વર પારણે ॥ ૧ ॥

વિનિતા નગરી રળીયામણી, ફરતા શ્રી જીનરાજ ।
ગલીયે ગલીયે રે જો ફરે, વહોરાવે નહીં કોઈ
આહાર । પ્ર૦ ॥ ૨ ॥

હાળી હાલેરૂં ફેરવે, બળદ ધાન્ય જ ખાય ।
હાળી મારેરે મૂરખો, તે દેખે જીનરાજ, પ્રથમ૦ ॥ ૩ ॥
શીંકલી સારીરે શોભતી, કરી આપે જીનરાજ ।
બળદને શીંકા બંધાવીઆ, ઉદય આવ્યાં એ આજ, પ્ર૦ ॥ ૪ ॥
હાથી ઘોડાને પાલખી, લાવી કરેરે હજુર ।
રથ શણગાર્યારે શોભતા, લ્યો લ્યો કહે વળી શૂર, પ્રથમ૦ ॥ ૫ ॥
થાળ ભર્યો સગ મોતીડે, ઘુમર ગોતડી જાય ।
વીરા વચને ઘણું કરે, તે લે નહીં લગાર, પ્રથમ૦ ॥ ૬ ॥
વિનિતા નગરીમાં વેગશું, ફરતા શ્રી જીનરાય ।
શેરીયે શેરીયેરે જો ફરે, આપે નહી કોઈ આહાર, પ્ર૦ ॥ ૭ ॥
હરિશ્ચંદ્ર સરખોરે રાજીયો, સુતારા સતી નાર ।
માથે લીધોરે મોરીયો, નીચ ઘેર પાણીડાં જાય, પ્રથમ૦ ॥ ૮ ॥
સીતા સરખી રે મહાસતી, રામ લક્ષ્મણ દોય યુદ્ધ ।
કર્મે કીધાંરે ભમંતડાં, બાર વર્ષ વન દૂર, પ્રથમ૦ ॥ ૯ ॥
કર્મતો કેવલીને નડ્યાં, મૂક્યા લોહી જ થામ ।
કર્મથી ન્યારારે જે હુવા, પહોંચ્યા શિવપુર ઠામ, પ્ર૦ ॥ ૧૦ ॥
કર્મે સુધાકર સૂરને; ભમતા કર્યા દિનરાત ।
કર્મ કરણી જેવી કરે, ઝંપે નહિ તલ માત્ર પ્રથમ૦ ॥ ૧૧ ॥
વિનિતા નગરી રળીયામણી, માંહી છે વર્ણ અઢાર ।
લોક કોલાહલ ઘણો કરે, કંઈ ન લે મહારાજ, પ્રથમ૦ ॥ ૧૨ ॥
પ્રભુજી તિહાં ફરતાં થકા, માસ ગયા દશ દોય ।
ત્યાં કને અંતરાય ત્રૂટશે, પામશે આહારજ સોય, પ્રથમ૦ ॥ ૧૩ ॥

શ્રી શ્રેયાંસ નરેશ્વરૂ, બેઠા ચોબારા બહાર ।
પ્રભુજી ફરતારે નીરખીયા, વહોરાવે ન કોઈ આહાર,
પ્રથમ૦ ॥ ૧૪ ॥

શ્રી શ્રેયાંસ નરેશ્વરૂ, મોકલ્યા સેવક સાર ।
પ્રભુજી પધારો પ્રેમશું, છે સૂઝતો આહાર, પ્રથમ૦ ॥ ૧૫ ॥

સો દશ તિહાં લાવીયા, શેરડી રસનો આહાર ।
પ્રભુજીને વહોરાવે પ્રેમશું, વહોરાવે ઉત્તમ ભાવ, પ્રથમ૦ ॥ ૧૬ ॥

કર પાત્ર તિહાં માંડીયાં, સગજ ચઢી અઘનાશ ।
છાંટો એક ન ભૂમિ પડે, ચોત્રીશ અતિશય સાર, પ્રથમ૦ ॥ ૧૭ ॥

પ્રથમ પારણુ તિહાં કર્યું, દેવ બોલ્યા જય જયકાર ।
તિહાં કને વૃષ્ટિ સોનાતણી, કોડ સાડારે બાર, પ્રથમ૦ ॥ ૧૮ ॥

શ્રી શ્રેયાંસ નરેશ્વરૂ, લેશે મુક્તિનો ભાર ।
જ્યોતિમેં જ્યોતિ જળહળે, ફરી એ નાવે સંસાર, પ્રથમ૦ ॥ ૧૯ ॥

સંવત અઠ્ઠારક શોભતું, વર્ષ એકાણું જાણ ।
સાગરચંદ કહે શોભતું, પારણું કીધુ પ્રમાણ, પ્ર૦ ॥ ૨૦ ॥

જે એ શીખે જે સાંભળે, તેને અભિમાન ન હોય ।
તે ઘેર અવિચલ વધામણાં, લેશે શિવપુર સોય
પ્રથમ જીનેશ્વર પારણે ॥ ૨૧ ॥

।। અથ શ્રી ઋષભદેસ્વામીનું સ્તબન. ।।

।। દુહા ।। પુરિસા દાણી પાસજી, બહુ ગુણમણિ વાસ ।
ઋદ્ધિ વૃદ્ધિ મંગલ કરણ, પ્રણમું મન ઉલ્લાસ ।। ૧ ।।
સરસતી સામિની વિનવું, કવિજન કેરી માંય ।
સરસ વાણી મુજને દીયેા મોટેા કરી પસાય ।। ૨ ।।
લબ્ધિ વિનય ગુરૂ સમરીએ, અહર્નિશ હર્ષ ધરેવ ।
જ્ઞાન દૃષ્ટિ જેથી લહી, પદ પંકજ પ્રણમેવ ।। ૩ ।।
પ્રથમ જિણેસર જે હુએા, મુનિવર પ્રથમ વખાણ ।
કેવલધર પહેલેા જે કહ્યો, પ્રથમ ભિક્ષાચર જાણ ૪ ।।
પહેલેા દાતા એ કહ્યો, આ ચેાવીસી મઝાર ।
તેહ તણા ગુણ વરણવું, આણી હર્ષ અપાર ।। ૫ ।।

।। ઢાલ ।। ૧ ।। ધન્ય ધન્ય સંપ્રતિ સાચેા રાજા ।।
।। એ દેશી ।। રાગ આસાવરી ।।

પહેલે ભવ ધન સાર્થવાહે, સમકિત પામ્યા સારરે ।
આરાધી બીજે ભવ પામ્યા, જુગલતણેા અવતારરે ।। ૧ ।।
સેવેા સમકિત સાચું જાણી, એ સવિ ધર્મની ખાણીરે ।
નવિ પામે જે અભવ્ય અનાણી, એહવી જિનની
વાણીરે ।। સેવેા૦ ।। ૨ ।।
જુગલ ચવિ પહેલે દેવલેાકે, ભવ તિજે સુર થાયરે ।
ચેાથે ભવે વિદ્યાધર કુલે થયા, મહાબલ નામે રાયરે ।। સેવેા૦ ।। ૩ ।।
ગુરૂ પાસે દીક્ષા પાલીને, અણસણ કીધું અંતરે ।
પાંચમે ભવે બીજે દેવલેાકે, લલિતાંગ સુર દીપંતરે ।। સેવેા૦ ।। ૪ ।।

દેવ ચવી છટ્ઠે ભવે રાજા, વજ્રજંઘ એણે નામરે ।
તીહાંથી સાતમે ભવે અવતરીઆ, જુગલા ધર્મશું ઠામેરે
॥ સેવો૦ ॥ ૫ ॥
પૂર્ણ આયુ કરી આઠમે ભવે, સુધર્મ દેવલોક દેવરે ।
દેવ તણી ઋદ્ધિ બહુલી પામ્યા, દેવતણા વળી ભોગોરે
॥ સેવો૦ ॥ ૬ ॥
મુનિભવ જીવાનંદ નવમે ભવે, વૈદ્ય ચવી થયો દેવરે ।
સાધુની વૈયાવચ્ચ કરી, દિક્ષા લઈ પાળે સ્વયમેવરે ॥ સેવો૦ ॥ ૭ ॥
વૈદ્ય જીવ દસમે ભવે સ્વર્ગે, બારમેં સુર હોયરે ।
તિહાં કણે આયુ ભોગવી પુરૂં, બાવીસ સાગર જોયરે
॥ સેવો૦ ॥ ૮ ॥
અગીયારમેં ભવે દેવ ચવીને, ચક્રી હુઓ વજ્રનાભરે ।
દીક્ષા લઇ વીસ સ્થાનક સાધી, લીધો જિનપદ લાભરે ॥ સેવો૦ ॥ ૯ ॥
ચૌદ લાખ પૂર્વની દીક્ષા, પાલી નિર્મળ ભાવેરે ।
સર્વાર્થસિદ્ધ અવતરીયા, બારમે ભવ આયરે ॥ સેવો૦ ॥ ૧૦ ॥
તેત્રીસ સાગર આયુ પ્રમાણે, સુખ ભોગવે તિહાં દેવરે ।
તેરમા ભવ કેરો હવે હું, ચરિત્ર કહું સંખેવરે ॥ સેવો૦ ॥ ૧૧ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ વાડી ફૂલી અતિ ભલી મનભમરારે ॥ એ દેશી ॥

॥ જંબુદ્વીપ સોહામણુ ॥ મન મોહનારે ॥
લાખ જોજન પરિમાણ ॥ લાલ મન મોહનારે ॥
દક્ષિણ ભરત ભલું તિહાં ॥ મન મોહનારે ॥
અનુપમ ધર્મનું ઠામ ॥ લાલ મન મોહનારે ॥ ૧ ॥

નયરી વિનિતા જાણીએ ॥ મન૦ ॥
સ્વર્ગપુરી અવતાર ॥ લાલ૦ ॥
નાભીરાય કુલગર તિહાં ॥ મન૦ ॥
મરૂદેવી તસ નારિ ॥ લાલ૦ ॥
પ્રીતિ ભક્તિ પાલે સદા ॥ મન૦ ॥ પીયુશું પ્રેમ અપાર ॥ લાલ૦ ॥
સુખ વિલસે સંસારના ॥ મન૦ ॥
સુરપરે સ્ત્રી ભરથાર ॥ લાલ૦ ॥ ૩ ॥
એક દિન સૂતી માલીયે ॥ મન૦ ॥
મરૂદેવી સુપવિત્ર ॥ લાલ૦ ॥
ચોથ અંધારી અષાડની ॥ મન૦ ॥
ઉત્તરષાઢા નક્ષત્ર ॥ લાલ૦ ॥ ૪ ॥
તેત્રીસ સાગર આઉખે ॥ મન૦ ॥
ભોગવી અનુપમ સુખ ॥ લાલ૦ ॥
સર્વાર્થસિદ્ધથી ચવી ॥ મન૦ ॥
સુર અવતરીયો કુખ ॥ લાલ૦ ॥ ૫ ॥
ચઉદ સુપન દીઠાં તીસે ॥ મન૦ ॥
રાણી મધ્યમ રાત ॥ લાલ૦ ॥
જઈ કહે નિજ કંતને ॥ મન૦ ॥
સુપન તણી સવિ વાત ॥ લાલ ॥ ૬ ॥
કંથ કહે નિજ નારીને ॥ મન૦ ॥
સુપન અર્થ વિચાર ॥ લાલ૦ ॥
કુલદીપક ત્રિભુવન પતિ ॥ મન૦ ॥
પુત્ર હોશે સુખકાર ॥ લાલ૦ ॥ ૭ ॥

સુપન અર્થ પીઉથી સુણી ।। મન૦ ।।
મન હરખ્યાં મરૂદેવ ।। લલ૦ ।।
સુખે કરી પ્રતિપાલના ।। મન૦ ।।
ગર્ભ તણી નિતમેવ ।। લાલ૦ ।। ૮ ।।
નવ મસવાડા ઉપરે ।। મન૦ ।।
દિન હુવા સાડાસાત ।। લાલ૦ ।।
ચૈત્ર વદ આઠમ દીને ।। મન૦ ।।
ઉત્તરાષાઢા વિખ્યાત ।। લાલ૦ ।। ૯ ।।
મઝીમ રયણીને સમે ।। મન૦ ।।
જન્મ્યો પુત્ર રતન ।। લાલ૦ ।।
જન્મ મહોચ્છવ તવકરે ।। મન૦ ।।
દિશીકુમરી છપ્પન્ન ।। લાલ૦ ।। ૧૦ ।।

।। ઢાલ ।। ૩ ।। દેશી હમચડીની ।।

આસન કંપ્યું ઇંદ્રતણું રે, અવધિજ્ઞાને જાણિ ।
જિનનો જન્મ મહોચ્છવ તવ કરવા, આવે ઇંદ્ર
ઇંદ્રાણીરે ।। હમચડી ।। ૧ ।।
સુર પરિવારે પરિવર્યારે, મેરૂ શિખર લઈ જાય ।
પ્રભુને નવણ કરીને પૂજી, પ્રણમી બહુ ગુણ ગાયરે
।। હમચડી ।। ૨ ।।
આણી માતા પાસે મેલી, સુર સુરલોકે પહુંતા ।
દીન દીન વાધે ચંદ્ર તણી પરે, દેખી હરખે માતારે
।। હમચડી ।। ૩ ।।

વૃષભ તણું લંછન પ્રભુ ચરણે, માત પિતાએ દેખી ।
સુપન માંહે વલી વૃષભ જે પેહેલો, દીઠો ઉજ્જવલ
પેખીરે ॥ હમચડી૦ ॥ ૪ ॥

તેહથી માત પિતાએ દીધું, ઋષભકુમાર ગુણ ગેહ ।
પાંચસે ધનુષ પ્રમાણે ઉંચી, સોવન વરણી દેહરે
॥ હમચડી૦ ॥ ૫ ॥

વીસ પુર્વ લખ કુમારપણેરે, રહીયા પ્રભુ ઘરવાસે ।
સુમંગલા સુનંદા કુંવારી, પરણ્યા દોય ઉલાસેરે ॥ હમચડી૦ ॥ ૬ ॥

ત્યાશી લાખ પૂર્વ ઘરવાસે, વસીય ઋષભ જિણુંદ ।
ભરતાદિક સુત શત હુઆરે, પુત્રી દોય સુખ કંદરે ॥ હમચડી૦ ॥ ૭ ॥

તવ લોકાંતિક સુર આવીનેરે, કહે પ્રભુ તીર્થ થાપો ।
દાન સંવચ્છરી દેઈ દિક્ષા, સમય જાણી પ્રભુ આણીરે
॥ હમચડી૦ ॥ ૮ ॥

દીક્ષા મહોચ્છવ કરવા આવે, સપરિવાર સુરિંદો ।
શિબિકા નામે સુદર્શના, આગલ ઠવે નરીંદરે ॥ હમચડી૦ ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ રાગ માર ॥ એ દેશી ॥

ચૈત્રવદી આઠમ દીનેરે, ઉત્તરાષાઢારે ચંદ ।
શિબિકાયે બેસી ગયારે, સિદ્ધારથ વનચંદ ॥ ૧ ॥
ઋષભ સંયમ લીયે ॥ એ આંકણી ॥
અશોક તરૂતલે આવીનેરે, ચઉ મુઠી લોચ કીધ ।
ચાર સહસ વડ રાજવીરે, સાથે ચારિત્ર લીધરે ॥ ઋ૦ ॥ ૨ ॥

ત્યાંથી વિચર્યા જિનપતિરે, સાધુતણે પરિવાર ।
ઘરઘર ફરતાં ગોચરીરે, મહીઅલ કરે વિહારરે ।। ઋ૦ ।। ૩ ।।

ફરતાં તપ કરતાં થકારે, વરસ દિવસ હુઆ જામ ।
ગજપુર નયર પધારીયારે, દીઠા શ્રેયાંસે તામરે ।। ઋ૦ ।। ૪ ।।

વરસી પારણું જિન જઇરે, શેલડી રસ તિહાં કીધ ।
શ્રેયાંસે દાન દેઇનેરે, પરભવ શંબલ લીધરે ।। ઋ૦ ।। ૫ ।।

સહસવરસ લગે તપ તપીરે, કર્મ કર્યાં ચકચુર ।
પુરિમતાલપુર આવીયારે, વીચરતાં બહુ ગુણ
પુર્યારે ।। ઋ૦ ।। ૬ ।।

ફાગણ વદિ અગીયારસેરે, ઉત્તરાષાઢારે યોગ ।
અટ્ઠમ તપ વડહેઠલેરે, પામ્યા કેવલનાણરે ।। ઋ૦ ।। ૭ ।।

।। ઢાલ ।। ૫ ।। કપુર હોવે અતિ ઉજલોરે ।। એ દેશી ।।

સમવસરણ દેવે મલીરે, રચિયું અતિહિ ઉદાર ।
સિંહાસન બેસી કરીરે, દીએ દેશના જિન સાર ।। ચતુરનર૦ ।।૧।।

કીજે ધર્મ સદાઈ, જિમ તુમ શિવસુખ
થાય ।। ચતુરનર૦ ।। કીજે૦ ।।

બારે પરખદા આગલેરે, કહે ધર્મ ચ્યાર પ્રકાર ।
અમૃત સમ દેશના સુણીરે, પ્રતિબોધ્યા
નરનાર ।। ચતુરનર૦ ।। ૨ ।।

ભરત તણા સુત પાંચસેરે, પુત્રી સાતસેં જાણ ।
દિક્ષા લીયે જિનજી કનેરે, વૈરાગે મન આણ ।। ચતુરનર૦ ।।૩।।

પુંડરીક પ્રમુખ થયારે, ચોરાસી ગણુધાર ।
સહસ ચોરાસી તિમ મલીરે, સાધુ તણો
પરિવાર ॥ ચતુરનર૦ ॥ ૪ ॥

બ્રાહ્મી પ્રમુખ વલી સાહુણીરે, ત્રણ લાખ સુવિચાર ।
પાંચ સહસ ત્રણ લાખ ભલારે, શ્રાવક સમકિત્
ધાર ॥ ચતુરનર૦ ॥ ૫ ॥

ચોપન સહ પંચ લાખ કહીરે, શ્રાવિકા શુદ્ધ આચાર ।
ઇમ ચઉવિહ સંઘ થાપીનેરે, ઋષભ કરે વિહાર ॥ ચતુર૦ ॥૬॥

ચારિત્ર એક લખ પૂર્વનુરે, પાલ્યું ઋષભ જિણુંદ ।
ધર્મ તણે ઉપદેશથીરે, તાર્યા ભવિજન વૃંદ । ચતુરનર૦ ॥ ૭ ॥

મોક્ષ સમય જાણી કરીરે, અષ્ટાપદ ગિરિ આવ ।
સાધુ સહસ દશસું તિહાંરે, અણુસણ કીધું ભાવ ॥ ચતુર૦ ॥૮॥

મહાવદી તેરસ દીનેરે, અભિ નક્ષત્ર ચંદ્ર યોગ ।
મુક્તિ પહોત્યા ઋષભજીરે, અનંત સુખ
સંજોગ ॥ ચતુરનર૦ ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૬ રાગ ધનાશ્રી ॥ કડખાની ॥ એ દેશી ॥

તું જયો તું જયો ઋષભ જિન તું જયો,
અલજયો હું તુમ દરસન કરવા ।
મેહેર કરો ધણી, વિનવું તુમ ભણી,
અવર ન કોઈ ધણીજ ઉધરવા ॥ તુજ૦ ॥ ૧ ॥

જગમાંહે મેહને મોર જિમ પ્રીતડી, પ્રીતડી જેહવી ચંદ્ર ચકોર ।

પ્રીતડી રામ લક્ષ્મણ તણી જેહવી,
રાત દિન નામ ધ્યાઉં દરસ તોરા ।। તુજ૦ ।। ૨ ।।
શિતલ સુરતરૂ તણી તીહાં છાંયડી, સિતલો ચંદ ચંદન ઘસારો ।
શીતલું કેલ કપુર જિમ શિતલું,
સીતલો તિમ મુઝ મુખ તમારો ।। તુજ૦ ।। ૩ ।।
મીઠડો શેલડી રસ જિમ જાણીએ, ખટરસ દ્રાખ મીઠી વખાણી ।
મીઠડિ આંબલા શાખ તિમ તુમ તણી,
મિઠડિ મુજમન તિમ તુમ વાણી ।। તુજ૦ ।। ૪ ।।
તુમ તણા ગુણ તણો પાર હું નવિ લહું,
એક જીભે કેમ મેં કહીજે ।
તાર મુજ તાત સંસાર સાગર થકી,
રંગશું શીવરમણી વરીજે ।। તુ૦ ।। ૫ ।।
।। કલશ ।। ઇમ ઋષભ સ્વામી, મુક્તિગામી ચરણ નામી શીરએ ।
મરૂદેવી નંદન સુખ નંદન, પ્રથમ જિન જગદીશએ ।
મનરંગ આણી, મુખવાણી, ગાઇઓ જગ હિતકરૂ ।
કવિરાય લબ્ધિ નિજ સુસેવક પ્રેમવિજય આનંદ વરો ।

।। ઇતિ શ્રી ઋષભ સ્વામીના તેર ભવનું સ્તવન ।।

।। શ્રી સિદ્ધાચલ સ્તવન ।।

નાભિનંદન પૂર્વ નવાણું, શ્રી **આદીશ્વર** આવ્યા ।
અજિત શાંતિ ચોમાસું રહીયા, સુરનરપતિ મન ભાવ્યા,
ભવિ તુમે વંદોરે, સિદ્ધાચલ સુવિચારી ।
પાપ નિકંદોરે, ગિરિ ગુણ મનમાં ધારી ।। ૧ ।।

ચૈત્ર સુદ પુનમને દિવસે, ગુણ રયણાયર ભરીયા ।
પાંચ કોડિસું પુંડરિક ગણધર, ભવ સાયરને તરિયા ॥ ભવિ૦ ॥૨॥
પોતરા પ્રથમ પ્રભુજી કેરા, દ્રાવિડ વારિષેણ જાણો ।
કાર્તિક સુદી પુનમને દિવસે, દસ કોડી ગુણ ખાણી ॥ ભવિ૦ ॥૩॥
કુંતા માતા સતી શિરોમણી, યદુવંશી સુખકારી ।
પાંડવ વીસ કોડીશું સિદ્ધા, અશરીરી અણહારી ॥ ભવિ૦ ॥૪॥
ફાગણ સુદી દશમીએ સેવો, નમી વિનમી બે કોડિ ।
આતમ ગુણ નિર્મલ નિપજાવ્યા,
નાવે એહની જોડી ॥ ભવિ૦ ॥ ૫ ॥
ચૈત્ર વદી ચૌદસ શિવ પામી, નમિ પુત્રી ચોસઠ્ઠ ।
રત્નત્રયી સંપુર્ણ સાધી, પામી એ પરમઠ્ઠ ॥ ભવિ૦ ॥૬॥
ફાગણ સુદી તેરસે શિવ પામ્યા, શાંબ પ્રદ્યુમ્ન ગુણ ખાણી ।
સાડી આઠ કોડીશું મુનિવર, પરણી શિવ પટરાણી ॥ ભવિ ॥૭॥
રામ ભરત ત્રણ કોડી મુનિશું, અચલ થયા અરિહંત ।
છેલ્લા નારદ લાખ એકાણું, સમરો મન કરી સંત ॥ ભવિ૦ ॥૮॥
એક સહસશું થાવચ્ચાસુત, પંચ સયા સેલગજી ।
એક હજારસું શુક પરિવ્રાજક,
પામ્યા પદ અવિચલજી ॥ ભવિ૦ ॥ ૯ ॥
અતીત ચોવીસીના ચોવીસમા પ્રભુ, તેહના ગણધર વંદો ।
કદંબ નામ એક કોડીશુ, સિદ્ધ થયા સુખકંદો ॥ ભવિ૦ ॥ ૧૦ ॥
એક હજારને આઠ સંઘાતે, બાહુબલિ મુનિ મોટા ।
ત્રણ કોડિ જયરામ ઋષીશ્વર, સિદ્ધ થયા નહીં ખોટા
॥ ભવિ૦ ॥ ૧૧ ॥

અંધકવિષ્ણુ પિતા મા ધારિણી, તેહ તણા દસ પુત્ર ।
ગૌતમ સમુદ્ર પ્રમુખ શિવ પામ્યા, રાખ્યુ ધરનું સૂત્ર
॥ ભવિ૦ ॥ ૧૨ ॥

વળી તેહના આઠમા પુત્ર વખાણો, અક્ષોભ આદિ કુમારા ।
સોલ વરસ સંજમ આરાધી, પામ્યા ભવનો પારા ॥ ભવિ૦ ॥ ૧૩ ॥

અનાવૃષ્ટિને દારૂગ મુનિ દોય, આતમ શક્તિ સમારી ।
ઋષભસેનાદિક તીર્થંકર પણ, ઈહાં વરીઆ શિવનારી
॥ ભવિ૦ ॥ ૧૪ ॥

ભરત વંશે રાજાદિ ઘણેરા, આતમ ધર્મને સાધ્યો ।
શુક રાજન શોકાગત સુણીઓ, મુક્તિ નિલય ગુણ વાધ્યો
॥ ભવિ૦ ॥ ૧૫ ॥

જાલિ મયાલિને ઉવયાલિ, દેવકી ખટ સુત વારૂ ।
સિદ્ધ થયા મંડુક મુનિ વળી, નમતાં મન હોય ચારૂ
॥ ભવિ૦ ॥ ૧૬ ॥

અતીત કાલે સિદ્ધા અનંતા, સીદ્ધશે વલી અનંતા ।
સંપ્રતિકાલે મોટું તીરથ, ઈમ ભાંખે ભગવંતા ॥ ભવિ૦ ॥ ૧૭ ॥

ધન્ય એ તીરથ મોટો મહિમા, પામી પાતિક જાયે ।
ક્ષમાવિજય જસ તીરથધ્યાને, શુભ મન સિદ્ધિ થાયે
॥ ભવિ૦ ॥ ૧૮ ॥ ઈતિ શ્રી સિદ્ધાચલ સ્તવન સંપૂર્ણ

અથ દીવાલી સ્તવન.

ઢાલ ૧ રાગ રામગિરિ.

શ્રી શ્રમણ સંઘ તિલકોપમં ગૌતમં, સુગતિ પ્રણિપત્ય પાદારવિંદં;
ઇન્દ્રભૂતિ પ્રભવમંહસો મોચકં, કૃત કુશલ કોટિ કલ્યાણ કંદં. ૧
મુનિ મન રંજણો, સયલ દુઃખ ભંજણો, વીર વર્ધમાનો જીણંદો;
મુગતિ ગતિ જીમ લહી, તિમ કહું સુણ સહી,
જીમ હોએં હર્ષ હઇડે આણંદો. મુ૦ ૨
કરીય ઉદ્ઘોષણા દેશપુર પાટણે, મેઘ જીમ દાન જલ બહૂલ વરસી;
ઘણ કણગ મોતિયા ઝગમગે જોતિયા,
જીન દેઈ દાન ઇમ એક વરસી. મુ૦ ૩
દોયવિણ તોય ઉપવાસ આદે કરી, માગસિર કૃષ્ણ દશમી દિહાડે;
સિદ્ધિ સામ્હા થઈ વીર દીક્ષા લેઈ,
પાપ સંતાપ મલ દૂર કાઢે. મુ૦ ૪
બહૂલ બંભણ ઘરે પારણું સાંમિએં, પુણ્યે પરમાન્ન મધ્યાન્હ કિધું;
ભુવન ગુરુ પારણા પુન્યથી બંભણે,
આપ અવતાર ફલ સયલ લિધું. મુ૦ ૫
કર્મચંડાલ ગોસાલ સંગમ સુરો, જીણે જીન ઉપરે ઘાત મંડ્યો;
એવડો વયર તેં પાપિયા સેં કર્યો,
કર્મ કોડિ તુંહિજ સબલ દંડ્યો. મુ૦ ૬
સહજ ગુણ રોષિઓ નામે ચંડકોષિઓ,
જીનપદે સ્વાન જિમ જેહ વિલગો;

તેહને બુઝવિ ઉદ્ધર્યો જગપતિ,
કિધલો પાપથી અતિહું અલગો. મુ૦ ૭
વેદયામા ત્રિયામ લગેં ખેદિયો, ભેદિયો તુઝ નવિ ધ્યાંન કુંભો;
શૂલપાણિ અન્નાણિ અહો બુઝવ્યો,
તુઝ કૃપા પાર પામે ન સંભો મુ૦ ૮
સંગમે પિડીઓ પ્રભુ સજલ લોયણે, ચિંતવે છુટશ્યે કિમ એહો;
તાસ ઉપરેં દયા એવડિ શી કરી,
સાપરાધે જને સબલ નેહો. મુ૦ ૯
ઇમ ઉપસર્ગ સહેતાં તરણિ મિત વર, સાર્દ્ધ ઉપર અધિક પક્ષ એકે;
વીર કેવલ લહ્યું કર્મ દુખ સવિ દહ્યું,
ગહગહ્યું સુર નિકર નર અનેકે. મુ૦ ૧૦
ઇંદ્રભૂતિ પ્રમુખ સહસ ચઉદશ મુનિ, સાહુણી સહસ છત્રીસ વિહસી;
ઓગણસાઠ સહસ એક લાખ શ્રદ્ધાલુઆ,
શ્રાવિકા ત્રિલખ અઠાર સહસી. મુ૦ ૧૧
ઇમ અખિલ સાધુ પરીવારશું પરવર્યો,
જલધિ જંગમ જીશ્યો ગુહિર ગાજે;
વિચરતા દેશ પરદેશ નિયદેશના,
ઉપદિશે સયલ સંદેહ ભાંજે. મુ૦ ૧૨

॥ ઢાલ ૨ વિવાહલાની દેશી ॥

હવે નિય આય અંતીમ સમે, જાણિય શ્રી જિનરાયરે;
નયરી અપાપાએં આવીયા, રાય સમાજને ઠાયરે;
હસ્તિપાલગરાયે દીઠલા, આવિયડા અંગણ બારરે;
નયણ કમલ દોય વિહસીઆ, હરસીત્તા હઈડા મઝારરે. ૧૩

ભલે ભલે પ્રભુજી પધારીયા, પાવસ પાવન કિધારે;
જનમ સફલ આજ અમ તણો, અમ્હ ઘરે પાઉલાં દીધારે;
રાણી રાય જિન પ્રણમીયા, મોટે મોતિયડે વધાવિરે;
જિન સનમુખ કર જોડીય, બેઠલા આગલે આવિરે. ૧૪

ધન અવતાર અમારડો ધન દિન આજુનો એહારે;
સુરતરૂ આંગણે મોરિઓ, મોતિયડે વૂહલો મેહારે;
આશ્યું અમારડે એવડો, પૂરવ પુન્યનો નેહારે;
હૈડલો હેજે હરસિઓ, જો જિન મલિઓ સંજોગોરે. ૧૫

અતિ આદર અવધારિએ, ચરમ ચોમાસલું રહિયારે,
રાય રાણિ સુરનર સવે, હિયડલા માંહે ગહગહિયારે;
અમૃતથી અતિ મીઠડી, સાંભલી દેશના જિનનીરે;
પાપ સંતાપ પુરા થયો, શાતા થઈ તન મનનીરે. ૧૬

ઇંદ્ર આવે આવે ચંદ્રમા, આવે નરનારીના વૃંદરે;
ત્રણ પ્રદક્ષણા દેઈ કરી, નાટિક નવ નવે છંદરે;
જિનમુખ વયણની ગોઠડી, તિહાં હોયે અતિ ઘણી મીઠીરે;
તે નર તેહજ વરણવે, જીણે નિજ નયણલે દીઠીરે. ૧૭

ઇમ આણંદે અતિક્રમ્યા, શ્રાવણ ભાદ્રવો આસોરે;
કૌતક કોડિલો અનુક્રમે, આવિયડો કાર્તિક માસોરે;
પાખિ પર્વ પન્હોતલું, પોહતલું પુન્ય પ્રવાહિરે;
રાય અઢાર તિહાં મિલ્યા, પોસહ લેવા ઉછાંહિરે. ૧૮

ત્રિભોવન જન સવિ તિહાં મિલ્યા, શ્રી જિન વંદન કામોરે;
સહેજ સંકિરણ તિહાં થયો, તિલ પડવા નહિ ઠાંમોરે;

ગોયમસ્વામિ સમોવડી, સ્વામિ સુધર્મા તિહાં બેઠારે;
ધન ધન તે જિણે આપણે, લોયણે જિનવર દિઠારે. ૧૯
પૂરણ પુન્યના ઓઘધ, પોષધ વ્રત વેગે લિધારે;
કાર્તિક કાલી ચઉદશે, જિન મુખે પચખાણ કિધારે:
રાય અઢાર પ્રમુખ ઘણે, જિન પગે વાંદણાં દિધારે;
જીન વચનામૃત તિહાં ઘણે, ભવિયણે ઘટ ઘટ પીધારે. ૨૦

॥ ઢાલ ૩ ॥ રાગ મારૂ. ॥

શ્રી જગદીશ દયાલુ દુખ દૂરે કરેરે, કૃપા કોડિ તુજ જોડી;
જગમાંરે જગમાંરે કહિએં કેહને વીરજીરે. ૨૧
જગ જનને કુણ દેશે એહવી દેશનારે, જાણિ નિજ નિરવાણ;
નવ રસરે નવ રસરે સોલ પહોર દિયે દેશનારે. ૨૨
પ્રબલ પુન્ય ફલ સંસુચક સોહામણારે, અજ્ઝયણાં પણપન્ન;
કહિયાંરે કહિયાંરે મહિયાં સુખ સાંભલિ હોએરે. ૨૩
પ્રબલ પાપલ ફલ અજ્ઝયણાં તિમ તેટલાંરે, અણ પુછ્યાં છત્રીસ;
સુણતાંરે સુણતાંરે ભણતાં સવિસુખ સંપજેરે. ૨૪
પુણ્યપાલ રાજા તિહાં ધર્મ કથાંતરેરે, કહે પ્રભુ પ્રતક્ષ દેવ;
મુજનેરે (૨) સુપન અર્થ સવિ સાચલોરે. ૨૫
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
ગજ વાનર ખીર દ્રુમ વાયસ સિંહ ઘડોરે, કમલણીજ ઈમ આઠ;
દેખિરે (૨) સુપન સભય મુઝ મન હુએરે. ૨૬
ઉખર બિજ કમલ અસ્થાંનકે સિંહનુંરે, જીવ રહિત શરીર,
સોવનરે (૨) કુંભ મલિન એ શું ઘટેરે. ૨૭
વીર ભણે ભુપાલ સુણો મન થીર કરીરે, સુમિણ અર્થ સુવિચાર;
હૈડે રે (૨) ધરજ્યો ધર્મ ધુરંધરૂરે. ૨૮

॥ ઢાલ ૪ ॥

શ્રાવક સિંધુર સારિખા, જીન મતના રાગી, ત્યાગી સહ ગુરૂ દેવધર્મ,
તત્વેં મતિ જાગિ; વિનય વિવેક વિચારવંત, પ્રવચન ગુણ પૂરા,
એહવા શ્રાવક હોયસે, મતિમંત સનુરા. ૨૯

લાલચે લાગા થોડિલેં, સુખેં રાચિ રહિયા, ઘરવાસે આશા અમર,
પરમારથ દૂહિયા; વ્રત વૈરાગ થકિ નહિ, કોઈ લેશે પ્રાયે;
ગજ સુપને ફલ એહ, નેહ નવિ માંહોમાંહે. ૩૦

વાનર ચંચલ ચપલ જાતિ, સરખા મુનિ મોટા,
આગલ હોસ્યે લાલચિ, લોભી મન ખોટા; આચારજ તે આચારહિણ,
પ્રાયેં પરમાદિ, ધર્મ ભેદ કરસ્યે ઘણા, સહજે સ્વારથ વાદી. ૩૧

કો ગુણવંત મહંત સંત, મોહન મુનિ રૂડા; મુખ મીઠા માયાવિયા,
મનમાંહે કુડા; કરસ્યે માંહોમાંહે વાદ, પર વાદેં નાસે,
બીજા સુપન તણો વિચાર, ઇમ વીર પ્રકાશે. ૩૨

કલ્પવૃક્ષ સરિખા હોસ્યે, દાતાર ભલેરા, દેવ ધર્મ ગુરુ વાસના,
વરિ વારિના વેરા; સરલ વૃક્ષ સવિને દીએં મનમાં ગહગહતા,
દાતા દુરલભ વૃક્ષ, રાજ ફલ ફુલે ત્રહતા. ૩૩

કપટી જિનમતલિંગિયા, વળી બબૂલ સરિખા, ખીર વૃક્ષ આડા થયા,
જીમ કટંક તિખા; દાન દેયંતાં વારસી, અન્ય પાવન પાત્રી,
ત્રિજા સુપન વિચાર કહ્યો, નિજ ધર્મવિધાત્રી. ૩૪

સિંહ કલેવર સારિખો, નિજ શાસન સબલો, અતિ દુર્દાંત અગાહનિય,
જિનવાયકજમલો; પરશાસન સાવજ અજ, તે દેખી કંપે,
ચઉથા સુપન વિચાર ઇમ, જિનમુખથી જંપે. ૩૫

ગચ્છ ગંગાજલ સારીખો, મૂકી મતિ હિણા, મુનિ મન રાચે છિલ્લરે,
જીમ વાયસ દીણા; વંચક આચારજ અનેક, તિણે ભુલવિયા,
તે ધર્માંતરે આદરે, જડમતિ બહૂ ભવિયાં. ૩૬

પંચમ સુપન વિચાર એહ, સુંણીએ રાજાને, છઠે સોવન કુંભ દીઠ,
મધ્યલો સુંણિ કાંને; કો કો મુનિ દરસણ ચારિત્ર, ગ્યાન પૂરણ દેહા,
પાલે પંચાચાર ચારૂ, છંડિ નિજ ગેહા. ૩૭

કો કપટી ચારિત્ર વેષ, લેઈ વિપ્રતારે,
મધ્યલો સોવન કુંભ જીમ, પિંડ પાપે ભારે; છઠા સુપન વિચાર એહ,
સાતમે ઇંદ્રિવર, ઉકરડે ઉતપતિ થઈ, તે શું કહેા જિણવર. ૩૮

પુણ્યવંત પ્રાણિ હુસ્યે, પ્રાહિં મધ્યમ જાતિ, દાતા ભોક્તા ઋદ્ધિવંત,
નિરમલ અવદાત; સાધુ અસાધુ જતિ વંદે, તવ સરીખા કિજે,
તે બહુ ભદ્રક ભવિયણે, સ્યેા ઉલભેા દીજે. ૩૯

રાજા મંત્રિપરે સુસાધુ, આપેાપું ગેાપી, ચારિત્ર સુધુ રાખસ્યે,
સવિ પાપ વિલેાપી; સપ્તમ સુપન વિચારવીર, જિનવરે ઇમ કહિયેા,
અષ્ટમસુપનતણેા વિચાર, સુણિમનગહગહિએ, દિધાનું પરભવ પુણ્ય ફલ,
કાંઈ ન લહિયે; પાત્ર અપાત્ર વિચાર ભેદ, ભેાલા નવિ લહેસ્યે,
પુણ્ય અર્થે તે અર્થ, અર્થ કુપાત્રે દેહસ્યે. ૪૧

ઉખર ભૂમિ દૃષ્ટ બિજ, તેહનેા ફલ કહિએં, અષ્ટમ સુપન વિચાર ઇમ,
રાજા મન ગ્રહિયેં; એહ અનાગત સવિ સરૂપ, જાણિ તિણે કાલે,
દીક્ષા લીધી વીર પાસ, રાજા પુન્યપાલે. ૪૨

॥ ઢાલ ૫ ॥ રાગ ગેાડિ ॥

ઇંદ્રભૂતિ અવસર લહિરે, પુછે કહેા જિનરાય;

સ્યું આગલ હવે હોયસ્યેરે, તારણ તરણ જીહાજો રે.
કહે જીન વીરજી. ૪૩

મુજ નિવારણ સમય થકીરે, ત્રિહું વરસે નવ માસ;
માઠેરો તિહાં બેસશ્યેરે, પંચમ કાલ નિરાસોરે. કહે૦ ૪૪

બારે વરશ્યે મુઝ થકિરે, ગૌતમ તુઝ નિરવાંણુ;
સોહમ વીશે પામશેરે, વરસે અખય સુખ ઠાંણોરે. કહે૦ ૪૫

ચઉસઠ વરસે મુઝ થકિરે, જંબૂને નિરવાણુ;
આથમશે આદિત્ય થકિરે, અધિકું કેવલ નાંણો રે. કહે૦ ૪૬

મનપજજવ પરમાવધિરે ક્ષપકોપશમ મન આંણુ;
સંયમ ત્રિણુ જિન કલ્પનીરે, પુલાગાહારગહાંગણે કહે૦ ૪૭

સિજ્જંભવ અવઠાવણેરે, કરસ્યે દસ (વૈ) આલિય;
ચઉદપૂવિ ભદ્રબાહૂથીરે થાસ્યે સયલ વિલિઓરે. કહે૦ ૪૮

દોયશત પન્નરે મુઝ થકિરે, પ્રથમ સંઘયણ સંઠાણુ;
પૂવાણુઓગ તે નવિ હૂસ્યે, મહાપ્રાણુ નવિ જાણોરે. કહે૦ ૪૯

ચઉત્રયપને મુઝ થકિરે, હોસ્યે કાલિક સૂર;
કરસ્યે ચઉથી પજ્જુસણેરે, વરગુણ રયણનો પૂરોરે. કહે૦ ૫૦

મુઝથી પણ ચોરાશિયેરે, હોસ્યે વયર કુમાર,
દસ પૂવિ અધિકાલિઓરે, રહસ્યે તિહાં નિરધારોરે. કહે૦ ૫૧

મુઝ નિર્વાણુ થકિ છસેરે, વિસ પછી વનવાસ;
મુકી કરસે નગરમાંરે, આર્ય રક્ષિત મુનિ વાસોરે. કહે૦ ૫૨

સહસેં વરસેં મુઝ થકિરે, ચઉદ પૂરવ વિચ્છેદ;
જોતિષ અણુ મિલતાં હૂસેરે, બહૂલ મતાંતર ભેદોરે. કહે૦ ૫૩

વિક્રમથી પંચ પંચ્યાશિએરે, હોસ્યે હરિભદ્રસૂરિ;
જિન શાસન અજુવાલસેરે, જેહથી દૂરિયાં સવિ દૂરોરે. કહે૦ ૫૪
દ્વાદશ સત્ત સત્તર સમેરે, મુઝથી મુનિ સુરહરિ;
બપ્પભટ્ટસુરિ હોયસેરે, તે જિન શાસન વીરરે. કહે૦ ૫૫
મુઝ પ્રતિબિંબ ભરાવસ્યેરે, આંમરાય ભૂપાલ;
સાર્દ્ધ ત્રિકોટી સોવન તણોરે, તાસ વયણથી વિશાલોરે. કહે૦ ૫૬
પોડસ શત ઓગણોતરેરે. વરસે મુઝથી મુણિંદ;
હેમસૂરિ ગુરુ હોયસ્યેરે શાસન ગયણ દિણંદોરે. કહે૦ ૫૭
હેમસૂરિ પડિબોહસે રે, કુમારપાલ ભૂપાલ;
જીન મંડિત કરસ્યે મહીરે, જિન શાસન પ્રતિપાલોરે. કહે૦ ૫૮
ગૌતમ નબળા સમયથીરે, મુઝ શાસન મન મેલ;
માંહોમાંહે સવિ હોસ્યે રે, મચ્છ ગલાગલ પેખોરે. કહે૦ ૫૯
મુનિ મોટા માયાવિયારે, વેઢીગારા વિશેષ;
આપ સવારથ વસી થયારે. એ વિટંબસ્યે વેષોરે. કહે૦ ૬૦
લોભિ લખપતિ હોયસ્યેરે. જમ સરિખા ભૂપાલ;
સજ્જન વિરોધિ જન હૂસેરે, નવિ લજ્જાલુ દયાલો રે. કહે૦ ૬૧
નિરલોભિ નિરમાઈયારે, સુધા ચારિત્રવંત;
થોડા મુનિ મહિયલે હૂસેરે, સુણુ ગૌતમ ગુણવંતરે. કહે૦ ૬૨
ગુરુ ભગતિ શિષ્ય થોડલારે, શ્રાવક ભગતિ વિહીણુ;
માત પિતાના સુત નહીરે, તે મહિલાના આધિનોરે. કહે૦ ૬૩
દુપસહ સૂરિ ફલ્ગુસિરીરે, નાયલ શ્રાવક જાંણુ;
સચ્ચસિરિ તિમ શ્રાવિકારે, અંતિમ સંઘ વખાણ્યોરે. કહે૦ ૬૪

બસ સહસ એકવીસતેરે. જિન શાસન વિખ્યાત;
અવિચલ ધર્મ ચલાવશેરે, ગૌતમ આગમ વાતોરે. કહે૦ ૬૫

દુષમે દુષમા કાલનીરે, તે કહિયે શી વાત;
કાયર કંપે હૈડલોરે, જે સુણતાં અવદાતોરે. કહે૦ ૬૬

॥ ઢાલ ૬ ॥ પિઉડો ઘરે આવે, એ દેશી.

મુઝસું અવિહડ નેહ બાંધ્યો, હેજ હૈડા રંગે;
દૃઢ મોહ બંધણ સબલ બાંધ્યો, વજ્ર જિમ અભંગ;
અલગા થયા મુજ થકિ એહને, ઉપજસેરે કેવલ નિય અંગકે;
ગૌતમરે ગુણવંતા ૬૭

અવસર જાંણિ જિનવરે, પુછિયા ગોયમ સ્વામ;
દોહગ દુખિયા જીવને, આવિયે આપણ કામ;
દેવસર્મા બંભણો, જઈ બુઝવો એણે દુકડે ગાંમકે. ગૌ૦ ૬૮

સાંભલી વયણ જિણુંદનું, આણુંદ અંગ ન માય;
ગૌતમ બે કર જોડિ, પ્રણમ્યા વિર જિનના પાય;
પાંગર્યા પૂરવ પ્રીતથી, ચકનાંણીરે મનમાં નિરમાયકે. ગૌ૦ ૬૯

ગૌતમ ગુરુ તિહાં આવિયા, વંદાવિઓ તે વિપ્ર;
ધસમસ કરતાં બંભણો, બારિ વાગીરે થઈ વેદન વિપ્રકે. ગૌ૦ ૭૦

ગૌતમ ગુરુનાં વયણુલાં, નવિ ધર્યાં તિણે કાન;
તે મરી તસ શિર કૃમિ થયો, તસ ચરીચોરે પોતાને જ્ઞાનકે. ગૌ૦ ૭૧

॥ ઢાલ ૭ ॥ રાગ રામગિરિ ॥

ચોસઠ મણુનાં તે મોતિ ઝગમગેરે, ગાજે ગુહિર ગંભિર સિરેરે;

પુરાં તેત્રીસ સાગર પૂરવે રે, નાદે લિણા લવસતમિયા સૂર રે;
વીરજી વખાણેરે જગ જન મોહિયેારે. ૭૨
અમૃતથી અધિકિ મીઠી વાંણીરે, સુણતાં સુખડા જે મનડે સંપજેરે;
તે લહેસ્યે જે પહેાચસ્યે નિર્વાણુરે. વી૦ ૭૩
વાંણિ પડછંદે સુર પડિબેાહીયારે, સુણતાં પામે સુખ સંપત્તિની કેાડરે;
ભિજ્ઞ અડલ ઉલટથી ઘણારે, આવી બેઠા આગલ બે કર જેડીરે. વી૦૭૪
સેાહમ ઇંદ્રો શાસન મેાહીયેારે, પૂછે પરમેસરને તુમ આયરે;
બે ઘડિ વધારા સ્વાતિ થકી પરહું રે તેા ભસ્મગ્રહ સઘલેા દૂરે
જાયરે. વી૦૭૫
શાસન શેાભા અધિકિ વાધશ્યેરે, સુખીઆ હેાશે મુનિવરના વૃંદરે;
સંઘ સયલને સવિ સુખ સંપદારે, હેાશે દિન દિનથી પરમાનંદરે. વી૦૭૬
ઇંદ્રા ન કદા રે કહિએ કેહનુરે, કેણે સાંધ્યું નવિ જાએ આયરે;
ભાવિ પદારથ ભાવે નિપજેરે, જે જિમ સરજ્યેા તે તિમ
થાયરે. વી૦ ૭૭
સેાલ પહેારની દેતા દેશનારે, પરધાનકનામા રૂઅડા અજ્ઝયણુરે;
કહેતાં કાતિવદિ કહુ પરગડિરે, વીરજી પેાહેાતા પંચમી ગતિ
રયણુરે. વી૦ ૭૮
જ્ઞાન દીવેારે જગ દૂરે થયેા રે, તવ કિધિ દેવે દીવાની શ્રેણિરે;
તિમરે ચિહું વરણે દીવા કિધલારે, દિવાલી કહિએં છે કારણુ
તેણુરે. વી૦ ૭૯
આસૂ પરિપૂરણ નયણુ આખંડલેારે, ભૂકિ ચંદનની ચેહમાં અંગરે;
કીધેા દેવે દહન સઘલે મિલિજીરે, હા ધિગ ધિગ, સંસાર વિરંગરે. વી૦ ૮૦

॥ ઢાલ ૮ ॥ રાગ વિરાગ ॥

વંદેસુ વેગે જઈ વીરો, ઇંમ ગૌતમ ગહગહતા; મારગે આવતાં સાંભલિઉં,
વીર મુગતિ માંહે પોહતારે; જિનજી તું નિસનેહી મોટો,
અવિહડ પ્રેમ હતો તુજ ઉપરે, તે તેં કિધો ખોટોરે જીનજી. ૮૧

હે હે વીર કર્યો અણુઘટતો, મુજ મોકલિઓ ગામે;
અંતકાલે બેઠાં તુજ પાસે, હું સ્યે નાવત કામરે. જી૦ ૮૨

ચૌદ સહસ મુજ સરિખા તાહરે, તુજ સરિખો મુજ તું હિ;
વિસવાસી વીરે છેતરીઓ, તે સ્યા અવગુણ મુહિરે. જી૦ ૮૩

કો કેહને છેહડે નવિ વલગે, જો મિલતો હોએ સબલો;
મિલતાસ્યું જેણે ચિત્ત ચોર્યો, તે તિણે કર્યો નિબલોરે. જી૦ ૮૪

નિહુર હૈડા નેહ ન કિજે, નિસનેહી નર નિરખી;
હૈડાં હેજે મિલે જિહાં હરખી, તે પ્રીતલડિ સરીખિરે. જી૦ ૮૫

તેં મુઝને મનડો નવિ દીધો, મુજ મનડે તેં લીધો;
આપ સવારથ સઘલો કિધો, મુગતિ જઈને સિદ્ધોરે. જી૦ ૮૬

આજ લગે તુજ મુજસું અંતર, સુપનંતર નવિ હુંતો;
હૈડા હેજે હિયાલિ છંડી, મુજને મુકયો રોવંતો રે. જી૦ ૮૭

કો કેહશું બહૂ પ્રેમ મ કરજ્યો, પ્રેમ વિટંબણ વિરૂઈ;
પ્રેમે પરવશ જે દુખ પામે, તે કથા ઘણુ ગિરૂઈરે. જી૦ ૮૮

નિસનેહી સુખિયા રહે સઘલે, સસનેહી દુખ દેખે;
તેલ દુગ્ધ પરે પરની પીડા, પામે નેહ વિશેષેરે. જી૦ ૮૯

સમવસરણ કહિએં હવે હોસે; કહો કુંણ નયણે જોશે;
દયા ધેનુ પુરી કુંણ દોહસ્યે, વૃષ દધિ કુંણ વિલોસેરે. જી૦ ૯૦

ઇણ મારગ જે વાલ્હા જાવે, તે પાછા નવિ આવે;
મુજ હૈયડો દુખડે ન સમાએ, તે કહો કુણ સમાવેરે. જી૦ ૯૧

દો દરિસણ વીરા વા'લાને, જે દરિસણના તરસ્યારે;
જો સુહણે કેવારે દેખસું, તો દુખ દૂરે કરશું રે. જી૦ ૯૨

પુણ્યકથા હવે કુણ કેલવશે, કુંણ વાલ્હા મેલવશે;
મુજ મનડો હવે કુંણ ખેલવશે, કુમતિ જિમ તિમ લવસેરે. જી૦ ૯૩

કુણ પુછ્યાનો ઉત્તર દેશે, કુંણ સંદેહ ભાંજશે;
સંધ કમળવન કિમ વિકસસે, હું છદ્મસ્થા વેસેરે. જી૦ ૯૪

હૂં પરાપુરવસું અજાંણુ, મેં જિન વાત ન જાંણિ;
મોહ કરે સવિ જગ અનાણી, એહવી જીનજીની વાણીરે. જી૦ ૯૫

એહવે જિન વયણ મન વાધ્યો, મોહ સબલ બલ કાપ્યો;
ઇંણિ ભાવે કેવલ સુખ આપ્યો, ઇંદ્રે જિનપદ થાપ્યોરે. જી૦ ૯૭

ઇંદ્રે જુહાર્યા ભટ્ટારક, જુહાર ભટ્ટારક તેણે;
પવ ' પન્હોતું જગમાં વાપ્યું, તે કિજે સવિ કેણેરે. જી૦ ૯૭

રાજા નંદિવર્દ્ધન નુંતરીઓ, ભાઈ બહિનર બીજે;
તે ભાવડ બીજ હૂઈ જગ સઘલે, બહેન બહૂપરે કિજેરે. જી૦ ૯૮

॥ ઢાલ ૯ ॥ વિવાહલાની ॥

પહિરીએ નવરંગ ફાલડીએ, માંડિ મૃગમદ કેસર ભાલડીએ;
ઝબ ઝબકે શ્રવણે ઝાલડીએ, કરિ કંઠે મુગતાફલ માલડીએ. જી૦ ૯૯

ઘર ઘર મંગલ માલડીએ, જપે ગોયમ ગુણ જપમાલડીએ;
પહોતલો પરવ દીવાલડીએ, રમે રસ ભર રમત બાલડીએ ૧૦૦

શોક સંતાપ સવિ કાપીઓએ, ઇંદ્રે ગોયમ વીરપદે થાપીઓએ;
નારી કહે સાંભલ કંતડાએ, જપો ગોયમ નામ એકંતડાએ. ૧૦૧
લ્યો લખ લાભ લખેશરી એ, ઘો મંગલ કોડી કોડેશરી એ;
જાપ જપો થઈ સુતપેસરી એ, જીમ પામીએ ઋદ્ધિ પરમેશરીએ. ૧૦૨
લહિએં દિવાલડી દાડલો એ, એતો પુણ્યનો ટબકો ટાલુઓએ,
સુકૃત સિરિ દઢ કરો પાલડીએ, જિમ ઘર હોય નિત્ય દિવાલડીએ. ૧૦૩

ઢાલ ૧૦

હવે મુનિસુવ્રત સીસોરે, જેહની સબલ જગીસો;
તે ગુરૂ ગજપુરે આવ્યારે, વાંદી સવિ હાર મનાવ્યા. ૧
પાવસ ચઉમાસું રહિયારે, ભવિયણ હઇડે ગહગહીઆરે,
નમુંચિ ચકવર્તિ પદ્મરે, જસુ હિયડે નવિ છદ્મ. ૨
નમુંચિ તસ નામે પ્રધાનરે, રાજા દિએ બહુ માન;
તિણે તિહાં રિઝવી રાયરે, માગિ મોટો પસાય. ૩
લિધો ષટ ખંડ રાજરે, સાત દિવસ માંડિ આજ;
પૂર્વે મુનિસું વિરોધ્યોરે, તે કિણે નવિ પ્રતિબોધ્યો. ૪
તે મુનિસું કહે બંડોરે, મુજ ધરતિ સવિ છંડો;
વિનવીઓ મુનિ મોટેરે, નવિ માને કર્મિ ખોટો. ૫
સાઠસયાં વર્ષ તપ તપિઓરે, જે જિન કિરીયાનો ખપીઓ;
નામે વિષ્ણુકુમારરે, સયલ લબધિનો ભંડાર. ૬
ઉઠ કમ ભૂમિ લેવારે, જોવા ભાઈની સેવા;
લ્યું ત્રિપદિ ભૂમિ દાનરે, ભલે ભલે આવ્યા ભગવાન. ૭
ઇણે વયણે ધડહડીઓરે, તે મુનિ બહુ કોપે ચઢિઓ;
કિધો અદ્ભૂત રૂપરે, જોયણ લાખ સરૂપ. ૮

પ્રથમ ચરણ પૂર્વે દીધોરે, બિજે પશ્ચિમે કિધો;
ત્રિજે તસ પુંઠે થાપ્યોરે, નમુંચિ પાતાલેં આંપ્યો. ૯
થરહરીઓ ત્રિભૂવનરે, ખલભલિઓ સવિ જન;
સલસલિઓ સુર દિન્નરે, પડ્યો નવિ સાંભલીએ કન્ન. ૧૦
એ ઉત્પાત અત્યંતરે, દૂરિ કરો ભગવંત;
હૈ હૈ સ્યૂં હવે થાશે રે, બોલે બહૂ એક સાસે. ૧૧
કરણે કિંન્નર દેવા રે, કડુઆ ક્રોધ સમેવા;
મધુર મધુર ગાએ ગિતરે, બે કર જોડિ વિનીત. ૧૨
વિનય થકી વેગે વલિઓરે, એ જિન શાસન બલિઓ;
દાનવ દેવે ખમાવ્યો રે, નર નારીએ વધાવ્યો. ૧૩
ગાવલડી ભેંસ ભડકી રે, જે દેખી દુરે તડકી રે;
તે જતને અહિ છે રે, આરતિ ઉતારી મેરઈએ રે. ૧૪
નવલે અવતારે આવ્યા રે, જીવિત ફલ લહિ ફાવ્યા;
શેવ સુંહાલિ કંસાર રે, ફલ લ્યૂં નવે અવતાર રે. ૧૫
છગણુ તણો ઘરબાર રે, નમુંચિ લખ્યું ઘર નારે;
તે જીમ જીમ ખેરૂ થાય રે, તિમ તિમ દૂખ દૂરે જાય રે. ૧૬
મંદિર મંડાણુ માંડ્યા રે, દાલિદ્ર દુખ દુરે છાંડ્યા;
કાંતિ વદ્દિ પડવે પરવેરે, ઇંમ એ આદરીઓ સર્વે. ૧૭
પુણ્યે નરભવ પાંમિ રે, ધર્મ પુન્ય કરો નરધાંમી;
પુન્યે ઋદ્ધિ રસાલિ રે, નિત નિત પુન્યે દિવાલી

કલશ.

જિન તું નિરંજણ સજલ રંજણ, દુખ ભંજણ દેવતા;
દો સુખ સાંમિ મુગતિ ગાંમિ, વીર તુજ પાય સેવતા.

તપ ગચ્છ ગયણુ દિણુંદ દહ દિસે, દીપતો જગ જાંણિએં;
શ્રી હીરવિજય સુંરિંદ સહગુરુ, તાસ પાટ વખાણીયે. ૧૯
શ્રી વિજયસેનસુરીસ સહ ગુરુ, વિજયદેવસૂરસરૂ;
જે જપે અહનિશ નામ જેહનો, વર્ત્તમાન જિણેશ્વરુ;
નિર્વાણ તવન મહિમા ભવન, વીર જિનનો જે ભણે,
તે લહે લિલા લચ્છિ લચ્છી. શ્રી ગુણહર્ષ વધામણે. ૨૦

॥ ઈતિશ્રી વીર નિર્વાણ મહિમા દીપાલિકા સંપૂર્ણ. ॥

વીર હમણું આવે છે મારે મંદિરીએ, મંદિરીએરે વીર મંદિરીએ. વી૦
પાયે પડીને મેંતો ગેાદ બિછાઉં, નિત નિત વીનતડી કરીએ, વી૦ ૧
સજન કુટુંબ પુત્રાદીકને, હરખે ધણિ પેરે ઉચ્ચરિએ .વી૦ ૨
જબ પ્રભુ આંગણે વીર પધારે, તવ વચ્છ સનમુખ ડગ ભરીએ. વી૦ ૩
સયણા સુણેાને ભવિયણ, પડિલાભિજે તેા ભવસાયર તરીએ વી૦ ૪
અપ્રતિબંધ પણે મહાવીરજી, ઘર ઘર ભીક્ષાને ફરીએ. વી૦ ૫
અભિનવ શેઠ તણે ઘેર પારણું, કિધું ફરતાં ગેાચરીએ. વી૦ ૫
ઈમ ભાવના કરતાં શ્રવણે સુણી, દેવ દુંદુભીરે ચિત્ત ભરીએ વી૦ ૭
બારમા કલ્પે જિરણુ આયુ બાંધ્યું, વીર જિનને ઉત્તમ ચિત્ત ધરીએ. વી૦૮
તસપદ પદ્મની સેવા કરતાં, સેજે શિવસુંદરી વરીએરે. વી૦ ૯

॥ ઈતિ વીર સ્તવનમ્ ॥

॥ અથશ્રી સમકિતનું સ્તવન ॥

॥ ઢાલ ॥ ૧ ॥ તે મુજ મિચ્છામિદુક્કડં ॥ એ દેશી ॥

સાંભલરે તું પ્રાણીયા, સદ્ગુરૂ ઉપદેશેા ।
માનવ ભવ દેહીલેા લહ્યો, ઉત્તમ કુલ એસેા ॥ સાં૦ ॥ ૧ ॥

દેવ તત્વ નવી ઓલખ્યેા, ગુરૂતત્વ ન જાણ્યેા ।
ધર્મ તત્વ નવિ સદ્દહ્યો, હિયડે જ્ઞાન ન આણ્યેા ।। સાં० ।। ૨ ।।
મિથ્યાત્વી સુર જિન પ્રત્યે, સરખા કરી જાણ્યા ।
ગુણ અવગુણ નવિ ઓલખ્યેા, વયણે વખાણ્યા ।। સાં० ।। ૩ ।।
દેવ થયા મોહે ગ્રહ્યા, પાસે રહેનારી ।
કામ તણે વશ જે પડ્યા, અવગુણ અધિકારી ।। સાં० ।। ૪ ।।
કેાઈ કેાધી દેવતા, વલી કેાધના વાહ્યા ।
કેાઈ કેાઈથી બીહતા, હથીયાર સવાહ્યા ।। સાં० ।। ૫ ।।
ક્રૂર નજર જેહની ગણી, દેખંતાં ડરીયે ।
મુદ્રા જેહની એહવી, તેહથી શું તરીયે ।। સાં० ।। ૬ ।।
આઠ કરમ સાંકલ જડ્યાં, ભમે ભવહી મેાજારેા ।
જન્મ મરણ ભવ દેખીયે, પામ્યા નહીં પારેા ।। સાં० ।। ૭ ।।
દેવ થઈ નાટક કરે, નાચે જણ જણ આગે ।
વેષ કરી રાધાકૃષ્ણનેા, વલી ભીક્ષા માગે ।। સાં० ।। ૮ ।।
મુખે કરી વાચે વાંસલી, પેહેરે તન વાઘા ।
ભાવંતાં ભેાજન કરે, એહવા ભ્રમ લાગા ।। સાં० ।। ૯ ।।
દેખેા દૈત્ય સંહારવા, થયેા ઉદ્યમવંતેા ।
હરિ હીરણાંકુશ મારીયેા, નરસિંહ બલવંતેા ।। સાં० ।। ૧૦ ।।
મત્સ્ય કચ્છ અવતાર લઈ, સહુ અસુર વિદાર્યા ।
દશ અવતારે જુજુઆ, દશ દૈત્ય સંહાર્યા ।। સાં० ।। ૧૧ ।।
માને મૂઢ મિથ્યા મતિ, એહવા પણ દેવેા ।
ફરી ફરી અવતાર લે, દેખેા કર્મની ટેવેા ।। સાં० ।। ૧૨ ।।

સ્વામી સોહે જેહવો, તેહવો પરિવારો ।
ઈમ જાણીને પરિહરો જિનહર્ષ વિચારો ॥ સાં૦ ॥ ૧૩ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ ઓધવ માધવને કહેજો ॥ એ દેશી ॥

જગનાયક જિનરાજતે, દાખવિયે સહી દેવ ।
મૂકાણા જે કર્મથી, સારે સુરપતિ સેવ ॥ જ૦ ॥ ૧ ॥
ક્રોધ માન માયા નહીં, નહીં લોભ અજ્ઞાન ।
રતિ અરતિ વેદે નહીં, છાંડયાં મદ સ્થાન ॥ જ૦ ॥ ૨ ॥
નિદ્રા શોક ચોરી નહિ, નહી વયણ અલિક ।
મત્સર ભય વધ પ્રાણિનો, ન કરે તહ કીક ॥ જ૦ ॥ ૩ ॥
પ્રેમ ક્રીડા ન કરે કદી, નહીં નારી પ્રસંગ ।
હાસ્યાદિક અઢાર એ, નહીં જેહને અંગ ॥ જ૦ ॥ ૪ ॥
પદ્માસન પુરી કરી, બેઠા શ્રી અરિહંત ।
નિશ્ચલ લોયણ તેહના. નાસાગ્રેજ રહંત ॥ જ૦ ॥ ૫ ॥
જિનમુદ્રા જિનરાજની, દીઠાં પરમ ઉલ્લાસ ।
સમકિત થાયે નિર્મલું, તપે જ્ઞાન ઉજાસ ॥ જ૦ ॥ ૬ ॥
ગતિ આગતિ સહુ જીવની, દેખે લોકાલોક ।
મનઃપર્યાય સવિ તણા, કેવલજ્ઞાન અલોક ॥ જ૦ ॥ ૭ ॥
મૂર્ત્તિ શ્રી જિનરાજની, સમતાનો ભંડાર ।
શીતલ નયન સુહામણો, નહીં વાંક લગાર ॥ જ૦ ॥ ૮ ॥
હસત વદન હરખે હૈયું, દેખી શ્રી જિનરાય ।
સુંદર છબી પ્રભુ દેહની, શોભા વરણવી ન જાય ॥ જ૦ ॥ ૯ ॥
અવર તણી એહવી છબી, કિહાં એમ ન દીસંત ।
દેવતત્ત્વ એ જાણીયે, જિનહર્ષ કહંત ॥ જ૦ ॥ ૧૦ ॥

॥ ઢાલ ૩ ॥ જત્તણીની ॥ એ દેશી ॥

શ્રી જિનવર પ્રવચન ભાખ્યા, જે કુગુરૂ તણા ગુણ દાખ્યા ।
પાસત્થાદિક પાંચેઈ, પાપ શ્રમણ કહ્યા સાચેઈ ॥ ૧ ॥
ગૃહીના મંદિરથી આણી, આહાર કરે ભાત પાણી ।
સુવે ઉંઘે નીશદિશ, પ્રમાદી વિસવાવીસ ॥ ૨ ॥
કિરિયા ન કરે કિણીવાર, પડિક્કમણું સાંજ સવાર ।
ન કરે પચ્ચખાણ સજ્ઝાય, વિકથા કરતાં દિન જાય ॥ ૩ ॥
ઘૃત દુધ દહીં અપ્રમાંણુ, ખાય ન કરે પચ્ચખાણ ।
જ્ઞાન દર્શન ને ચારિત્ર, મૂકી દીધાં સુપવિત્ર ॥ ૪ ॥
સુવિહિત મુનિ સમાચારી, પાલે નહી તે અણગારી ।
આહારના દોષ બિયાલ, ટાલે નહીં કીણહિ કાલ ॥ ૫ ॥
ધમ ધમ ધસમસતો ચાલે, કાચે જલે દેહ પખાલે ।
અર્ચા રચના વંદાવે, વસ્ત્રાદિક શોભા બનાવે ॥ ૬ ॥
પરિગ્રહ વલી ઝાઝા રાખે, વલી વલી અધિકાને ધાખે ।
માઠી કરણી જે કહીયે, તે સઘલી જિણમેં લહીયે ॥ ૭ ॥
એહવા જે કુગુરૂ આરંભી, મુનિ સાધુ કહેવાયે દંભી ।
કીઈકમ્મ પ્રશંસા કરીયે, ભવ ભવ ગૃહમાં અવતરીયે ॥ ૮ ॥
લોહાની નાવા તોલે, ભવસાયરમાં જે બોળે ।
જિનહર્ષ ભણે અહિ કાલે, પણ કુગુરૂની સંગત ટાલો ૯ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ કરજોડી આગલ રહી ॥ એ દેશી ॥

ગુણ ગીરૂઆ ગુરૂ બોલખો, હીયડે સુમતિ વિચારીરે ।
ગુરૂ પરિક્ષા દોહિલી, ભુલ પડે નર નારીરે ॥ ગુ૦ ॥ ૧ ॥

પાંચ ઇંદ્રિય જે વશકરે, પાંચ મહાવ્રત પાલેરે ।
ચાર કષાય તજી જેણે, પાંચે કિરિયા ટાલેરે ॥ ગુ૦ ॥ ૨ ॥
પાંચ સમિતી સમિતા રહે, તીન ગુપ્તિ જે ધારેરે ।
દોષ બેતાલીસ ટાલીને, પાણી ભાત આહારેરે ॥ ગુ૦ ॥ ૩ ॥
મમતા છાંડી દેહની, નિલોભી નિર્માયીરે ।
નવવિધ પરિગ્રહ પરિહરે, ચિત્તમેં ચિંતે ન કાંઇરે ॥ ગુ૦ ૪ ॥
ધર્મતણાં ઉપકરણ ધરે, સંયમ પાલવા કાજેરે ।
ભૂમિ જોઈ પગલાં ભરે, લોક વિરોધથી લાજેરે ॥ ગુ૦ ॥ ૫ ॥
પડિલેહણ નિત્ય ત્રિવિધે, કરે પ્રમાદ નિવારીરે ।
કાલે શુદ્ધ ક્રિયા કરે, ઇચ્છા જોગ નિવારીરે ॥ ગુ૦ ॥ ૬ ॥
વહ્યાદિક શુદ્ધ એષણી, લે દેખી સુવિશેષેરે ।
કાલ પ્રમાણે અપકરે, દૂષણ ટલંતાં દેખેરે ॥ ગુ૦ ॥ ૭ ॥
કુરખી સંબલ જે કહ્યાં, સાન્નિધ્ય કેમ હીંન રાખેરે ।
દે ઉપદેશ યથાસ્થિતે, સત્ય વચન મુખ ભાખેરે ॥ ગુ૦ ॥ ૮ ॥
તન મેલાં મન ઉજળાં, તપ કરી ખીણદેહીરે ।
બંધન બે છેદી કરી, વિચરે જન નિઃસ્નેહીરે ॥ ગુ૦ ॥ ૯ ॥
એહવા ગુરૂ જોઈ કરી, આદરીયે શુભ ભાવેરે ।
બીજું તત્ત્વ સુગુરૂ તણું, એ જિનહર્ષ કહાવેરે ॥ ગુ૦ ॥૧૦॥

॥ ઢાલ ॥ ૫ ॥ કર્મન છુટે રે પ્રાણિયા ॥ એ દેશી ॥

ભવસાયર તરવા ભણી, કર્મ કરે હો સારંભ ।
પથ્થર નાવે રે બેસીને, તરવો સમુદ્ર દુરલંભ ॥ ભ૦ ॥ ૧ ॥
આપે ગોકુલ ગાયનાં, આપે કન્યા રે દાન ।
આપે ક્ષેત્ર પુણ્યાર્થે, બ્રાહ્મણને દેઈ માન ॥ ભ૦ ॥ ૨ ॥

લૂંટાવે ઘાણી વલી, પૃથ્વીદાન સુપ્રેમ ।
ગોલા કલશા રે મોરિયા, આપે હલ તિલ હેમ ॥ ભ૦ ॥ ૩ ॥
વલી ખણાવેરે ખંતશું, કુઆ સુંદર વાવ ।
પુષ્કરિણી કરણી ભલી, સરોવર સખર તલાવ ॥ ભ૦ ॥ ૪ ॥
કંદ મૂલ મૂકે નહીં, અગીઆરસને હો દીન ।
આરંભ તે દિન અતિ ઘણો, ધર્મ કીહાં જગદીશ ॥ ભ૦ ॥ ૫ ॥
યાગ કરે હોમે તિહાં, ઘોડા નરને રે છાગ ।
હોમે જલચર મેડકાં, ધર્મ કીહાં વીતરાગ ॥ ભ૦ ॥ ૬ ॥
કરે સદાયે રે નોંતરાં, જીવ તણાં આરંભ ।
હણે મહિષને બોકડા, જેહથી નરક સુલંભ ॥ ભ૦ ॥ ૭ ॥
સારે સરાવે બ્રાહ્મણ કને, પૂર્વજનાં રે શ્રાદ્ધ ।
તેડી પોખેરે કાગડા, દેખો એહ ઉપાધિ ॥ ભ૦ ॥ ૮ ॥
તીર્થ જાય ગોદાવરી, ગંગા ગયા પ્રયાગ ।
ન્હાયે અણગલ નીરમાં, ધર્મ તણો નહીં લાગ ॥ ભ૦ ॥ ૯ ॥
ઇત્યાદિક કરણી કરે, પરભવ સુખનેરે કાજ ।
કહે જિનહર્ષ મલે નહીં, એહથી શિવપુર રાજ ॥ ભ૦ ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ ૬ ॥ જાયા તુજ વિણ ઘડીરે છમાસ ॥ એ દેશી ॥

ધર્મ ખરો જિનવર તણોજી, શિવ સુખનો દાતાર ।
શ્રી જિનરાજે પ્રકાશીયોજી, જેહના ચાર પ્રકાર ।
ભવિક જન જ્ઞાન વિચારીરે જોય । એ આંકણી ॥
દુર્ગતિ પડતા જીવને જી, ધારે તે ધર્મ હોય ॥ ભવિકજન૦ ॥ ૧ ॥
પંચ મહાવ્રત સાધુનાં જી, દશવિધ ધર્મ વિચાર ।

હિત ધરી જિનવરે કહ્યાંજી, શ્રાવકનાં વ્રત બાર ॥ ભવિક૦ ॥ ૨ ॥
પંચુમ્બર ચારે વિગયજી, વિષ સહુ માટીરે હિમ ।
રાત્રી ભોજનને કહ્યાજી, બહુબીજોનો નેમ ॥ ભવિક૦ ॥ ૩ ॥
ઘોલવડાં વલી રીંગણાંજી, અનંતકાય બત્રીસ ।
અણજાણ્યાં ફલ ફૂલડાંજી, સંધાણાં નિશદીશ ॥ ભવિક૦ ॥ ૪ ॥
ચલિત અન્ન વાશી થયુંજી, તુચ્છ સહુ ફલ દક્ષ ।
ધર્મી નર ખાયે નહીંજી, એ બાવીસ અભક્ષ ॥ ભવિક૦ ॥ ૫ ॥
ન કરે નિર્ધંસપણેજી, ઘરના આરંભ ધીર ।
જીવતણી જયણા ઘણીજી, ન પીયે અણગલ નીર ॥ ભવીક૦ ॥ ૬ ॥
ઘૃતપરે પાણી વાવરેજી, બીયે કરતાં પાપ ।
સામાયિક વ્રત પૌષધેજી, ટાલે ભવના તાપ ॥ ભવિક૦ ॥ ૭ ॥
સુગુરૂ સુદેવ સુધર્મનીજી, સેવા ભક્તિ સદીવ ।
ધર્મ શાસ્ત્ર સુણતાં થકાંજી, સમજે કોમલ જીવ ॥ ભવિક૦ ॥ ૮ ॥
માસ માસને આંતરેજી, કુશ અગ્રે ભુંજે બાલ ।
કલા ન પહોચે શોલમીજી, શ્રી જિનધર્મ વિશાલ ॥ ભવિક૦ ॥ ૯ ॥
જિન ધર્મ મુક્તિ પુરી દીયેજી, ચઉગતિ ભ્રમણ મિથ્યાત્વ ।
એમ જિનહર્ષ પ્રકાશીયેજી, ત્રીજું તત્ત્વ વિખ્યાત ॥ ભવિકા૧૦॥

॥ ઢાલ ॥ ૭ ॥ મધુકર આજ રહોરે મત ચલો ॥ એ દેશી ॥

શ્રી જિનધર્મ આરાધિયેજી, કરી નિજ સમકિત શુદ્ધ । ભવિયણ ॥
તપ જપ કિરિયા કીધલીજી, લેખે પડે વિશુદ્ધ ॥ ભ૦ ॥ શ્રી૦ ॥૧॥
કંચન કશી કશી લિજિયેજી, નાણું લીજે પરીખ ॥ ભ૦ ॥
દેવ ધર્મ ગુરૂ જોઇનેજી, આદરીયે સુણી શીખ ॥ ભ૦ ॥ શ્રી૦ ॥૨॥

કુગુરૂ કુદેવ કુધર્મનેજી, પરિહરીયે વીષ જેમ ॥ ભ૦ ॥
સુગુરૂ સુદેવ સુધર્મનેજી, ગ્રહીયે અમૃત તેમ ॥ ભ૦ ॥ શ્રી૦ ॥ ૩ ॥

મૂલ ધર્મ તે જીને કહ્યોજી; સમકિત સુરતરૂ એહ ॥ ભ૦ ॥
ભવ ભવ સુખ સંપત્તી થકીજી,
સમકિતશું ધરી નેહ ॥ ભ૦ ॥ શ્રી૦ ॥ ૪ ॥

સત્તરસેં છત્રીસ સમેજી, નભ શુદી દશમી દીસ ॥ ભ૦ ॥
સમકિતસીત્તરી એ રચીજી,
પુરપાટણ સુજગીશ ॥ ભ૦ ॥ શ્રી૦ ॥ ૫ ॥

ભણુલે ગુણુલે ભાવશુંજી, લેશો અવીચલ શ્રેય ॥ ભ૦ ॥
શાંતિહર્ષ વાચક તણોજી,
કહે જિનહર્ષ વીનેય ॥ ભ૦ ॥ શ્રી૦ ॥ ૬ ॥

॥ ઇતીશ્રી સમકિતસીત્તરી સંપૂર્ણ ॥

॥ ज्ञानदर्शन चारित्रनुं स्तवन ॥

॥ દુહા ॥ શ્રી ઇંદ્રાદિક ભાવથી, પ્રણમી જગગુરૂ પાય ।
તે પ્રભુ વીર જીણુંદને, નમતાં અતિસુખ થાય ॥ ૧ ॥

જ્ઞાન દર્શન ચારિત્રનો, કહું પરસ્પર સંવાદ ।
ત્રિક જોગે સિદ્ધિ હોયે, એવો પ્રવચન વાદ ॥ ૨ ॥

સમકિત ગુણ જસ ચિત્ત રમ્યો, તેહનો વાદવિવાદ ।
સમુદાયથી એક અંશ ગ્રહી, મુખ્ય કરે તિહાં વાદ ॥ ૩ ॥

॥ ઢાલ ૧ ॥ લલનાની એ દેશી ॥

જ્ઞાનવાદી પહેલો કહે, ત્રિભુવનમાં હું સાર લલના ।
નય નિક્ષેપ પ્રમાણનો, ચઉ અનુયોગ વિચાર લલના ॥ ૧ ॥

જ્ઞાન ભજો ભવી પ્રાણીયા ॥ એ આંકણી ।
સપ્તભંગી ષટ દ્રવ્યનું મુજ વિણ કુણ લહે તત્ત્વ, લલના ।
બંભી લીપીને પ્રણમીયા,
ગણધરાદિક મહાસત્ત્વ લલના ॥ જ્ઞા૦ ॥ ૨ ॥

મેરૂ સૂર્યને ઇંદ્રની, ઉપમા જ્ઞાનીને હોય લલના ।
મુજ વીણ મૂર્ખ પશુતણી,
એવી ઉપમા તસ હોય લલના ॥ જ્ઞા૦ ॥ ૩ ॥

જ્ઞાન પછી જિનરાજને, અરિહંત પદ હોય ભોગ્ય, લલના ।
ભોગવવું તે જ્ઞાનનો,
ઉપદેશ કહેવો જે યોગ્ય લલના ॥ જ્ઞા૦ ॥ ૪ ॥

જ્ઞાન પછી ક્રિયા કહી, દશવૈકાલિક વાણી લલના ।
જ્ઞાન ગુણે કરી મુનિ કહ્યા, ઉત્તરાધ્યયન પ્રમાણ લલના ॥ જ્ઞા૦ ॥ ૫ ॥

દીપક ઘટ દેખાવશે, ઘટથી દીપક ન દેખાય લલના ।
અપ્રતિપાતી જ્ઞાન ગુણ સહી,
મહાનિશીથે કહેવાય લલના ॥ જ્ઞા૦ ॥ ૬ ॥

અધિકું સર્વ પાતિક થકી, અજ્ઞાની જાણે ન ચોજ લલના ।
આતમ સ્વરૂપ જાણ્યા વિના,
જીમ ફિરે જંગલ રોઝ લલના ॥ જ્ઞા૦ ॥ ૭ ॥

ક્રિરીયા વિણ બહુ સિદ્ધિ લહે, તાપસાદિક દૃષ્ટાંત લલના ।
ગજ બેઠે **મરૂદેવીને,**
આપી મેં મુક્તિ એકાંત લલના ॥ જ્ઞા૦ ॥ ૮ ॥
અજ્ઞાનવાદી ઈમ કહે, આપે મોક્ષ ન જ્ઞાન લલના ।
ઉત્તર ધર્મસંગ્રહણીથી, કરજો મુજ બહુ માન લલના ॥ જ્ઞા૦ ॥૯॥
જીવ ને જ્ઞાન અભેદ છે, મુજ વીણ જીવ અજીવ લલના ।
અક્ષરનો અનંતમો, ભાગ ઉઘાડો સદૈવ લલના ॥ જ્ઞા૦ ॥ ૧૦ ॥
ક્રિયા નયે જે બાલ છે, જ્ઞાન નયે ઉજમાલ લલના ।
મુનિને સેવવા યોગ્ય તે,
બોલે **ઉપદેશમાલ** લલના ॥ જ્ઞા૦ ॥ ૧૧ ॥
દેવાચાર્ય મલ્લવાદીજી, જગ જસ વાદ લહંત લલના ।
બૌધ જીત્યા મુજ આશ્રયે,
ઈમ બહુ શાસ્ત્રે ઉદંત લલના ॥ જ્ઞા૦ ॥ ૧૨ ॥
દેહીના મેલ સારીખો, મુજ વિણ ક્રિરિયા ધંધ લલના ।
તિક્ષણતા જે જ્ઞાનની, તેહિજ ચરણ અબંધ લલના ॥ જ્ઞા૦ ॥૧૩॥

॥ ઢાલ ૨ ॥ અરણીક મુનિવર ચાલ્યા ગોચરી એ દેશી ॥

ક્રોડ વરસ તપ જપ ક્રિરિયા કરે, નવિ મીટે કર્મના પાશ રે ।
જ્ઞાની તે એક સાસોસાસમાં, અનેક કર્મ કરે નાશ રે ।
ગુણીજન વાંદોરે જ્ઞાનને ગળી ગળી ॥ ॥ ૧ ॥ એ આંકણી ॥
જ્ઞાનના ગુણને રે ઉત્તમ સંગ્રહે, બાલક માને તે વેષરે ।
મધ્યમ નર ક્રિરિયા ગુણ આદરે,
બોડશકે **ઉપદેશરે** ॥ ગુણી૦ ॥ ૨ ॥

ચારિત્ર હીણો રે જ્ઞાન ગુણે ઘણો, વાંદવો પૂજવો તેહરે ।
થોડા જ્ઞાનીની કિરિયા કલેશ છે,
ઉપદેશમાલામાં એહ રે ॥ ગુણી૦ ॥ ૩ ॥

મહીયલ મહાલે રે મેલે વેષથી, અગવ્યવહારે ચાલે રે ।
જગને ઘાલે રે જ્ઞાનવિના ધંધે,
તે કીમ ધર્મને પાલેરે ॥ ગુણી૦ ॥ ૪ ॥

પીપલીયા પાન જીસા ક્રિયા ગુરૂ, જહાજ સમા ગુરૂ જ્ઞાનીરે ।
કિરિયા રહિત જે સિદ્ધ જિણંદ છે,
ભગવતી અંગની વાણીરે ॥ ગુણી૦ ॥ ૫ ॥

મંડુકચુરણ જિમ જલદાગમે, કિરિયાયે તેમ ભવ વ્યાધિરે ।
તસ છાર કરવારે જ્ઞાનની જ્યોતિ છે,
ઉપદેશપદે એમ સાધીરે ॥ ગુણી૦ ॥ ૬ ॥

એકનો જાણુગ સર્વ જાણુગ કહ્યો, એહવી છે મારી વડાઇરે ।
અવિસંવાદપણે જે જાણવું, તેહીજ સમક્તિ ભાઇરે ॥ ગુણી૦ ॥૭॥

જ્ઞાન વિના કહો સમક્તિ કીમ રહે, કિરિયા તે જ્ઞાનની દાસીરે ।
છઠ તપે સુકી સેવાલ ભોગી કહ્યો,
દેખે ન સુખ અવિનાસીરે ॥ ગુણી૦ ॥ ૮ ॥

થોડલી કિરિયારે જ્ઞાનીની ભલી, જીમ સુરનારીના ભાવરે ।
બહુલી કિરિયા રે જ્ઞાન વિના કીસી,
જીમ અંધનારીના હાવરે ॥ ગુણી૦ ॥ ૯ ॥
સહસ ત્રેતાલીસ બસે નર બુઝીયા, નંદિષેણ શુભ ભાખેરે ।

જ્ઞાનીએ દીહુંરે તેહીજ વસ્તુ છે,
ખરસિંહ સમ અન્ય દાખેરે ॥ ગુણી૦ ॥ ૧૦ ॥

કિરિયા નયનેરે જ્ઞાન કહે તુમે, મુજ થકી ભિન્ન અભિન્નરે ।
ભિન્ન થશો તો રે જડતા પામશો,
અભિન્નતે મુજમાંહી લીનરે ॥ ગુણી૦ ॥ ૧૧ ॥

ન્યાયે ત્રીજેરે જેહને આલંબીયે, જુઓ જુગતિ વિમાસીરે ।
એક પદ પામી ચિલાતિસુત તર્યો,
જ્ઞાનથી સહુ સુખ વાસીરે ॥ ગુણી૦ ॥ ૧૨ ॥

॥ ઢાલ ૩ ॥ સુણ મોરી સજની રજની ન જાવેરે એ દેશી ॥

સમકિતવાદી હવે બોલ્યો વિમાસીરે,
મુજવિણ જ્ઞાન કિરિયાની બહુ હાંસીરે ।
મુજ વિણ જ્ઞાન અજ્ઞાન તે જાણોરે ।
શુકપાઠક તથા વેદીયા માનોરે ॥ ૧ ॥

મણિમય બિંબ અનંત ભરાવેરે, સોવન દહેરાં અસંખ્ય કરાવેરે ।
દંસણુલવ વિણ શુભ ફલ નાપેરે,
દંસણ રયણાયર ઇમ થાપેરે ॥ ૨ ॥

વાર અનંતી જીમ જીવને ફરસ્યોરે,
જીમ મૃગતૃષ્ણાએ રહેવે તરસ્યોરે ।
તે એકવારમાં દુઃખ સવી ટાલુંરે,
આતમમંદિરમાં કરૂં અજુઆલુંરે ॥ ૩ ॥

મુજ પછી જ્ઞાન કિરિયા દોય સાચીરે,
જલધર જોગે વન રાય માચીરે ।

પાત્ર કુપાત્ર તુમે નવિ જોતારે,
અમે ભવિક અકષાયે મોહતારે ॥ ૪ ॥
ક્ષણુ એક મુજને હૃદયે રાખીરે,
જિણે સાહિબની સુખડી ચાખીરે ।
મિથ્યા વચન જો કાંઈ પ્રરૂપે રે,
હુંતો રીસુ પડે ભવકૂપેરે ॥ ૫ ॥
બાંહે ઝાલ્યો તે કારણ માટે રે, કરૂં સુખીયો પુદ્ગલઅધ સાટેરે।
કૃષીબલ સંબંધ ધરો મનમાંહીરે,
સમકિતવંતને પ્રણુમો ઉછાંહીરે ॥ ૬ ॥
અસુચ્ચા કેવલી કિરિયાહીનરે, સિદ્ધા મુજથકી અનુભવ પીનરે।
દંસણુ રહિત ન સીઝે કોઇરે,
નિશ્ચય કરો ભવિ આગમ જોઇરે ॥ ૭ ॥
માલા ઝાલે નિમાલા લોચેરે, કિરિયાડંબર ભણી બહુ શોચેરે।
નવ ગ્રૈવેયક સુધિ લેઈ જાવે રે,
તોયે સમકિત લવ સુખ નાવેરે ॥ ૮ ॥
જૂઠ કિરિયાએ ધરાવે નામરે, હું મુનિ હું શ્રાવક ગુણ ધામરે।
મુજ છતાં મરીચીયે ભવ ન વધારોરે,
જમાલી કુશીષ્ય જો સમકિત હારોરે ॥ ૯ ॥

॥ ઢાલ ૪ ॥ ગુણ વેલડીયાં એ દેશી ॥

સિદ્ધ નરે જેમ સંગ્રહો રે ॥ બુદ્ધવંતાજી ॥
વિષ પણ અમૃત થાય ॥ રૂચિવંતાજી ॥
તિમ સમકિતવંતે ગ્રહ્યો ॥ બુદ્ધ૦ ॥
શાસ્ત્ર સકલ સમુદાય ॥ રૂચિ૦ ॥ ૧ ॥

દ્વિપાયન શ્રેણીક ભણી ॥ બુદ્ધ૦ ॥
વાસુદેવ પેઢાલ ॥ રૂચિ૦ ॥
અવિરતિને પણ સુખી કરૂં ॥ બુદ્ધ૦ ॥
મુજ વિણ કવણ આધાર ॥ રૂચિ૦ ॥ ૨ ॥

દશ મિથ્યાત્વગિરી ભંજવા ॥ બુદ્ધ૦ ॥
પવિ સમ હૂં સમર્થ ॥ રૂચિ૦ ॥
શુભ દો આતમ ભાવસું ॥ બુદ્ધ૦ ॥
જીન પદવી મુજ હાથ ॥ રૂચિ૦ ॥ ૩ ॥

સમકિત અંક વિણા સહુ ॥ બુદ્ધ૦ ॥
કિરિયાદિક બિન્દુ રૂપ ॥ રૂચિ૦ ॥
અંગારમર્દક સંબંધથી ॥ બુદ્ધ૦ ॥
સમજો મુજ સ્વરૂપ ॥ રૂચિ૦ ॥ ૪ ॥

કૃષ્ણપખીઓ અનાદિનો ॥ બુદ્ધ૦ ॥
મુજથી મીટે તતખેવ ॥ રૂચિ૦ ॥
શુકલપખીયો તવ થયો ॥ બુદ્ધ૦ ॥
મીટે અનાદિ ભવ સેવ ॥ રૂચિ૦ ॥ ૫ ॥

વરસ હજાર કિરિયા ગઈ ॥ બુદ્ધ૦ ॥
કંડરીકની અકાજ ॥ રૂચિ૦ ॥
મુજવિણ પુર્વધર ગયા ॥ બુદ્ધ૦ ॥
આવે નિગોદમાં બાજ ॥ રૂચિ૦ ॥ ૬ ॥

પૂર્વ બદ્ધાયુ ગતદંસણી ॥ બુદ્ધ૦ ॥
બે વિણ સમકિતવંત ॥ રૂચિ૦ ॥

વૈમાનિક પદવી લહે ॥ બુદ્ધ૦ ॥
ઈમ મહાભાષ્ય કહંત ॥ રૂચિ૦ ॥ ૭ ॥

જીવ પ્રદેશે પુદ્ગલ રહ્યા ॥ બુદ્ધ૦ ॥
મિથ્યાતના જે સમસ્ત ॥ રૂચિ૦ ॥
તેહ મીટે જે શુદ્ધતા બુદ્ધ૦ ॥
તેહીજ સમકિત વસ્ત ॥ રૂચિ૦ ॥ ૮ ॥

સમકિતને ભાવે હુવે ॥ બુદ્ધ૦ ॥
દર્શન સહી ગુરૂ દેવ ॥ રૂચિ૦ ॥
અગણિત મહિમા માહરો ॥ બુદ્ધ૦ ॥
સમકિત દશ રૂચિ સેવ ॥ રૂચિ૦ ॥ ૯ ॥

દશમાંહિ નવ અસ્તિતા ॥ બુદ્ધ૦ ॥
સ્યાદ્વાદ રહે મુજમાંહ્ય ॥ રૂચિ૦ ॥
યથાર્થ વસ્તુ હું ગ્રહું ॥ બુદ્ધ૦ ॥
આઠ પક્ષથી ઉછાંહ ॥ રૂચિ૦ ॥ ૧૦ ॥

સમકિત મીટે ચારિત્ર નહી ॥ બુદ્ધ૦ ॥
આવશ્યક માંહે વખાણી ॥ રૂચિ૦ ॥
સમકિત તેહજ ચરણ છે ॥ બુદ્ધ૦ ॥
પહેલા અંગની વાણી ॥ રૂચિ૦ ॥ ૧૧ ॥

સમકિતની સેવા સારી ॥ બુદ્ધ૦ ॥
નહી મિથ્યામતિરાજ ॥ રૂચિ૦ ॥
ખટ ઉપમાન છે માહરે ॥ બુદ્ધ૦ ॥
સદ્દહ્યો મુનિરાજ ॥ રૂચી૦ ॥ ૧૨ ॥

॥ ઢાલ ૫ ॥ આજ હજારી ઢોલો પ્રાહુણો એ દેશી ॥

હવે કિરિયાવાદી કહે મન રૂલી,
ન ગણે જ્ઞાનનો ગુણ સુખ દાઈ ॥ સાજન સુણીયેહે ॥
વાંઝણી સુત રંક રાજવી, કીસી સુપને જ્ઞાન વડાઈ ॥ સા૦ ॥
નરહર ના નમવારે, સંયમ ધારીને ॥ ૧ ॥ આંકણી ॥
જ્ઞાનથી ફલ ભોગ નવિ લહે, કિરિયા વીણ કેાઇક જીવ ॥ સા૦ ॥
રસવતી જલ ગુણ જાણતાં,
તૃપી નવી હોયે અતીવ ॥ સ૦ ॥ ન૦ ॥ ૨ ॥
કીરીયા વીણ પંથ તે નવી ઘટે, વીચરે જલનીધી તરે ॥ સા૦ ॥
નટણી નિજ કીરીયા વીના,
જનરંજન કહેા કીમ કરે ॥ સા૦ ॥ ન૦ ॥ ૩ ॥
શત્રુંજય મહાત્મ્યમાં કહ્યું, મુની વેષ તે નમવેા ઉછાંહી ॥ સા૦ ॥
લિંગ દેખીને ભાવે સુણમીયા,
સચીવ ઉદયન ગુણગ્રાહી ॥ સા૦ ॥ ન૦ ॥ ૪ ॥
ભરતને કેવલ ઉપનેા, લિંગ વીણ નમીયા નહીં દેવ ॥ સા૦ ॥
કહે ઉપદેશ એક સંબંધનેા,
અસુચ્ચા કેવલી તતખેવ ॥ સા૦ ॥ ન૦ ॥ ૫ ॥
જ્ઞાનનું ફલ વીરતી કહ્યું, બહુવીધ શાસ્ત્રમઝાર ॥ સા૦ ॥
ચારીત્ર મહારાજા તણા,
જ્ઞાન ક્ષમકીત દેા પ્રતીહાર ॥ સા૦ ॥ ન૦ ॥ ૬ ॥
ગતી ચારમાં સમકીત પામીયે, નરગતીમાંહી સંયમ સીદ્ધ ॥ સા૦ ॥

ક્રીરીયાનય શાસ્ત્રનો અંગ છે,
નીર્યુક્તીના વચન પ્રસીદ્ધ ॥ સા૦ ॥ ન૦ ॥ ૭ ॥
સર્વ સંવરી કીરીયા વીના, જ્ઞાનને સુગતી ન હોય ॥ સા૦ ॥
અનંતર કારણ હું સહી,
તેહ ધુર સીદ્ધા સહુ કોય ॥ સા૦ ॥ ન૦ ॥ ૮ ॥

॥ ઢાલ ૬ ॥ આદર જીવ ક્ષમા ગુણ આદર એ દેશી ॥

જીનવર મંદિર સયલ મહિયલમાં, સોવન રયણ મંડાવેજી ।
એક દિવસના ચરણ સમોવડ, કહો તે કિમ કરી થાવેજી ॥
આદર જીવ કિરિયા ગુણ મનોહર, મ કરીશ વાદ વિવાદજી
॥ એ આંકણી ॥ ૧ ॥

કેવલીને પણ એક સંયમનું, સ્થાનક સ્થિર રહે શુદ્ધજી ।
સકલ પ્રદેશ સ્થિરતારૂપ ચારિત્ર, સિદ્ધ પ્રભુને કહે બુદ્ધ જી
॥ આદર૦ ॥ ૨ ॥

એકવરસના સંયમસુખમાં, અનુત્તર સુરસુખ થાવેજી ।
એ પણ વ્યાવહારિક નય વચન છે,
ક્ષણમાંહે શ્રેણી મંડાવેજી ॥ આદર૦ ॥ ૩ ॥

એક દિવસની કિરિયાપાલક **સંપ્રતિ** નરપતિ કીધોજી ।
હરિ નૃપને નવયામ કિયાએ, પાંચમે અનુત્તર
સિધોજી ॥ આદર૦ ॥ ૪ ॥

ચાર કષાય મીટે સંયમ હોય, કિરિયાએ મહા લબ્ધિજી ।
દશારસિંહ સત્યકીને અધોગતિ, જો નહીં કિરિયા
સંબંધીજી ॥ આદર૦ ॥ ૫ ॥

અક્રિયાવાદી દશાચૂર્ણીમાં, કૃષ્ણપખીઓ જીવ નયમાંજી ।
ક્રિયાવાદી શુકલ પખીઓ, જિન ઉપદેશે મહિમાજી ॥આદર૦॥ ૬ ॥

યોગ વ્યાપાર નહી જો સિદ્ધને, તો કિરિયા કિમ વ્યાપેજી ।
સઘલા નરનું સાર સંયમ છે, જીન ગણધર કહ્યું
આપેજી ॥ આદર૦ ॥ ૭ ॥

ખર જિમ ચંદન ભાર વહે બહુ, તસ ફલ ભોગ ન થાવેજી ।
દીપક સહસ કર્યા પણ અંધથી, કુણ કારજ સોહાવેજી
॥ આદર૦ ॥ ૮ ॥

દશાર્ણભદ્રને નમીઆ સુરપતિ, જો કિરિયાએ ગુણવંતાજી ।
મુજ અવદાત અનેક છે જગમાં, ધારો ભવિ
જયવંતાજી ॥ આ૦ ॥ ૯ ॥

॥ ઢાલ ૭ ॥ કોઇલેા પર્વત ધુંધલેારે એ દેશી ॥

એમ નિજ નિજ મત થાપતા હેા લાલ, આવ્યા જિણેસર પાસરે ॥
વાલેસર ॥ કરૂણાકારક ઉપદિશે હેા લાલ ॥
અનુપમ વચન વીલાસરે ॥ વાલેસર ॥
જયેા જયેા જિનવર જયગુરૂ હેા લાલ ॥
જેહથી મીટે ભવ પાસરે ॥ વા૦ ॥ ૧ ॥

એ આંકણી ॥ દંસણ સહિત જ્ઞાની કહ્યા હેા લાલ,
દેશવિરાધક સાચરે ॥ વા૦ ॥
જ્ઞાન રહિત કિરિયા કરે હેા લાલ,
તેા પણ વિરાધક વાચરે ॥ વા૦ ॥ જ૦ ॥ ૨ ॥

દેશ દેશ ઉપગારીઆ હો લાલ, સમુદાય સિદ્ધિ લહંતરે ॥ વા૦ ॥
તીન સમૂહે નેહ ઉપજે હો લાલ ॥
બિન્દુ બિન્દુ સરહુંતરે ॥ વા૦ ॥ જ૦ ॥ ૩ ॥

ત્રણ ભુવનના યેાગથી હો લાલ, પૂરણ લેાક કહેવાયરે ॥ વા૦ ॥
કેમ તે એકમાં થાપીયે હો લાલ,
એક સિઝે તૃપ્તિ ન થાયરે ॥ વા૦ ॥ જ૦ ॥ ૪ ॥

જ્ઞાન સમકિત ધેારી વહે હો લાલ, સંયમ રથ સુવિશાલરે ॥વા૦॥
એસી જિનપંથે ચઢયા હો લાલ,
થાશે તે પરમ નિહાલરે ॥ વા૦ ॥ જ૦ ॥ ૫ ॥

નિજ નિજ પદ પ્રાપ્તિ સુધી હો લાલ, જ્ઞાનાચારાદિક સેવરે ॥વા૦॥
ઈમ શુભ પરિણામે કરી હો લાલ,
વેગે હેાય શિવવેદરે ॥ વા૦ ॥ જ૦ ॥ ૬ ॥

દંસણ જ્ઞાનમાં ભેલવી હો લાલ, જ્ઞાન ક્રિયાયે કહી સિદ્ધરે ॥ વા૦ ॥
પંગુ અંધેા નર દેા ભલે હો લાલ,
મનહ મનેારથ કીધેારે ॥ વા૦ ॥ જ૦ ॥ ૭ ॥

જેટલા વચન વિચાર છે હો લાલ, તેટલા નયના વાદરે ॥ વા૦ ॥
સહુ અંતર પ્રીતિ કરે હો લાલ,
સુણી વીરના વચન જે સ્વાદરે ॥ વા૦ ॥ જ૦ ॥ ૮ ॥

॥ ઢાલ ૮ ॥ રાગ ધન્યાશ્રી ॥

શ્રીમહાવીરજીના ગુણ ગાવેા, સંશય મનના મિટાવેારે ।
મુક્તાફલનેા થાલ ભરીને, પ્રભુજીના જ્ઞાન વધાવેારે ॥ શ્રી૦ ॥૧॥

આ સમયે શ્રુતજ્ઞાની મોટા, શુદ્ધ સ્વરૂપ સમજાવોરે ।
જ્ઞાનીનો જે વીનય સેવે, તો અતિચાર ન થાવેરે ॥ શ્રી૦ ॥ ૨ ॥

આવશ્યકાદિક ગ્રંથ અનુસરે, રચના કરી મનોહારરે ।
હિનાધિક નિજબુદ્ધિ કહેવાય, તે શ્રુતધર સુધારીરે ॥ શ્રી૦ ॥ ૩ ॥

મુનિ કર સિદ્ધિ ચંદ્રજી વરસે, (૧૨૮૧) આઠમ શુદ્ધી ભલે ભાવેરે ।
ત્રણુસે ત્રીસ કલ્યાણુક એ દિન, ત્રીસ ચોવીસીના થાવેરે ॥શ્રી૦॥૪॥

પહેલા પાંચ જીણુંદ નમિ નેમિ, સુવ્રત પાસ સુપાસરે ।
દશ જિનનાં અગીયાર કલ્યાણુક,
એ દિવસે થયા ખાસરે ॥ શ્રી૦ ॥ ૫ ॥

અડસિદ્ધિ બુદ્ધિ દાયક એ દીન, સ્તવન રચ્યું પ્રમાણુરે ।
ભણુસે ગુણુશે જેહ સાંભલશે, તસ ઘર કોડિ કલ્યાણુરે ॥શ્રી૦॥૬॥

॥ કલશ ॥ ઈમ વીર જિનવર પ્રમુખ કેરો, અઢીલાખ ઉદ્ધાર એ,
જિનબિંબ સ્થાપી સુજસ લીધો દાનસૂરી સુખકાર એ ।
તસ પાટ પરંપર તપાગચ્છે, સોભાગ્યસૂરી ગણુધાર એ,
તાસ શિષ્ય લક્ષ્મીસૂરિ પભણે સંઘને જયજયકાર એ ॥ ૧ ॥

॥ અથ શ્રી દાન શીયલ તપ ભાવનું ચોઢાલીયું ॥

॥ દુહા ॥ પ્રથમ જિણેસર પાય નમી, પામી સુગુરૂ પ્રસાદ ।
દાન શીયલ તપ ભાવના, બોલીશ હું સંવાદ ॥ ૧ ॥

વીર જિણુંદ સમોસર્યા, રાજગ્રહી ઉદ્યાન ।
સમવસરણ દેવે રચ્યું, બેઠા શ્રીવર્દ્ધમાન ॥ ૨ ॥

બેઠી બારે પરખદા, સુણવા જિનવર વાણ ।
દાન કહે પ્રભુ હું વડો, મુજને પ્રથમ વખાણ ॥ ૩ ॥

સાંભલજો સહુ કો તુમે, કુણ છે મુજ સમાન ।
અરિહંત દીક્ષા અવસરે, આપે પહેલું દાન ॥ ૪ ॥

પ્રથમ પહોરે દાતારનો, લીયે સહુ કોઈ નામ ।
દીધાથી દેવલ ચઢે, સીઝે વંછીત કામ ॥ ૫ ॥

તીર્થંકરને પારણે, કુણ કરે મુજ હોડ ।
વૃષ્ટિ કરૂં સોવન તણી, સાઢી બારહ કરોડ ॥ ૬ ॥

હું જગ સઘલો વશ કરૂં, મુજ મોટી છે વાત ।
કુણ કુણ દાનથકી તર્યા, તે સુણજ્યો અવદાત ॥ ૭ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ ધન્ય સાર્થવાહ સાધુને, દીધું ઘૃતનું દાન ॥ લલના ।
તીર્થંકર પદમેં દીયો, તિણે મુજને અભિમાન ॥ લલના ॥ ૧ ॥

દાન કહે જગ હું વડો, મુજ સરીખો નહિ કોઈ ॥ લલના ॥
ઋદ્ધિ સમૃદ્ધિ સુખ સંપજે, દાને દોલત
હોય ॥ લલના ॥ દા૦ ॥ ૨ ॥

સુમુખ નામે ગાથાપતિ, પડિલાભ્યા અણગાર ॥ લલના ॥
કુમાર સુબાહુ સુખ લહે, તે તો મુજ
ઉપગાર ॥ લલના ॥ દા૦ ॥ ૩ ॥

પાંચસેં મુનિને પારણું, દેતો વહોરી આણ ॥ લલના ॥
ભરત થયો ચક્રવર્તિ ભલો, તે પણ મુજ ફલ
જાણ ॥ લલના ॥ દા૦ ॥ ૪ ॥

માસખમણને પારણે, પડિલાભ્યો ઋષિરાય ।। લલના ।।
શાલિભદ્ર સુખ ભોગવે, દાન તણો
સુપસાય ।। લલના ।। દા૦ ।। ૫ ।।
આપ્યા અડદના બાકલા, ઉત્તમ પાત્ર વિશેષ ।। લલના ।।
મૂલદેવ રાજા થયો, દાન તણો ફલ દેખ ।। લલના ।। દા૦ ।।૬।।
પ્રથમ જિણેસર પારણે, શ્રીશ્રેયાંસ કુમાર ।। લલના ।।
શેલડી રસ વહોરાવીયો, પામ્યો ભવનો
પાર ।। લલના ।। દા૦ ।। ૭ ।।
ચંદનબાલા બાકુલા, પડિલાભ્યા મહાવીર ।। લલના ।।
પંચ દિવ્ય પ્રગટ થયા, સુંદર રૂપ શરીર ।। લલના ।। દા૦ ।।૮।।
પૂર્વ ભવ પારેવડું, શરણે રાખ્યું સુર ।। લલના ।।
તીર્થંકર ચક્રવર્તી પણે, પ્રગટયો પુણ્ય
પડુર ।। લલના ।। દા૦ ।। ૯ ।।
ગજ ભવે સસલો રાખીયો, કરૂણા કીધી સાર ।। લલના ।।
શ્રેણીકને ઘરે અવતર્યો, અંગજ મેઘકુમાર ।। લલના દા૦ ।। ૧૦ ।।
ઇમ અનેકમેં ઉદ્ધર્યા, કહેતાં નાવે પાર ।। લલના ।।
સમયસુંદર પ્રભુ વીરજી, પહેલો તુજ અધિકાર
।। લલના ।। દા૦ ।। ૧૧ ।।

।। દુહા ।। શિયલ કહે સુણ દાનતું, કીશું કરે અહંકાર ।
આડંબર આઠે પહોર, યાચકશું વ્યવહાર ।। ૧ ।।
અંતરાય વલી તાહરે, ભોગ કર્મ સંસાર ।
જિનવર કર નીચો કરે, તુજને પડો ધિક્કાર ।। ૨ ।।

ગર્વ મ કરરે દાન તું, મુજ પુઠિ સહુ કોય ।
ચાકર ચાલે આગલે, તો શું રાજા હોય ॥ ૩ ॥

જિન મંદિર સોના તણું, નવું નિપાવે કોય ।
સોવન કોડિ દાન દે, શિયલ સમો નહિ કોય ॥ ૪ ॥

શિયલે સંકટ સવિ ટલે, શિયલે સુજસ સૌભાગ્ય ।
શિયલે સુર સાંનિધ્ય કરે, શિયલે વડો વૈરાગ્ય ॥ ૫ ॥

શિયલે સર્પ ન આભડે, શિયલે શીતલ આગ ।
શિયલે અરી કરી કેસરી, ભય જાયે સહુ ભાગ ॥ ૬ ॥

જન્મ મરણના દુઃખ થકી, મેં છોડાવ્યા અનેક ।
નામ કહું હવે તેહના, સાંભલજો સુવિવેક ॥ ૭ ॥

॥ ઢાલ ૨ ॥ પાસ જિણંદ જુહારીએ એ દેશી ॥

શિયલ કહે જગ હું વડો, મુજ વાત સુણો અતિ મીઠીરે ।
લાલચ લાવે લોકને, મેં દાન તણી વાત દીઠીરે ॥ શિ૦ ॥ ૧ ॥

કલહ કારણ જગ જાણીએ, વલી વિરતી નહીં કાંઈરે ।
તે નારદ મેં સિઝવ્યો, મુજ જુઓ એ અધિકાઈરે ॥ શિ૦ ॥૨॥

બાંહે પહેર્યા બેરખા, શંખ રાજાએ દુષણ દીધોરે ।
કાપ્યા હાથ કલાવતી,, પણ મેં નવ પલ્લવ કીધારે ॥ શિ૦ ॥૩॥

રાવણ ઘર સીતા રહી, રામચંદ્ર ઘર આણીરે ।
સીતા કલંક ઉતારીયો, મેં પાવક કીધો પાણીરે ॥ શિ૦ ॥૪॥

ચંપા બાર ઉઘાડીયાં, વલી ચાલણીએ કાઢયાં નીરરે ।
સતી સુભદ્રા જસ થયો, તે મેં તસ કીધી ભીરરે ॥ શિ૦ ॥૫॥

રાજા મારણ માંડીયેા, રાણી અભયાએ દુષણ દાખ્યેારે ।
સુલી સિંહાસન મેં કીધું, મેં શેઠ સુદર્શન રાખ્યેારે ॥ શિ૦ ॥૬॥

શીલસન્નાહ મંત્રીસરે, આવતાં અરિદલ થંભ્યાંરે ।
તિહાં પણ સાંનિધ્ય મેં કરી,
વલી ધર્મ કાજ આરંભ્યાંરે ॥ શિ૦ ॥ ૭ ॥

પ્રેરણા ચીર પ્રગટ કીયા, મેં અઠ્ઠોત્તર સેા વારરે ।
પાંડવનારી દ્રૌપદી, મેં રાખી મામ ઉદ્ધારેારે ॥ શિ૦ ॥ ૮ ॥

બ્રાહ્મી ચંદનબાલીકા, વલી શીયલવંતી દમયંતીરે ।
ચેડાની સાતે સુતા, રાજીમતિ સુંદર કુંતીરે ॥ શિ૦ ॥ ૯ ॥

ઇત્યાદિક મેં ઉધર્યા, નરનારી કેરા વૃંદેારે ।
સમયસુંદર પ્રભુ વીરજી, પહેલેા મુજ આણંદેારે ॥ શિ ॥ ૧૦ ॥

॥ દુહા ॥ તપ બેાલ્યું ત્રટકી કરી, દાન તું અવહીલ ।
પણ મુજ આગલ તું કીશેા, સાંભલરે તું શીલ ॥ ૧ ॥

સરસાં ભેાજન તેં તજ્યાં, ન ગમે મીઠા નાદ ।
દેહ તણી શેાભા તજી, તુજમેં કીશ્યેા સવાદ ॥ ૨ ॥

નારી થકી ડરતેા રહે, કાયર કીસેા વખાણ ।
કુડ કપટ બહુ કેળવી, જીમ તિમ રાખે પ્રાણ ॥ ૩ ॥

કેા વિરલેા તુજ આદરે, છેાડે સહું સંસાર ।
આપ એક તું ભાંજતાં, બીજા ભાંજે ચાર ॥ ૪ ॥

કર્મ નિકાચીત તેાડવું, ભાંજું ભવભડભીમ ।
અરિહંત મુજને આદરે, વરસ છમાસી નીમ ॥ ૫ ॥

રૂચક નંદીસર પર્વતે, મુજ લબ્ધે મુનિ જાય ।
ચૈત્ય જુહારે શાશ્વતા, આણું દ અંગ ન માય ॥ ૬ ॥

મોટો જોયણ લાખનો, લઘુ કુંથુ આકાર ।
હય ગય રથ પાયક તણા, રૂપ કરે અણુગાર ॥ ૭ ॥

મુજ કર ફરસે ઉપસમે, કુષ્ટાદિકના રોગ ।
લબ્ધિ અઠ્ઠાવીસ ઉપજે, ઉત્તમ તપ સંયોગ ॥ ૮ ॥

જે મેં તાર્યા તે કહું, સુણજ્યો મન ઉલ્લાસ ।
ચમત્કાર ચિત્ત પામશો દેજો મુજ શાબાસ ॥ ૯ ॥

॥ ઢાલ ૩ ॥ નણદલની એ દેશી ॥

દ્રઢપ્રહારી અતિ પાપીયો, હત્યા કીધી ચારહો । સુંદર ।
તે મેં તીણ ભવ ઉદ્ધર્યો, મૂકયો મોક્ષ મોઝાર હો ॥ સુંદર ॥ ૧ ॥

તપ સરિખું જગ કો નહિ, તપ કરે કર્મનું સુડહો સુંદર ।
તપ કરવું અતિ દોહિલું, તપ માંહે નહિ કો કુડ હો સુંદર ॥ત૦॥ ૨ ॥

સાત માણસ નિત મારતો, કરતો પાપ અઘોર હો સુંદર ।
અર્જુનમાલિ મેં ઉદ્ધર્યો, છેદ્યા કર્મ કઠોર હો સુંદર ॥ ત૦ ॥૩॥

નંદિષેણને મેં કીયો, સ્ત્રી વલ્લભ વસુદેવ હો સુંદર ।
બહોંતેર સહસ અંતેઉરી, સુખ ભોગવે નિતમેવ હો સુંદર ॥ત૦ ॥૪॥

રૂપ કુરૂપ કાલો ઘણો, **હરિકેશી** ચંડાલ હો સુંદર ।
સુરનર કોડ સેવા કરે, તે મેં કીધી ચાલ હો સુંદર ॥ ત૦ ॥૫॥

વિષ્ણુકુમાર લબ્ધિએ કીયો, લાખ જોજનનો રૂપ હો સુંદર ।
શ્રીસંઘ કેરે કારણે, એ મુજ શકિત અનુપ હો સુંદર ॥ ત૦ ॥૬॥

અષ્ટાપદ ગૌતમ ચઢચા, વાંદા જિન ચોવીસ હો સુંદર ॥
તાપસ પણ પ્રતિબુઝવ્યા,
તીણે મુજ અધિક જગીસ હો સુંદર ॥ ત૦ ॥ ૭ ॥
ચૌદ સહસ અણગારમાં, શ્રી ધન્નો અણગાર હો સુંદર ॥
વીર જિણંદ વખાણીયો,
એ પણ મુજ અધિકાર હો સુંદર ॥ ત૦ ॥ ૮ ॥
કૃષ્ણ નરેસર આગળે, દુષ્કરકારક હેવ હો સુંદર ।
ઢંઢણ નેમી પ્રશંસીયો, મુજ મહિમા સવી તેહ હો સુંદર ॥ ત૦ ॥૯॥
નંદિષેણ વહોરણ ગયો ગણિકા કીધી હાસ્ય હો સુંદર ।
વૃષ્ટિ કરી સોવન્ન તણી, મેં તસ પુરી આશ હો સુંદર ॥ ત૦ ॥૧૦॥
ઈમ બલભદ્ર પ્રમુખ બહુ, તાર્યા તપસ્વી જીવ હો સુંદર ।
સમયસુંદર પ્રભુ વીરજી, પહેલો તુજ પ્રસ્તાવ હો સુંદર ॥ત૦॥૧૧

॥ દુહા ॥ ભાવ કહે તપ તું કીસ્યું, છેડ્યો કરે કષાય ।
પૂર્વે કોડી તપ જો તપે, ક્ષણમેં ખેરૂ થાય ॥ ૧ ॥
ખંધક આચારજ પ્રત્યે, મેં વાળ્યો સવી દ્વેશ ।
અશુભ નીયાણું તું કરે, ક્ષમા નહીં લવલેશ ॥ ૨ ॥
દ્વૈપાયન ઋષી દુભવ્યા સાંબ પ્રદ્યુમ્ને સાહી ।
તે તપ કોધે કરી તીહાં, દીધો દ્વારીકા દાહ ॥ ૩ ॥
દાન શીયલ તપ સાંભળો, મ કરો જૂઠ ગુમાન ।
લોક સઉકો સાખ દે, ધર્મે ભાવ પ્રધાન ॥ ૪ ॥
આપ નપુંસક છો ત્રણે, દે વ્યાકરણ તે સાખ ।
કામ સરે નહીં કોઈનું, ભાવ ભણે મુજ પાખ ॥ ૫ ॥

રસવીણ કનક ન નીપજે, જલવીણ નહીં તરૂ વૃદ્ધિ ।
રસવતી રસ નહીં લવણ વીના, તીમ મુજ વિણ નહીં સીદ્ધી ॥૬॥
મંત્ર યંત્ર મણી ઔષધી, દેવ ધર્મ ગુરૂ સેવ ।
ભાવ વીના તે સવી વૃથા, ભાવ ફલે નીત્યમેવ ॥ ૭ ॥
દાન શીયલ તપ જે તુમે, નીજ નીજ કહ્યાં વૃત્તાન્ત ।
તીહાં જો ભાવ નવી હોત તો, કોઈ સીદ્ધી નવી હુંત ॥ ૮ ॥
ભાવ કહે મેં એકલે, તાર્યા બહુ નર નાર ।
સાવધાન થઈ સાંભલો, નામ કહું નીરધાર ॥ ૯ ॥

॥ ઢાલ ૪ ॥ કપુર હોવે અતી ઉજાલું રે એ દેશી ॥

કાનનમે કાઉસગ રહ્યારે, **પ્રસન્નચંદ્ર** ઋષીરાય ।
તે મેં કીધો કેવલીરે, તતક્ષણ કર્મ ખપાય ॥ ૧ ॥
સોભાગી સુંદર ભાવ વડો સંસાર, એતો બીજો મુજ પરીવાર ।
દાનાદીક વીણ એકલોરે, પહોંચાહું ભવ પાર ॥ સો૦ ॥ ૨ ॥
વંશ ઉપર ચઢી ખેલતોરે, **ઈલાચીપુત્ર** અપાર ।
કેવલ જ્ઞાની મેં કીયોરે, પ્રતિબોધ્યો પરિવાર ॥ સો૦ ॥ ૩ ॥
ભુખ તૃષા ખમી અતી ઘણીરે, કરતો કૂર આહાર ।
કેવલ મહિમા સુર કરેરે, કુરગડુ અણગાર ॥ સો૦ ॥ ૪ ॥
લાભથી લોભ વધે ઘણોરે, આણ્યો મન વૈરાગ્ય ।
કપિલ થયો તે મુનિ કેવલીરે, તે મુજને સૌભાગ્ય ॥ સો૦ ॥૫॥
અર્જિકાસુત ગચ્છનો ધણીરે, ક્ષીણ જંઘા વલી જાણ ।
કીધો અંતગડ કેવલીરે, ગંગાજલ ગુણખાણ ॥ સો૦ ॥ ૬ ॥

પન્નરસેં તાપસ ભણીરે, દીધી ગૌતમેં દીક્ષા ।
તત્ક્ષણ કીધા કેવલીરે, જો મુજ માની શીખ ।। સો૦ ।। ૭ ।।

પાલક પાપીએ પીલીઆરે, અંધકસૂરિના શિષ્ય ।
જન્મ મરણથી છોડવ્યારે, આપે મુજ આશીષ ।। સો૦ ।। ૮ ।।

ચંદ્રરૂદ્ર નિશિ ચાલતાંરે, દીધા દંડ પ્રહાર ।
નવ દિક્ષિત થયો કેવલીરે, તે ગુરૂ પણ તેણીવાર ।। સો૦ ।। ૯ ।।

ધન રથકારક સાધુનેરે, પડિલાભ્યો ઉલ્લાસ ।
મૃગલો ભાવના ભાવતાંરે, પહોત્યો સ્વર્ગ આવાસ ।। સો૦ ।। ૧૦ ।।

નિજ અપરાધ ખમાવતીરે, મુકયો મનથી માન ।
મૃગાવતીને મેં દીયોરે, નિર્મલ કેવલ જ્ઞાન ।। સો૦ ।। ૧૧ ।।

મરૂદેવી ગજ ઉપરેરે, પેખી પુત્રની ઋદ્ધિ ।
મુજને મનમાંહે ધર્યોરે, તત્ક્ષણ પામી સિદ્ધિ ।। સો૦ ।। ૧૨ ।।

વીર વંદણ ચલ્યો મારગેરે, ચાંપ્યો ચપલ તુરંગ ।
દર્દુર નામે દેવતારે, તેહ થયો મુજ સંગ ।। સો૦ ।। ૧૩ ।।

પ્રભુ પાય પૂજણ નિસરીરે, દુર્ગલા નામે નાર ।
કાલધર્મ વીચમાં કરીરે, પહોચી સ્વર્ગ મોજાર ।। સો૦ ।।૧૪।।

કાયાની શોભા કારમીરે, રૂપ કીસ્યો અભિમાન ।
ભરત અરિસા ભુવનમાંરે, પામ્યા કેવલજ્ઞાન ।। સો૦ ।। ૧૫ ।।

અષાડભૂતિ કલાનિલોરે, પ્રગટયો ભરત સ્વરૂપ ।
નાટક કરતાં પામીયોરે કેવલ જ્ઞાન અનુપ ।। સો૦ ।। ૧૬ ।।

દિક્ષા દિન કાઉસગે રહ્યોરે, ગજસુકુમાલ મસાણ ।

સોમિલ શીષ પ્રતિબોધિયોરે,
સિદ્ધિ ગયો શુભ જાણ ॥ સો૦ ॥ ૧૭ ॥
ગુણસાગર થયો કેવલીરે, સાંભલી પૃથ્વીચંદ ।
પોતે કેવલ પામીયોરે, સેવા કરે સુર ઇંદ્ર ॥ સો૦ ॥ ૧૮ ॥
એમ અનેક મેં ઉદ્ધર્યારે, મૂકયા શિવપુર વાસ ।
સમય સુંદર પ્રભુ વીરજીરે,
મુજને પ્રથમ પ્રકાશ ॥ સો૦ ॥ ૧૯ ॥

॥ દુહા ॥ વીર કહે તુમે સાંભલો, દાન શિયલ તપ ભાવ ।
નિંદા છે અતિ પાપીણી, ધર્મ કર્મ પ્રસ્તાવ ॥ ૧ ॥
પરનિંદા કરવાથકી, પાપે પીંડ ભરાય ।
વેઢ રાઢ વાધે ઘણો, દુર્ગતિ પ્રાણી જાય ॥ ૨ ॥
નિંદક સરીખો પાપીયો, ભુંડો કોઈ ન દીઠ ।
વલી ચંડાલ સમો કહ્યો, નિંદક મૂખ અદીઠ ॥ ૩ ॥
આપ પ્રશંસ આપણી, કરતા ઇંદ્ર નરિંદ્ર ।
લઘુતા પામે લોકમાં, નાસે નિજ ગુણ વૃંદ ॥ ૪ ॥
કો કહે તિમ કરો તુમે, નિંદાને અહંકાર ।
આપ આપણે ઠામે રહો, સહૂકો ભલો સંસાર ॥ ૫ ॥
તો પણ અધિકો ભાવ છે, એકાકી સુસમત્થ ।
દાન શિયલ તપ ત્રણ ભલા, ભાવ વિના અકયત્થ ॥ ૬ ॥
અંજન આંખે આંજતાં, અધિકી આણી રેખ ।
રજમાંહે તજ કાઢતાં, અધિકો ભાવ વિશેષ ॥ ૭ ॥

ભગવંત હઠ ભંજન ભણી, ચારે સરીખા ગણુંત ।
ચાર કરી મુખ આપણાં, ચતુર્વિધ ધર્મ કહંત ॥ ૮ ॥

॥ ઢાલ ૫ ॥ પ્રશ્નોત્તર પૂછે પિતારે એ દેશી ॥

વીર જિણેસર ઇમ ભણેરે, બેઠા પરખદા બાર ।
ધર્મ કરો તુમે પ્રાણીયારે, જિમ પામો ભવ પારરે ।
ધર્મ હૈયે ધરો ॥ ૧ ॥

ધર્મના ચાર પ્રકારરે ॥ ભવિયણ સાંભલો ।
ધર્મ મુક્તિ સુખકારોરે ॥ ધ૦ ॥ એ આંકણી ॥

ધર્મ થકી ધન સંપજેરે, ધર્મથી શિવસુખ હોય ।
ધર્મ થકી આરતિ ટલેરે, ધર્મ સમો નહિં કોયરે ॥ ધ૦ ॥ ૨ ॥

દુર્ગતિ પડતાં પ્રાણીયારે, રાખે શ્રીજિનધર્મ ।
કુટુંબ સહુકો કારમોરે, મત ભુલો ભવભર્મરે ॥ ધ૦ ॥ ૩ ॥

જીવ જીકે સુખીયો થયોરે, વલી હોસે છેહ જેહ ।
તે જિનવરના ધર્મથીરે, મત કોઈ કરો સંદેહરે ॥ ધ૦ ॥ ૪ ॥

સોલસે છાસઠમે સમેરે, સાંગાનેર મઝાર ।
પદ્મપ્રભુ સુપસાઉલેરે, એહ ભણ્યો અધિકારોરે ॥ ધ૦ ॥ ૫ ॥

સોહમસ્વામી પરંપરારે, ખરતરગચ્છ કુલચંદ ।
યુગપ્રધાન જગ પરગડોરે, શ્રી જિનચંદ સુરિંદોરે ॥ ધ૦ ॥૬॥

તાસ શિષ્ય અતિ દીપતોરે, વિનયવંત જસવંત ।
આચારજ ચઢતિ કલારે,
શ્રી જિનસિંહસૂરિ મહંતોરે ॥ ધ૦ ॥ ૭ ॥

પ્રથમ શિષ્ય શ્રીપૂજ્યનારે, સકલચંદ તસ શિષ્ય ।
સમયસુંદર વાચક ભણેરે,
સંઘ સદા સુજગીસોરે ॥ ધ૦ ॥ ૮ ॥

દાન શિયલ તપ ભાવનારે, સરસ રચ્યેા સંવાદ ।
ભણતાં ગણતાં ભાવશુંરે, ઋદ્ધિ સમૃદ્ધિ સુપ્રસાદેારે ॥
ધર્મ હીએ ધરો ॥ ૯ ॥

॥ ઇતિ દાન શીયલ તપનું ચેાઢાલીયું સંપૂર્ણ. ॥

★

શ્રી નેમનાથનો સલોકો

સરસ્વતી માતા હું તુમ પાય લાગું, દેવગુરુ તણી આજ્ઞાજ માગું ।
જિહ્વા અગ્રે તું બેસજે આઈ, વાણી તણી તું કરજે સવાઈ ॥ ૧ ॥
આઘેા પાછેા કેાઈ અક્ષર થાવે, માફ કરજો જે દેાષ કાંઈ નાવે ।
તગણુ સગણુને જગણુના ઠાઠ, તે આદે દઈ ગણુ છે આઠ ॥ ૨ ॥

કીયા સારને કીયા નિષેધ, તેનેા ન જાણું ઉંડાર્થ ભેદ ।
કવિજન આગળ મારી શી મતિ,
દેાષ ટાળજો માતા સરસતિ ॥ ૩ ॥

નેમજી કેરો કહીશું સલેાકેા, એક ચિત્તેથી સાંભળજો લેાકેા ।
રાણી શિવાદેવી સમુદ્ર રાજા,
તસ કુલ આવ્યા કરવા દીવાજા ॥ ૪ ॥

ગર્ભે કાર્તિક વદિ બારશે રહ્યા, નવ મસવાડા આઠ દિન થયા ।

પ્રભુજી જન્મ્યાની તારીખ જાણું,
શ્રાવણ શુદિ પાંચમ ચિત્રા વખાણું ॥ ૫ ॥

જન્મ્યા તણી તો નોબત વાગી, માત પિતાને કીધાં વડ ભાગી ।
તરિયા તોરણ બાંધ્યા છે બાર, ભરી મુકતાફળ વધાવે નાર ॥૬॥

અનુક્રમે પ્રભુજી મહોટેરા થાય, ક્રીડા કરવાને નેમજી જાય ।
સરખે સરખા છે સંઘાતે છોરા,
લટકે બહુ મૂલા કલગી તોરા ॥ ૭ ॥

રમત કરતા જાય છે તિહાં, દીઠી આયુધ શાલા છે જિહાં ।
નેમ પૂછે છે સાંભળો ભ્રાત, આતે શું છે કહો તુમે વાત ॥ ૮ ॥

ત્યારે સરખા સહુ બોલ્યા ત્યાં વાણ, સાંભળો નેમજી ચતુર સુજાણ ।
તમારો ભાઈ કૃષ્ણજી કહીયે,
તેને બાંધવા આયુધ જોઈએ ॥ ૯ ॥

શંખ ચક્ર ને ગદા એ નામ, બીજો બાંધવ ઘાલે નહિ હામ ।
એહવો બીજો કોઈ બળીયો જો થાય,
આવા આયુધ તેણે બંધાય ॥ ૧૦ ॥

નેમ કહે છે ઘાલું હું હામ, એમાં ભારે મહોટું શું કામ ।
એવું કહીને શંખ જ લીધો, પોતે વગાડી નાદ જ કીધો ॥૧૧॥

તે ટાણે થયો મહોટો ડમડોલ, સાયરનાં નીર ચઢયાં કલ્લોલ ।
પર્વતની ટુંકો પડવાને લાગી,
હાથી ઘોડા તો નાય છે ભાગી ॥ ૧૨ ॥

ઝબકી નારીઓ નવ લાગી વાર, તૂટ્યા નવસરા મોતીના હાર ।
ધરા ધ્રૂજીને મેઘ ગડગડીઓ,
મહોટી ઇમારતો તુટિને પડિયો ॥ ૧૩ ॥

સહુના કાળજા ફરવાને લાગ્યા, સ્ત્રી પુરૂષ જાય છે ભાગ્યા ।
કૃષ્ણ બળભદ્ર કરે છે વાત, ભાઈ શો થયો આતે ઉત્પાત ॥૧૪॥

શંખ નાદ તો બીજે નવ થાય, એહવો બળીયો તે કોણ કહેવાય ।
કાઢો ખબર આ તે શું થયું,
ભાંગ્યું નગર તે કોઈ ઉગરીયું ॥ ૧૫ ॥

તે ટાણે કૃષ્ણ પામ્યા વધાઈ, એતો તમારો નેમજી ભાઈ ।
કૃષ્ણ પૂછે છે નેમને વાત, ભાઈ શો કીધો આતે ઉત્પાત ॥૧૬॥

નેમજી કહે સાંભળો હરિ, મેંતો અમસ્તી રમત કરી ।
અતુલી બળ દીહું નાનુડે વેષે,
કૃષ્ણજી જાણે એ રાજને લેશે ॥ ૧૭ ॥

ત્યારે વિચાર્યું દેવ મોરારિ, તેને પરણાવું સુંદર નારી ।
ત્યારે બળ એનું ઓછું જો થાય,
તો તો આપણે અહીં રહેવાય ॥ ૧૮ ॥

એવો વિચાર મનમાં આણી, તેડ્યાં લક્ષ્મીજી આઠે પટરાણી ।
જલ ક્રીડા કરવા તમે સહુ જાવો,
નેમને તમે વિવાહ મનાવો ॥ ૧૯ ॥

ચાલી પટરાણી સર્વે સાંજે, ચાલો દેવરીયા નાવાને કાજે ।
જલક્રીડા કરતાં બોલ્યાં રૂક્ષ્મણી,
દેવરીયા પરણ્યો છબીલી, રાણી ॥ ૨૦ ॥

વાંઢા નવી રહીયે દેવર નગીના, લાવેા દેરાણી રંગના ભીના।
નારી વિના તેા દુઃખ છે ઘાટું, કેાણુ રાખશે બાર ઉઘાડું ।। ૨૧ ।।

પરણ્યા વિના તેા કેમજ ચાલે, કરી લટકેા ઘરમાં કેાણુ માલે।
ચુલેા કુંકશેા પાણીને ગળશેા,
વહેલાં મેાડાં તેા ભેાજન કરશેા ।। ૨૨ ।।

બારણે જાશેા અટકાવી તાળું, આવી અસુરા કરશેા વાળું।
દીવા બત્તી કેાણુ જ કરશે, લીંપ્યા વિના તેા ઉકેરા વળશે ।।૨૩।।

વાસણ ઉપર તેા નહીં આવે તેજ, કેાણુ પાથરશે તમારી સેજ।
પ્રભાતે લુખેા ખાખરેા ખાશેા,
દેવતા લેવા તેા સાંજરે જાશેા ।। ૨૪ ।।

મનની વાતેા તેા કેાને કહેવાશે, તે દિન નારીનેા ઓરતેા થાશે।
પરેાણા આવીને પાછા જો જાશે, દેશ વિદેશે વાતેા બહુ થાશે ।।૨૫।।

મહેાટાના છેારૂ નાનેથી વરિયાં, મારૂં કહ્યું તેા માનેા દેવરિયા।
ત્યારે **સત્યભામા** બેાલ્યાં ત્યાં વાણુ,
સાંભળેા દેવરિયા ચતુર સુજાણ ।। ૨૬ ।।

ભાભીને ભરેાસે નાશીને જાશે, પરણ્યા વિના કેાણુ પેાતાની થાશે।
પહેરી ઓઢીને આંગણે ફરશે, ઝાઝાં વાનાં તેા તમેાને કરશે ।।૨૭।।

ઉંચા મન ભાભી કેરાં કેમ સહેશેા,
સુખ દુઃખની વાત કેાણુ આગળ કહેશેા।
માટે પરણેાને પાતળીયા રાણી,
હું તેા નહિ આપું નાવાને પાણી ।। ૨૮ ।।

વાંઢા દેવરને વિશ્વાસે રહીએ, સગાં વહાલામાં હલકાં થઈએ।
પરણ્યા વિના તો સુખ કેમ થાશે,
સગાંને ઘેર ગાવા કોણ જાશે ॥ ૨૯ ॥

ગણેશ વધાવા કોને મોકલશો, તમો જાશો તો શી રીતે ખલશો।
દેરાણી કેરો પાડ જાણીશું, છોરૂ થાશે તો વિવાહ માનીશું ॥૩૦॥

માટે દેવરિયા દેરાણી લાવો, અમ ઉપર નથી તમારો દાવો।
ત્યારે રાધિકા આઘેરાં આવી,
બોલ્યાં વચન તો મોઢું મલકાવી ॥ ૩૧ ॥

શી શી વાતોરે કરો છો સખી, નારી પરણવી રમત નથી।
કાયર પુરૂષનું નથી એ કામ, વાવરવા જોઈએ ઝાઝેરા દામ ॥ ૩૨ ॥

ઝાંઝર નેપુરને ઝીણી જવમાળા, અણઘટ વીંછુઆ ઘાટે રૂપાળા।
પગ પાને ઝાઝી ઘુઘરીઓ જોઇએ,
મહોટે સાંકળે ઘુઘરા જોઈએ ॥ ૩૩ ॥

સોના ચુડલો ગુજરીના ઘાટ, છલ્લા અંગુઠી આરીસા ઠાઠ।
ઘુઘરી પહોંચીને વાંક સોનેરી, ચંદન ચુડીની શોભા ભલેરી ॥૩૪॥

કલ્લાં સાંકળા ઉપર સિંહમોરા, મરકત બહુમૂલા નંગ ભલેરા।
તુળશી પાટીયાં જડાવ જોઈએ,
કાળી ગાંઠીથી મનડું મોહિએ ॥ ૩૫ ॥

કાંઠલી સોહીએ ઘુઘરીયાળી, મનડું લોભાય ઝુંમણું ભાળી।
નવસેરો હાર મોતીની માળા, કાને ટંટોળા સોનેરી માળા ॥ ૩૬ ॥

મચકણિયાં જોઈએ મૂલ ઝાઝાનાં, ઝીણાં મોતી પણ પાણી તજાનાં।

લીલાવટ ટીલડી શોભે બહુ સારી,
ઉપર દામણી મૂલની ભારી ॥ ૩૭ ॥

ચોર ચુંદડી ઘરચોળા સાડી, પીલી પટોલી માગશે દાહડી ।
બાંટ ચુંદડીઓ કસબી સોહિએ,
દશરા દીવાળી પહેરવા જોઈએ ॥ ૩૮ ॥

મોંઘા મૂલના કમખા કહેવાય, એવડું નેમથી પુરૂં કેમ થાય ।
માટે પરણ્યાની પાડે છે નાય, નારીનું પુરૂં શી રીતે થાય ॥૩૯॥

ત્યારે લક્ષ્મીજી બોલ્યાં પટરાણી, દિયરનાં મનની વાતો મેં જાણી ।
તમારૂં વયણ માથે ધરીશું, બેહુનું પુરં અમે કરીશું ॥ ૪૦ ॥

માટે પરણોને અનોપમ નારી, તમારો ભાઈ કૃષ્ણમોરારિ ।
બત્રીશ હજાર નારી છે જેહને, એકનો પાડ ચઢશે તેહને ॥૪૧॥

માટે હૃદયથી ફીકર ટાળો, કાકાજી કેરૂં ઘર અજવાળો ।
એવું સાંભળી **નેમ** ત્યાં હસિયા,
ભાભીના બોલ હૃદયમાં વસિયા ॥ ૪૨ ॥

ત્યાં તો કૃષ્ણને દીધી વધાઈ, નિશ્ચે પરણશે તમારો ભાઇ ।
ઉગ્રસેન રાજા ઘેર છે બેટી, નામે **રાજુલ** ગુણની પેટી ॥ ૪૩ ॥

નેમજી કેરો વિવાહ ત્યાં કીધો, શુભ લગ્નનો દિવસ લીધો ।
મંડપ મંડાવ્યા કૃષ્ણજી રાય, નેમને નિત્ય કુલેકાં થાય ॥ ૪૪ ॥

પીઠી ચોળેને માનિની ગાય, ધવલ મંગલ અતિ વર્તાય ।
તરિયા તોરણ બાંધ્યા છે બહાર,
મળી ગયા છે સોહાગણ નાર ॥ ૪૫ ॥

જાન સજાઈ કરે ત્યાં સારી, હલબલ કરે ત્યાં દેવ મોરારિ ।
વહુવારૂ વાતો કરે છે છાને, નહિ રહીયે ઘેરને જઈશું જાને ॥૪૬॥

છપ્પન કોડ જાદવનો સાથ, ભેલા કૃષ્ણને બલભદ્ર ભ્રાત ।
ચઢયા ઘોડલે મ્યાના અસવાર,
સુખપાલ કેરો લાધે નહીં પાર ॥ ૪૭ ॥

ગાડાં વેલોને બગીયો બહુજોડી, મ્યાના ગાડીએ જોતયાં ઘોરી ।
બેઠા જાદવ તે વેઢ વાંકડીઆ,
સોવન મુગટ હીરલે જડિઆ ॥ ૪૮ ॥

કડાં પોંચીયો બાજુબંધ કશીયા, શાલો દુશાલો ઓઢે છે રસિયા ।
છપ્પન કોટી તો બરાબરીઆ જાણું,
બીજા જાનૈયા કેટલા વખાણું ॥ ૪૯ ॥

જાનડીયો શોભે બાલુડે વેષે, વિવેક મોતી પરોવે કેશે ।
સોળ શણગાર ધરે છે અંગે, લટકે અલબેલી ચાલે ઉમંગે ॥૫૦॥

લીલાવટ ટીલી દામણી ચળકે, જેમ વિજળી વાદળે સળકે ।
ચંદ્રવદની મૃગા જો નેણી, સિંહ કટી જેહની નાગશી વેણી ॥૫૧॥

રથમાં બેસીને બાળક ઘવરાવે, બીજી પોતાનું ચીર સમરાવે ।
એમ અનુક્રમે નાર છે ઝાઝી, ગાય ગીતને થાય છે રાજી ॥૫૨॥

કોઈ કહે ધન્ય રાજુલ અવતાર, નેમ સરીખો પામી ભરથાર ।
કોઈ કહે પુણ્ય નેમનું ભારી, તે થકી મળી છે રાજુલ નારી ॥૫૩॥

એમ અન્યોન્ય વાદ વદે છે, મોંઢાં મલકાવી વાતો કરે છે ।
કોઈ કહે અમે જઈશું વહેલી, બળદને ઘી પાઇશું પહેલી ॥૫૪॥

કોઈ કહે અમારા બળદ છે ભારી, પહોંચી ન શકે દેવ મોરારિ ।
એવી વાતોના ગપોટા ચાલે, પોત પોતાનાં મગનમાં મહાલે ।।૫૫।।
બહોંતેર કલાને બુદ્ધિવિશાલ, નેમજી નાહીને ધરે શણગાર ।
પહેર્યાં પીતાંબર ઝરકસી જામા, પાસે ઉભા છે નેમના મામા ।।૫૬।।
માથે મુગટ તે હીરલે જડીયો, બહુમૂલો છે કસબીનો ઘડિયો ।
ભારે કુંડલ બહુમૂલાં મોતી, શહેરની નારી નેમને જોતી ।।૫૭।।
કંઠે નવસેરો મોતીનો હાર, બાંધ્યા બાજુબંધ નવ લાગી વાર ।
દશે આંગળીયે વેઢને વીંટી, ઝીણી દીસે છે સોનેરી લીંટી ।। ૫૮ ।।
હીરા બહુ જડિયા પાણીના તાજા, કડાં સાંકળાં પહેરે વરરાજા ।
મોતીનો તોરો મુગટમાં ઢળકે, બહુ તેજથી કલગી ચળકે ।।૫૯।।
રાધાયે આવી આંખડી આંજી, બહુ ડાહી છે નવ જાય ભાંજી ।
કુંમકુંમનું ટીલું કીધું છે ભાલે, ટપકું કસ્તુરી કેરૂં છે ગાલે ।।૬૦।।
પાન સોપારી શ્રીફલ જોડે, ભરી પોસને ચઢયા વરઘોડે ।
ચઢી વરઘોડો ચઉટામાં આવે, નગરની નારી મોતીયે વધાવે ।।૬૧।।
વાજાં વાગે ને નાટારંભ થાય, તેમ વિવેકી તોરણ જાય ।
ધુસળ મુસળને રવઈયો લાવ્યા,
પોંખવા કારણ સાસુજી આવ્યા ।। ૬૨ ।।
દેવ વિમાને જુવે છે ચઢી, નેમ નહીં પરણશે જાશે આ ઘડી ।
એવામાં કીધો પશુએ પોકાર, સાંભળો અરજી નેમ દયાળ ।।૬૩।।
તમો પરણશો ચતુર સુજાણ, પ્રભાતે જાશે પશુઓના પ્રાણ ।
માટે દયાળુ દયા મનમાં દાખો, આજ અમોને જીવતાં રાખો ।।૬૪।।
એવો પશુઓનો સુણી પોકાર, છોડાવ્યા પશુઓ નેમ દયાળ ।

પાછા તો ફરીયા પરણ્યા જ નહી,
કુંવારી કન્યા રાજુલ રહી ॥ ૬૫ ॥
રાજુલ કહે છે ન સિધ્યાં કાજ, દુશ્મન થયાં પશુડાં આજ।
સાંભળો સર્વે રાજુલ કહે છે,
હરણીને તિહાં ઓલંભો દે છે ॥ ૬૬ ॥
ચંદ્રમાને તેં લંછન લગાડયું, સીતાનું હરણ તેં તો કરાવ્યું ।
મહારી વેળા તો કયાં થકી જાગી,
નજર આગળથી જાને તું ભાગી ॥ ૬૭ ॥
કરે વિલાપ રાજુલ રાણી, કર્મની ગતિ મેં તો ન જાણી ।
આઠ ભવની પ્રીતિને ઠેલી, નવમે ભવ કુંવારી મેલી, ॥ ૬૮ ॥
એવું નવ કરીએ નેમ નગીના, જાણું છું મન રંગના ભીના ।
તમારા ભાઈએ રણમાં રઝળાવી,
તો એ તે નારી ઠેકાણે નાવી ॥ ૬૯ ॥
તમો કુલતણો રાખો છો ધારો, આ ફેરે આવ્યો તમારો વારો ।
વરઘોડે ચઢી મોટો જશ લીધો, પાછા વળીને ફજેતો કીધો ॥૭૦॥
આંબ્યો અંજાવી પીઠી ચોળાવી, વરઘોડે ચઢતાં શરમ કેમ નાવી ।
મહોટે ઉપાડે જાન બનાવી, ભાભીઓ પાસે ગાણા ગવરાવી ॥૭૧॥
એવા ઠાઠથી સર્વેને લાવ્યા, સ્ત્રી પુરૂષને ભલા ભમાવ્યા ।
ચાનક લાગે તો પાછા ફરજો, શુભ કારજ અમારૂં કરજો ॥ ૭૨ ॥
પાછા ન વળીયા એકજ ધ્યાન, દેવા માંડયું તિહાં વર્ષીજદાન ।
દાન દઈને વિચાર કીધો, શ્રાવણ સુદી છઠ્ઠનો મુહૂર્ત લીધો ॥૭૩॥
દીક્ષા લીધી તિહાં નવ લાગી વાર, સાથે મુનિવર એક હજાર ।

ગિરનારે જઈને કારજ કીધું,
પંચાવનમે દહાડે કેવળ લીધું ॥ ૭૪ ॥
પામ્યા વધાઈ રાજુલ નારી, પીવા ન રહ્યું ચાંગળું પાણી ।
તેમને જઈ ચરણે લાગી, પીયુજી પાસે મોજ ત્યાં માગી ॥૭૫॥
આપો કેવલ તમારી કહાવું, હું તો શોકને જોવાને જાવું ।
દીક્ષા લઈને કારજ સીધ્યું, ઝટપટ પોતે કેવલ લીધું ॥ ૭૬ ॥
મલ્યું અખંડ એ આતમરાજ, ગયાં શિવસુંદરી જોવાને કાજ ।
શુદની આઠમ અસાડ ધારી, નેમજી વરીયા શિવવધુ નારી ॥૭૭॥
નેમ રાજુલની અખંડ ગતિ, વર્ણવવા કેમ થાય મારી જ મતિ ।
યથાર્થ કહું બુદ્ધિ પ્રમાણે, બેઉના સુખ તો કેવલી જાણે ॥ ૭૮ ॥
ગાશે ભણશે ને જે કોઈ સાંભળશે, તેના મનોરથ પૂરા એ કરશે ।
સિદ્ધનું ધ્યાન હૃદયે જે ધરશે,
તે તો શિવવધૂ નિશ્ચય વરશે ॥ ૭૯ ॥
સંવત ઓગણીશ શ્રાવણ માસ, વદની પાંચમનો દિવસ ખાસ ।
વાર શુકનું ચોઘડીયું સારૂં, પ્રસન્ન થયું મનડું માહરૂં ॥૮૦॥
ગામ ગાંગડના રાજા રામસિંગ, કીધો સલોકો મનને ઉછરંગ ।
મહાજનના ભાવથકી મેં કીધો,
વાંચી શલોકો સારો જશ લીધો ॥ ૮૧ ॥
શહેર ગુજરાત રહેવાશી જાણો, વીશા શ્રીમાળી નાત પ્રમાણો ।
પ્રભુની કૃપાથી નવવિધિ થાય, બેહુ કર જોડી સુરશશિ ગાય ॥૮૨॥
નામે દેવચંદ પણ સુરશશિ કહીએ, બેહુનો અર્થ એકજ લહીએ ।
દેવ સૂર્યને ચંદ્ર છે શશિ, વિશેષે વાણી હૃદયમાં વશી ॥ ૮૩ ॥

શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન.

॥ વીર જીનેશ્વર સાહેબ મોરા એ દેશી ॥

સકલ કુશલ કમલાનું મંદિર, સુંદર મહીમારે જાસ ।
નવપદમાં નવ નિધિના દાતા, સિદ્ધ અનેકમાં વાસરે ॥
ભવિકા સિદ્ધચક્ર સુખકારી, તુમે આરાધો નરનારીરે ભવિકા૦ ॥

પ્રથમ પદે અરિહંત આરાધો, સ્ફટીક રત્ન સમ વાન ।
પદ્મરાગમણિની પરે રાતા, બીજે સિદ્ધનું ધ્યાનરે ॥ભવિકા૦॥૨॥

ત્રીજે આચારજ અનુસરીએ, કંચન કાંતિ અનોપ ।
પદ ચોથે ઉવજઝાયને પ્રણમો,
ઇંદ્રનિલ સમ વાનરે ॥ ભવિકા૦ ॥ ૩ ॥

સર્વ સાધુ પદ પંચમે પ્રણમો, શ્યામ વરણ સુખકાર ।
છઠ્ઠે દરિસણ જ્ઞાન સાતમે, આઠમે ચારિત્ર સારરે ॥ભવિકા૦॥૪॥

તપનું આરાધન પદ નવમે, ચાર એ ઉજવલ વરણ ।
ઇહ લોગોત્તમે એહીજ મંગલ,
કરવા એહનું શરણુરે ॥ ભવિકા૦ ॥ ૫ ॥

આસો ચૈત્રી અઠ્ઠાઇમાંહી, નવ આંબિલ નવ ઓળી ।
સિદ્ધચક્રજીની પૂજા કરતાં,
દુઃખ સવિ નાખો ઢોળીરે ॥ ભવિકા૦ ॥ ૬ ॥

સિદ્ધચક્ર પૂજાથી સઘળી, સંપદા નિજ ઘેર આવે ।
દુષ્ટ કુષ્ટ પ્રમુખ જે રોગો, તે પણ દુરે જાયરે ॥ ભવિકા૦ ॥ ૭ ॥

પૃથ્વી નિરૂપમ નયરી ઉજ્જેણુ, દોય પુત્રી તસ સારી ।
સુરસુંદરી મિથ્યાત્વિને પેખી,
મયણા જિન મત ધારીરે ॥ ભવિકા૦ ॥ ૮ ॥

સુરસુંદરી કહે સવિ સુખ અમને, છે નિજ તાત પસાય ।
મયણા કહે એ કોગટ કુમત,
સુખ દુઃખ કર્મ પસાયરે ॥ ભવિકા૦ ॥ ૯ ॥

તસ વચન નૃપ કોપ્યેા એહ, આવ્યેા ઉંબર ઈણ સમે ।
સાતસેં કોઢિનેા તે અધિપતિ,
તેણે માગી કન્યાયરે ॥ ભવિકા૦ ॥ ૧૦ ॥

નૃપ કહે **મેણા** તુમ કર્મે, આણ્યેા એ વર રસાલ ।
તવ **મયણા** મન ધીરજ ધરીને, કંઠે ઠવે
વરમાલરે ॥ ભવિકા૦ ॥ ૧૧ ॥

શુભવેલા પરણી દોય પહોંચ્યા, શ્રીજિનવર પ્રાસાદ ।
ઋષભદેવ પૂજી ગુરૂ પાસે,
આવ્યા ધરિ ઉલ્લાસરે ॥ ભવિકા૦ ॥ ૧૨ ॥

પ્રભુમી **મયણા** કહે ગુરૂને, હવે ભાંખેા કોઈ ઉપાય ।
જેહથી તુમ શ્રાવકની કાયા,
સર્વનીરોગી થાયરે ॥ ભવિકા૦ ॥ ૧૩ ॥

ગુરૂ કહે અમને મંત્ર જંત્રાદિક, કહેવા નહિ આચાર ।
યેાગ્ય પણું જાણી અમે કહેશું,
કરવાને ઉપગારરે ॥ ભવિકા૦ ॥ ૧૪ ॥

નવ દીન નવ આંબિલ તપ કરીને, સિદ્ધચક્ર નિત્ય પૂજે ।
ન્હવણ તણુ જલ છાંટો અંગે,
રોગ સકલ તીહાં ધ્રુજેરે ॥ ભવિકા૦ ॥ ૧૫ ॥
ગુરૂ વચન આંબિલ તપ કરીને, સિદ્ધચક્ર આરાધ્યો ।
ઉંબર કોઢ ગયો તવ દૂરે, રૂપ અનુપમ
વાધ્યોરે ॥ ભવીકા૦ ॥ ૧૬ ॥
શ્રી શ્રીપાલ નરેંદ્ર થયો જે, પરણ્યો બહુ કન્યાય ।
પ્રજાપાલ પણ થયો શ્રાવક,
શ્રી જીનધર્મ પસાયરે ॥ ભવીકા૦ ॥ ૧૭ ॥
અનુક્રમે ચંપા રાજ્ય લઈને, પાલે અખંડીત આણ ।
જગમાંહે જસવાદ થયો બહુ,
નીત્ય નીત્ય રંગ મંડાણુરે ॥ ભવીકા૦ ॥ ૧૮ ॥
મહામંત્ર પરમેષ્ઠી તણો એ, ભવદુખ નાસે અવિલંબ ।
સકલ સીદ્ધી વશ કરવાને,
એહ અનોપમ યંત્રરે ॥ ભવીકા ૧૯ ॥
એહનો મહીમા કેવલી જાણે, કીમ છદ્મસ્થ પ્રકાશે ।
તે માટે એ સકલ ધર્મથી,
સારો ભાસે જીનધર્મરે ॥ ભવીકા૦ ॥ ૨૦ ॥
તે માટે ભવીયણ તુમે ભાવો, સિદ્ધચક્ર કરો સેવા ।
આ ભવ પરભવ બહુ સુખ સંપદા,
જીમ લહીયે શિવ મેવારે ભવીકા૦ ॥ ૨૧ ॥
સુરત બંદર રહી ચોમાસું, સ્તવન રચ્યું એ વારી ।

સતરસેં બાસઠ વરસેં, સંઘ સકલ હીતકારીરે ॥ ભવીકા૦ ॥૨૨॥
સિદ્ધચક્રનો મહીમા સુણતાં, હોવે સુખ વીસ્તાર ।
શ્રી વિજયસેનસૂરીશ્વર વીનવે,
દાનવિજય જયકારીરે ॥ ભવીકા૦ ॥ ૨૩ ॥

શ્રી પંચ પરમેષ્ઠિ સ્તવન

અરિહંતા અરિહંતા પ્રણમું, અરિહંતા અરિહંતા,
તુમે સિદ્ધ ભજો ભગવંતા, પ્રણમું૦ ॥ ૧ ॥
સમવસરણમાં નાથ સોહંતા, ચઉમુખ ધર્મ કહંતા, પ્રણમુ૦ ॥૨॥
અજરામર અવિનાશી હુંતા,
જ્યોતશું જ્યોત મિલંતા, પ્રણમું૦ ॥ ૩ ॥
આચારજ પ્રભુ બહુ ગુણવંતા,
દ્વાદશ અંગ ભણંતા, પ્રણમું૦ ॥ ૪ ॥
પત્થર સરીખા શિષ્યને પાઠક,
આપ સમાન કરંતા, પ્રણમું૦ ॥ ૫ ॥
સાધુ સાધે પંથ મુકિતનો, વ્રતનો ભાર વહંતા, પ્રણમું૦ ॥ ૬ ॥
માણેક મુનિ નિત પંચ પરમેષ્ઠિ.,
હૃદયે ધ્યાન ધરંતા, પ્રણમું૦ ॥ ૭ ॥

શ્રી પંચ પરમેષ્ઠિ સ્તવન ઢા. ૫

દુહા. સ્વસ્તિ શ્રી સુખ સંપદા, આતમ ઋદ્ધિ વિનોદ ।
સિદ્ધચક્ર સુખ સિદ્ધતા, આપે પરમ પ્રમોદ ॥ ૧ ॥

ઢાલ ૧ (અરિહંત પદ ધ્યાતો થકો—એ દેશી)

સકલ કુશલ કમલા નિલો, સમકિત ગુણ સંજુત્તો રે ।
જિન શાસન અજુઆળવા, જિનપદ બંધ પ્રયુત્તોરે ॥ ૧ ॥
ભવિકા જિનપદ વાંદીએ, જિમ તે શ્રેણિક રાયરે ।
તન મન ધ્યાને ધ્યાવતાં, અરિહંત પદવી પાયરે ભ૦ ॥ ૨ ॥
દુઃખીયા દેખી સંસારમાં, જગજીવન એમ ચિંતેરે ।
અહો અહો મોહ વિકારતા, ફરતા જેમ તેમ રીતેરે ભ૦ ॥ ૩ ॥
એહને જિન વચને કરી, ઉતારૂં ભવ પારરે ।
દેઈ આલંબન ધર્મનું, સુખીયા કરૂં નિરધારરે ભ૦ ॥ ૪ ॥
ઈમ ચિંતે પ્રાણી હિતકરે, વીશ સ્થાનક આરાધેરે ।
ત્રીજે ભવ તન્મય થઈ, તીર્થંકર પદ બાંધેરે ભ૦ ॥ ૫ ॥
ત્રણ જ્ઞાન સહિત પ્રભુ, કલ્યાણકે સુખ કરતારે ।
ભોગ કર્મ ક્ષીણ જાણીને, ચારિત્ર ગુણને ધરતારે ભ૦ ॥ ૬ ॥
અડ પડિહારે શોભતા, સકલ અધિક ગુણ સોહેરે ।
અતિશય વાણી ગુણયુતા, જગજનને પડિબોહેરે ભ૦ ॥ ૭ ॥
કર આમલક તણીપરે, કેવલ અર્થ પ્રકાશેરે ।
ભાસન રમણપણે લહી, ગણધર સૂત્ર અભ્યાસેરે ભ૦ ॥ ૮ ॥
ભગવંતે અર્થ પ્રકાશીયો, સૂત્રે ગણધર ભાખ્યોરે ।
ઉત્તમ સંશય નવિ લહે, જિમ અમૃત જેણે ચાખ્યોરે ભ૦ ॥ ૯ ॥

ઢાલ-૨ (સંભવ જિનવર વિનતિ—એ દેશી)

નમો નમો સિદ્ધ નિરંજના, અવિનાશી અરિહંતરે ।
નાણ દંસણ ક્ષાયિક ગુણા, ભાંગે સાદિ અનંતરે ॥નમો૦॥૧॥

અંતર નવિ સંકોચતા, જેહ દીપક દ્રષ્ટાંતરે ।
નિરૂપાધિક નિર્વિઘ્નતા, જ્યોતિશું જ્યોત મિલંતરે ॥નમો૦॥૨॥

નિર્મલ સિદ્ધશિલા ભલી, અર્જુન હેમ સિદ્ધાંતરે ।
અક્ષય સુખસ્થિતિ જેહની, જોયણ એક લોગંતરે ॥નમો૦॥૩॥

જગમાં જશ ઉપમા નહિ, રૂપાતીત સ્વભાવરે ।
ઘૃતનો સ્વાદ ન કહી શકે, પ્રાકૃત શહેર બનાવરે ॥નમો૦॥૪॥

સેવે ચોસઠ સુરપતિ, ભ્રમર પરે જનવૃંદરે ।
ત્રિગડે બેઠા જિનપતિ, લહે સિદ્ધ આનંદરે ॥નમો૦॥૫॥

દેશ સર્વસંયતિ યથા, ગૃહી મુનિ સાધે મુનિયોગરે ।
અહોનિશ ચાહે સિદ્ધતા, વિરહિ ઇષ્ટ સંયોગરે ॥નમો૦॥૬॥

આતમરામ રમાપતિ, સમરે ક્રિયા અસંગરે ।
તો લહે સિદ્ધદશા ભલી, શ્રી જીન અમિય સુરંગરે ॥નમો૦॥૭॥

ઢાલ ૩ (મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલેરે એ—દેશી)

મારૂં મન મોહ્યુંરે સૂરિગણ ગાયવારે, વર છત્રીશ પ્રધાન ।
ભુવન પદાર્થ પ્રગટ પ્રકાશનોરે, દીપક જેમ નિધાન ॥મા૦॥૧॥

મલ કોપાદિકની નહિ કલુષતારે, ન ધરે માયાનો લેશ ।
ગુણીજન મોહન બોહન ભવ્યનેરે, ભાખે શુદ્ધ ઉપદેશ ॥મા૦॥૨॥

પંચાચાર તે સૂધા પાળતારે, નહિ પ્રમાદ લગાર ।
સારણ વારણ ચોયણ સાધુનેરે, આપે નિત્ય સંભાર ॥મા૦॥૩॥

આતમ સાધન પંચ પ્રસ્થાનનાંરે, ધ્યાન માલામાં વિસ્તાર ।
તેહીજ રીતે પ્રીતે સાધતારે, ધન્ય તેહનો અવતાર ॥મા૦॥૪॥

એહવા ગુરૂની સેવા તુમે કરોરે, ગૌતમ વીર જિણુંદ ।
અશન વસનાદિક ભક્તિ કીજીયેરે, એ વ્યવહાર અમંદ ॥મા૦॥૫॥

જિનવર કહે વંદો તુમે પ્રાણીયારે, આચાર જ ગુણવંત ।
આતમ ભાવેરે પરિણતિ જો લહેરે,
અમૃત પદવી લહંતરે ॥ મા૦ ॥૬॥

ઢાલ ૪ (સ્વામી સીમંધર વિનતિ—એ દેશી)

દ્વાદશ અંગના ધારકા, પારગ સયલ સિદ્ધાંતરે ।
કારક સૂત્ર સમર્થ ભલા, વારક અહિતની વાતરે દ્વા૦ ॥ ૧ ॥

ભાવના ચંદન રસ ભરે, વરસતા વાણી કલ્લોલરે ।
બોધીબીજ દીયે ભવ્યને, ધર્મશું કરે રંગ રોલરે ॥ દ્વા૦॥ ૨ ॥

રાજપુત્ર જિમ ગણચિંતકા, આચારજ સંપત્તિ યોગરે ।
ત્રીજે ભવે લહે શિવ સંપદા, નમો પાઠક શુભ યોગરે ॥ દ્વા૦॥ ૩॥

શબ્દશાસ્ત્ર એમ સૂચવે, શબ્દ અર્થ પરિમાણરે ।
ભણે ભણાવે તેહ પાઠકા, અવર તે નામ નિદાનરે ॥ દ્વા૦ ॥૪ ॥

શિષ્યને સુહિત શિક્ષા દીયે, પાવન જિમ શુભ ઘાટરે ।
મૂર્ખને પણ પંડિત કરે, નમું પાઠક મહારાટરે ॥ દ્વા૦ ॥ ૫ ॥

શાસન જૈન અજુઆલતા, પાલતા આપ પ્રતીતરે ।
આતમ પરિણતિ તે લહે, અમૃત એહ પદ પ્રીતરે ॥ દ્વા૦ ॥ ૬ ॥

ઢાલ પાંચમી

(સિદ્ધારથનારે નંદન વિનવું–એ દેશી)

ઈન્દ્રિય જીપેરે મન સંયમ ધરે, ચરણ કરણ ગુણજ્ઞાન ।
બાહ્યાચરણેરે દેખી ન રાચીયે, ભગવતી સૂત્ર પ્રમાણ ॥
તે મુનિ વંદોરે શુભ સમતાધરા ॥ ૧ ॥

વસ્ત્ર ન ધોવે રે રંગે નહિ કદા, આચારાંગ મોઝાર ।
પ્રવચન માને રે જે મુનિ ચાલતા,
તેહની જાઉં બલિહારરે ॥ તે૦ ॥ ૨ ॥

જિમ તરૂ કુલેરે ભમરો બેસતાં, ન કરે કોઇ ઉપઘાતરે ।
તિમ મુનિ જાવેરે આહાર ગવેષવા,
દશવૈકાલિક વાતરે ॥ તે૦ ॥ ૩ ॥

આહાર તે લાવી નિરસ ભોગવે, જિમ દર માંહેરે સાપ ।
અનુત્તરોવવાઈ ધન્નો વર્ણવ્યો,
નમતાં જાયેરે પાપ ॥ તે૦ ॥ ૪ ॥

ચઉવિહ ભાખ્યારે પન્નવણા પદે, બોલે મુનિ નિર્દોષ ।
એહવા મુનિનેરે ભાવે વંદીયે,
તો હોય સમકિત પોષ ॥ તે૦ ॥ ૫ ॥

કહીય પ્રમાદીરે મુનિ ન ઉવેખીયે, જુઓ ચારણમુનિ દોય ।
લબ્ધિ પ્રયુંજીરે જગતીર્થ કરે, તેહનો મહિમા રે જોય ॥તે૦॥૬॥

લવણ ન મૂકે મર્યાદા સહી, જીવાભિગમ તરંગ ।
શ્રી જિનવચનેરે તે મુનિ વાંદતાં, વાધે સંયમ રંગ ॥ તે૦ ॥ ૭ ॥

નિર્મલ દીસેરે સોના તણી પરે, નવવિધ બ્રહ્મ સુહાય ।
પુન્ય અંકુરારે દર્શને પાલવે, અમૃત વંદેરે પાય ॥ તે૦ ॥ ૮ ॥

॥ શ્રી બાર આરાનું સ્તવન ॥

॥ દુહા ॥ સરસ્વતી ભગવતી ભારતી, બ્રહ્માણી કરી સાર ।
આરા બારતણા વળી, કહીશું સોય વિચાર ॥ ૧ ॥

વર્દ્ધમાન જિનવર નમું, જસ અતિશય ચોત્રીસ ।
સમવસરણ બેઠા પ્રભુ, વાણી ગુણ પાંત્રીસ ॥ ૨ ॥

ગૌતમ પૂછે વીરને, પર ઉપગારી અકામી ।
અનેક બોલ વિવરી કરી, ભાખે ત્રિભુવન સ્વામી ॥ ૩ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ ચોપાઈ ॥

સ્વામી વચન કહે સુકુમાલ, આ કહીયે અવસર્પિણી કાલ ।
દસ કોડાકોડી સાગર જોય, તિહાં ષટ્ આરા ગૌતમ હોય ॥ ૧ ॥

સુસમસુસમા પહેલો સાર, ત્યારે જુગલ ધરે અવતાર ।
બીજે સુસમા આરો લહું, ત્યારે જુગલ જુગલણી કહું ॥ ૨ ॥

સુસમદુસમા ત્રીજે વલી, ત્યારે જુગલ કહે કેવલી ।
અંતે કુલગર હુઆ સાત, નાભિ હુઆ આદીશ્વર તાત ॥ ૩ ॥

॥ દુહા ॥ આદિ ધર્મ જેણે થાપીઓ, શીખવ્યા પુરૂષ અનંત ।
ત્રીજા આરામાંહે વલી, મુકિત ગયા ભગવંત ॥ ૧ ॥

॥ ઢાલ ૨ ॥ રાગ પરઝીઓ ॥ મનોહરજીની ॥ એ દેશી ॥

પછી વલી ગૌતમ ચોથે આરે, હુઆ ત્રેવીસ જિણુન્દો ।
એકાદશ ચક્રવર્તી તિહાં હુઆ, ત્રીજે ભરત નરિંદોરે ॥ ૧ ॥
ગૌતમ સાંભલોરે, દીન દીન પડતો કાલ ॥ એ આંકણી ॥

ક્રોધ લોભ મદ મત્સર વધશે,
દે અણુહુંતાં આલ ॥ ગૌ૦ ॥ દીન૦ ॥ ૨ ॥

ચક્રી આઠ ગયા નર મુક્તિ, બે ચક્રી સુર મોટા ।
સુભૂમરાય બ્રહ્મદત્ત ગયા નરકે,
પુન્યકાજ હુઆ ખોટા ॥ ગૌ૦ ॥ દીન૦ ॥ ૩ ॥

વાસુદેવ નવ નિશ્ચય હુઆ, નરક તણી લહી વાટચો ।
જે ભૂપતિ સંગ્રામ કરંતા,
ત્રિણ્ સયાંને સાઠચો ॥ ગૌ૦ ॥ દીન૦ ॥ ૪ ॥

ઈહ પ્રતિવાસુદેવ નવ નીકા, નવિ છંડે ધન નારી ।
વાસુદેવતણે કરે મરિ,
તે નરક તણા અધિકારી ॥ ગૌ૦ ॥ દીન૦ ॥ ૫ ॥

નવ બલદેવ હૂઆ ઈણે આરે, નવ નારદ તે મોટા ।
સુરગતિ મુક્તિ તણા ભજનારા,
શિયલ વજ્ર કછોટા ॥ ગૌ૦ દીન૦ ॥ ૬ ॥

॥ દુહા ॥ ગૌતમ અંત્યે હૂં હવો, તવ કાયા કર સાત ।
મુજ શાસનમાંહે જેહવું, હશે તે ભાખું વાત ॥ ૧ ॥

ઢાલ ૩ ॥ ભાખે વીર જિણેસર ત્યારે, મેં સંજમ લીધો જ્યારે ।
વરસ ત્રણ ગયાં તિહાંયશાલે,
ત્યારે કુશિષ્ય મિલ્યો ગોશાલેરે ॥ ભાખે૦ ॥ ૧ ॥

તેજોલેશ્યા તે પણ ગ્રહી તો, દોય મુનિવર જિન દહતુ જાઇરે ।
અંતે પાતક આલોઇને, બારમે સ્વર્ગે સુર હોઈરે ॥ ભાખે૦ ॥ ૨ ॥

॥ દુહા ॥ વીર કહે કેવલી પછી, વિચમાંહે એતો કાલ ।
ચઉદ વરસે ઉપન્યો, નિહનવ સોય જમાલ ॥ ૧ ॥

તિષ્યગુપ્તિ બીજો સહી, સોલે વરસે તેહ ।
અંતે તે પાછા વલે, સમકિત પામે જેહ ॥ ૨ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ રાગ ગોડી ॥ ભાવી પટધર વીરને ॥ એ દેશી ॥

દુસમ આરોરે આગલે, વીસ સો વરસનું આય ।
હોશે વરસ વીરનું, દોય હાથની કાય ॥
કહું તુજ ગોતમ ગણધરા ॥ ૧ ॥

વળી કહે વીર જીણેસરૂ, માહરો સુધર્મા શીષ્ય ।
છેડે હોસે દુપ્પસહમુનિ, તે વિચે ઉદય ત્રેવીસ ॥ કહું૦ ॥ ૨ ॥

યુગપ્રધાન જિણે કહ્યા, જસ એક અવતાર ।
પંચમ આરે તે તે હશે, દોય સહસને ચાર ॥ કહું૦ ॥ ૩ ॥

યુગ પ્રધાન સરિખા હશે, મુનિવર લાખ અગીયાર ।
તે ઉપર અધિકા કહું, મુનિવર સોલ હજાર ॥ કહું૦ ॥ ॥ ૪ ॥

જૈન ભૂપતિ જગમાં હશે, કરશે ધર્મ ઉદ્ધાર ।
લાખ અગીઆરને ઉપરે, સંખ્યા સોલ હજાર ॥ કહું૦ ॥ ૫ ॥

વીર પછી ગોતમ જશે, બારે વરસે મોક્ષ ।
વીસે સિદ્ધિગતે સુધર્મા, પ્રણમી પાતિક શોષ ॥ કહું૦ ॥ ૬ ॥

॥ દુહા ॥ વીર થકી વરસ ચોસઠે, મુક્તિ જંબુસ્વામી ।
જંબુ જાતે લહી જશે, દશવાનાં તસ ઠામ ॥ ૧ ॥

॥ ઢાલ ૫ રાગ આશાવરી કાનજી બજાવે વાંસલી એ દેશી ॥

મનઃપર્યવ[૧] ત્યારે નહીંરે, પરમ અવધિ[૨] જ્ઞાન ।
પુલાક[૩] લબ્ધિ આહારક[૪] તનુરે, ક્ષપક[૫] શ્રેણી નિધાન ॥ ૧ ॥

ઉપશમ[૬] શ્રેણી જિનકલ્પશુંરે, સંજમ[૭] ત્રિણ જાય ।
કેવલજ્ઞાન[૮] નવમું લહેરે, તવ મોક્ષ[૯] પલાય[૧૦] ॥ ૨ ॥

વીર કહે વરસ મુજ પછીરે, ચિઉત્તરે થાય ।
પ્રભવસ્વામી ત્રીજે પાટેરે, પરલોકે જે જાય ॥ ૩ ॥

શય્યંભવસૂરિ મુનિવરૂરે, જે ચોથે પાટે થાય ।
વીરથી વરસ અઠાણુંએરે, લહે શુભ ગતિ વાટ ॥ ૪ ॥

વીરથી વરસ ગયાં ઘણુંરે, એકસો અડતાલ ।
યશોભદ્ર સુરલોકમાંરે, તબ દેતા ફાલ ॥ ૫ ॥

છઠે પાટે સંભૂતિવિજયરે, હશે પંડિત જાણ ।
વીરથી એકસો સિતેરે રે, વરસે નિરવાણ ॥ ૬ ॥

॥ દુહા ॥ તબપૂર્વ ઓછા થયા, સુણ ગૌતમ કહે વીર ॥
ભદ્રબાહુ લગે તે હશે, જેહમાં અર્થ ગંભીર ॥ ૧ ॥

॥ ઢાલ ૬ ॥ રાગ ગોટી ॥ સિંહ તણી પરે એકલો એ દેશી ॥

વરસ બસેં ચઉદે વલીરે, નિન્હવ ત્રીને જે હોય ।
આષાઢાચારજ તણોરે, શિષ્ય કહ્યો વલી સોયરે ।
ગૌતમ સાંભલો રે ॥ ૧ ॥

નિન્હવ સો વર્ષે સહીરે, પામે સમકિત સાર ।
બસે પંદર વર્ષે વલીરે, **સ્થુલિભદ્ર** લહે પારો રે ॥ ગૌ० ॥૨॥

પૂર્વ અનુયોગ ત્યારે નહીંરે, સૂક્ષ્મ મહા પ્રણિધાન ।
પહેલું સંઘયણ થાકીઉંરે, વળી પેહેલું સંસ્થાનોરે ॥ ગૌ० ॥૩॥

બસેં વીસ વરસે વલીરે, નિન્હવ ચોથોરે જેહ ।
અશ્વમિત્ર નામ જે હશેરે, પાછો વલશે નર તેહરે ॥ ગૌ० ॥૪॥

વીર પછી વરસ જશેરે, બસેંને અઠ્ઠાવીશ ।
તવ નિન્હવ હોસે પાંચમોરે, **ધનગુપ્તનો** શિષ્યરે ॥ ગૌ० ॥૫॥

॥ દુહા ॥ **ગંગાચારજ** તે સહી, તે મતે આણે ઠાહિં ।
ચારસેને સિતેરે, વીરથી વિક્રમ રાય ॥ ૧ ॥

જે નિજ સંવત થાપશે, પરદુઃખ ભંજણહાર ।
... શિરોમણિ તે હશે, શૂરવીર દાતાર ॥ ૨ ॥

॥ ઢાલ ૭ ॥ રાગ ધનાશ્રી પાટ કુસુમની ન પુજરૂપે એ દેશી ॥

વીર કહે વરસ મુજથી જાશે, પંચસયાં ચઉંઆલ ।
રોહગુપ્ત નિન્હવ હોય છઠો, ભમશે તે બહુ કાલ હો ।
ગૌતમ દિન દિન કુમતિ વધશે ॥ ૧ ॥

ભૂપતિ નહીં કોઈ સંયમ ધારી, દાન પચાવી દેસે હો ગૌતમ ।
પંચસયાં ચોરાસી વરસે, હોશે **ગોષ્ઠામાહીલ** ।
સાતમો નિન્હવ તેને કહીએ, ચાલે ભુંડી ચાલે હો ॥ ગૌ० ॥૨॥

પંચસયાં ચોરાસી ગૌતમ, વરસ ગયાં તું જોઈ ।
દસપૂર્વ થાકશે ત્યારે, **વયરસ્વામી** લગે હોઈ હો ॥ ગૌ० ॥૩॥

વીરથી વરસ છસે નવ જાયે, મત દિગંબર થાય ।
સર્વ વિસંવાદી એ નિન્હવ, આઠમો તેહ કહાય હો ॥ ગૌ૦ ॥૪॥

વરસ છસેને સોલજ અંતે, પૂર્વ સાડા નવ છેદ ।
દુર્બલિકાપુત્ર જ લગે હોઈ,
પાછલ સોયને ખેદ હો ॥ ગૌ૦ ॥ ૫ ॥

॥ દુહા ॥ નવસેં ત્રાણું વરસજ ગયે, પુસ્તકારૂઢ જ હોય ।
ચોથે પર્યુષણ આણુસે, કાલિકાચાર્ય સોય ॥ ૧ ॥

॥ ઢાલ ૮ ॥ રાગ પરજીઓ હિતકરી હીરજીનું એ દેશી ॥

વીરથી વરસ હજાર ગયા પછીરે, પૂર્વ હોયે તવ છેદોરે ।
તેરસયારે વરસે મત હશેરે, બોલે નવનવ ભેદોરે ।
ઇન્દ્રભૂતિ મોહ્યોરે વીર વચન રસેરે ॥ ૧ ॥ એ આંકણી ॥

દિન દિન કાલ પડતો સહી હશેરે, પુન્યવંતા નર કયાંહીરે ।
નીચકુલી રે નરપતિ બહુ થશેરે,
પાપતણી મતી પ્રાહેરે ॥ ઇંદ્ર૦ ॥ ૨ ॥

વાસ વૈરાગ્ય વિનય થોડા થશેરે, ન મલે મન્ય મન્નો રે ।
સુપુરૂષ છતે સહુ સગપણ છાંડશેરે,
વહાલો હોશે ધન્નોરે ॥ ઇંદ્ર૦ ॥ ૩ ॥

કલિયુગમાંહેરે મુનિ લોભી હશેરે, વિરલા કહી વ્યવહારોરે ।
ધર્મ તજશે ક્ષત્રી નર વલીરે,
બ્રહ્મ ધરે હથિયારોરે ॥ ઇં૦ ॥ ૪ ॥

॥ દુહા ॥ ગૌતમ વીર થકી જશે, વરસ સયાં ઓગણીસ
પાંચ માસને ઉપરે, ભાષા બારજ દીસ ॥ ૧ ॥

॥ ઢાલ ૯ ॥ રાગ રામગીરી રામ ભણે હરી ઉઠીયે એ દેશી ॥

તામ કલંકીરે ઉપજે, કુલ ચંડાલ અસાર રે ।
માતા જસોદારે બ્રાહ્મણી, હોશે તીહાં અવતાર રે ।
દુર્ગતિ ગામી રે તે સહી ॥ ૧ ॥

ચૈત્ર સુદીરે આઠમ દિને, વિષ્ણુ જનમ તે હોયરે ।
દેહવરણ તસ ઉજલું. પીલાં લોચન દોઇરે ॥ દુ૦ ॥ ૨ ॥

રૂદ્ર કલંકી ચતુર્મુખ, એ હોશે ત્રણુજ નામો રે ।
છાસી વરસનું આઉખું, પાટલીપુર જસ ગામરે ॥ દુ૦ ॥ ૩ ॥

છઠ્ઠો ભાગજ ભીખનો, લેશે કલંકી રાય રે ।
ષટ દરસણુને માને નહીં, દંડ કુદંડ થાયરે ॥ દુ૦ ॥ ૪ ॥

ઇંદ્ર ઇહાં પછે આવશે, ધરશે વિપ્રનું રૂપરે ।
વેગે હણુશેરે રાયરે, લેશે નરકનું કૂપરે ॥ દુ૦ ॥ ૫ ॥

॥ દુહા ॥ તેહનો સુત સુંદર હશે, દત્તભૂપ અભિરામ ।
શત્રુંજય ઉદ્ધાર કરાવશે, રાખે જગમાં નામ ॥ ૧ ॥

॥ ઢાલ ૧૦ ॥ રાગ રામગિરી પ્રણમી તુમ ગુરૂજી એ દેશી ॥

આગલ આરે પાંચમેજી, દુપ્પસહ મુનિવર હોય ।
સુરગતિ માંહેથી આવશેજી, આગલ સુરપતિ સોય ।
સોભાગી છેહલેા મુનિવર એહ ॥ ૧ ॥ એ આંકણી ॥

છેહલેા સંઘ દુપ્પસહ તણેાજી, આણ ન ખંડે તેહ ॥સોભાગી૦॥

વીસ વરસનું આઉખું જી, બાર વરસ ઘર વાસ ।
ચાર વરસ મુનિવર પણું જી, વરસ ચાર ગચ્છ ધાર ॥ સો૦ ॥૨॥
ફલ્ગુશ્રી નામે સાધવી જી, નાગિલ શ્રાવક સોય ।
સત્યશ્રી નામે શ્રાવિકા જી, સંઘ ચતુર્વિધ હોય ॥ સો૦ ॥ ૩ ॥
સુવિહિત સંઘ છેલ્લો સહી જી, અલ્પ આઉખું રે ત્યાંહી ।
સંઘ શ્રુત ધ્રેય વલી જી, જાશે પોરજ માંહે ॥ સો૦ ॥ ૪ ॥
વિમલવાહન નરપતિ જી, સુધર્મ મંત્રી રે જેહ ।
ન્યાય નીતિ અગ્નિ જશે જી, વળી મધ્યાન્હે તેહ ॥ સો૦ ॥ ૫ ॥

॥ દુહા ॥ જૈન ધર્મ એતાં લગે, પછી નહીં પુન્ય દાન ।
વાયુ મેઘ ભુંડા હશે, સુણ ગૌતમ તસ માન ॥ ૧ ॥

॥ ઢાલ ૧૧ ॥ રાગ સારંગ ॥
॥ મગધ દેશનો રાજા રાજેસર એ દેશી ॥

માન પ્રકાશે મેઘજ કેરૂં, પહેલો તે જલધાર ।
બીજો અગ્નિતણો તિહાં હોશે, ત્રીજો તે વિષધાર હો ।
ગૌતમ સુણ તું મધુરી વાણ ॥ ૧ ॥
ચોથો આંબિલનો ઘન વરસે, વીજલીનો વરસાદ ।
એકેકો મેઘ ત્યાંહિ વરસે, વાસર રાતજ સાત હો ॥ ગૌ૦ ॥૨॥
બોતેર બીલ વૈતાઢયજ કેરાં, છે વળી શાશ્વતા ત્યાંય ।
નરનારી પંખી હય હરણાં,
તે રેહશે તે માંહે હો ॥ ગૌ૦ ॥ ૩ ॥
આગળ છઠ્ઠો આરો હોશે, દુસમદુસમાનામ ।

એકવીસ સહસ વરસનો જાણો,
નહીં નગરી નહીં ગામ હો ॥ ગૌ૦ ॥ ૪ ॥

ગર્ભ ધરે ષટ વરસની નારી, બિલવાસી મછ ખાય ।
છેલ્લે કાયા એક હાથની હોશે,
સોલ વરસનું આયુ હો ॥ ગૌ૦ ॥ ૫ ॥

॥ દુહા ॥ આગલ વલી ઉત્સર્પિણી, ત્યાં ષટ આરા જોય ।
પહેલો છઠ્ઠો સારિખો, દુસમદુસમા સોય ॥ ૧ ॥

॥ ઢાલ ૧૨ ॥ રાગ કેદારો ॥ વાંઢાંયણાના એ દેશી ॥

આગલ બીજે આરો સારો, ત્યારે મેઘ હોશે વલી ચારો ।
પુષ્કરાવર્ત્ત ખીર અમૃત અપારો,
ચોથો વરસે ઘૃતની ધારો ॥ ૧ ॥

બાલશે વન વનસ્પતિ બહુ ગામો, આગલ સાતે કુલગર તામો ।
દુસમસુસમા ત્રીજે અભિરામો,
ત્રેવીસ જિનનાં તીહાં ઠામો ॥ ૨ ॥

નવ નારદ ચક્રી અગીઆરો, નવ બલદેવ હશે તીહાં સારો ।
વાસુદેવ નવ તેણી વારો, નવ પ્રતિવાસુદેવ અપારો ॥ ૩ ॥

સુસમદુસમા ચોથા માંહિ, એક જિનવર એક ચક્રી ત્યાંહી ।
અંતે જુગલ હોશે બહુ જાંહિ,
આઉ પલ્યોપમ ભદ્રક પ્રાહિ ॥ ૪ ॥

આગલ સુસમ પંચમ આરો, જુગલ દેહ બે ગાઉ ધારો ।

છઠ્ઠો સુસમસુસમા સંભારો,
જુગલ દેહ ત્રણ ગાઉ વિચારો ॥ ૫ ॥
પૂછ્યાં વચન કહ્યાં વલી વીરે, ચિત્તમાં ધરીયાં ગૌતમ ધીરે ।
ભણતાં સુણતાં સુખહ શરીરે, ઋદ્ધિ રમણી ઘર ભરી વીરે ॥૬॥
॥ કલશ ॥ ભલે સ્તવન કીધું, નામ દીધું, ગૌતમ પ્રશ્નોત્તર સહી ।
સંવત સિદ્ધિ મુનિ અંગ ચંદે, ભાદ્રવા સુદી તિહાં તહિં ।
તપગચ્છ તિલક સમાન સોહે, ગુરૂશ્રી વિજયાનંદસૂરિશ્વરૂ ।
સાગણનો વીત ઋષભ શ્રાવક, કહે ગચ્છ મંગલ કરૂ ॥ ૨ ॥

॥ ઇતિશ્રી બાર આરાનું સ્તવન ॥

॥ અથ શ્રી આંતરાનું સ્તવન ॥

॥ દુહા ॥ શારદ શારદના સુપરે, પંદ પંકજ પ્રણમેય ।
ચોવિસે જિન વરણવું, અંતર યુત સંખેય ॥ ૧ ॥
વીર પાર્શ્વને આંતરૂ, વરસ અઢીસેં હોય ।
પંચ કલ્યાણુક પાર્શ્વના, સાંભલજો સહુ કોય ॥ ૨ ॥

॥ ઢાલ ॥ ૧ ॥

નિરૂપમ નયરી વણારસી જી, શ્રીઅશ્વસેન નરિંદતો ।
વામારાણી ગુણ ભર્યાજી, મુખ જિમ પુનમ ચંદ તો ।
ભવી ભાવ ધરીને પ્રણમો પાસ જિણંદતો ॥ ૧ ॥ એ આંકણી ॥
પ્રાણુત કલ્પ થકી ચવ્યાજી, ચૈત્ર વદી ચોથને દીન તો ।

તેહની કુખે અવતર્યાજી,
પ્રભુ જિમ કંદર સિંહ તો ॥ ભવિ૦ ॥ ૨ ॥
પોસ બહુલ દશમી દીનેજી, જન્મ્યા પાસ કુમાર તો ।
જોવન વય પ્રભુ આવીયાજી,
વરીયા પ્રભાવતી નારી તો ॥ ભવિ૦ ॥ ૩ ॥
કમઠ તણો મદ ગાલીયોજી, ઉધર્યો નાગ સજોર તો ।
વદ અગીઆરસ પોસની જી,
સંજમ લીયે ઋદ્ધિ છોડતો ॥ ભવિ૦ ॥ ૪ ॥
ગાજ વિજ ને વાયરો જી, મુસલધાર મેઘ તો ।
ઉપસર્ગ કમઠે કર્યોજી,
ધરણેંદ્રે નિવાર્યો તેહ તો ॥ ભવિ૦ ॥ ૫ ॥
કર્મ ખપાવી કેવલ લહીજી, ચૈત્રવદી ચોથ સુજાણતો ।
શ્રાવણ શુદ દીન આઠમેજી,
પ્રભુજીનું નીર્વાણ તો ॥ ભવિ૦ ॥ ૬ ॥
એકસો વરસનું આઉખું જી, પાસચરિત્રે કહ્યું એમ તો ।
વરસ ચોરાસી સહસનું જી,
આંતરૂ પાસને નેમ તો ॥ ભવિ૦ ॥ ૭ ॥

॥ ઢાલ ॥ ૨ ॥

સૌરીપુર નયર સોહામણું, જગજીવનારે નેમ ।
સમુદ્રવિજય નરપાલ હો, દીલરંજનારે નેમ ।
ચવિયા અપરાજિત થકી, જગજીવનારે નેમ ।
કારતક વદ બારસ દીનહો, દીલ રંજનારે નેમ ॥ ૧ ॥

શીવાદેવી કુખે અવતર્યા ।। જગ૦ ।।
માનસર જિમ મરાલ હો ।। દીલ ।।
શ્રાવણ શુદી દીન પંચમી ।। જગ૦ ।।
પ્રસ૦યો પુત્ર રતનહો ।। દીલ૦ ।। ૨ ।।

જોબન વય પ્રભુ આવીયા ।। જગ૦ ।।
નીલકમલદલવાન હો ।। દી૦ ।।
પરણ્યા સુંદર સુંદરી ।। જગ૦ ।।
ઈમ કહે ગોપી કાન હો દી૦ ।। ૩ ।।

શ્રી ઉગ્રસેનની કુંવરી ।। જગ૦ ।।
વરવા કીધી જાન હો ।। દીલ૦ ।।
પશુ દેખી પાછા વળ્યા ।। જગ૦ ।।
હુવા જાદવ કુલ હેરાન હો ।। દીલ૦ ।। ૪ ।।

તોડે હારને તીહાં રડે ।। જગ૦ ।।
રાજુલ દુઃખ ન માય હો ।। દીલ૦ ।।
કહે પીયુજી પાયે પડું ।। જગ૦ ।।
છોડી મને મત જાઓ ।। દીલ૦ ।। ૫ ।।

કીડીસું કટક કાં કરો ।। જગ૦ ।।
એ તુમ કુણ આચાર હો ।। દીલ૦ ।।
માણસના દીલ દુહવો ।। જગ૦ ।।
પશુઆંશું કરો પ્યારહો ।। દીલ૦ ।। ૬ ।।

નવભવ નેહ નિવારીઓરે ।। જગ૦ ।।
દેઈ સંવચ્છરી દાન હો ।। દીલ૦ ।।

શ્રાવણ સુદ છઠને દીનેરે ॥ જગ૦ ॥
સંજમ લીએ વડ વાન હો ॥ દીલ૦ ॥ ૭ ॥

તારી રાજુલ સુંદરી ॥ જગ૦ ॥
દેઇને દીક્ષા દાન હો ॥ દીલ૦ ॥
અમાવાસ્યા આસોજ તણીરે ॥ જગ૦ ॥
પ્રભુ લહે કેવલ જ્ઞાન હો ॥ દીલ૦ ॥ ૮ ॥

સહસ વરસ પ્રભુ આઉખુંરે ॥ જગ૦ ॥
પાલી શ્રી જિનરાજ હો ॥ દીલ૦ ॥
અષાઢ સુદી દીન આઠમેરે ॥ જગ૦ ॥
પ્રભુ લહે શીવપુરરાજ હો ॥ દીલ૦ ॥ ૯ ॥

॥ ઢાલ ૩ ॥ થારા મહેલ ઉપર મેહ ઝબુકે વીજલી
હો લાલ એ દેશી ॥

પાંચ લાખ વરસ નમિ નેમને આંતરૂ હો લાલ,
નમી નેમને આંતરૂ ।
મુનિસુવ્રત નમિ નાથને છ લાખ ચિત ધરૂં હો લાલ,
છ લાખ ચિત્ત ધરૂં ।
ચોપન લાખ વરસ મુનિસુવ્રત મલ્લિને હો લાલ,
મુનિસુવ્રત મલ્લિને,
ક્રોડ સહસ વલી જાણો મલ્લી અર નાથને હો લાલ,
મલ્લી અરનાથને ॥ ૧ ॥

કોડ સહસ વરસ કરી, ઉણો પલ્યનું હો લાલ, ઉણો પલ્યનું ।
ચોથો ભાગ અરનાથવલી કુંથુનાથને હો લાલ,
વલી કુંથુનાથને ।
પલ્યોપમનું અરધ જાણો શાંતિ કુંથુને હો લાલ,
જાણો શાંતિ કુંથુને ।
શાંતિ ધર્મ પલ્યોપમ ઉણે સાગર ત્રણનું હો લાલ,
સાગર ત્રણનું ॥ ૨ ॥

સાગર ચાર અનંતને ધર્મ જિણંદને હો લાલ, ધર્મ જિણંદને ।
નવ સાગર વળી અનંત વિમલ જિન ચંદ્રને હો લાલ,
અનંત વિમલ જિન ચંદ્રને ।
સાગર ત્રીસ વિમલ વાસુપૂજ્યને હો લાલ, વિમલ વાસુપૂજ્યને ।
સાગર ચોપન શ્રી વાસુપૂજ્ય શ્રેયાંસને હો લાલ,
વાસુપૂજ્ય શ્રેયાંસને ॥ ૩ ॥

લાખ પાંસઠ સહસ છવીસ વરસસો સાગરૂ હો લાલ,
વરસસો સાગરૂ ।
ઉણો સાગર કોડ શ્રેયાંસ શીતલ કરે હો લાલ,
શ્રેયાંસ શીતલ કરે ।
સુવિધિ શીતલને નવ કોડ સાગર ભાવજો હો લાલ,
સાગર ભાવજો ।
સુવિધિ ચંદ્રપ્રભુ નેઉ કોડી સાગર મન ભાવજો હો લાલ,
સાગર મન ભાવજો ॥ ૪ ॥

સાગર નવસેં કોડ સુપાસ ચંદ્રપ્રભુ હો લાલ, સુપાસ ચંદ્રપ્રભુ ।
સાગર નવ સહસ કોડ સુપાસ પદ્મ પ્રભુ હો લાલ,
સુપાસ પદ્મ પ્રભુ ।
સુમતિ પદ્મ પ્રભુ નેઉ સહસ કોડ સાગરૂ હો લાલ, કોડ સાગરૂ ।
સુમતિ અભિનંદન નવ લાખ કોડ સાગરૂ હો લાલ,
કોડ સાગરૂ ॥ ૫ ॥

દસ લાખકોડ સાગર સંભવ અભિનંદને હો લાલ,
સંભવ અભિનંદને ।
ત્રીસ લાખકોડ સાગર સંભવ અજિતને હો લાલ,
સંભવ અજિતને ।
પચાસ લાખ કોડ સાગર અજિત જિન ઋષભને હો લાલ,
અજિત જિન ઋષભને ।
એક કોડા કોડ સાગરૂ ઋષભને વીરને હો લાલ,
ઋષભને વીરને ॥ ૬ ॥

સહસ બેંતાલીસ તીન વરસ વલી જાણીએ હો લાલ,
વરસ વલી જાણીયે ।
સાડા આઠ મહિના ઉણા તે વખાણીએ હો લાલ,
ઉણા તે વખાણીએ ।
નવસે બેંસી વરસે હોઈ પુસ્તક વાંચના હો લાલ,
પુસ્તક વાંચના ।
અંતર કાલ જાણો જિન ચોવીસનો હો લાલ,
કે જિન ચોવીસનો ॥ ૭ ॥

॥ ઢાલ ૪ ॥ દીન સકલ મનોહર એ દેશી ॥

જયેા આદિ જિણેસર, ત્રિભુવનનેા અવતંસ ।
નાભી રાજા મરૂદેવા, કુલ માનસર હંસ ।
સર્વાર્થ સિદ્ધથી ચવિં, ઇક્ષ્વાકુ ભૂમિવર ઠામ ।
અસાઢ વદી ચેાથે અવતર્યા પુરૂષ પ્રસન્ન ॥ ૧ ॥

ચૈત્ર વદી આઠમે, જન્મ્યા શ્રી જિનરાય ।
આવે ઇંદ્ર ઇંદ્રાણી, પ્રભુજીના ગણુગાય ।
સુનંદા સુમંગલા, વરિયા જોબન પાય ।
ભરતાદિક એકસેા, પુત્ર પુત્રી દેા થાય ॥ ૨ ॥

કરી રાજની થાપના, વાસિ વનિતા ઇંદ્ર ।
જગમાં નિતિ ચલાય, મારૂદેવીનેા નંદ ।
પ્રભુ શીલ્પ દેખાડી, વારે જુગલ આચાર ।
નરકલા બહેાતેર, ચેાસઠ મહિલા સાર ॥ ૩ ॥

ભરતાદિકને દીએ, અંગાદિકનું રાજ્ય ।
સુરનર ઇમ જંપે, જય જય શ્રીજિનરાજ ।
દેઈ દાન સંવચ્છરી, પ્રભુ લીએ સંયમ ભાર ।
ચાર સહસ રાજાશું, ચૈત્ર વદ આઠમ સાર ॥ ૪ ॥

પ્રભુ વિચરે મહીયલ, વરસ દિવસ વિણ આહાર ।
ગજરથને ઘેાડા, જન દિએ રાજકુમારી ।
પ્રભુતેા નવિ લેવે, જુવે શુદ્ધ આહાર ।
પડિલાભ્યા પ્રભુજી, શ્રી શ્રેયાંસ-કુમાર ॥ ૫ ॥

ફાગણ અંધારિ, અગીઆરસ શુભ ધ્યાન ।
પ્રભુ અઠ્ઠમ ભક્તે, પામ્યા કેવલ નાણ ।
ગઢ ત્રણ રચે સુર, સેવા કરે કરજોડ ।
ચક્ર રત્ન ઉપન્યો, ભરતને મન કોડ ॥ ૬ ॥

મારૂદેવા મોહે, દુઃખ આણે મનજોર ।
મારો ઋષભ સહે છે, વનવાસી દુઃખ ઘોર ।
તવ ભરત પયંપે, ત્રિભુવન કેરો રાજ *
તુમ પુત્ર ભોગવે, જુઓ માતા આજ ॥ ૭ ॥

ગજરથ બેસાડી, સમવસરણની પાસ ।
ભરતેસર આવે, પ્રભુવંદન ઉલ્લાસ ।
સુણી દેવની દુંદુભી, ઉલસિત આણંદપુર ।
આવ્યાં હરખનાં આંસુ, તિમિર પડલ ગયાં દૂર ॥ ૮ ॥

પ્રભુની ઋદ્ધિ દેખી, એમ ચિંતે મનમાંહે ।
ધિક ધિક કુડી માયા, કોના સુત કોના તાત ।
એમ ભાવના ભાવતાં, પામ્યાં કેવલજ્ઞાન ।
તતક્ષણ મરૂદેવા, તિહાં લહ્યો નિર્વાણ ॥ ૯ ॥

ધન્ય ધન્ય એ પ્રભુજી, ધન્ય એહનો પરિવાર ।
લાખ પૂર્વ ચોરાસી, પાલી આયુ ઉદાર ।
મહાવદી તેરસ દીને, પામ્યા સિદ્ધિનું રાજ ।
અષ્ટાપદ શિખરે, જય જય શ્રી જિનરાજ ॥ ૧૦ ॥

---

* આ સ્તવનની સાતમી ગાથામાં છેલ્લાં બે ચરણ તુટતા હોવાથી નવીન મૂકેલા છે.

॥ કલશ ॥ ચોવીસ જિનવર તણો અંતર, ભણ્યો અતિ ઉલ્લાસ એ,
સંવત સતર તહોંતરે, એમ રહી–ચોમાસું એ ।
સંઘતણો આગ્રહ ગ્રહી મેં, **શ્રીવિમલવિજય** ઉવઝાયએ ।
તસ શિષ્ય **રામવિજય** નામે, વર્યો જય જય કાર એ ॥

॥ ઈતિ શ્રી આંતરાનું સ્તવન સંપૂર્ણ ॥

॥ શ્રી રોહિણી તપ વિધિ સ્તવન ॥

॥ દુહા ॥ સુખકર શંખેશ્વર નમી, શુભગુરૂને આધાર ।
રોહિણી તપ મહિમા વિધિ, કહિશું ભવિ ઉપગાર ॥ ૧ ॥
ભક્ત પાન કુચ્છિત દિએ, મુનિને જાણુ અજાણુ ।
નરક તીર્યંચમાં જીવ તે, પામે બહુ દુઃખ ખાણુ ॥ ૨ ॥
તે પણ રોહિણી તપ થકી, પામી સુખ સંસાર ।
મોક્ષે ગયા તેઉનો કહું, સુંદર એ અધિકાર ॥ ૩ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ શીતલજિન સહેજાનંદી ॥ એ દેશી ॥

મઘવા નગરી કરી ઝંપા, અરિવર્ગ થકી નહિ કંપા ।
આ ભરતે પુરી છે ચંપા, રામ સીતા સરોવર પંપા ॥ ૧ ॥
પનોતા પ્રેમથી તપ કીજે, ગુરૂપાસે તપ ઉચરીજે ॥ એ આંકણી ॥
વાસુપૂજ્યના પુત્ર કહાય, **મઘવા** નામે તિહાં રાય ।
તસ લક્ષ્મીવતી છે રાણી, આઠ પુત્ર ઉપર એક જાણી ॥૫૦॥૨॥
રોહિણી નામે થઈ બેટી, નૃપ વલ્લભસું થઈ મોટી ।
યૌવન વયમાં જબ આવે, તબ વરની ચિંતા થાવે ॥ ૫૦ ॥ ૩ ॥

સ્વયંવર મંડપ મંડાવે, દૂરથી રાજપુત્ર મિલાવે ।
રોહિણી શણગાર ધરાવી, જાણું ચંદ્ર પ્રિયા ઈહાં આવી ॥૫૦॥ ૪ ॥
નાગપુર વિતશોક ભૂપાલ, તસ પુત્ર અશોક કુમાર ।
વરમાલા કંઠે ઠાવે, નૃપ રોહિણીને પરણાવે ॥ ૫૦ ॥ ૫ ॥
પરિકરસું સાસરે જાવે, અશોકને રાજ્યે ઠાવે ।
પ્રિયા પુણ્યે વધી બહુ ઋદ્ધિ, વિતશોકે દીક્ષા લીધી ॥ ૫૦ ॥ ૬ ॥
સુખ વિલસે પંચ પ્રકાર, આઠ પુત્ર સુતા થઈ ચાર ।
રહી દંપતિ સાતમે માલે, લઘુ પુત્ર રમાડે ખોલે ॥ ૫૦ ॥ ૭ ॥
લોકપાલાભિધાનને બાલ, રહી ગોખે જુએ જન ચાલ ।
તસ સન્મુખ રોતિ નારી, ગયો પુત્ર મરણ સંભારી ॥ ૫૦ ॥ ૮ ॥
શિર છાતી કુટે વલી કેતી, માય રોતી જલજલી દેતી ।
માથાના કેશ તે રોલે, જોઈ રોહિણી કંતને બોલે ॥ ૫૦ ॥ ૯ ॥
આજ મેં નવું નાટક દીઠું, જોતાં બહુ લાગે મીઠું ।
નાચ શીખી કીહાંથી નારી, સુણી રોશે ભર્યો નૃપ ભારી ॥૫૦॥૧૦॥
કહે નાચ શીખો ઈણિ વેલા, લેઈ પુત્ર બાહિર દીએ ઝોલા ।
કરથી વિછોડ્યો તે બાલ, નૃપ હાહાકરે તતકાલ ॥ ૫૦ ॥ ૧૧ ॥
પુરદેવ વિચેથી લેતા, ભુંય સિંહાસન કરી દેતા ।
રાણી હસતી હસતી જુએ હેહું, રાજા એ કૌતક દીઠું ॥૫૦॥૧૨॥
લોક સઘળા વિસ્મય પામે, વાસુપૂજ્ય શિષ્ય વન ઠામે ।
આવ્યા રૂપ સોવન કુંભ નામા, શુભ વીર કરે પ્રણામ ॥૫૦॥૧૩॥

॥ ઢાલ ૨ ॥ ચોપાઈની દેશી ॥

ચઉનાણી નૃપ પ્રણમિ પાય, નિજ રાણીનું પ્રશ્ન કરાય ।
આ ભવદુખ નવિ જાણ્યા એહ, એ ઉપર મુજ અધિકો નેહ ॥૧॥

મુનિ કહે ઈણ નગરે ધનવંતો, ધનમિત્ર નામે શેઠ જ હતો ।
દુર્ગંધા તસ બેટી થઈ, કુબ્જા કુરૂપા દુર્ભગા ભઈ ॥ ૨ ॥
યોવન વય ધન દેતા સહી, દુર્ભગપણે કોઈ પરણે નહીં ।
નૃપ હણતાં કૌતવ શિષ્યેણ, રાખી પરણાવી સા તેણ ॥ ૩ ॥
નાઠો તે દુર્ગંધા લહી, દાન દેયંતાં સા ઘરે રહી ।
જ્ઞાનીને પરભવ પૂછતી, મુનિ કહે રૈવતગિરિ તટ હતી ॥ ૪ ॥
પૃથ્વીપાલ નૃપ સિદ્ધિમતિ, નારી નૃપ વનમાં ક્રિડતી ।
રાય કહે દેખી ગુણવંતા, તપસી મુનિ ગોચરીએ જતા ॥ ૫ ॥
દાન દીયાં ઘર પાછાં વલી, તમ ક્રીડારસે રીસે બલી ।
મૂર્ખ પણે કરી બલતે હૈયે, કડવો તુંબડ મુનિને દીએ ॥ ૬ ॥
પારણું કરતાં પ્રાણ જ ગયા, સુરલોકે મુનિ દેવજ થયા ।
અશુભ કર્મ બાંધે સો નારી, જાણી નૃપ કાઢે પુર બારે ॥ ૭ ॥
કુષ્ટ રોગ દિન સાતે મરી, ગઈ છઠે નરકે દુઃખ ભરી ।
તિરીય ભવે અંતરતા લહી, મરીને સાતમી નરકમાં ગઈ ॥ ૮ ॥
નાગણ કરભી ને કુતરી, ઊંદર ઘીરોલી જલો શુકરી ।
કાકી ચંડાલણ ભવ લહી, નવકાર મંત્ર તિહાં સદ્દહી ॥ ૯ ॥
મરીને શેઠની પુત્રી ભઈ, શેષ કર્મ દુર્ગંધા થઈ ।
સાંભલિ જાતિ સ્મરણ લહી, શ્રી શુભ વીર વચન સદ્દહી ॥૧૦॥

॥ ઢાલ ॥ ૩ ॥ ગજરા મારૂજી ચાલ્યા ચાકરીરે ॥ એ દેશી ॥

દુર્ગંધા કહે સાધુને રે, દુઃખ ભોગવિયાં અતિરેક ।
કરૂણા કરીને દાખીએરે, જિમ જાએ પાપ અનેક રે ॥ ૧ ॥

જિમ મુનિ કહે રોહિણી તપ કરોરે, સાત વરસ ઉપર સાત માસ ।
રોહિણી નક્ષત્રને દિનેરે, ગુરૂમુખ કરી ઉપવાસરે ॥ ગુરૂ૦ ॥ ૨ ॥
તપથી અશોક નૃપની પ્રિયારે, થઈ ભોગવી ભોગવિલાસ ।
વાસુપૂજ્ય જિન તીર્થેરે, તમો પામશો મોક્ષ નિવાસરે ॥તમે૦॥૩॥
ઉજમણે પુરે તપેરે, વાસુપૂજ્યની પડિમા ભરાય ।
ચૈત્ય અશોક તરૂ તલેરે, અશોક રોહિણી ચિતરાયરે ॥અશો૦॥૪॥
સાહમિવચ્છલ પધરાવીનેરે, ગુરૂ વસ્ત્ર સિદ્ધાંત લખાય ।
કુમારસુગંધ તણી પરેરે, દુષ્કર્મ સકલ ક્ષય જાય રે ॥દુષ૦॥૫॥
સાધુ કહે સિંહપુરમાંરે, સિંહસેન નરેસર સાર ।
કનકપ્રભા રાણી તણોરે, દુર્ગંધી અનિષ્ટ કુમારરે ॥દુર્ગ૦॥૬॥
પદ્મપ્રભુને પુછતારે, જિન જલ્પે પૂર્વ ભવ તાસ ।
બાર જોજન નાગપુરથીરે,
એક શિલા નિલગિરિ પાસરે ॥ એક૦ ॥ ૭ ॥
તે ઉપર મુનિ ધ્યાનથીરે, ન લહે આહેડી શિકાર ।
ગોચરી ગત શિલા તળેરે, કોપ્યો ધરે અગ્નિ અપારરે ॥કોપ્યે॥૮॥
શિલા તપી રહ્યા ઉપરેરે, મુનિ આહાર કરે કાઉસગ્ગ ।
ક્ષપક શ્રેણી થઇ કેવલીરે, તત્ક્ષણ પામ્યા અપવર્ગરે ॥તત૦॥૯॥
આહેડી કુષ્ઠી થઈ રે, ગયો સાતમી નરક મઝાર ।
મંજ્જ મઘા અહી પાંચમી, સિંહ ચોથી ચિત્ર અવતાર ॥સિંહ૦॥૧૦॥
ત્રીજી બિલાડો બીજીએરે, ઘૂક પ્રથમ નરક દુઃખ જાલ ।
દુખના ભવ ભમી તે થયો રે,
એક શેઠ ઘરે પશુપાલ રે ॥ એક ॥ ૧૧ ॥

ધર્મ લહી દવમાં બલ્યેારે, નિદ્રાએ હૃદય નવકાર
શ્રી શુભવીરના ધ્યાનથીરે, તુજ પુત્ર પણે અવતાર ।।તુજ૦।।૧૨।।

।। ઢાલ ।। ૪ ।। મારી આંબાના વડલા હેઠ ।। એ દેશી ।।
નિસુણી દુર્ગંધકુમાર, જાતિ સ્મરણ પામતોરે ।
પદ્મપ્રભુ ચરણે શીસ, નામી ઉપાય તે પૂછતોરે ।
પ્રભુ વયણે ઉજમણે યુક્ત, રોહિણીનેા તપ સેવિયેારે ।
દુર્ગંધ પણું ગયું દૂર, નામે સુગંધી કુમાર થયેારે ।।
રોહિણી તપ મહિમા સાર,
સાંભળતા નવ વિસરેરે ।। એ આંકણી ।। ૧ ।।
રહી વાત અધુરી એહ, સાંભળશેા રોહિણીને ભવેરે ।
ઈમ સુણી દુર્ગંધા નારી, રોહિણી તપ કરે એાચ્છવેરે ।
સુગંધિ લહિ સુખ ભેાગ, સ્વર્ગે દેવી સેાહામણીરે ।
તુજ કાંતા મઘવા ધુઆ, ચવિ ચંપાએ થઈ રેાહિણીરે ।। રો૦।।૨।।
તપ પુણ્ય તણેા પ્રભાવ, જન્મથી દુઃખ ન દેખીએારે ।
અતિ સ્નેહ કીસ્યેા અમ સાથ, રાય અશેાકે વલી પુછીયુંરે ।
ગુરૂ બેાલે સુગંધિ રાય, દેવ થઇ પુષ્કલાવતીરે ।
વિજયે થઈ ચક્રિ તેહ, સંજમધર હુઆ અચ્યુતપતિરે ।।રો૦।।૩।।
ચવિને થયા તમે અશેાક, એક તપે પ્રેમ બન્યેા ઘણેારે ।
સાત પુત્રની સુણન્યેા વાત, મથુરામાં એક માંહણેારે ।
અગ્નિશર્મા સુત સાત, પાટલિપુર જઈ ભીક્ષા ભમેરે ।
મુનિ પાસે લઈ વૈરાગ, વિચર્યા સાતે રહી સંજમેરે ।। રો૦ ।। ૪ ।।
સૌધર્મે હુઆ સુરસાત, તે સુત સાતે રોહિણીતણા રે ।
વૈતાઢયે બિલ્વ ચુલ ખેટ, સમક્તિ શુદ્ધ સેાહામણા રે ।

ગુરૂદેવની ભક્તિ પર્સાય, ધુર સ્વર્ગે થઈ દેવતારે ।
લઘુ સુત આઠમો લોકપાલ,
રોહિણી નો તે સુર સેવતારે ॥ રો૦ ॥ ૫ ॥
વલી બેટ સુતા છે ચાર, રમવાને વનમાં ગઈ રે ।
તીહાં દીઠા એક અણગાર, ભાખે ધર્મ ગેલા થઇરે ।
પૂછ્યાથી કહે મુનિ ભાસ, આઠ પહોર તુમ આયુ છેરે ।
આજ પંચમીનો ઉપવાસ, કરશો તો ફલદાયક છેરે ॥ રો૦ ॥ ૬ ॥
ધુજંતી કરી પચખાણ, ગેહ અગશે જઈ સુવતિરે ।
પડી વીજળીયે વલી તેહ, ધુર સુર લોકે દેવી થતીરે ।
ચવી થઈ તુમ પુત્રી ચાર, એક દિન પંચમી તપ કરીરે ।
ઈમ સાંભલી સહુ પરિવાર,
વાત પૂર્વ ભવની સાંભળીરે ॥ રો૦ ॥ ૭ ॥
ગુરૂ વંદી ગયા નિજ ગેહ, રોહિણી તપ કરતાં સહુરે ।
મોટી શકિત બહુ માંન, ઉજમણા વસ્તુ બહુરે ।
ઇમ ધર્મ કરી પરિવાર, સાથે મોક્ષપુરી વરીરે ।
શુભ વીરના શાસન માંહ,
સુખ ફલ પામો તપ આદરીરે ॥ રો૦ ॥ ૮ ॥
॥ કલશ ॥ ઇમ ત્રિજગ નાયક મુકિતદાયક વીર જિનવર ભાખીયો ।
તપ રોહિણીનો ફલ વિધાને વિધિ વિશેષે દાખીયો ।
શ્રી ક્ષમાવિજય જસવિજય પાટે, **શુભવિજય** સુમતિ ધરો ।
તસ ચરણ સેવક કહે પંડિત **વિરવિજયો** જયકરો ॥

॥ ઈતિ શ્રી રોહિણી તપ વિધિ સ્તવન સંપૂર્ણ ॥

॥ અથ શ્રીઅક્ષયનિધિ તપનું સ્તવન ॥

॥ દુહા ॥ શ્રી શંખેશ્વર શિર નમી, કહું તપ ફલ સુવિચાર ।
અક્ષય નિધિ તપ ભાખીયે, પ્રવચન સાર ઉદ્ધાર ॥ ૧ ॥
તપ તપતાં અરિહા પ્રભુ, કેવલ નાણને હેત ।
નાણ લહી તપ તજી કીયે, શિવ રમણી સંકેત ॥ ૨ ॥
તિમ સુંદરી પરે તપ કરો, અક્ષયનિધિ ગુણવાન ।
શ્રુત કેવલીયે જે રચ્યો, કલ્પસૂત્ર બહુ માન ॥ ૩ ॥

॥ ઢાલ ૧ ॥ રૂડી રઢીયાલીરે વાલા તારી વાંસલીરે એ દેશી ॥
જંબુ ભરતે રે નયરી રાજગ્રહીરે, સંવર શેઠ વસે એક સાર ।
ગુણવંતી નારીરે કઠણ આજીવિકારે, ઘર દારિદ્ર તણો ભંડાર ।
સુંદરી સેવોરે અક્ષય નિધિ તપ ભલોરે ॥ ૧ ॥ એ આંકણી ॥
પુણ્ય સંજોગેરે પ્રિયા ગરભે ફલીરે,
તબ તસ વૃત્તિ ચલી ઘરબાર ।
કેઈ વ્યવહારીરે વણજ કરાવતારે,
વાધ્યો શેઠ તણો વ્યવહાર ॥ સુંદરી૦ ॥ ૨ ॥
પૂરણ માસેરે જન્મી કુમારિકારે, પ્રગટયો નાલ નિખેપ નિધાન ।
લક્ષણવંતીરે પુત્રી પ્રભાવથીરે,
રાય સુણી કરતો બહુ માન ॥ સુંદરી૦ ॥ ૩ ॥
પુત્રની પરેરે જન્મ ઓચ્છવ કર્યોરે, સજ્જનવર્ગ નોતરીયા ગેહ ।
સંવર શેઠેરે થાપ્યું સુંદરીરે,
નામ મહોત્સવ કરી ધરી નેહ ॥ સુંદરી૦ ॥ ૪ ॥

બાલ સ્વભાવેરે રમતી સુંદરીરે,
જિહાં જિહાં ભૂમિ ખણંતી રમાય ।
પૂર્વ પુન્યેરે મણિ માણેક ભર્યોરે,
તિહાં તિહાં દ્રવ્યનિધિ પ્રગટાય ॥ સુંદરી૦ ॥ ૫ ॥

આણી આપેરે તાતને સુંદરીરે, તિણે તે શેઠ હુઓ ધનવંત ।
યૌવન જાગેરે રંભા ઉર્વશીરે,
દેખી શેઠ કરે વરચિંત ॥ સુંદરી૦ ॥ ૬ ॥

શેઠ સમુદ્રપ્રિયાભિધ નગરમાંરે, કમલસિરિ નારી તસ પુત્ત ।
શ્રીદત્ત નામેરે રૂપ કલા ભર્યોરે,
તસ પરણાવી તે ધન જુત્ત ॥ સુંદરી૦ ॥ ૭ ॥

પુણ્ય પનોતીરે સાસરે સુંદરીરે, આવી તત્ક્ષણ નિધિ પ્રગટાય ।
પગ અંગુઠેરે કાંકરો કાઢતાં રે,
પૂર્ણ કલશ ધન લેતી જાય ॥ સુંદરી૦ ॥ ૮ ॥

મોસાલે ભાણેજીને તેડયાં ભોજનેરે,
તેહને ઘર પણ લક્ષ્મી ન માય ।
ઈમ જિહાં બાલારે સા પગલાં ઠવેરે,
નિધિ પ્રગટે સહુ સુખિયાં થાય ॥ સુંદરી૦ ॥ ૯ ॥

વહુને માનેરે સસરો ભલી પરેરે,
રાજા પણ ચિત્ત વિસ્મય થાય ।
એક દિન આવ્યા ધર્મઘોષ સૂરિવરારે,
રાજા પ્રમુખ તે વંદન જાય ॥ સુંદરી૦ ॥ ૧૦ ॥

સુંદરી પૂછે કહો કુણ કારણેરે, પગ પગ પામું ઋદ્ધિ રસાલ ।
સૂરિ કહે સાચોરે પૂર્વભવ તેં કર્યોરે,
અક્ષયનિધિ તપ થઈ ઉજમાલ ॥ સુંદરી૦ ॥ ૧૧ ॥

॥ ઢાલ ૨ ॥ માતા જસોદા તમારો કાન એ દેશી ॥
॥ અથવા ચોપાઈની દેશી ॥

ખેટકપુર સંયમ અભિધાન, શેઠ પ્રિયા ઋજુમતિ ગુણવાન ।
ઋજુમતિ તપ રાતિ રહે, જ્ઞાન ભક્તિ સુખ સંપદ લહે ॥ ૧ ॥

રયણાવલી કનકાવલી કરે, એકાવલી વિધિયે ઉચરે ।
પાડોસી વસુશેઠે વરી, સોમસુંદરી બહુ મચ્છર ભરી ॥ ૨ ॥

પુણ્યવતી તપ રતિ બહુ, ઋજુમતિ પ્રશંસે સહુ ।
સોમસુંદરી સુણી નિંદા કરે, ડાકણી પરે છલ જોતી ફરે ॥૩॥

ભુખ્યો બ્રાહ્મણ[૧] બગાયો ઢોર[૨], ચાંપ્યો નાગ[૩] નાસંતો ચોર[૪] ।
રાંડ[૫] ભાંડને માતો સાંઢ[૬], એ સાતેથી ઉગરીયે માંડ[૭] ॥ ૪ ॥

લાગ્યું ઘર શેઠ સંજમ તણું, સોમસુંદરી ચિત્ત હરખ્યું ઘણું ।
નારી પ્રભાવે ન બળી એક છડી,
વળી એક દિન ઘેર ધાડજ પડી ॥ ૫ ॥

પાડોસણ મન ચિન્તે ઈસું, પાપી શેઠનું ન ગયું કિસું ।
દેતી શ્રાપને નિર્ધન થયા, તે દંપતિ સુરલોકે ગયા ॥ ૬ ॥

સોમસુંદરી ગુણી મચ્છર ભરી, અશુભ કર્મ ઉપાર્જન કરી ।
પામી મરણ સા કોઈકે ગુણી, શ્રાવક મુખ નવકારજ સુણી ॥૭॥

જિતશત્રુ મથુરાનો રાય, ચઉસુત ઉપર બેટી થાય ।
સર્વ ઋદ્ધિ નામજ તસદઇ, પચ ધાવસું મોટી થઈ ॥ ૮ ॥

શત્રુ સૈન્ય સમૂહે નડ્યો, જિતશત્રુ રણચોગે પડ્યો ।
લુંટ પડી જબ રાજદ્વાર, કુંવરો પણ નાઠી તેણીવાર ॥ ૯ ॥

ઉજાતિ એક અટવી પડી, રવિ ઉદયે માર્ગ શિર ચડી ।
વનફલ વૃતે વનચર થઈ, યૌવન વેલા નિષ્ફલ ગઈ ॥ ૧૦ ॥

એક વિદ્યાધર દેખી કરી, પરણી સા નિજ મંદિર ધરી ।
તિણિ વેલા ઘર લાગી ગયું, સર્વ ઋદ્ધિ પગલેથી ગયું ॥ ૧૧ ॥

વિદ્યાધરે ફરી વનમાં ધરી, પલ્લિપતિ એક ભીલે હરી ।
ત્રીજે દીન ઘર તેનું બલ્યું,
નારી નિંદન સહૂ જન ભલ્યું ॥ ૧૨ ॥

સાર્થવાહ કર વેચી તીણે, ચાલ્યો નિજ દેસાવર ભણી ।
પંથ વચે લુટાણા તેહ, સર્વ ઋદ્ધિ નાઠા લઈ દેહ ॥ ૧૩ ॥

વનમાં સરોવર તીરે ખડી, રાજકુમારી કર્મે નડી ।
પુન્યે મુનિ મલ્યા ગુણ ગેહ, મીઠે વયણે બોલાવી તેહ ॥ ૧૪ ॥

॥ ઢાલ ૩ ॥ છોરી જાટડીની એ દેશી ॥

છોરીરે બેટી તુંતો રાયની હે,
કાંઈ ઉભી સરોવર પાળરે, શું દુઃખ ચિંતવે ।
સિરદાર સહુને સુખ કરે, મહારાજ મુનિ એમ ઉચ્ચરે ।
પૂર્વભવ મચ્છર કરી હે, કાંઈ ફલી તરૂ શાખા ડાલરે ।
સોમસુંદરી ભવે ॥ સિર૦ ॥ મ૦ ॥ ૧ ॥

તાત મરણ પુર લુંટીયું હે, કાંઈ પડી તું અટવી મોજારે ।
દુઃખ પામી ઘણી ખેચરશું, ઈણે ભવે લહ્યો હે ।
સુખ સંભોગ એક વારરે, વલી વનચર પણું ॥ સિ૦ ॥ મ૦ ॥ ૨ ॥

જ્ઞાની ગુરૂ વયણાં સુણી હે, રાજકુમારી પુછાયરે ।
ગુરૂ ચરણે નમી, આ દુઃખથી કિમ છુટીયે હે ।
કહીયે કરી સુપસાયરે, દુઃખ વેલા ખમી ॥ સિ૦ ॥ મ૦ ॥ ૩ ॥

અક્ષયનિધિ તપ વિધિ કરો હે, જ્ઞાન ભક્તિ વિસ્તારરે ।
શક્તિ ન ગોપવી, શ્રાવણ વદી ચોથે થકી હે ।
સંવત્સરી દિન સારરે, પૂરણ તપ તપી ॥ સિ૦ ॥ મ૦ ॥ ૪ ॥

ચોથભક્ત એકાસણેા હે, શક્તતણે અનુસારરે ।
ઘટ અક્ષત ભરો, વિધિ ગુરૂગમથી આચરો હે ।
ગણણું દોય હજારરે, પડિકમણાં કરો ॥ સિ૦ ॥ મ૦ ॥ ૫ ॥

એક વરસ જઘન્યથી હે, તીન વરસ ઉક્કિઠરે ।
ઈણ વિધિ તપ કરો, શાસન દેવી કારણે હે ।
ચોથે વરસ વીસી ઠરે, વળી એ આદરો ॥ સિ૦ ॥ મ૦ ॥ ૬ ॥

આભવ મનવંછિત ફલે હે, પરભવ ઋદ્ધિ ન માયરે ।
હરી ચક્રિપરે, ઈમ નિસુણી કુમરી તિહાં હે ।
વદી ગુરૂના પાયરે, ગઈ ગામાંતરે ॥ સિ૦ ॥ મ૦ ॥ ૭ ॥

પરઘર કરતાં ચાકરી હે, આજીવિકા નિર્વાહરે ।
સુખ દુઃખમાં કરે, અલ્પ વિધિય તપ તિણે કર્યો હે ।
પ્રથમ વરસ ફરિ ચાહેરે, બીજા ભલિપરે ॥ સિ૦ ॥ મ૦ ॥ ૮ ॥

ચોથે વરસ તપ માંડતાં હે, કાંઈક હુઈ ધનવંતરે ।
એક દિન આવીયા, વિદ્યાધર ક્રીડા વશે હે ।
પૂર્વ નેહ ઉલસંતરે, દેખી નિજ પ્રિયા ॥ સિ૦ ॥ મ૦ ॥ ૯ ॥

થાપી જઈ અંતેઉરે હે, સા કહે શીલવ્રત મુખ્યરે ।
ઇણિ કાયા ધરી, શેષાયુ અણસણે મરી હે ।
સંવરે પુત્રી તુજરે, કહું સુણ સુંદરી ॥ સિ૦ ॥ મ૦ ॥ ૧૦ ॥

॥ ઢાલ ૪ ॥ વેશ્યા કહે રાગીજી એ દેશી ॥

નિજ પૂર્વભવ સુણી તેહજી,
સુંદરી સુકુમાલી જાતિ સ્મરણ વરે તેહજી ॥ સું૦ ॥
તપ ફલે લહો ઋદ્ધિ રસાલજી ॥ સું૦ ॥
કહે ધર્મઘોષ અણગારજી ॥ સું૦ ॥ ૧ ॥

કહે સુંદરી સવે સાચું જી ॥ સું૦ ॥
તુમ જ્ઞાન માંહે નહિ કાચું જી ॥ સું૦ ॥
અવંતિ માંહે વખાણ્યાંજી ॥ સું૦ ॥
તેહવા મેં તુમને જાણ્યાજી ॥ સું૦ ॥ ૨ ॥

સૂરિ વંદી નિજ ઘર આવેજી ॥ સું૦ ॥
તપ અક્ષયનિધિ મંડાવેજી ॥ સું૦ ॥
રાજા રાણી તિણિ વેલાજી ॥ સું૦ ॥
શેઠ સામંત સર્વ ભેલાજી ॥ સું૦ ॥ ૩ ॥

પગ પગ પ્રગટે જે નિધાનજી ॥ સું૦ ॥
કરે પ્રભાવના બહુમાનજી ॥ સું૦ ॥

નામ સુંદરી તો વિસરાણીજી ॥ સું૦ ॥
તે તો અક્ષય નિધિ કહે વાણીજી ॥ સુણો૦ ॥ ૪ ॥

મનમોટે પૂર્ણ ફલ લીધુંજી ॥ સું૦ ॥
પંચમીયે પારણું કીધુંજી ॥ સું૦ ॥
જ્ઞાન ભક્તિ મહોચ્છવ દેખીજી ॥ સું૦ ॥
દેવી દેવ હુઆ અનિમેષીજી ॥ સું૦ ॥ ૫ ॥

સુખ વિલસંતા સંસારજી ॥ સું૦ ॥
હુઆ સુત ચઉ પુત્રી ચારજી ॥ સું૦ ॥
લિયો અંતે સંયમ ભારજી ॥ સું૦ ॥
ઘનઘાતિ ખપાવ્યાં ચારજી ॥ સુણો૦ ॥ ૬ ॥

લહિ કેવલ શિવપુર જાવેજી ॥ સું૦ ॥
ગુણ અગુરૂલઘુ નિપજાવેજી ॥ સું૦ ॥
અવગાહન લક્ષણ સંતાજી ॥ સું૦ ॥
તિહાં બીજા સિદ્ધ અનંતાજી ॥ સું૦ ॥ ૭ ॥

તસ ફરસિત દેશ પ્રદેશેજી ॥ સું૦ ॥
અસંખ્ય ગુણા સુવિશેષેજી ॥ સું૦ ॥
જુઓ પ્રથમ ઉપાંગે ઠામજી ॥ સું૦ ॥
શુભવીર કહે પ્રણામજી ॥ ૮ ॥

॥ ઢાલ ૫ ॥ કોઇલો પર્વત ધુંધલોરે લોલ એ દેશી ॥

વીર જીણેસર ગુણનીલોરે લોલ, એ ભાખ્યો અધિકારરે ।
સુગુણનર, વરતે શાસન જેહનુંરે લોલ, એકવીસ વરસ હજારરે ।
સુગુણનર, વીર જીણેસર ગુણનીલોરે ॥ ૧ ॥

જિહાં સફલજિનગુણ થુણીરે લોલ, દિહા સફલ પ્રભુ ધ્યાનરે ॥સુ૦॥
જન્મ સફલ પ્રભુ દરિસણેરે લોલ,
વાણીયે સફલ કાનરે ॥ સુ૦ ॥ ૨ ॥

વીર જિણેસર ગુણ નીલોરે લોલ,
એ ભાખ્યો અધિકારરે ॥ સુ૦ ॥ ૩ ॥

તાસ પરંપર પાટવીરે લોલ, શ્રીવિજયસિંહસુરીસરે ॥ સુ૦ ॥
સત્યવિજય બુધ તેહનારે લોલ,
કપુરવિજય કવિ શિષ્યરે ॥ સુ૦ ॥ વી૦ ॥ ૪ ॥

ક્ષમાવિજય ગુરૂ તેહનારે લોલ, શ્રીજસવિજય પન્યાસરે ॥ સુ૦ ॥
શ્રીશુભવિજય સુગુરૂ નમીરે લોલ,
સુરત રહી ચઉમાસરે ॥ સુ૦ ॥ વી૦ ॥ ૫ ॥

ચંદ્ર મુનિ વસુ હિમંકરૂરે લોલ, વરસે શ્રાવણમાસરે ॥ સુ૦ ॥
શ્રીશુભવારને શાસનેરે લોલ,
હોજો જ્ઞાનપ્રકાશરે ॥ સુ૦ ॥ વી૦ ॥ ૬ ॥

॥ કલશ ॥ એ પંચ ઢાલ રસાલ ભક્તિ પંચજ્ઞાન આરાધવા ।
કામ પ્રમાદ કિરિયા પંચ છંડી પંચમી ગતિ સાધવા ।
નભ કૃષ્ણ પંચમી સ્તવન રચીઓ, અક્ષયનિધિકે કારણે ।
શુભવીર જ્ઞાને દેવસુંદરી નાચવા ઘરબારણે ॥ ૧ ॥

ઇતિ અક્ષયનિધિ તપ સ્તવન સંપૂર્ણ ॥

અથ શ્રી છ આવશ્યકનું સ્તવન.

।। દુહા ।। ચોવીસે જિનવર નમું, ચતુર ચેતના કાજ ।
આવશ્યક જિણે ઉપદિશ્યા, તે થુણશ્યું જિનરાજ ।। ૧ ।।
આવશ્યક આરાધીયે, દીવસ પ્રત્યે દોયવાર ।
દુરિત દોષ દૂરે ટલે. એ આતમઉપકાર ।। ૨ ।।
સામાયિક ચઉવિસત્થો, વંદન પડિકમણેણ ।
કાઉસગ્ગ પચ્ચખાણુકર, આતમ નિર્મળ એણ ।। ૩ ।।
ઝેર જાય જિમ જાંગુલી, મંત્ર તણો મહિમાય ।
તેમ આવશ્યક આદરે, પાતક દુર પલાય ।। ૪ ।।
ભાર તજી જિમ ભારવહી, હેલે હળવો થાય ।
અતિચાર આલોચતાં, જન્મ દોષ તિમ જાય ।। ૫ ।।

।। ઢાલ ૧ ।। કપુર હોય અતિ ઉજલુંરે ।। એ દેશી ।।

પહેલું સામાયિક કરોરે, આણી સમતા ભાવ ।
રાગ દ્વેષ દૂરે કરોરે, આતમ એહ સ્વભાવરે ।
પ્રાણી સમતા છે ગુણ ગેહ,
એતો અભિનવ અમૃત મેહરે ।। પ્રાણી૦ ।। ૧ ।।

આપે આપ વિચારીએરે, રમીએ આપ સ્વરૂપ ।
મમતા જે પરભાવનીરે, વિષમા તે વિષ કુપરે ।। પ્રાણી૦ ।। ૨ ।।

ભવ ભવ મેળવી મુકીયાંરે, ધન કુટુંબ સંજોગ ।
વાર અનંતી અનુભવ્યારે, સવિ સંજોગ વિજોગરે ।। પ્રાણી૦ ।। ૩ ।।

શત્રુ મિત્ર જગકો નહીંરે, સુખ દુઃખ માયા જાલ ।
જો જાગે ચિત્ત ચેતનારે, તો સવિ દુખ વિસરાલરે ॥પ્રાણી૦॥૪॥
સાવદ્ય જોગ સવી પરિહરોરે, એ સામાયિક રૂપ ।
હુઆ એ પરિણામથીરે, સિદ્ધ અનંત અરૂપરે ॥ પ્રાણી૦ ॥ ૫ ॥

॥ ઢાલ ૨ ॥ સાહેલડીની દેશી ॥

આદીશ્વર આરાહીયે સાહેલડીરે, અજીત ભલે ભગવંત તો ।
સંભવનાથ સોહામણા ॥ સા૦ ॥
અભિનંદન અરિહંતતો ॥ ૧ ॥
સુમતી પદ્મપ્રભુ પુજીએ ॥સા૦॥ સમરૂં સ્વામી સુપાર્શ્વતો ।
ચંદ્રપ્રભ ચિત્ત ધારીએ ॥ સા૦ ॥
સુવીધી સુવિધિ ઋદ્ધિ વાસતો ॥ ૨ ॥
શીતલ ભૂતલ દિનમણી ॥ સા૦ ॥ શ્રી પુરણ શ્રેયાંસતો ।
વાસુપૂજ્ય સુર પૂજીઆ ॥ સા૦ ॥
વીમલ વિમલ જસ હોતતો ॥ ૩ ॥
કરૂં અનંત ઉપાસના ॥ સા૦ ॥ ધર્મ ધર્મ ધુર ધાર તો ।
શાંતી કુંથુ અર મલ્લી નમુ ॥ સા૦ ॥
મુનીસુવ્રત વડવીર તો ॥ ૪ ॥
ચરણ નમું નમીનાથના ॥ સા૦ ॥ નેમીશ્વર કરૂં ધ્યાન તો ।
પાર્શ્વનાથ પ્રભુ પૂજીએ સાહેલડીરે, વંદુ શ્રીવર્દ્ધમાન તો ॥ ૫ ॥
એ ચોવીસે જિનવરા ॥ સા૦ ॥ ત્રિભુવન કરણ ઉદ્યોતતો ।
મુક્તિ પંથ જેણે દાખ્યો ॥ સા૦ ॥
નિર્મલ કેવલ જ્યોતિ તો ॥ ૬ ॥

સમકિત શુદ્ધ એહથી હોય ।। સા૦ ।। લીજે ભવનો પાર તો ।
બીજું આવશ્યક ઈરિયું ।। સા૦ ।।
ચઉવીસત્થો સાર તો ।। ૭ ।।

।। ઢાલ ૩ ।। ગીરિમાં ગોરો ગીરૂઓએ–એ દેશી ।।

બે કર જોડી ગુરૂ ચરણે દેઉ વાંદણારે ।
આવશ્યક પચવીશ ધારોરે, ધારોરે, દોષ બત્રીશ નિવારીએરે ।।૧।।
ચાર વાર ગુરૂ ચરણે, મસ્તક નામીએરે ।
બાર કરી આવર્ત્ત ખામોરે,
ખામોરે ખામોરે વલી તેત્રીસ આશાતનારે ।। ૨ ।।
ગીતાર્થ ગુણી ગિરૂઆ ગુરૂને વંદતાંરે, નીચ ગોત્ર ક્ષય જાય ।
થાયેરે થાયેરે ઉંચ ગોત્રની અરજનારે ।। ૩ ।।
આણુ ઓલંગે કોઈ ન જગમાં તેહનીરે, પરભવ લહે સૌભાગ્ય ।
ભાગ્યરે ભાગ્યરે દીપે જગમાં તેહનુંરે ।। ૪ ।।
કૃષ્ણરાય મુનિવરને દીધાં વાંદણાંરે, ક્ષાયિક સમકિત સાર ।
પામ્યારે પામ્યારે તીર્થંકર પદ પામશેરે, ।। પા।।
શીતલ આચાર્ય જિમ ભાણેજને રે દ્રવ્ય વાંદણાં દીધ ।
ભાવેરે ભાવેરે દેતાં વલી કેવલ લહ્યુંરે ।। ૬ ।।
એ આવશ્યક ત્રીજું એણીપેરે જાણજોરે, ગુરૂવંદણ અધિકાર ।
કરજોરે કરજોરે વિનય ભક્તિ ગુણવંતનીરે ।। ૭ ।।

।। ઢાલ ૪ ।। ચેતન ચેતોરે ચેતના–એ દેશી ।।

જ્ઞાનાદિક જિનવર કહ્યારે, જે પાંચે આચાર તો ।
દોયવાર તે દિન પ્રતિરે, પડિક્કમીએ અતિચાર ।
જયો જિન વીરજીરે ।। ૧ ।।

આલોઇને પડિક્કમીરે, મિચ્છામિ દુક્કડં દેય ।
મન વચ કાયા શુદ્ધ કરીરે, ચારિત્ર ચોખું કરેય ॥ જયો૦ ॥ ૨ ॥
અતિચાર શલ્ય ગોપવેરે, ન કરે દોષ પ્રકાશ ।
માછી મલ્લ તણી પરેરે, તે પામે પરિહાસ ॥ જયો૦ ॥
શલ્ય પ્રકાશે ગુરૂ મુખેરે, હોય તસ ભાવ વિશુદ્ધ ।
તે હસી હારે નહીં રે, કરે કર્મશું યુદ્ધ ॥ જયો૦ ॥ ૩ ॥
અતિચાર ઈમ પડિક્કમીરે, ધર્મ કરો નિઃશલ્ય ।
જિતપતાકા તિમ વરોરે, જિમ જગ પલ્લહી મલ્લ ॥ જયો૦ ॥ ૫ ॥
વંદિત્તુ વિધિશું કહોરે, તિમ પડિકમણા સૂત્ર ।
ચોથું આવશ્યક ઈસ્યુંરે, પડિક્કમણા સૂત્ર પવિત્ર ॥જયો૦॥૬॥

॥ ઢાલ ૫ ॥ હવે નિસુણો ઈહાં આવીયા–એ દેશી ॥

વૈદ્ય વિચક્ષણ જેમ હરે એ, પહેલાં સોલ વિકારતો ।
દોષ શેષ પછી રૂઝવાએ, કરે ઔષધ ઉપચાર તો ॥ ૧ ॥
અતિચાર વ્રણ રૂઝવાએ, કાઉસ્સગ્ગ તિમ હોય તો ।
નવપલ્લવ સંયમ હુવે એ, દૂષણ નવી રહે કોય તો ॥ ૨ ॥
કાયાની સ્થિરતા કરી એ, ચપલ ચિત્ત કરો ઠામતો ।
વચન જોગ સવિ પરિહરિએ, રમીએ આતમરામ તો ॥ ૩ ॥
શ્વાસ ઉશ્વાસાદિક કહ્યાએ, જે સોલે આગાર તો ।
તેહ વિના સવિ પરિહરો એ, દેહતણા વ્યાપાર તો ॥ ૪ ॥
આવશ્યક એ પાંચમું એ, પંચમ ગતિ દાતાર તો ।
મનશુદ્ધે આરાધીયે એ, લહીએ ભવનો પાર તો ॥ ૫ ॥

॥ ઢાલ ૬ ॥ વાલમ વહેલારે આવજો–એ દેશી ॥

સુગુણ પચ્ચખ્ખાણ આરાધજો, એહ છે મુક્તિનું હેતરે ।
આહારની લાલચ પરિહરો, ચતુર ચિત્ત તું ચેતરે ॥ સુ૦ ॥ ૧ ॥
શલ્ય કાઢયું વણ રૂજ વ્યું, ગઈ વેદના દૂરરે ।
પછી ભલા પથ્ય ભોજન થકી, વધે દેહ જેમ નૂરરે ॥ સુ૦ ॥૨॥
તિમ પડિક્કમણ કાઉસ્સગથી, ગયો દોષ સવી દુષ્ટરે ।
પછી પચખાણ ગુણ ધારણે, હોય ધર્મ તનુ પુષ્ટરે ॥ સુ૦ ॥ ૩ ॥
એહથી કર્મ કાઢવ ટલે, એહ છે સંવર રૂપરે ।
અવિરતિ કુપથી ઉદ્ધરે, તપ અલંકાર સ્વરૂપરે ॥ ૪ ॥
પૂર્વ જન્મ તપથી આચર્યો. વિશલ્યા થઈ નાર રે ।
જેહના નવણના નીરથી, શમે સકલ વિકારરે ॥ સુ૦ ॥ ૫ ॥
રાવણે શકિત શસ્ત્રે હણ્યો, પડયો લક્ષ્મણ સેજરે ।
હાથ અડતાં સચેતન થયો, વિશલ્યા તપ તેજરે ॥ સુ૦ ॥ ૬ ॥
છઠ્ઠું આવશ્યક કહ્યું, એહવું તે પચખાણ રે ।
છએ આવશ્યક જેણે કહ્યાં, નમું તે જગ ભાણરે ॥ સુ૦ ॥ ૭ ॥

॥ કલશ ॥ તપગચ્છનાયક મુક્તિદાયક **શ્રીવીજયદેવસૂરીશ્વરો** ।
તસ પદ દીપક મોહ ઝીપક શ્રીવિજયપ્રભસૂરિ ગણધરો ।
શ્રી કીર્ત્તીવીજય ઉવઝાય સેવક **વિનયવીજય** વાચક કહે ।
છ આવશ્યક જે આરાધે, તેહ શિવ સંપદ લહે ॥ ૧ ॥

॥ ઈતિ ષડાવશ્યક સ્તવનં ॥

॥ અથ ષટ્પર્વી મહાત્મ્ય સ્તવન ॥

શ્રીગુરૂપદ પંકજ નમીરે, ભાંખું પર્વ વિચાર ।
આગમ ચરિત્રને પ્રકરણે રે, ભાખ્યો જેમ પ્રકારો રે ॥
ભવિયણ સાંભલો ॥ ૧ ॥

નિદ્રા વિકથા ટાલીરે, મુકી આમળો ॥ એ આંકણી ॥
ચરમ જિણંદ ચોવીશમોરે, રાજગૃહી, ઉદ્યાન ।
ગૌતમ ઉદ્દેશી કહેરે, જીનપતી **શ્રીવર્દ્ધમાનરે** ॥ ભવી૦ ॥૨॥

પક્ષમાં ષડ તીથી પાળીએરે, આરંભાદીક ત્યાગ ।
માસમાં ષટ પર્વી તીથીરે, પોસહ કેરા લાગ રે ॥ ભવી૦ ॥૩॥

દુવીધ ધર્મ આરાધવારે, બીજ તે અતી મનોહર ।
પંચમી નાણ આરાધવા રે, અષ્ટમી કર્મ ક્ષયકારરે, ॥ ભવી૦ ॥ ૪ ॥

ઇગ્યારસ ચૌદશી તિથિરે, અંગ પૂર્વને કાજ ।
આરાધી શુભ ધર્મનેરે, પામો અવિચલ રાજરે ॥ ભવિ૦ ॥ ૫ ॥

ધનેશ્વર પ્રમુખે થયારે, પર્વ આરાધ્યાં રે એહ ।
પામ્યા અવ્યાબાધનેરે, નિજગુણ રિદ્ધિવરેહરે ॥ ભવિ૦ ॥ ૬ ॥

ગૌતમ પૂછે **વીરનેરે**, કહો તેનો અધિકાર ।
સાંભળી પર્વ આરાધવારે, આદર હોય અપારરે ॥ ભવિ૦ ॥ ૭ ॥

॥ ઢાલ ૨ ॥ એકવીસાની એ દેશી ॥

ધનપુરમાં રે, શેઠ **ધનેશ્વર** શુભમતિ, શુદ્ધ શ્રાવકરે,
પર્વ તિથે પોસહ વ્રતી, **ધનશ્રી** તસરે, પત્ની નામ સોહામણો ।
ધનસાર સૂત રે, તેહનો જન્મનો કામણો ॥ ૧ ॥

ત્રોટક ।। કામણો નિજહિત કારણ માટે, શેઠજી આઠમ દિને,
લઈ પોસહ શૂન્ય ઘરમાં, રહ્યા કાઉસ્સગ સ્થિરમને ।
ઈણ અવસરે સોહમ ઇંદો, બેઠો નિજસુર પર્ષદા,
કરે પ્રશંસા શેઠની ઈમ, સાંભલે સહુ સુર તદા ।। ૨ ।।
જો ચળાવે રે સુરપતિ જઈને આપ હિ,
પણ શેઠજીરે પોસહમાંહિ ચલે નહિ ।
ઈમ નિસુણી રે મિથ્યાત્વી એક ચિંતવે,
હું ચળાવું રે જઈને હરકોઈ કૌતુકે ।। ૩ ।।
ત્રોટક ।। શેઠના મિત્રનું રૂપ કરીને, કોટી સુવર્ણનો ઢગ કરી,
કહે લ્યો એ શેઠ તો પણ નવિ ચળ્યા જેમ સુરગિરિ ।
પછી પત્નીનું રૂપ કરીને, આલિંગનાદિક બહુ કરે ।
અનુકૂલ ઉપસર્ગે તો હી શેઠજી, ધ્યાન અધિકેરું ધરે ।। ૪ ।।
કરે મિહામણુંરે તાપ પ્રમુખ દેખાડતો,
નારીને સુત રે આવી ઈણિપરે ભાખતો ।
પારો પોસહરે અવસર તુમચો બહુ થયો,
તબ શેઠજીરે ચિંતવે કાલ કેતો થયો ।। ૫ ।।
ત્રોટક ।। સજ્ઝાયને અનુસાર કરીને, જાણ્યું છે હજી રાત એ,
પોસહ હમણાં પારીયે કિમ નવી થયો પ્રભાત એ ।
તબ પિશાચનું રૂપ કરીને, ચામડિ ઉતારતો,
ઘાત ઉછાલન શિલા સ્ફાલન, સાયરમાંહિ નાંખતો ।। ૬ ।।
ઈમ પ્રતિકૂલ રે, ઉપસર્ગે પણ નવિ ચળ્યા,
પ્રાણાંતરે અષ્ટમી વ્રતથી નવી ચળ્યા ।

તબ તે સુર રે માગ માગ મુખ ઈમકહે,
પણ ધ્યાનમાંરે તે વાત પણ નવી લહે ॥ ૭ ॥

ત્રોટક ॥ તવ તેણે રત્ન અનેક કોટિ, વૃષ્ટિ કીધી જાણીએ,
બહુ જણા પર્વ આરાધવાને, સાદરા ગુણખાણુએ ।
રાજા પણ તે દેખી મહિમા, શેઠને માને ઘણું,
કહે ધન્ય ધન્ય શેઠજી તુમ, સફલ જીવિત હું ગણું ॥ ૮ ॥

॥ ઢાલ ૩ ॥ સાહેલડી એ દેશી ॥

તેહ નગરમાંહે વસે સાહેલડીરે, ત્રણ પુરૂષ ગુણવંત તો ।
ઘાંચી હાલિ એક ધોબી સાહેલડીરે, ષટપર્વી પાલંત તો ॥ ૧ ॥
સાધર્મિક જાણી કરી ॥ સા૦ ॥ શેઠ કરે બહુ માનતો ।
પારણે અશન વસન તથા ॥ સા૦ ॥ દ્રવ્યતણું બહુ દાન તો ॥ ૨ ॥
સાધર્મિક સગપણ વડું ॥ સા૦ ॥ એ સમ અવર ન કોઈ તો ।
શેઠ સંગે તે ત્રણ જણા ॥ સા૦ ॥ સમકિત દૃષ્ટિ હોય તો ॥ ૩ ॥
એક દિન ચૌદસને દિને ॥ સા૦ ॥ રાય ધોબીને ગેહતો ।
ચિવર રાય રાણી તણાં ॥ સા૦ ॥ મોકલિયાં વરનેહ તો ॥ ૪ ॥
આજ જ ધોઈ આપજ્યો ॥ સા૦ ॥ મહોચ્છવ કૌમુદી કાલ તો ।
રજક કહે સુણો માહરે ॥ સા૦ ॥ કુટુંબ સહિત વ્રત પાલ તો ॥૫॥
ધોવું નહિ ચૌદસ દિને ॥ સા૦ ॥ તવ નૃપ બોલે જાણતો ।
નૃપ આણાયે નિયમ શો ॥ સા૦ ॥ જેહથી જાયે પ્રાણ તો ॥૬॥
સજ્જન શેઠ પણ ઈમ કહે ॥ સા૦ ॥ એહમાં હઠ નવિ તાણતો ।
રાજકોપ અપભ્રાજના ॥ સા૦ ॥ ધર્મ તણી પણ હાણતો ॥ ૭ ॥

વળી રાયાભિયોગેણું ॥ સા૦ ॥ છે આગાર પચખાણુ તો ।
તવ ધોબી ચિત્ત ચિંતવે ॥ સા૦ ॥ દૃઢતા વિણ ધર્મ હાણુતો ॥ ૮ ॥

ધોવું નવિ માન્યું તિણે ॥ સા૦ ॥ રાયે સુણી તે વાત તો ।
કુટુંબ સહિત નિગ્રહ કરૂં ॥ સા૦ ॥
કાલે જો હું નૃપ સાચ તો ॥ ૯ ॥

દૈવ યોગે તે રાતમાં ॥ સા૦ ॥ શૂલ વ્યથા નૃપ થાય તો ।
હાહાકાર નગર થયો ॥ સા૦ ॥
ઈમ દિન ત્રણ વહી જાય તો ॥ ૧૦ ॥

પડવે દિન ધોઈ કરી ॥ સા૦ ॥ આપ્યાં વસ્ત્ર તે રાય તો ।
વ્રત નિર્વાહ સુખે થયો ॥ સા૦ ॥ ધર્મતણે સુપસાય તો ॥૧૧॥

॥ ઢાલ ૪ ॥ ભરત નૃપ ભાવશું એ દેશી ॥

નરપતિ ચૌદસને દિનેએ, ઘાણી વાહન આદેશ ।
કરે તેલી પ્રતેએ, રજકપરે તે અશેષ ।
વ્રત નિયમ પાલિયે એ ॥ ૧ ॥ આંકણી ॥

ભૂપતિ કોપે કલકલ્યોએ, ઈણ અવસર પરચક્ર ।
આવ્યું દેશ ભાંજવાએ, મહાદુર્દાન્ત તે ચક્ર ॥ ૨ ॥ વ્રત નિ૦ ॥

નૃપ પણ સન્મુખ નીકલ્યોએ, યુદ્ધ કરણને કાજ ।
વિકલ ચિત્તથી થયો એ, ઈમ રહી તેલિની લાજ ॥ વ્રત૦ ॥૩॥

હાલિને આઠમ દિને એ, દીધું મુહૂર્ત તત્કાલ ।
તીણે પણ ઈમ કહ્યું એ, ખેડીશ હલ હું કાલ ॥ વ્રત૦ ॥ ૪ ॥

કોપે ભરાણો ભૂપતિ એ, ઇણ અવસર તિહાં મેહ ।
વરસણ લાગ્યો ઘણું એ, ખેડી ન થાશે હેવ ॥ વ્રત૦ ॥ ૫ ॥

ત્રણે અખંડ વ્રત પાલતાં એ, પુણ્ય અતોલથી તેહ ।
મરણ પામી સ્વર્ગે ગયા એ, છઠે દેવ લોકે જેહ ॥ વ્રત૦ ॥ ૬ ॥

ચઉદ સાગરને આઉખે એ, ઉપના તે તતખેવ ।
હવે શેઠ ઉપના એ, બારમે દેવલોકે દેવ ॥ વ્રત ॥ ૭ ॥

મૈત્રી થઈ તે ત્યારનેએ, શ્રેષ્ટી સુરને તામ ।
કહે ત્રણ દેવતા એ, પ્રતિ બોધજો અમ સ્વામ ॥ વ્ર૦ ॥ ૮ ॥

તે પણ અંગિકરે તદા એ, અનુક્રમે ચ્યવિઆ તેહ
ઉપન્યા ભિન્ન દેશમાં એ, નરપતિ કુલમાં તેહ ॥ વ્રત૦ ॥ ૯ ॥

જે ધીર વીર હીર નામથીએ, દેશ ધણિ વડરાય ।
થયા વ્રત દૃઢ થકી એ, બહુ નૃપ પ્રણમે પાય ॥ ૧૦ ॥

॥ ઢાળ ૫ ॥ સુરતિ માસની એ દેશી ॥

ધીરપુરે એક શેઠને પર્વદિને વ્યવહાર ।
કરતાં લાભ ઘણો હોવે, લોકને અચરિજકાર ।
અન્ય દિને હાનિ પણ, હોયે પુન્ય પ્રમાણ ।
એક દીન પુછે જ્ઞાનીને, પૂર્વભવ મંડાણ ॥ ૧ ॥

જ્ઞાની કહે સુણ પરભવ, નિર્ધન પણ વ્રત રાગ ।
આરાધીને પર્વતિથે, આરંભનો ત્યાગ ।
અન્યદિને તુમે કીધો, સહેજે પણ વ્રતભંગ ।
તીણે એ કર્મ બંધાણાં, સાંભલો એ કંત ॥ ૨ ॥

સાંભલી તે સહ કુટુંબશું, પાલે વ્રત નીરમાય ।
બીજ પ્રમુખ આરાધે, સવિશેષે સુખદાય ।
ગ્રાહક પણ બહુ આવે, અર્થે, થાવે લાભ અપાર ।
વિશ્વાસી બહુ લોકથી, થયો કોટી સીરદાર ॥ ૩ ॥

નિજકુલ શોષક વાણીઆ, જાણો આ જગત પ્રસિદ્ધ ।
તિણે જઈ રાયને વાણીએ, ઇણી પરે ચુગલી કીધ ।
ઇણે કોટી નિધાન લાધો, તે સ્વામીનો હોય ।
નરપતિ પુછે શેઠને, વાત કહો સહુ કોય ॥ ૪ ॥

શેઠ કહે સુણો નરપતિ, મહારે છે પચ્ચખાણ ।
સ્થૂળ મૃષાવાદને વલી, સ્થૂલ અદત્તાદાન ।
ગુરૂપાસે વ્રત આદર્યું, તે પાલું નીરમાય ।
પિશુન વણીક કહે સ્વામીએ, ધર્મ ધુતારો થાય ॥ ૫ ॥

તસ વચને કરી તેહના, દ્રવ્ય તણો અપહાર ।
કરીને ભૂપતિ રાચે, પુત્ર સહિત નિજદ્વાર ।
રાજદ્વારે રહ્યો ચિંતવે, આજ લહ્યો મેં કષ્ટ ।
પણ આજ પંચમી તિથિ તિણે, લાભ હોય કોઈ લષ્ટ ॥ ૬ ॥

પ્રાતઃસમે નૃપ દેખે, ખાલી નિજ ભંડાર ।
શેઠ ઘર મણિ રત્ન સુવર્ણ, ભર્યા શ્રી શ્રીકાર ।
આવી વધામણી રાયને, તે બિહુની સમકાળ ।
શેઠ તેડી કહે નરપતિ, વાત સુણો ઇણ તાલ ॥ ૭ ॥

॥ ઢાલ ૬ ॥ હરણી જવ ચરે લલના–એ દેશી ॥

ભૂપતિ ચમકયો ચિત્તમાં લલના, લાલહો,
દેખી એ અવદાત વ્રત ઈમ પાલીયે લલના ।
એદ લહી ખામે ઘણું લલના, લાલહો પ્રશ્ન પુછે સુખ શાત ।
વ્રત ઈમ પાલીયે લલના ॥ ૧ ॥

કહો શેઠ એ કેમ નીપન્યું લલના, લાલહો,
તુજ ઘર ધન કિમ હોય ॥ વ્ર૦ ॥

શેઠ કહે જાણું નહી લલના લાલહો,
કિણી પરે એ મુજ થાય ॥ વ્ર૦ ॥ ૨ ॥

પણ મુજ પર્વને દિહાડલે લલના,
લાલહો લાભ અણચિંત્યો થાય ॥ વ્ર૦ ॥

પર્વદિને વ્રત પાલીયું લલના,
લાલહો તે પુન્યનો મહિમાય ॥ વ્ર૦ ॥ ૩ ॥

પર્વ મહિમા ઈમ સાંભલી લલના,
લાલહો ભૂપતિને તતૂકાલ ॥ વ્ર૦ ॥

જાતિ સ્મરણ ઉપન્યું લલના,
લાલહો નિજભવ દીઠો રસાલ ॥ વ્ર૦ ॥ ૪ ॥

ધોબીનો ભવ સાંભર્યો લલના,
લાલહો પાલ્યું જે વ્રત સાર ॥ વ્ર૦ ॥

જાવ જીવ નૃપ આદરે લલના,
લાલહો ષટ પર્વી વ્રત ધાર ॥ વ્રત૦ ॥ ૫ ॥

આવી વધામણી તેણે સમે લલના,
લાલહો સ્વામી ભરાણા ભંડાર ॥ વ્ર૦ ॥
વિસ્મિત રાય થયો તદા લલના,
લાલહો હિયડે હર્ષ અપાર ॥ વ્રત૦ ॥ ૬ ॥

॥ ઢાલ ૭ ॥ સાહેબજી શ્રી વિમલાચલ ભેટિયે હો
લાલ–એ દેશી ॥

સાહેબજી શેઠ અમર પ્રગટ થયો હો લાલ,
ભાખે રાયને એમ ॥ સા૦ ॥
તું નવિ મુજને ઓળખો હો લાલ, હું આવ્યો તુજ પ્રેમ ॥ ૧ ॥

સાહેબજી પર્વ તિથિ ઈમ પાળીએ હો લાલ,
સાહેબજી શ્રેણી સુરહું જાણુજો હોલાલ ।
તુજ પ્રતિબોધન આજ ॥ સા૦ ॥
શેઠ સાંનિધ્ય કરવા વલી હો લાલ,
કીધું મેં સવિ કાજ ॥ સા૦ ॥ પર્વ૦ ॥ ૨ ॥

સાહેબજી ધર્મ ઉદ્યમ કરે જે સદા હો લાલ,
જાવું છું સુણી વાત ॥ સા૦ ॥
તેલિક હાલિક રાયને હો લાલ,
પ્રતિ બોધન અવદાત ॥ સા૦ ॥ પર્વ ॥ ૩ ॥

તિહાં જઈ પૂર્વભવ તણા હો લાલ, રૂપ દેખાવે તાસ ॥ સા૦ ॥
દેખીને તે પામીયા હો લાલ,
જાતિ સ્મરણ ખાસ ॥ સા૦ ॥ પર્વ ॥ ૪ ॥

તે બેઉ શ્રાવક થયા હો લાલ, પાલે નિત ષટ પર્વ ॥ સા૦ ॥
ત્રણે તે નર રાયને હો લાલ,
સહાય કરે તે સુપર્વ ॥ સા૦ ॥ પર્વ ॥ ૫ ॥
નિજ નિજ દેશે નીવારતા હો લાલ, મારી વ્યસન સવિ જેહ ॥સા૦॥
ચૈત્ય કરાવે તેહવાં હો લાલ,
પ્રતિમા ભરાવે તેહ ॥ સા૦ ॥ પર્વ ॥ ૬ ॥
સંઘ ચલાવે સામટા હો લાલ, સ્વામીવચ્છલ ભલી ભાતે ॥સા૦॥
પર્વદિને નિજ નગરમાં હો લાલ,
પડહ અમારી વિખ્યાત ॥ સા૦ ॥ પર્વ ॥ ૭ ॥
પર્વ તીથિ સહુ પાલતા હો લાલ,
રાજા પ્રજા બહુ ધર્મ ॥ સા૦ ॥ ઈતિ ॥
ઇતિ ઉપદ્રવ સહુ ટાલે હો લાલ,
નહિ નિજ પરચક્ર ભર્મ ॥ સા૦ ॥ પર્વ ॥ ૮ ॥
ધર્મથી સુર સાનિધ્ય કરે હો લાલ, ધર્મ પાલી પાલે રાજ ॥ સા૦ ॥
કોઈ સદ્‌ગુરૂ સંજોગથી હો લાલ,
થયા ત્રણે ઋષિ રાજ સાહેબજી ॥ સા૦ ॥ પર્વ ॥ ૯ ॥

॥ ઢાલ ૮ ॥ ટુંક અને ટોડા વિચરે રે—એ દેશી ॥

ત્રણે નરપતિ આદર્યોરે ચોખ્ખો ચારિત્ર ભાર ।
સંજમ રંગ લાગ્યોરે । તપ તપતા અતિ આકરારે,
પાલે નિરતિચાર ॥ સંયમ૦ ॥ ૧ ॥

ધ્યાનબલે ખેરૂ કર્યારે, ઘનઘાતિ જે ચ્યાર ॥ સંયમ૦ ॥
કેવલ જ્ઞાન લહિ કરીરે, વિચરે મહિયલ સાર ॥ સં૦ ॥ ૨ ॥
શ્રેષ્ઠી સુર મહિમા કરેરે, ઠામ ઠામ મનોહાર ॥ સં૦ ॥
દેશના દેતા કેવલીરે, ભાખે નિજ અધિકાર ॥ સં૦ ॥ ૩ ॥
પર્વ તીથિ આરાધીયેરે, ભવિયણ ભાવ ઉલ્લાસ ॥ સં૦ ॥
ઈમ મહિમા વિસ્તારીનેરે, પામ્યા શિવપુર વાસ ॥ સં ॥ ૪ ॥
આરમા દેવલોકથી ચવીરે, શ્રેષ્ઠી સુર થયા રાય ॥ સં૦ ॥
મહિમા પર્વનો સાંભલીરે, જાતિ સ્મરણ થાય ॥ સં૦ ॥ ૫ ॥
સંજમ ગ્રહી કેવલ લહીરે, પામ્યા અવિચલ ઠાણ ॥ સં૦ ॥
અવ્યાબાધ સુખી થયારે, કેવલ ચિદ્ રૂ આરામ ॥ સં૦ ॥ ૬ ॥

॥ ઢાલ ૯ ॥ ગીરૂઆરે તુમ તણા–એ દેશી ॥

ઉજમણું એ તપ તણું કરો, તિથિ પરીણામ ઉપગરણુંરે ।
રત્ન ત્રણ સાધનતણા ભવિ, ભવસાયર નિસ્તરણુંરે ॥ ઉ૦ ॥ ૧ ॥
જો પણ સહું દિન સાધવા, તો પણ તેની અણશકતેરે ।
પર્વ તિથિ આરાધીને, તુમે ઉજવજો બહુ ભક્તિરે ॥ ઉ૦ ॥ ૨ ॥
શ્રાદ્ધવિધી વર ગ્રંથમાં, ભલો ભાખ્યો એ અવદાતોરે ।
ભગવતીને મહાનીશીથમાં કહ્યો,
તિથિ અધિકાર વિખ્યાતોરે ॥ ઉ૦ ॥ ૩ ॥

તપગચ્છ ગગનાંગણ રવિ, **વીજયસીંહ** ગણધારોરે ।
અંતેવાસી તેહના, શ્રી **સત્યવીજય** સુખકારોરે ॥ ઉ૦ ॥ ૪ ॥

કર્પૂરવિજય વર તેહના, વર ક્ષમાવીજય પન્યાસરે ।
જીનવીજય જગમાં જયો,
શિષ્ય ઉત્તમવીજય તે ખાસરે ॥ ઉ૦ ॥ ૫ ॥

તસપદચરણ ભ્રમર સમા, રહિ સાણુંદ ચોમાસુરે ।
અઢાર ત્રીસ સંવત્સરે, સુદ તેરસ ફાગુણ માસોરે ॥ ઉ૦ ॥ ૬ ॥

પદ્મવીજય ભકતે કરી, શ્રી વિજય ધર્મસૂરી રાજેરે ।
વર્દ્ધમાન જિન ગાઈઆ, શ્રી અમીઝરા પ્રભુ પાસેરે ॥ઉ૦॥ ૭ ॥

॥ કલશ ॥ પર્વ તિથી આરાધો,
સુવ્રત સાધો, લાધ્યો ભવ સફલો કરો ।
સંવેગ સંગી તત્ત્વરંગી, ઉત્તમવીજય ગુણાકરો ।
તસ શિષ્યનામેં, સુગુણ કામેં, પદ્મવીજયે આદર્યો,
શુભ એહ આદર, ભવિ સહાગર, નામ પટપર્વી ધર્યો ॥

ઈતિ પટપર્વી મહિમા ગુણવર્ણન સ્તવન સંપૂર્ણ ॥

શ્રી નવપદજી ઓળીનું સ્તવન ઢાળ પહેલી

દેશ મનોહર માળવો, નિરૂપમ નયરી ઉજેણ લલના
રાજ્ય કરે તિહાં રાજીયો, પ્રજાપાલ ભૂપાલ લલના,
શ્રી સિદ્ધચક્ર આરાધીએ ॥ ૧ ॥

તસ અંગજ બે બાલિકા, મયણા જગ વિખ્યાત । લલના,
જિનમતિ પાસે વિદ્યા ભણી,
ચોસઠ કલા નિધાન લલના૦ ॥ સિ૦ ॥ ૨ ॥

સાતશેં કોઢીનો અધિપતિ, શ્રી **શ્રીપાલ** નરિંદ । લલના૦
પરણાવી મયણા તેહને, કોઢીશું ધરતી નેહ લલના ॥ સિ૦ ॥૩॥
પિયુ ચાલો દેવ જુહારીએ, **ઋષભ** જીણુંદ ઈષ્ટદેવ લલના ।
પૂજી પ્રણમી આવીઆ, ગુરૂ પાસે સસનેહ લ૦ ॥ સિ૦ ॥ ૪ ॥
કહે **મયણા** સુણો પૂન્યજી, તુમ શ્રાવકનો ભોગ લ૦ ।
કવણ કર્મ સંયોગથી, કેમ જાશે એ રોગ લ૦ ॥ સિ૦ ॥૫॥
ગુરૂ કહે વત્સ સાંભળો, નહિ અમ અવર આચાર લ૦ ।
સિદ્ધચક્ર યંત્ર જોઈને, કરશું તુમ ઉપકાર લ૦ ॥ સિ૦ ॥ ૬ ॥
આસો શુદિ સાતમ દિને, કીજે ઓળી ઉદાર લ૦ ।
પાંચે ઇંદ્રિય વશ કરી, કેવલ ભૂમિ સંથાર લ૦ ॥ સિ૦ ॥ ૭ ॥
પડિક્કમણા દોય ટંકના દેવવંદન ત્રણ કાલ લ૦ ।
વિધિશું જીનવર પૂજીએ, ગુણણું તેર હજાર લ૦ ॥ સિ૦ ॥૮॥
એમ નવ દિન આંબિલ કરે, **મયણા** ને **શ્રીપાલ** લ૦ ।
પંચામૃત ન્હવણે કરી, નવરાવે ભરથાર લ૦ ॥ સિ૦ ॥ ૯ ॥
શ્રી સિદ્ધચક્ર સેવા ફળી, પામ્યા સુખ **શ્રીપાલ** । લલના ।
પૂર્વ પુન્ય પસાયથી, **મુક્તી** લહે વરમાલ, લ૦ ॥ સિ૦ ॥૧૦॥

ઢાલ બીજી

શ્રી ગુરૂ વયણે તપ કરેરે લાલ, નારીને ભરથારરે ચતુરનર
શ્રી સિદ્ધચક્ર સેવા કરેરે લાલ
ભક્તિ યુક્તિ ઘણી સાચવેરે લાલ,
રહે સ્વામી આવાસરે ચતુ૦ ॥ શ્રી૦ ॥ ૧ ॥

શ્રી અરીહંત પહેલે પદેરે લાલ, બીજે સિદ્ધનું ધ્યાનરે ચતુ૦ ।
ત્રીજે આચારજ ઉવજ્ઝાયનેરે લાલ,
સકલ સાધુ પ્રણમે પાયરે ચતુ૦ ॥ શ્રી૦ ॥ ૨ ॥
દર્શન જ્ઞાન ચારિત્રનારે લાલ, ગુણ સ્તવે ચિત્ત ઉદારરે ચતુ૦ ।
નવમે તપ પૂરૂં થયુંરે લાલ. ફળીયા વાંછિત કાજરે ચતુ૦॥શ્રી૦॥૩॥
એમ નવ દીન આંબિલ કરેરે લાલ મયણા ને શ્રીપાલરે ચતુ૦ ।
દંપતી સુખલીયે સ્વર્ગનારે લાલ,
વિલસે સુખ શ્રીકારરે ચતુ૦ ॥ શ્રી૦ ॥ ૪ ॥
સૂઈ જિમ દોરા પ્રત્યેરે લાલ, આણી કસી દે ઠાયરે ચતુ૦ ।
મયણા બેઉ કુલ ઉદ્ધર્યારે લાલ, શ્રી જિનધર્મ પસાયરે ચ૦ ॥શ્રી૦॥૫॥
ગુરૂ દીવો ગુરૂ દેવતારે લાલ, ગુરૂ મહોટા મહીરાણરે ચતુ૦ ।
ભવોદધિ પાર ઉતારવારે લાલ, જલધિએ જેમ નાવરે ચ૦॥શ્રી૦॥૬॥
જેનવપદ ગુરૂજી દીયારે લાલ, ધરતા તેહશું નેહરે ચતુ૦ ।
પૂરવ પુન્યે પામીયારે લાલ, મુક્તી વર્યા ગુણ ગેહરે ચતુ૦ ॥શ્રી૦॥૭॥

ઢાલ ત્રીજી

રાજગૃહી ઉદ્યાન, સમવસર્યા ભગવાન ।
આછેલાલ શ્રેણીક વંદન આવીયાજી ॥ ૧ ॥
હય ગય રથ પરિવાર, મંત્રી અભયકુમાર ।
આછેલાલ, બહુ પરિવારરે પરિવર્યાજી ॥ ૨ ॥
વાંદ્યા પ્રભુજીના પાય, બેઠી પર્ષદાબાર ।
આ૦ જિનવાણી સુણવા ભણીજી ॥ ૩ ॥

દેશના દીયે જિનરાજ, સાંભળે સહુ નરનાર ।
આ૦ નવપદ મહિમા વર્ણવેજી ॥ ૪ ॥
આસો ચૈત્ર માસ, કીજે ઓળી ઉલ્લાસ ।
આ૦ શુદિ સાતમથી માંડીએજી ॥ ૫ ॥
પંચ વિષય પરિહાર, કેવલ ભૂમિ સંથાર ।
આ૦ જુગતે જિનવર પૂજીએજી ॥ ૬ ॥
જપીએ શ્રી નવકાર, દેવવંદન ત્રણ કાલ !
આ૦ તેર હજાર ગુણું ગણોજી ॥ ૭ ॥
એમ નવ આંબિલ સાર, કીજે ઓળી ઉદાર ।
આ૦ દંપતી સુખ લહ્યા સ્વર્ગનાજી ॥ ૮ ॥
કરતાં નવપદ ધ્યાન, **મયણા ને શ્રીપાલ** ।
આ૦ અનુક્રમે **મુક્તી** પદ વર્યાજી ॥ ૯ ॥

ઢાલ ચોથી

આજે ઓચ્છવ છેરે અધિકો, જોવા દર્શન પ્રભુમુખ મટકો ।
મટકે મોહ્યારે ઇંદા, જાણું પ્રભુમુખ પુનમચંદા,
શ્રી સિદ્ધચક્રનેરે સેવો ॥ ૧ ॥
કેસર ચંદનરે ઘસીએ, નવ અંગે પ્રભુજીની પૂજા રચીએ ।
પૂજાના ફળ છેરે મીઠાં, તેતો મયણા પ્રત્યક્ષ દીઠાં ॥ શ્રી૦ ॥ ૨ ॥
પહેલે પદ અરિહંત લીજે, બીજે સિદ્ધ પદ ધ્યાન ધરીજે ।
ત્રીજે આચારજ થુણીજે,
ઉવજ્ઝાય પદને ચોથે ગુણીજે ॥ શ્રી૦ ॥ ૩ ॥

પાંચમે સાધુરે પ્રણુમે, છઠે દર્શન જ્ઞાન સાતમે ।
આઠમે ચારિત્રરે સાર, નવમે તપપદ ઉજ્વલ વાન ॥ શ્રી૦ ॥૪॥

એમ નવ આંબિલ કીજે, સ્વામી વાત્સલ પારણું દીજે ।
રાત્રિ જાગરણ કીજે, સ્વામિ ભાઇને શ્રીફલ દીજે ॥ શ્રી૦ ॥ ૫ ॥

એકાશી આંબિલે તપ પૂરૂં, શક્તિસાર કરો ઉજમણું ।
સિદ્ધચક્ર મહિમા છેરે રૂડો, અષ્ટકમે થાયે ચકચૂરો ॥ શ્રી૦ ॥૬॥

ઈમ નવપદનેરે ધ્યાતા મયણા શ્રીપાલ જગવિખ્યાતા ।
પુન્યે સિદ્ધચક્ર રે સેવ્યા,
ચાખે મુક્તિ શિવવધૂ મેવા ॥ શ્રી૦ ॥ ૭ ॥

ઢાલ પાંચમી

શ્રી સિદ્ધચક્ર આરાધીયે રે જેના ગુણ અનંત જિનેશ્વર પૂજીએ,
અડવિધ અડપાંખડી કરીરે, નવમા સિદ્ધ નમંત ,, ,, ॥ ૧ ॥

ચક્રવાક ફીરે ચક્ર જ્યું રે, ફરતા પદ ઠવ્યા આઠ ,, ,,
મધ્યભાગ વચ્ચે ઠવ્યારે, રાતા સિદ્ધ ભગવંત ,, ,, ॥ ૨ ॥

દર્શન જ્ઞાન ચારિત્ર ગણેરે, ક્ષાયિક સમકિતવંત ,, ,,
કર્મપ્રકૃતિ અડક્ષય કરી રે, પંદર ભેદે સિદ્ધ ,, ,, ॥ ૩ ॥

લોકને અંતે જઈ વસ્યારે, સાદિ અનંતમે ભાગ ,, ,,
યોગીશ્વર પણ ધ્યાવતારે, આણી ઠવ્યા નિજ લાગ ,, ,, ॥ ૪ ॥

અરિહંત સિદ્ધ સૂરિ નમોરે, ઉવજઝાયને સર્વ સાધુ ,, ,,
દર્શન જ્ઞાન ચારિત્ર તપોરે, એમ નવપદ સંયુક્ત ,, ,, ॥ ૫ ॥

ભક્તિ કરો સિદ્ધચક્રનીરે, જાપ જપો એકાંત ,, ,,
નવદિન નવ આંબિલ કર્યારે, મયણાને શ્રીપાલ ,, ,, ॥ ૬ ॥

દંપતી નવપદ સેવતાં રે, પામ્યા નવમું સ્વર્ગ ,, ,,
આતમ અનુભવ જ્ઞાનથીરે, ભકત લહે અપવર્ગ ,, ,, ॥ ૭ ॥

ઢાલ છઠી

સેવોરે ભવિજન ભક્તિભાવ,
ધ્યાવોરે સિદ્ધચક્ર મન ઉમાય, ભવિ સાંભળો ।
આસો માસે ચૈત્ર ઉમંગ,
કીજેઓળી નવ અભંગ ॥ ભવિ સાંભળો ॥ ૧ ॥

ઉભય ટંક પડિકમણું જાણુ, દેવવંદન પૂજા ત્રણુકાલ । ભવિ૦
કેસર ચંદન મૃગમદ સાર,
પૂજા રચાવો થઈ ઉજમાલ ॥ ભ૦ ॥ ૨ ॥

મંગલ દીવો આરતિ શાળ, અક્ષત ફળાદિક નૈવેદ્ય થાલ । ભ૦
ચઉદ પૂર્વનો જે છે સાર,
તેણે કારણ સમરો નવકાર ॥ ભ૦ ॥ ૩ ॥

ઓ સિદ્ધચક્રની ભક્તિનિત્ય, નવપદ જાપ જપો એકાંત । ભ૦
જપતા નવપદ મયણા શ્રીપાલ,
ઉંબર રોગ ગયો તત્કાલ ॥ ભ૦ ॥ ૪ ॥

સાતસો મહીપતિ નમણ પ્રભાવ, દેહી પામ્યા કંચનવાન । ભ૦
આંધી સંપદા જગજશ નૂર,
પામ્યા મુક્તિ સુખ ભરપુર ॥ ભ૦ ॥ ૫ ॥

ઢાલ સાતમી

સિદ્ધચક્ર સેવા કરો મનમોહન મેરે,
જે છે પરમ દયાલ મનમોહન મેરે ।
અલિય વિઘન દૂરે કરે મ૦ ઉતારે ભવપાર મ૦ ॥ ૧ ॥

આસો શુદિ સાતમ દિને મ૦ કીજે ઓળી ઉદાર મ૦ ।
ઉભય ટંક કાઉસ્સગ્ગ કરો મ૦ તજી વિષય પ્રમાદ ॥ મ૦ ॥૨॥

કેશર ચંદન ઘસી ઘણા મ૦ પૂજા રચો શ્રીકાર મ૦ ।
ધ્યાન ફલાદિક ઢાંકિયે મ૦ કુલે પગર ભરાવ ॥ મ૦ ॥ ૩ ॥

શ્રીસિદ્ધચક્ર ભક્તિ કરે મ૦ મયણાને શ્રીપાલ મ૦ ।
દેવવંદન કાઉસ્સગ્ગ કરો મ૦ પૂરવ ભવ અભ્યાસ ॥ મ૦ ॥૪॥

એમ નવપદ વિધિ સાચવે મ૦ ચાર વર્ષ ષટ માસ મ૦ ।
દંપતી નવપદ સેવતાં મ૦ લહે મુક્તી સુખ વાસ ॥ મ૦ ॥ ૫ ॥

ઢાલ આઠમી

આસો ચૈત્ર માસે કરો, ઓળી મન ઉલ્લાસેરે ભવિયાં
શ્રી સિદ્ધચક્ર આરાધો
પૂર્વ દિશિ અરિહંત શ્વેત, બાર ગુણે સોહંતરે ॥ભવિયાં૦-શ્રી૦॥૧॥

મધ્યભાગે સિદ્ધરાજ સોહે, રક્તવર્ણ ગુણ આઠરે । ભ૦ શ્રી૦
દક્ષિણે આચારજ હોયે,
પીત વાન છત્રીશ ગુણ શોભેરે ॥ ભ૦ શ્રી૦ ॥ ૨ ॥

પશ્ચિમે નીલા ગુણ પચવીશ, વાચક દ્વાદશ અંગીરે । ભ૦ શ્રી૦

ઉત્તર દિશે સોહે ઘનવાન,
ગુણ સત્તાવીશે તાપેરે ॥ ભ૦ શ્રી૦ ॥ ૩ ॥

નાણ નમું અગ્નિ ખૂણે, ભેદ એકાવન ઉજ્વલ વર્ણરે । ભ૦ શ્રી૦
નૈઋત્ય ખૂણે દર્શન રાજે,
ધવલા સડસઠ ભાંજેરે ॥ ભ૦ શ્રી૦ ॥ ૪ ॥

વાયુ ખૂણે ચારિત્ર ભલું, સિત્તેર ગુણ પવિત્રરે ભ૦ શ્રી૦
ઈશાન ખૂણે તપ તાપતાં,
ષટ બાહ્ય અભ્યંતર વિરાજેરે, ભ૦ શ્રી૦ ॥ ૫ ॥

એમ નવપદ જે પૂજે, તેના રોગ સકલ તિહાં ધ્રૂજેરે ભ૦ શ્રી૦
દંપતી સાથે નવપદ સેવ્યા,
ચાખે પુન્યે મુક્તિ મેવારે ભ૦ શ્રી૦ ॥ ૬ ॥

ઢાલ નવ

નવપદ મહિમા સાંભળો, વીર ભાંખે હો જિનધર્મનો મર્મ કે ।
પર્ષદા બાર મળી તિહાં, દેવ દેવીહો નરનારીના વૃંદકે નવ૦ ॥૧॥

જૈનધર્મ જગ સુરતરુ, જે સેવેહો ધરી ચિત્ત ઉદારકે ।
આભવ પરભવ સુખ લહે,
જેમ પામ્યાહો ઉંબર શ્રીપાલકે નવ૦ ॥ ૨ ॥

પૂછે નૃપ પ્રણમી પ્રભુ, કોણ નૃપતિ હો કુંવર શ્રીપાલકે ।
એણે ભવે સુખ સંપદા,
કેમ પરભવેહો લહ્યા સ્વર્ગ નિધાનકે નવ૦ ॥ ૩ ॥

કહે ગૌતમ શ્રેણિક સુણો, તમને દાખું હો શ્રીપાલ ચરિત્રકે ।
નિદ્રા વિકથા પરિહરો,
વળી સાંભળી હો કરો શ્રવણ પવિત્રકે નવ૦ ॥ ૪ ॥

અંગ અનોપમ દેશમાં, નૃપ નામે હો સિંહરથ ભૂપાળકે ।
રાણી કમલપ્રભા દેવી,
તસ અંગજહો કુંવર **શ્રીપાલકે** નવ૦ ॥ ૫ ॥

ગુરૂમુખ નવપદ ઉચ્ચર્યા, નૃપ સેવેહો ધરીચિત્ત ઉદારકે ।
ભક્તિકરે ગુરૂદેવની, વ્રત પાળે હો સમકિતશું ધારકે ન૦ ॥ ૬ ॥

પૂર્વે નવપદ આચર્યાં, **શ્રીકંત** રાજહો **શ્રીકાંતા** નારકે ।
તેણે પુન્યે ઋદ્ધિ રમણી મળી,
વળી લીધો હો સ્વર્ગ નવમો સારકે નવ૦ ॥ ૭ ॥

આઠ સખી શ્રીકંતની, તે રાખે હો નવપદશું પ્રેમકે,
તે પુન્યે નૃપકુલ ઉપની, થઈ મયણાની તે આઠે બેનકે ન૦ ॥૮॥

દેશના સુણી નૃપ રંજિયો, હર્ષિત થયા હો નગરીના લોકકે ।
ભક્તિ કરે સિદ્ધચક્રની,
કહે ધન ધનહો શ્રી જૈનધર્મ પોતકે નવ૦ ॥ ૯ ॥

વાધે કમલા કીર્તિને, જશ પ્રસરે હો પુન્ય જોગે તેજકે ।
ચરણ કમલ નિત સેવતા,
બોલાવે હો વળી મુક્તિ સેજકે નવ૦ ॥ ૧૦ ॥

॥ ઇતિ નવપદ સ્તવન સંપૂર્ણ ॥

શ્રી મહાવીર જીન સ્તવન

એકવાર વચ્છ દેશ આવજો જિણંદજી એકવાર વચ્છ દેશ આવજો।
જયંતિને પાય નમાવજો જિણંદજી એક;
વળી સમવસરણ દેખાવજો જિ૦ એ૦ ॥ ૧ ॥

સમવસરણ શોભા જે દીઠી, ક્ષણ ક્ષણ સાંભળી આવશે જિ૦ ।
ભૂતલ સુગંધી જલ વરસાવે,
કુલના પગર ભરાવશે જિણં૦ એ૦ ॥ ૨ ॥

કનક રત્નનો પીઠ કરીને, ત્રિગડાની શોભા રચાવશે જિ૦ ।
રૂપાનો ગઢને કનક કાંગરાં,
વિચે વિચે રત્ન જડાવશે જિ૦ એ૦ ॥ ૩ ॥

રયણગઢે મણિનાં કાંગરાં, ઝગમગ જ્યોતિ દીપાવજો જિ૦ ।
ચાર દુવારે એંશી હજારા,
શિવ સોપાન ચઢાવજો જિ૦ એ૦ ॥ ૪ ॥

દેવ ચારે કર આયુધ ધારી, દ્વારે ખડા કરે ચાકરી જિ૦ ।
હૂર પાસથી એક સમયે વાંદે,
જયંતિને લઘુ છોકરી, જિ૦ એ૦ ॥ ૫ ॥

સહસ યોજન ધ્વજ ચાર ઉંચા, તોરણ આઠ ગાઉ વાવડી જિ૦ ।
મંગલ આઠને ધૂપ ઘટાડી, કુલમાલા કર કુટડી જિ૦ એ૦ ॥૬॥

આઠસુરી બીજે ગઢ દ્વારે, રયણ ગઢે ચઉ દેવતા, જિ૦ ।
જાતિ વૈર છંડી પશુ પંખી,
તુજપદ કમલને સેવતા જિ૦ એ૦ ॥ ૭ ॥

પંચ વર્ણમયી જલથલ કેરા કુલ અમર વરસાવતા, જિ૦ ।
પર્ષદા સાત તે ઉપર બેસે,
મુનિ નરનારી દેવતા, જિ૦ એ૦ ॥ ૮ ॥
આવશ્યક ટીકાયે પણ ઉત્તર, થાયે ન કુસુમ કિલામણી જિ૦ ।
સાધ્વી વૈમાનિકની દેવી, ઉભી સુણે દોય ચૂરણી, જિ૦ એ૦ ॥૯॥
બત્રીશ ધનુષ અશોક તે ઉંચો, ચામર છત્ર ધરાવજો જિ૦ ।
ચઉમુખ રયણ સિંહાસન બેસી,
અમૃત વયણાં સુણાવજો, જિ૦ એ૦ ॥ ૧૦ ॥
ધર્મચક્ર ભામંડલ તેજે, મિથ્યા તિમિર હરાવજો, જિ૦ ।
ગણધર વાણી જબ અમે સુણીએ,
તવ દેવ છંદે સુહાવજો, જિ૦ એ૦ ॥ ૧૧ ॥
દેવતા સુરસવિ સાચુ બોલે, જિહાં જાશો તિહાં આવશે જિ૦ ।
રંભાદિક અપચ્છરાની ટોળી, વંદી નમી ગુણ ગાવશે, જિ૦ ॥૧૨॥
અંતર જામી દૂરે વિચરો, અમચિત્ત ભીંજ્યું જ્ઞાનશું, જિ૦ ।
હૃદયથકી દૂરે જો જાઓ, તો સાચું કરી માનશું જિ૦ ॥ ૧૩ ॥
સુલસાદિક નવ જિન પદ દીધાં, અમશું અંતર એવડો જિ૦ ।
વીતરાગ જો નામ ધરાવો, સહુને સરીખા ત્રેવડો, જિ૦ ॥ ૧૪ ॥
જ્ઞાન નજરથી વાત વિચારો, રાગદશા અમ રૂએડી, જિ૦ ।
સેવક રાગે સાહિબ રીઝે, ધન ધન ત્રિશલા માવડી, જિ૦ ॥૧૫॥
તુમવિણ સુરપતિ સઘળા તુસે, પણ અમે આમણ દુમણા, જિ૦ ।
શ્રીશુભવીર હજુરે રહેતાં. ઓચ્છવ રંગ વધામણાં જિણંદજી ।
એકવાર વચ્છ દેશ આવજો. જિ૦ ॥ ૧૬ ॥

શ્રી આદીશ્વર ભગવાનની વિનંતિ.

પામી સુગુરૂ પસાય રે, શત્રુંજય ધણી;
શ્રી રિસહેસર વિનવું એ ૧
ત્રિભુવન નાયક દેવ રે, સેવક વિનતિ; આદીશ્વર અવધારીએ એ. ૨
શરણે આવ્યો સ્વામીરે, હું સંસારમાં;
વિરૂઆ વૈરીએ નડ્યો એ. ૩
તાર તાર મુજ તાતરે, વાત કીસી કહું ?
ભવ ભવ એ ભાવઠતણી એ. ૪
જન્મ મરણ જંજાળ રે, બાળ તરૂણપણું;
વળી વળી જરા દહે ઘણું એ. ૫
કિમ ન આવ્યો પાર રે, સાર હવે સ્વામી;
શ્યેં ન કરો એક માહરી એ ? ૬
તાર્યા તુમે અનંત રે, સંત સુગુણ વળી;
અપરાધી પણ ઉદ્ધર્યા એ. ૭
તો એક દીન દયાળ રે, બાળ દયામણો;
હું શા માટે વિસર્યો એ ? ૮
જે ગિરૂઆ ગુણવંત રે, તારો તેહને;
તે માંહે અચરિજ કિશ્યું એ. ૯
જે મુજ સરિખો દિન રે, તેહને તારતાં;
જગ વિસ્તરશે યશ ઘણો એ. ૧૦

આપદ પડયો આજ રે, રાજ તુમારડે;
ચરણે હું આવ્યો વહી એ. ૧૧
મુજ સરીખો કોઈ દીન રે, તુજ સરિખો પ્રભુ;
જોતાં જગ લાભે નહિ એ. ૧૨
તોહી કરૂણાસિંધુ રે, બંધુ ભુવનતણા,
ન ઘટે તુમ ઉવેખવું એ. ૧૩
તારણહારા કોઇ રે, જો બીજો હોવે;
તો તુમને શાને કહું એ ? ૧૪
તુંહિ જ તારીશ નેટ રે, પહિલા ને પછે;
તો એવડી ગાઢિમ કીશી એ ? ૧૫
આવી લાગ્યો પાય રે, તે કેમ છોડશે ?
મન મનાવ્યા વિણ હવે એ. ૧૬
સેવક કરે પોકાર રે, બાહિર રહ્યા જસ;
તે સાહેબ શોભા કીશી એ ? ૧૭
અતુલી બળ અરિહંત રે, જગને તારવા;
સમરથ છો સ્વામી તુમે એ ? ૧૮
શું આવે છે જોર રે, મુજને તારતાં;
કે ધન બેસે છે કિશ્યું એ ? ૧૯
કહેશો તુમે જિણુંદ રે, ભક્તિ નથી તેહવી;
તો તે ભક્તિ મુજને દિયો એ. ૨૦
વળી કહેશો ભગવંત રે, નહિ તુજ યોગ્યતા;
હમણું મુક્તિ જાવા તણી એ. ૨૧

યોગ્યતા તે પણ નાથ રે, તુમહી જ આપશો;
તો તે મુજને દીજીયે એ ૨૨

વળી કહેશો જગદીશ રે, કર્મ ઘણાં તાહરે;
તો તેહી જ ટાળો પરાં એ ૨૩

કર્મ અમારાં આજ રે, જગપતિ વારવા;
વળી કોણ બીજો આવશે એ ? ૨૪

વળી કહેશો અરિહંત રે, એહને વિનતિ;
કરતાં આવડતી નથી એ. ૨૫

તો તેહી જ મહારાજ રે, મુજને શીખવો;
જેમ તે વિધિશું વિનવું એ. ૨૬

માય તાય વિણ કોણ રે, પ્રેમે શીખવે;
બાળકને કહે બોલવું એ. ૨૭

જો મુજ જાણો દેવ રે, એહ અપાવન;
ખરડ્યો છે કલિકાદવે એ. ૨૮

કિમ લેઉં ઉત્સંગ રે, અંગ ભર્યું એહનું;
વિષયકષાય અશુચિશું એ. ૨૯

તો મુજ કરો પવિત્ર રે, કહો કોણ પુત્રને;
વિણ માવિત્ર પખાળશે એ. ૩૦

કૃપા કરી મુજ દેવ રે, ઈહાં લગે આણીઓ;
નરક નિગોદાદિકથકી એ, ૩૧

આવ્યો હવે હજુર રે, ઊભો થઇ રહ્યો;
સામું કેમ જુઓ નહિ એ ? ૩૨

આડો માંડી આજ રે, બેઠો બારણે;
માવિત્ર તુમે મનાવશો એ. ૩૩
તુમે છો દયાસમુદ્ર રે, તો મુજને દેખી,
દયા નથી શ્યેં આણુતા એ ? ૩૪
ઉવેખશો અરિહંત રે, જો આણી દયા;
તો મહારી શી વલે થશે એ ? ૩૫
ઉભા છે અનેક રે, મોહાદિક વૈરી;
છળ જુએ છે માહરાં એ. ૩૬
તેહને વારો વેગે રે, દેવ દયા કરી;
વળી વળી શું વિનવું એ. ૩૭
મરૂદેવી નિજ માય રે, વેગે મોકલી;
ગજ બેસાડી મુકિતમાં એ. ૩૮
ઋરતેસર નિજ નંદ રે, કીધો કેવળી;
આરીસા અવલોકતાં એ. ૩૯
અઠાણુ નિજ પુત્ર રે, પ્રતિબોધ્યા પ્રેમે;
જુદ્ધ કરંતા વારીયા એ. ૪૦
બાહુબળને નેહ રે, નાણુ કેવળ તમે;
સ્વામી સામું મોકલ્યું એ. ૪૧
ઇત્યાદિક અવદાત રે, સઘળા તુમ તણા;
હું જાણું છું મૂળગા એ. ૪૨
મહારી વેળા આજ રે, મૌન કરી બેઠા;
ઉત્તર શ્યેં આપો નહિ એ ? ૪૩

વીતરાગ અરિહંત રે, સમતાસાગરૂ;
મહારાં તહારાં શું કરો એ? ૪૪
એક વાર મહારાજ રે, મુજને શ્રીમુખે;
બોલાવો સેવક કહી એ. ૪૫
એટલે સિધ્યાં કાજ રે; સઘળાં માહરાં;
મનના મનોરથ સવી ફળ્યા એ. ૪૬
અમળો મુજ અપરાધ રે, અસંગો કરી;
અસમંજસ જે વિનવ્યું એ. ૪૭
અવસર પામી આજરે, જો નવી વિનવું;
તો પસ્તાવો મન રહે એ. ૪૮
ત્રિભુવન તારણહાર રે, પુણ્યે માહરે;
આવી એકાંતે મળ્યા એ. ૪૯
બાળક બોલે બોલ રે, જે અવિગતપણે;
માય તાયને તે રૂચે એ. ૫૦
નયણે નિરખ્યો નાથ રે, નાભિનરિંદનો;
નંદન નંદનવન જિસ્યો એ. ૫૧
મરૂદેવી ઉરહંસ રે, વંશ ઈક્ષ્વાગનો,
સોહંકર સોહામણો એ. ૫૨
માય તાય પ્રભુ મિત્ર રે, બાંધવ માહરો;
જીવજીવન તું વાલહો એ. ૫૩
અવર ન કો આધાર રે, ઇણ જગ તુજ વિના;
ત્રાણ શરણ તું મુજ ધણી એ ૫૪

વળી વળી કરૂં પ્રણામ રે, ચરણે તુમતણે;
પરમેશ્વર સન્મુખ જુઓ એ. ૫૫
ભવ ભવ તુમ પાય સેવ રે, સેવકને દેજો;
હું માગું છું એટલું એ. ૫૬
શ્રી કીર્તિવિજય ઉવઝાય રે, સેવક એણિપરે;
વિજય વિનય કરી વિનવે એ. ૫૭
॥ ઈતિ શ્રી આદિજિન વિનતિ ॥

આદિજિન સ્તવન–આત્મનિંદારૂપ

(ત્રીજે ભવ વરથાનક તપ કરી એ દેશી)

જોગ ન માંડ્યો મેં ઘર કેરો, જોગજ ધરીયો અનેરો
જોગ વિહૂણો જોગી હૂઓ,
કરૂં ભવાંતર ફેરો આદીશ્વર વિનતડી અવધારો ॥ ૧ ॥
મોહ નરિંદે નાટક માંડ્યો, નાચ્યો તેહ મોઝાર ।
ધન સજ્જનથું રંગે રાતો, અને વાંછું ભવપાર ॥ ૨ ॥
હું માંડુ જગશું અંહકારો, કોઇન થાયે માહરો ।
માહરૂં માહરૂં તોહિ ન મેલું, એહવો મૂઢ ગમારો ॥ ૩ ॥
પરનિંદા આપણી પરશંસા, કરતો કિમહીન લાજું ।
દોષ આપણો સુણી દુહવાઉં, ગુણ સાંભળતો ગાજું ॥ ૪ ॥
સાચું કહેતો કિમહીન રાચું, કૂડે જાણું કાજ ।
જિણપરે આગે ભવ ભમીયો, તે દૂર દહાડો આજ ॥ ૫ ॥
હૈયે અનેરૂં મોઢે અનેરૂં, કાયાએ કરૂંરે અનેરૂં ।

બાહિર ધરમી-પણું દેખાડું, માંહી સૂત્ર અનેરૂં ॥ ૬ ॥
મૂરખમાંહિ મૂલગેા હૂએા, જાણુ ભણી પુંજાઉં ।
નેહ નવાવિણ સગપણ માંડુ, નિરીહી નામ કહાઉં ॥ ૭ ॥
ધરમ તણેા મિષ માંડી પેાષું, વિષય તણેા વ્યાપાર ।
મારગ જુએાને જુએા હું જાઉં, કિમકરી પામું વિસ્તાર ॥ ૮ ॥
ઘર આરંભ થકી હું ભાગ્યેા, કુગુરૂ તણે કર ચડીયેા ।
શીયાળ તણા ભયથી નાઠેા, સિંહ તણે વશ પડીયેા ॥ ૯ ॥
અમીય રસાયણ આગમ લહીને, વિદ્યા ભણીય વિશાલ ।
નવા નવેરા નત મેં માડયા, તે કીધા બહુ જાલ ॥ ૧૦ ॥
પર બુઝવવા પરવડેા હૂએા, આપ ન જાણું સાર ।
તરીય ન જાણું તારૂં થાઉં, તેા કિમ પામું સાર ॥ ૧૧ ॥
પાંચે ઇંદ્રિય પુરા પેાષું, માંડી માયા જાલ ।
ભ્રમ દેખાડી લેાક ભમાડું, અને વાંછું સુખ સાલ ॥ ૧૨ ॥
નિરગુણ આરાધ્યા ગુણ જાણી, આણી અતિ બહુમાન ।
દેાષ નહિ ગુણવંત અવહેલ્યાં, મેાટું મુઝ અજ્ઞાન ॥ ૧૩ ॥
તે જીન વાણી અમીય સમાણી, તે વિષ સરિખી જાણી ।
જે વિષ સરીખા મૂરખના મત, તે ઉપર ચિત્ત આણી ॥ ૧૪ ॥
આપે કુગુરૂ કુદેવ અધર્મી, આપે આપ વિયેાગેા ।
દેાષ અવસર તણા દેખાડું, સાચ પણું મુજ જુએા ॥ ૧૫ ॥
પાર વિઘ્ને સંતેાષી હુએા, પરલાભે વિશ્વાસ ।
પરહિત કારી પણું દેખાડું, બેાલું પર અપવાદ ॥ ૧૬ ॥
અંતરાય કર્મ ઉદય કરીને, ભેાગ સંયેાગ ન મિલીયેા ।
અછત ભણી વ્રત ધારી હૂએા, મન અભિલાષ તે મળીયેા ॥૧૭॥

રાગદ્વેષ ક્ષણું એક ન મેલું, શમી કહે સુખ માનું ।
સંથારા માંહી સૂતો વાંછું ભોગપણું રાજાનું ॥ ૧૮ ॥
ક્રોધ દાવાનલ માંહે દીધો, માન મહાગિરિ ચડીયો ।
માયા સાપણ સૂતો ખાધો, લોભ સમુદ્રમાં પડીયો ॥ ૧૯ ॥
કામ સમારે ભૂરી ભમાડયો, મોહ પીસાચે છલીયો ।
મિથ્યા ધૂતારે ઘણું ધૂતાયો, તોહે રહે તસ મિલીયો ॥ ૨૦ ॥
પૂણ્ય ન પોતે સંચી હૂઓ. પાપ ભર્યોરે ભંડાર ।
સુખ વાંછતાં દેહ સંભાલું, છે અંતે જે ધાર ॥ ૨૧ ॥
જે સુખ દાયક ત્રિભુવન નાયક, સયલ જીવ હિતકારી ।
તેહ તણી નિંદા નિત કરતો, કહેવાઉં શુદ્ધ આચારી ॥ ૨૨ ॥
તે તપ સુખ સંયમથી લહિયે, તેહમાનું દુઃખ મૂલ ।
જે દુઃખ મૂલ પ્રાસાદ તણું સુખ, તે મુઝ મન અનુકુલ ॥૨૩॥
જે સંસાર તણા દુઃખ દીઠા, તે લાગે મુજ મીઠાં ।
જે તપ સંયમ શ્રીજીન ભાષે, તે મુજ મનને અનીઠા ॥ ૨૪ ॥
એહ પવાડા પાર ન જાણું, કહેતા ભવની કોડિ ।
જે તુમ દર્શન દેખી લીણાં, તેને ટળે સવિ ખોડી ॥ ૨૫ ॥
તેહ જાણી શિર બેકર જોડી, માંગું એક પસાય ।
હવે ભવાંતર ભેટ તુમારી દેજો શ્રી જિનરાય ।
આદીશ્વર વિનતડી અવધારો ॥ ૨૬ ॥

॥ ઇતિ શ્રી સ્તવન વિભાગ સંપૂર્ણ ॥

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન

સકલ ભવિજન ચમત્કારી, ભારી મહિમા જેહનો,
નિખિલ આતમ રમા રાજિત, નામ જપીએ તેહનો ।
દુષ્ટ કર્માષ્ટક ગંજરી જે, ભવિક જન મન સુખ કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો ॥૧॥

બહુ પુન્ય રાશી દેશ કાશી. તત્થ નયરી વાણારસી,
અશ્વસેન રાજા રાણી વામા, રૂપે રતિ તનુ સારિખી, ।
તસ કુખે ચૌદ સુપન સૂચિત, સ્વર્ગથી પ્રભુ અવતર્યા,
નિત્ય૦ ॥ ૨ ॥

પોષ માસે કૃષ્ણ પક્ષે, દશમી દિન પ્રભુ જનમીયા,
સુર કુમરી સુરપતિ ભકિત ભાવે, મેરુશૃંગે સ્થાપીઆ ।
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે, જન્મ મહોચ્છવ અતિ કર્યો,
નિત્ય૦ ॥ ૩ ॥

ત્રણ લોક તરૂણી મન પ્રમોદી, તરૂણ વય જબ આવીઆ,
તવ માત તાતે પ્રસન્ન ચિત્તે, ભામિની પરણાવીઆ ।
કમઠ શઠ અગ્નિ કુંડે, નાગ બલતો ઉદ્ધર્યો, નિત્ય૦ ॥ ૪ ॥

પોષ વદી એકાદશી દિને, પ્રવ્રજ્યા જિન આદરે,
સુર અસુર રાજી ભકિત તાજી, સેવના ઝાઝી કરે ।
કાઉસ્સગ્ગ કરતાં દેખી કમઠે, કીધા પરીષહ આકરો, નિત્ય૦ ॥ ૫ ॥

તવ ધ્યાન ધારારૂઢ જિનપતિ, મેઘ ધારે નવિ ચલ્યો,
તિહાં ચલિત આસન ધરણ આયો, કમઠ પરીષહ અટકલ્યો ।
દેવાધિદેવની કરી સેવા, કમઠને કાઢી પરો નિત્ય૦ ॥ ૬ ॥
ક્રમે પામી કેવલ જ્ઞાન કમલા, સંઘ ચતુર્વિધ સ્થાપીને,
પ્રભુ ગયા મોક્ષે સમ્મેતશિખરે, માસ અણસણ પાલીને ।
શિવ રમણી રંગે રમે રસીયો, ભવિક તસ સેવા કરો, નિત્ય૦ ॥ ૭ ॥
ભૂત પ્રેત પિશાચ વ્યંતર, જલણ જલોદર ભય ટલે,
રાજ રાણી રમા પામે, ભકિત ભાવે જો મલે ।
કલ્પ તરૂથી અધિક દાતા, જગત ત્રાતા જય કરો નિત્ય૦ ॥ ૮ ॥
જરા જર્જરી ભૂત યાદવ, સૈન્ય રોગ નિવારતા,
વઢીયાર દેશે નિત્ય બિરાજે ભવિક જીવને તારતા ।
એ પ્રભુતણા પદ પદ્મ સેવા, રૂપ કહે પ્રભુતા વરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો,
॥ ૯ ॥

શ્રી પર્યુષણ પર્વની સ્તુતિ

ભો ભો ભવ્યજનાઃ સદા યદિ શિવે, વાઞ્છા તદા પર્વણઃ,
શ્રીમત્પર્યુષણાભિધસ્ય કુરુત સ્વારાધનં સાદરમ્ ।
દ્રવ્યાર્ચાં સુમચન્દનૈઃ સ્તુતિભરૈઃ કૃત્વા ચ ભાવાર્ચનાં,
માનુષ્યં સફલં વિધત્ત સુમહૈરર્હન્મતોલ્લાસકૈઃ ॥ ૧ ॥

કૃત્વા માસ્તિથિદ્વિગ્લવાબ્ધિવસુદ્વિગ્ યુગ્મોપવાસાન્ શુભાન્,
રમ્યાર્યાં ચ વિધત્ત ભો ભવહરાં તીર્થંકરાણાં નવામ્ ।
ષષ્ઠં કૃત્ય જિનાન્તિમસ્ય ચરિતં કર્ણૈશ્ચ પીત્વા મુદા,
શ્રી વીરજનનોત્સવે કુરૂત સૂલુલુધ્વનીન્ ભો જનાઃ ॥ ૨ ॥

જીવાનામવનં વિધત્ત સુધિયઃ, કૃત્વાષ્ટમં નાગવત્,
ભાવ્યા નિર્મલભાવના ભવિજનૈઃ, કૈવલ્યલક્ષ્મીકૃતે ।
કલ્યાણાનિ જિનસ્ય ભો ગણભૃતાં, વાદં ચ પાર્શ્વપ્રભો–
ર્નેમ્યાદ્યન્તરકાણિ તં શ્રણુત સન્નાભેયવૃત્તં તથા ॥ ૩ ॥

સાધ્વાચારમખણ્ડિતં પિબત સન્મૌલં ચ સૂત્રં શ્રવૈઃ–
ચૈત્યાનાં પરિપાટિકાં ચ તનુત સ્વાલોચનાં વાર્ષિકીમ્ ।
જન્તૂન્ ક્ષામ્યત વત્સલં કુરુત ભોઃ સાધર્મિકાણાં મુદા ।
વિઘ્નૌઘં ચતુરસ્ય વા હરતુ સા, સંઘસ્ય સિદ્ધાયિકા ॥ ૪ ॥

જ્ઞાનનું કંઈપણ કાર્ય શરૂ કરતાં પહેલાં તથા પર્યુષણમાં કલ્પસૂત્ર વાંચન વિ. વખતે બોલાતી જ્ઞાનપૂજા

ઇંદ્રવજ્રા વૃત્તમ્ ।

અન્નાણસંમોહ તમોહરસ્સ, નમો નમો નાણ દિવાયરસ્સ ।

ભુજંગ પ્રયાત વૃત્તમ્

હોય જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધે, યથા વર્ણ નાશે વિચિત્રાવબોધે ।
તેણે જાણીએ વસ્તુ ષ દ્રવ્ય ભાવા,
ન હુયે વિતથા નિજેચ્છા સ્વભાવા ॥ ૧ ॥

હેાય પંચ મત્યાદિ સુજ્ઞાન ભેદે, ગુરૂપાસ્તિથી ચેાગ્યતા તેહ વેદે ।
વળી હેય જ્ઞેય ઉપાદેય રૂપે, લહે ચિત્તમાં જેમ ધ્વાંત પ્રદીપે ।।૨।।

ઢાલ ઉલાલાની દેશી

ભવ્ય નમેા ગુણ જ્ઞાનને, સ્વપર પ્રકાશક ભાવેજી ।
પર્યાય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવેજી ।। ૧ ।।

ઉલાલેા–જે મુખ્ય પરિણતિ, સકલ જ્ઞાયક બેાધ ભાવ વિલચ્છના,
મત્યાદિ પંચ પ્રકાર નિર્મલ, સિદ્ધ સાધન લચ્છના ।
સ્યાદ્વાદ સંગી, તત્ત્વરંગી, પ્રથમ ભેદા ભેદતા,
સવિકલ્પ ને અવિકલ્પ વસ્તુ સકલ સંશય છેદતા ।। ૨ ।।

પૂજા શ્રીપાલના રાસની

ભક્ષ્યા ભક્ષ્ય ન જે વિણ લહિયે, પેય અપેય વિચાર ।
કૃત્ય અકૃત્ય ન જે વિણ લહીયે,
જ્ઞાન તે સકલ આધારરે ભવિકા સિદ્ધચક્રપદ વંદેા ।। ૧ ।।
પ્રથમ જ્ઞાનને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે તે ભાખ્યું ।
જ્ઞાનને વંદેા જ્ઞાન મ નિંદેા,
જ્ઞાનીએ શિવ સુખ ચાખ્યુંરે ભવિકા૦ સિ૦ ।। ૨ ।।
સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહીએ ।
તેહ જ્ઞાન નિત નિત વંદીજે,
તે વિણ કહેા કેમ રહિએરે ભ૦ સિ૦ ।। ૩ ।।
પંચ જ્ઞાનમાંહી જેહ સદાગમ, સ્વપર પ્રકાશક જેહ ।
દીપક પરે ત્રિભુવન ઉપકારી,
વળી જેમ રવિ શશિ મેહરે ભ૦ સિ૦ ।। ૪ ।।

લોક ઉર્ધ્વ અધો તિર્યગ્ જ્યોતિષ, વૈમાનિકને સિદ્ધ ।
લોકા લોક પ્રગટ સવિ જેહથી,
તેહ જ્ઞાન મુજ શુદ્ધ રે ભ૦ સિ૦ ॥ ૫ ॥

ઢાલ

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાયરે ।
તો હુએ એહિજ આતમા,
જ્ઞાને અબોધતા જાયરે–વીર જીનેશ્વર ઉપદિશે,

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમ ભીતિ ।
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ ॥ ૧ ॥

ઢાલ પહેલી

જ્ઞાનપદ ભજિયેરે જગત સુહંકરૂ, પાંચ એકાવન ભેદેરે ।
સમ્યગ્ જ્ઞાન જે જિનવરે ભાખિયું,
જડતા જનની ઉચ્છેદેરે જ્ઞાન૦ ॥ ૧ ॥
ભક્ષ્યાભક્ષ્ય વિવેચન પરગડો, ખીર નીર જેમ હંસોરે ।
ભાગ અનંતમો અક્ષરનો સદા,
અપ્રતિપાતિ પ્રકાશ્યોરે જ્ઞાન૦ ॥ ૨ ॥
મનથી ન જાણેરે કુંભકરણ વિધિ, તેહથી કુંભ કેમ થાશેરે ।
જ્ઞાન દયાથીરે પ્રથમ છે નિયમા,
સદ્ સદ્ભાવ વિકાશેરે જ્ઞાન૦ ॥ ૩ ॥
કંચન નાણું રે લોચનવંત લહે, અંધો અંધ પુલાયરે ।
એકાંતવાદી રે તત્ત્વ પામે નહીં સ્યાદ્વાદ રસ સમુદાયરે જ્ઞાન૦ ॥૪॥

જ્ઞાનભર્યા ભરતાદિક ભવતર્યા, જ્ઞાન સકલ ગુણ મૂળરે ।
જ્ઞાની જ્ઞાનતણી પરિણતિ થકી, પામે ભવજલ કુળરે જ્ઞાન ॥ ૫ ॥
અલ્પાગમ જઈ ઉગ્ર વિહાર કરે, વિચરે ઉદ્યમવંતરે ।
ઉપદેશમાલામાં કિરિયા તેહની,
કાય ક્લેશ તસ હુંતરે જ્ઞાન૦ ॥ ૬ ॥
જયંત ભૂપો રે જ્ઞાન આરધતો, તીર્થંકર પદ પામેરે ।
રવિ શશિ મેહ પરે જ્ઞાન અનંતગુણી,
સાભાગ્યલક્ષ્મી હિત કામે રે જ્ઞાન૦ ॥ ૭ ॥

અભિનવ જ્ઞાન પદ પૂજા

॥ દુહા ॥

જ્ઞાનવૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂળ,
અજર અગમ પદ ફળ લહો, જિનવર પદવી કુલ ॥ ૧ ॥

॥ ઢાલ ॥

અભિનવ જ્ઞાન ભણો મુદારે લાલ,
મૂકી પ્રમાદ વિભાવરે ॥ હું વારી લાલ
બુદ્ધિના આઠ ગુણ ધારીએરે લાલ, આઠ દોષનો અભાવરે ॥હું૦॥
પ્રણમો પદ અઢારમું રે લાલ ॥ ૧ ॥

દેશારાધક કિરિયા કહીરે લાલ, સર્વારાધક જ્ઞાનરે ॥ હું૦ ॥
મુહૂર્તાદિક કિરિયા કરેરે લાલ, નિરંતર અનુભવ જ્ઞાનરે ॥હું૦પ્ર૦॥૨॥
જ્ઞાન રહિત કિરિયા કરે રે લાલ, કિરિયા રહિત જે જ્ઞાન રે ॥હું૦॥

અંતર ખજુઆ રવિ જિસ્યો રે લાલ,
ષોડશંકની એ વાણુ રે હું૦ ॥ પ્ર૦ ॥ ૩ ॥

છઠ્ઠ અઠ્ઠમાદિ તપે કરી રે લાલ, અજ્ઞાની જે શુદ્ધ રે ॥ હું૦ ॥
તેહથી અનંત ગુણી શુદ્ધતા રે લાલ,
જ્ઞાની પ્રગટ પણે લદ્ધ રે ॥ હું૦ ॥ પ્ર૦ ॥ ૪ ॥

રાચે ન જૂઠ ક્રિયા કરી રે લાલ, જ્ઞાનવંત જુવો યુક્તિ રે ॥હું૦॥
જૂઠ સાચ આતમ જ્ઞાનથી રે લાલ,
પરખે નિજ નિજ વ્યક્તિ રે ॥ હું૦ ॥ પ્ર૦ ॥ ૫ ॥

પાંચ ભેદ છે જ્ઞાનના રે લાલ, તેહ આરાધે જેહ રે ॥ હું૦ ॥
સાગરચંદ્ર પરે પ્રભુ હુવે રે લાલ,
સૌભાગ્યલક્ષ્મી ગુણ ગેહરે ॥હું૦॥
પ્રણમો પદ અઢારમું રે લાલ ॥ ૬ ॥

પૂજા પછી બોલાતી ચાર સ્તુતિઓ

જિન જોજન ભૂમિ, વાણીનો વિસ્તાર,
પ્રભુ અર્થપ્રકાશે, રચના ગણધર સાર ।
સો આગમ સુણતાં, છેદી જે ગતિ ચાર,
પ્રભુ વચન વખાણી, લહીએ ભવનો પાર ॥ ૧ ॥

નિવ્વાણમગ્ગે વરજાણકપ્પં પણાસિયાસેસકુવાઇદિપ્પં ।
નમં જિણાણું સરણું બુહાણું, નમામિ નિચ્ચં તિજગપ્પહાણું ॥૨॥
ઓઘાગાધં સુપદ પદવી નીર પૂરાભિરામં,
જીવાહિંસાવિરલલહરી સંગમાગાહદેહમ્ ।

ચૂલાવેલં ગુરુગમમણિસંકુલં દૂરપારં,
સારં વીરાગમજલનિધિં સાદરં સાધુ સેવે ॥ ૩ ॥

અર્હદ્વક્ત્રપ્રસૂતં ગણધરરચિતં દ્વાદશાંગં વિશાલં,
ચિત્રં બહ્વર્થયુક્તં મુનિગણવૃષભૈર્ધારિતં બુદ્ધિમદ્ભિઃ ।
મોક્ષાગ્રદ્વારભૂતં વ્રતચરણફલં જ્ઞેયભાવપ્રદીપમ્,
ભક્ત્યા નિત્યં પ્રપદ્યે શ્રુતમહમખિલં સર્વલોકૈકસારમ્ ॥ ૪ ॥

દીપાલિકા સ્તુતિ

પાપાયાં પુરિ ચારુષષ્ઠતપસા, પર્યઙ્કપર્યાસનઃ,
ક્ષમાપાલપ્રભુહસ્તિપાલવિપુલ, શ્રીલેખશાલાં ગતો ।
ગોસે કાર્તિકદર્શનાગકરણે, તુર્યારકાન્તે શુભે,
સ્વાતૌ યઃ શિવમાપ પાપરહિતં, સંસ્તૌમિ વીરં જિનમ્ ॥ ૧ ॥

યદ્ગર્ભાગમનોદ્ભવવ્રતવર-જ્ઞાનાપ્તિભદ્રક્ષણે,
સંભૂયાશુ સુપર્વસન્ततिરહો, ચક્રે મહસ્તત્ ક્ષણાત્ ।
શ્રીમન્નાભિભવાદિવીરચરમા-સ્તે શ્રીજિનાધીશ્વરાઃ
સંધાયાનઘચેતસે વિદધતાં શ્રેયાંસ્યનેનાંસિ ચ ॥ ૨ ॥

અર્થાત્પૂર્વમિદં જગાદ જિનપઃ, શ્રીવર્ધમાનાભિધ
સ્તત્પશ્ચાદ્ગણનાયકા વિરચયાં-ચક્રુસ્તરાં સૂત્રતઃ ।
શ્રીમત્તીર્થસમર્થનૈક સમયે, સમ્યગ્દશાં ભૂસ્પૃશાં,
ભૂયાદ્ભાવુકકારકં પ્રવચનં, ચેતશ્ચમત્કારિ યત્ ॥ ૩ ॥

શ્રીતીર્થાધિપતીર્થ ભાવનપરા, સિદ્ધાયિકા દૈવતા,
ચક્ર્યચ્ચક્રધરા સુરાસુરનતા, પાયાદસૌ સર્વદા,
અર્હચ્છ્રીજિનચન્દ્રગીઃસુમતિતો, ભવ્યાત્મનઃ પ્રાણિનો,
યા ચક્રેવમકણ્ટહસ્તિમથને, શાર્દૂલવિક્રીડિતમ્ ॥ ૪ ॥

પુણ્ય પ્રકાશનું સ્તવન.

દુહા–સકળ સિદ્ધિદાયક સદા, ચોવીસે જીનરાય,
સદ્‌ગુરૂ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ૧

ત્રિભુવનપતિ ત્રિશલા તણો, નંદન ગુણ ગંભીર;
શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. ૨

એક દિન વીર જીણંદને, ચરણે કરી પ્રણામ;
ભાવિક જીવના હિત ભણી, પુછે ગૌતમ સ્વામ. ૩

મુક્તિ મારગ આરાધીએ, કહો કિણ પરે અરિહંતઃ
સુધા સરસ તવ વચન રસ ભાખે શ્રી ભગવંત. ૪

અતિચાર આલોઇએ, વ્રત ધરીએ ગુરૂ શાખ;
જીવ ખમાવો સયળ જે, ચોનિ ચોરાશી લાખ. ૫

વિધિશું વળી વોસિરાવિએ, પાપસ્થાનક અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર. ૬

શુભકરણી અનુમોદિએ, ભાવ ભલો મન આણ;
અણુસણ અવસર આદરી, નવપદ જપો સુજાણ. ૭

શુભ ગતિ આરાધન તણા, એ છે દસ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવપાર. ૮

ઢાલ પહેલી

કુમતીએ છેડી કીહાં રાખી. એ દેશી.

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વિર્યજ, એ પાંચે આચાર;
એહ તણા એહ ભવ પરભવના,
આલોઇએ અતિચાર રે પ્રાણી જ્ઞાન ભણો ગુણખાણી;
વીર વદે એમ વાણીરે પ્રા૦ ૧ એ આંકણી

ગુરૂ ઓળવીએ નહીં ગુરૂ વિનય, કાળે ધરી બહુ માન;
સૂત્ર અરથ તદુભય કરી સુધાં,
ભણીએ વહી ઉપધાનરે પ્રા૦ જ્ઞા૦ ૨

જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાલી,
તેહ તણી કીધી આશાતના, જ્ઞાન વિરાધ્યું જેહ,
આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિછામિ દુક્કડં તેહરે પ્રા૦ જ્ઞા૦ ૪

પ્રાણી સમકિત લ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણીરે પ્રા૦ સ૦
જીનવચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાસ;
સાધુ તણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખરે પ્રા૦ સ૦ ૫

મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરિએ;
સામીને ધરમે કરી થીરતા, ભક્તિ પરભાવના કરિએરે પ્રા૦ સ૦

સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે, અવર્ણવાદ મતિ લેખો;
દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો, વિણસંતો ઉવેખ્યોરે પ્રા૦ સ૦ ૭

ઇત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ; મિછામિ દુક્કડં તેહરે પ્રા૦ સ૦ ૮

પ્રાણી ચારિત્ર લ્યેા ચિત્ત આણી, પાંચ સમિતિ ગુપ્તિ વિરાધી,
આઠે પ્રવચન માય; સાધુ તણે ઘરમે પરમાદે,
અશુદ્ધ મન વચન કાયરે પ્રા૦ ચા૦ ૯

શ્રાવકને ધર્મે સામાયક, પેાસહમાં મન વાળી;
જે જયણા પુર્વક આઠે, પ્રવચન માય ન પાળીરે પ્રા૦ સ૦ ૧૦

ઇત્યાદિક વિપરિતપણાથી, ચારિત્ર ડેાહેાળ્યું જેહ;
આ ભવ પરભવ વળીરે ભવેાભવ,
મિછામિ દુક્કડં તેહરે પ્રા૦ ચા૦ ૧૧

બારે ભેદે તપ નવિ કીધેા, છતે જોગે શકતે;
ધર્મે મન વચન કાયા વિરજ, નવિ ફેારવીઉ ભગતેરે પ્રા૦ ચા૦ ૧૨

તપ વિરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યાં જેહ;
આ ભવ પરભવ વળીરે ભવેાભવ,
મિછામિ દુક્કડં તેહરે પ્રા૦ ચા૦ ૧૩

વળી ય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલેાઇએ;
વીર જીણેસર વયણ સુણીને, પાપ મેલા સવી ધેાઇએરે પ્રા૦ ચા૦ ૧૪

ઢાલ બીજી

પામી સુગુરૂ પસાય. એ દેશી.

પૃથ્વી પાણી તેઉ, વાયુ વનસ્પતિ; એ પાંચે થાવર કહ્યાએ. ૧

કરી કરસણ આરંભ, ખેત્ર જે ખેડીયાં;
કુવા તળાવ ખણાવીયાં એ. ૨
ઘર આરંભ અનેક, ટાંકાં ભુઈરાં; મેડી માળ ચણાવીઆંએ. ૩
લીંપણ ધુંપણ કાજ, એણી પરે પરેપરે; પૃથ્વીકાય વિરાધીયાએ. ૪
ધોયણ નાહણ પાણીરે,
ઝીલણ અપૂકાય, છોતિ ધોતિ કરી દુહવ્યાએ. ૫
ભાઠીગર કુંભાર, લોહ સુવનગરા; ભાડભુંજા લીહા લાગરાએ. ૬
તાપણ સેકણ કાજ, વસ્ત્ર નિખારણ; રંગણ, રાંધન રસવતીએ. ૭
એણીપરે કર્માદાન, પરે પરે કેલવી: તેઉ વાયુ વિરાધીયાએ. ૮
વાડી વન આરામ, વાવી વનસ્પતી; પાનફુલ ફળ ચુંટીયાંએ. ૯
પુંહક પાપડી શાક, સેકયાં સુકવ્યાં; છેદયાં આથીયાંએ. ૧૦
અળશીને એરંડા, ઘાણી ઘાલીને, ઘણા તિલાદિક પીલીયાએ. ૧૧
ઘાલી કોલુ માંહે, પીલી સેલડી; કંદમુળ ફળ વેચીયાંએ. ૧૨
એમ એકંદ્રિય જીવ, હણ્યા હણાવીયા, હણતાં જે અનુમોદિયાંએ ૧૩
આ ભવ પરભવ જેહ, વળીય ભવોભવે;
તે મુજ મિછામિ દુક્કડંએ. ૧૪
કમી સરમીયા કીડા, ગાડર ગંડોલા;
ઈઅલ પુરા ને અલશીયાંએ. ૧૫
વાળો જળો ચુડેલ, વિચલ તરસ તણા; વળી અથાણા પ્રમુખનાંએ. ૧૬
એમ બેઇંદ્રી જીવ, જેહ મેં દુહવ્યા; તે મુજ મિછામિદુક્કડંએ. ૧૭

ઉધેહી, જુ, લીખ, માંકડ મંકોડા, ચાંચડ કીડી કંથુઆએ. ૧૮
ગધીઆં ધીમેલ, કાનખજુરીઆ, ગીંગોડાં ધનેરીયાંએ. ૧૯
એમ તેઇંદ્રી જીવ, જેહ મેં દુહવ્યાં; તે મુજ મિછામિદુક્કડંએ. ૨૦
માંખી મચ્છર ડાંસ, મસા પતંગીયા, કંસારી કોલિયાવાડાએ. ૨૧
ઢીંકણ વિછુ તીડ, ભમરા ભમરીયો, કોતાંબગ ખડમાંકડીએ, ૨૨
એમ ચોઇંદ્રી જીવ, જેહ મેં દુહવ્યા, તે મુજ મિછામિદુક્કડંએ. ૨૩
જળમાં નાંખી જાળ, જળચળ દુહવ્યા, વનમાં મૃગ સંતાપીયાએ. ૨૪
પીડયા પંખી જીવ, પાડી પાસમાં પોપટ ઘાલ્યા પાંજરે એ. ૨૫
એમ પંચેંદ્રી જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિછામિદુક્કડંએ. ૨૬

ઢાલ ત્રીજી

વાણી પ્રાણી હિતકારીજી. એ દેશી.

ક્રોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યા વચન અસત્ય;
કુડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્તરે;
જીનજી મિછામિદુક્કડં આજ. તુમ સાખે મહારાજરે,
જીનજી કોઈ સારૂ કાજરે; જીનજી મિછામિદુક્કડં આજ. ૧.
એ આંકણી. દેવ મનુષ્ય તિર્યંચનાંજી, મૈથુન સેવ્યાં જેહ;
વિષયરસ લંપટપણેજી, ઘણુ વિટંબ્યો દેહરે જીનજી. ૨.
પરિગ્રહની મમતા કરીજી, ભવે ભવે મેલી આથ;
જે જિહાં તે તિહાં રહ્યુંજી, કોઈ ન આવે સાથરે, જીનજી૦ ૩.

રયણી ભોજન જે કર્યાંજી, કીધાં ભક્ષ અભક્ષ,
રસના રસની લાલચેજી, પાપ કર્યાં પ્રત્યક્ષરે. જીનજી૦ ૪.
વ્રત લેઇ વિસારીયાંજી, વળી ભાગ્યાં પચ્ચખાણ;
કપટ હેતુ કીરીયા કરીજી, કીધાં આપ વખાણુરે જીનજી૦ ૫.
ત્રણે ઢાળે આઠે દુહેજી, આલોયા અતિચાર;
શિવ ગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકારરે.
જીનજી મિછામિદુક્કડં આજ ૬.

ઢાલ ચોથી

(સાહેલડીજી. એ દેશી.)

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે, અથવા લ્યો વ્રત બાર તો;
યથાશક્તિ વ્રત આદરો સાહેલડીરે, પાળો નિરતિચાર તો.
૧, વ્રત લીધાં સંભારીએ સા૦
હડે ધરીએ વિચાર તો. શિવગતિ આરાધન તણો
સા૦ એ બીજો અધિકાર તો. ૨.
જીવ સવે ખમાવીએ સા૦ ચોનિ ચોરાશી લાખ તો,
મન શુદ્ધે કરી ખામણાં સા૦ કોઇશું રોષ ન રાખ તો. ૩.
સર્વ મિત્ર કરી ચિંતવો સા૦ કોઈ ન જાણો શત્રુ તો,
રાગ દ્વેષ એમ પરિહરો સા૦ કીજે જન્મ પવિત્ર તો ૪.
સામી સંઘ ખમાવીઓ સા૦ જે ઉપની અપ્રીત તો;
સજ્જન કુટુંબ કરી ખામણાં સા૦ એ જીન શાસન રીતી તો. ૫.

ખમીએ ને ખમાવીએ સા૦ એહજ ધર્મનું સાર તો;
શિવગતિ આરાધન તણો સા૦ એ ત્રીજો અધિકાર તો. ૬.

મૃષાવાદ હિંસા ચોરી સા૦ ધનમુરછા મથુન તો;
ક્રોધ માન માયા તૃષ્ણા સા૦ પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭.

નિંદા કલહ ન કીજીએ સા૦ ન દીજે આળ તો;
રતિ અરતિ મિથ્યા તજો સા૦ માયા મોહ જંજાળ તો. ૮.

ત્રિવિધ ત્રિવિધ વોસરાવિએ સા૦ પાપસ્થાન અઢાર તો;
શિવગતિ આરાધન તણો સા૦ એ ચોથો અધિકાર તો ૯.

ઢાલ પાંચમી

હવે નિસુણો ઈહાં આવીયા. એ દેશી.

જનમ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તો;
કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઇ ન રાખણહાર તો. ૧.

શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો;
શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણ ગુણવંત તો. ૨.

અવર મોહ સવિ પરિહરી એ, ચાર શરણ ચિત્ત ધાર તો;
શિવગતિ આરાધન તણોએ, એ પાંચમો અધિકાર તો. ૩.

આ ભવ પરભવ જે કર્યાં એ, પાપ કર્મ કોઈ લાખ તો;
આતમા સાખે તે નિંદીએ એ, પડિક્કમિએ ગુરૂ સાખ તો. ૪.

મિથ્યા મતિ વર્તાવિયાએ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો;
કુમતિ કદાગ્રહને વશે એ, જે કથાપ્યાં સૂત્ર તો. ૫.

ઘડ્યાં ઘડાવ્યાં જે વણાંએ ઘરંટી હળ હથિઆર તો,
ભવ ભવ મેલી મુકીયાંએ, કરતાં જીવ સંહાર તો. ૬.
પાપ કરીને પોષીયા એ, જનમ જનમ પરિવાર તો;
જનમાન્તર પોહોત્યા પછી એ, કોણે ન કીધી સાર તો. ૭.
આ ભવ પરભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો;
ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ, આણિ હૃદય વિવેક તો. ૮.
દુષ્કૃત નિંદા એમ કરીએ, પાપ કરો પરિહાર તો;
શિવગતિ આરાધન તણો એ, એ છઠ્ઠો અધિકાર તો ૯.

ઢાલ છઠ્ઠી

આદે તું જોયને જીવડા, એ દેશી.

ધન ધન તે દિન માહરો, જ્હાં કીધો ધર્મ;
દાન શીયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કૃત કર્મ ધ૦ ૧
શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર,
જુગતે જિનવર પૂજ્યા, વળી પોખ્યાં પાત્ર ધન૦ ૨
પુસ્તક જ્ઞાન લખાવીયાં, જીર્ણોદ્ધર જિન ચૈત્ય;
સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ક્ષેત્ર ધન૦ ૩
પડિક્કમણું સુપરે કર્યાં, અનુકંપા દાન;
સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધાં બહુ માન, ધન૦ ૪
ધર્મ કાજ અનુમોદીએ, એમ વારોવાર;
શિવગતિ આરાધન તણો, એ સાતમો અધિકાર. ધન૦ ૫

ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ;
સમતા ભાવે ભાવિએ, એ આતમરામ ધન૦ ૬

સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય;
કર્મ આપ જે આચરિયાં, ભોગવીએ સોય. ધન૦ ૭

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્ય કામ;
છાર ઉપર તે લીંપણું, આંખર ચિત્રામ. ધન૦ ૮

ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર;
શિવગતિ આરાધન તણો. એ આઠમો અધિકાર ધન૦ ૯

ઢાલ સાતમી

રૈવતગિરિ હુઆં. પ્રભુનાં ત્રણ કલ્યાણ. એ દેશી.

હવે અવસર જાણી, કરી સંલેખણ સાર; અણસણ આદરિયે,
પચ્ચખી ચારે આહાર, લલુના સવિ મુકી, છાંડી મમતા અંગ;
એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧

ગતિ ચારે કીધાં, આહાર અનંત નિશંક પણ તૃપ્તિ ન પામ્યો,
જીવ લાલચીઓ રંક દુલહો એ વળી વળી અણસણનો પરિણામ;
એહથી પામીજે, શિવ પદ સુરપદ ઠામ, ૨

ધન ધના શાલિભદ્ર, ખંધો મેઘકુમાર, અણસણ આરાધી,
પામ્યા ભવનો પાર; શિવ મંદીર જાશે, કરી એક અવતાર;
આરાધન કરો, એ નવમો અધિકાર ૩

દશમે અધિકારે મહા મંત્ર નવકાર; મનથી નવિ મુકો,
શિવસુખ ફલ સહુકાર; એહ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર;
સુપરે એ સમરો, ચૌદ પુરવનું સાર. ૪

જનમાન્તર જાતાં, જો પામે નવકાર, તો પાતિક ગાળો,
પામે સુર અવતાર; એ નવપદ સરિખો, મંત્ર ન કો સંસાર;
એહ ભવને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫

જ્યું ભીલ ભીલડી, રાજા રાણી થાય; નવપદ મહિમાથી,
રાજસિંહ મહારાય; રાણી રતનવતી બેહુ, પામ્યાં છે સુરભોગ;
એક ભવ પછી લેશે, શિવવધુ સંજોગ. ૬

શ્રીમતીને એ વલી; મંત્ર ફલ્યો તત્કાલ; મણીધર ફીટીને,
પ્રગટ થઈ કુલમાળ; શિવકુમારે જોગી, સોવન પુરીશો કીધ,
એમ એણે મંત્રે, કાજ ઘણાનાં સિદ્ધ. ૭

એ દશ અધિકારે, વીર જીણેસર ભાખ્યો; આરાધન કેરો વિધિ,
જેણે ચિત્ત માંહી ચાખ્યો, તેણે પાપ પખાળી, ભવભય દૂરે નાખ્યો;
જીન વિનય કરંતાં, સુમાત અમૃતરસ ચાખ્યો. ૮

ઢાલ આઠમી

નમો ભવિ ભાવશું. એ દેશી.


સિધારથ રાય કુળ તિલોએ, ત્રિસલા માતા મલ્લાર તો;
અવનિતલે તમે અવતર્યા એ,
કરવા અમ ઉપકાર, જયો જીન વીરજીએ. ૧

મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહુ પાર તો;
તુમ ચરણે આવ્યા ભણી એ, જો તારે તો તાર જયો૦ ૨
આશા કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો;
આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ જયો૦ ૩
કરમ અલુજણ આકરાં એ, જન્મ મરણ જંજાલ તો;
હું છું એહથી ઉભગો એ. છોડાવ દેવ દયાળ જયો૦ ૪
આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલ તો;
તુઠ્યો જીન ચોવીશમો એ, પ્રગટયાં પુન્ય કલ્લોલ જયો૦ ૫
ભવો ભવ વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો;
દેવ દયા કરી દીજીએ એ, બોધી બીજ સુપસાય જયો૦ ૬


કલશ

એહ તરણ તારણ સુમતિ કારણ, દુઃખ નિવારણ જગ જયો;
શ્રી વીર જીનવર ચરણ થુણતાં, અધિક મન ઉલ્લટ થયો. ૧
શ્રી વિજય દેવ સુરિંદ પટધર, તિરથ જંગમ એણી જગે,
તપ ગચ્છપતિ શ્રી વિજય પ્રભુસૂરિ, સૂરિ તેજે ઝગમગે ૨
શ્રી હિરવિજયસુરિ શિષ્ય વાચક, શ્રી કીર્તિ વિજય સુરગુરૂ સમો,
તસ શિષ્ય વાચક વિનય નિજ એ, થુણ્યો જીન ચોવીશમો ૩
સય સત્તર સંવત ઉગણત્રીશે, રહી રાંદેર ચોમાસએ;
વિજય દશમી વિજય કારણ, કીયો ગુણ અભ્યાસ એ ૪
નરભવ આરાધન સિદ્ધ સાધન, સુકૃત લીલવિલાસ એ;
નિર્જરા હેતે સ્તવન રચિયું; નામે પુન્ય પ્રકાશ એ ૫
ઇતિ પુન્ય પ્રકાશનું સ્તવન સંપુર્ણ.

॥ ઇતિ સ્તવન વિભાગ સંપૂર્ણ ॥



પ્રાચીન જૈન સજઝાયમાળા



શાન્તિસ્નાત્રાદિ વિધિ–વિધાનોમાં ઉપયોગી સાહિત્ય

પ્રતિષ્ઠાકલ્પ ભા. ૧ લો. જેમાં અંજનશલાકાદિ પ્રતિષ્ઠા વિધિઓનો સમાવેશ થાય છે તથા ચ્યવન–જન્મ અંજન ૧૯ મુદ્રાઓ વિ. ના ફોટાઓ વસ્તુઓના લિષ્ટ સાથે મૂકવામાં આવેલા છે.

પ્રતિષ્ઠાકલ્પ ભા. ૨ જો. શાન્તિસ્નાત્ર અષ્ટોત્તરી સ્નાત્ર શિલાસ્થાપન પટ્ટપ્રતિષ્ઠા ગુરુમૂર્તિપ્રતિષ્ઠા દેવી-પ્રતિષ્ઠા બિમ્બપ્રવેશ આદિ વિવિધ ચાલુ બધી વિધિઓ વસ્તુઓના લિષ્ટ સાથે આપવામાં આવેલ છે.

બંને ભાગની સાથે કિં. રૂ. ૧૧) ફકત બીજા ભાગની કિં. રૂ. ૫)

અઢાર અભિષેક વિધિ. માત્ર અઢાર અભિષેક કરાવવા તેને માટે તેને લગતી સંપૂર્ણ વિધિ મૂકવામાં આવેલ કિં૦ ૬૨ નયા પૈસા

૧૯ મુદ્રાઓ, ચ્યવન,–જન્મ, તથા અંજનના ફોટાઓ કિં. રૂ. ૨)

નંદ્યાવર્ત કાપડ પટ્ટ કિં. ૧–૪–૦ વીશસ્થાનક આર્ટપટ્ટ ૦–૬–૦

,, કાગળ ,, કિં. ૦–૮–૦ ,, કાગળ ,, ૦-૪–૦

શાન્તિસ્નાત્રાદિનું લિષ્ટ દશ નવા પૈસા

દરેકમાં પોષ્ટ ખર્ચ અલગ સમજવાનું છે.

પ્રાપ્તિસ્થાનઃ– પં. **છબીલદાસ કેશરીચંદ** સંઘવી

દાદાસાહેબની પોળ–ખંભાત.

શ્રી ખંધકમુનિની સઝઝાય

દુહા શ્રી મુનિસુવ્રત જિન નમું, ચરણ યુંગલ કર જોડ ।
સાવત્થિપુર શોભતું, અરિ સબલા બલતોડ ॥ ૧ ॥

જિતશત્રુ મહીપતિ તિહાં, ધારણી નામે નાર ।
ગૌરી ઈશ્વર સુનુ સમ, ખંધક નામે કુમાર ॥ ૨ ॥

સ્વસા પુરંદરા મનોહરૂ, રૂપે જીત્યો અનંગ ।
દિનકર ઇંદુ ઉતરી, વસીયા અંગોપાંગ ॥ ૩ ॥

કુંભકાર નયરી ભલી, દંડકરાય વરિષ્ઠ ।
જીવ અભવ્યનો દુષ્ટધી, પાલક અમાત્ય કુધિષ્ઠ ॥ ૪ ॥

માત પિતા સવિ મળી કરી, પુરંદર કન્યા જેહ ।
આપી દંડકરાયને, પામી રૂપનો છેહ ॥ ૫ ॥

એક દિન વિહરંતા પ્રભુ, સાવિત્થિ ઉદ્યાન ।
વીશમા ભવિ પ્રતિબોધતા, સમવસર્યા જિણ ભાણ ॥ ૬ ॥

સુણી આગમ ખંધક વિભુ, નમે ભગવંતને આય ।
સુણી દેશના દર્શન લહી, નિજ નિજ સ્થાનક જાય ॥ ૭ ॥

કુંભકાર નયરી થકી, કોઈક રાયને કાજ ।
પાલક સાવત્થિ ભણી, આવ્યો સભાયે રાજ ॥ ૮ ॥

પાલક બોલે સાધુના, અવગુણનો ભંડાર ।
નિસુણી ખંધક તેહને, શિક્ષા લીધી લગાર ॥ ૯ ॥

પાલક ખંધક ઉપરે, થયો તે ક્રોધાતુર ।
પછી તે નિજ સ્થાનક ગયો, દંડકરાયને પૂર ॥ ૧૦ ॥

એહવે મુનિસુવ્રત કને નમિ અંધક લીયે વ્રત ।
પંચશત નરની સંગતે, બહુલ કર્યું સુકૃત ॥ ૧૧ ॥

ઢાલ પહેલી

અંધક સાધુ વિચાર, આપે વાંચના સાર ।
આજ હો એક દિન પૂછે મુનિસુવ્રતનેજી ॥ ૧ ॥

સ્વામિ સાધુ સવેશ, જાઉં બેનને દેશ ।
આ૦ જો પ્રભુજી આજ્ઞા હુવેજી ॥ ૨ ॥

કહે જિન સાધુ સર્વ, મરણાંત હોશે ઉપસર્ગ ।
આ૦ નિસુણી અંધક વિનવેજી ॥ ૩ ॥

નવિ જીવિત અમ દુઃખ, સહેશું મોક્ષનાં સુખ ।
આ૦ લોક લાયક અમે પામશું જી ॥ ૪ ॥

સ્વામિ કહે તિવાર, તુજ વિણ સવિપરીવાર ।
આ૦ સુખીત તે સહુ થાયશેજી ॥ ૫ ॥

તે સુણી મુનિ પંચ શત, સહુ ચાલ્યો તૂરે આદિત્ત ।
આ૦ અનુક્રમે નયરી પામીયોજી ॥ ૬ ॥

પૂરવ વૈર સંભાર, ગોપવ્યાં સહસ હથીયાર ।
આ૦ પાલકે તે ઝટ ગહનમાંજી ॥ ૭ ॥

ઉઠ તું વાંદવા કાજ, ભાખે અમાત્ય મહારાજ ।
આ૦ કાંતુજ ધારણા કિહાં ગઈજી ॥ ૮ ॥

પાંચશે સુભટને સાજ, લેવા આવ્યો તે રાજ ।
આ૦ વેષધરી સાધુ તણોજી ॥ ૯ ॥

અતિક્રૂર તે શસ્ત્ર, વાંદવા જાઈશ તત્ર ।
આ૦ હણી તુજ લેશે રાજ્યનેજી ॥ ૧૦ ॥
જોવા આવે રાંય, શસ્ત્રની ધોરણી બતાય ।
આ૦ સ્થાનકે કપટજ કેળગ્યાંજી ॥ ૧૧ ॥

દુહા—દેખી ચિંતે રાજીયો, ક્રોધે દીસે તૃપ્ત ।
સર્વયતિજન બાંધિને, સોંપ્યા પાલક ગુપ્ત ॥ ૧ ॥
કહે રાજા મંત્રીશ્વરૂ, જે રૂચે તે ધાર ।
હરખ્યો પાલક પામીને ઉંદર જિમ મંજાર ॥ ૨ ॥

ઢાલ બીજી

તવ પાલક સુખ પામતો પ્રભુ ધ્યાવો લાલ,
લાવે ઘાણી સમીપરે પ્ર૦ ।
કુવચનને તે બોલતો પ્ર૦ પીલીશ યંત્ર તનુ દીપરે પ્ર૦ ॥ ૧ ॥
કહે છે તે મંત્રીશ્વરૂ પ્ર૦ એકેક શ્રમણને યંત્રરે પ્ર૦ ।
ઘાણીમાં ઘાલી પીલતો પ્ર૦ માઠી બુદ્ધિ અલ્યંત્રરે પ્ર૦ ॥ ૨ ॥
અંધક શિષ્યોને પીલતાં પ્ર૦ દેખી દાઝે દેહરે પ્ર૦ ।
પાલકે અંધક નિર્ભીહથી પ્ર૦ બાંધ્યો ઘાણીએ તેહરે પ્ર૦ ॥૩॥
તે સાધુનાં ઉછળે પ્ર૦ રૂધિર કેરાં બિંદુરે પ્ર૦ ।
પાપને દેખી અંબરે પ્ર૦ કંપે સૂરજ ચંદરે પ્ર૦ ॥ ૪ ॥
અંધક તો મન લેખવે પ્ર૦ તે અમૃત રસ બિંદુરે પ્ર૦ ।
દુષ્કૃત દેખી સુરનરા પ્ર૦ થરથર કંપે ઇંદરે પ્ર૦ ॥ ૫ ॥
શાતા વચને શિષ્યને પ્ર૦ નિર્યામે સમતાવંતરે પ્ર૦ ।
જીવતે શરીરથી ભિન્ન છે પ્ર૦ ધરશો નહિ દુઃખ સંતરે પ્ર૦ ॥૬॥

એ ઉપસર્ગને પામીયા પ્ર૦ તે પૂરવકૃત કર્મરે પ્ર૦ ।
સુખ કારણ એ ભોગવો પ્ર૦ કોઈ ન કરશો ગર્વરે પ્ર૦ ॥ ૭ ॥

નિર્મમત્વ મન જેહનાં પ્ર૦ નિર્યામે સદ્ભગવંતરે પ્ર૦ ।
જિમ જિમ પીલે પાપીયો પ્ર૦ તિમ તિમ સમતાવંતરે ॥ ૮ ॥

ઉજ્વલ ધ્યાનને ધ્યાવતાં પ્ર૦ પામે કેવલ તૂર્તરે પ્ર૦ ।
એમ તે મંત્રીએ હણ્યા પ્ર૦ મુનિ એક ઉન પંચશતરે પ્ર૦॥૯॥

ખંધક બોલે બાલએ પ્ર૦ દેખી દુઃખ ન ખમાયરે પ્ર૦ ।
તે કારણ મુજ પ્રથમ તું પ્ર૦ હણય પછી એહની કાયરે પ્ર૦॥૧૦॥

પાપી પાલક સાંભળી પ્ર૦ દેવાને ઘણું દુઃખરે પ્ર૦ ।
ગુરૂ દેખતાં શીઘ્રપણે પ્ર૦ પીલે પાલક મન સુખરે પ્ર૦ ॥૧૧॥

કેવલ પામી મોક્ષને પ્ર૦ વરીયો બાલક શિષ્યરે પ્ર૦ ।
દેખી ખંધક સૂરિવરા પ્ર૦ કરે કલ્પાંત મુનીશરે પ્ર૦ ॥ ૧૨ ॥

દુહા લિખિત ભાવ ટળે નહી, ચળે યદિ મેરૂ ધ્રુવ ।
કર્મરેખા અપિ નવિ ટલે, કહે વીતરાગ એ ધ્રુવ ॥ ૧ ॥

ઢાલ ત્રીજી

બાળક માહરે વચનથી રે, ન રાખ્યો ક્ષણ માત્ર ।
કર્મની જુઓ ગતિ રે, વિપરીત છે કિરતાર રે ક૦ ॥૧॥

સપરિકર મુજ શિષ્યને રે, માર્યા એણે દુષ્ટ ।
રાજા હણુવો મંત્રીને રે, ભરીયો કોપે કષ્ટ રે ક૦ ॥ ૨ ॥

મેં તે ફલ મુજને હુવે રે, તો દાહક કરનાર ।
થાજો ભવ મુજ આવતો રે, નિયાણું કર્યું ધરી પ્યાર રે ક૦ ॥૩॥

તવ મૃત અંધક મુનિવરા રે, હુઆ અગ્નિકુમાર ।
વાત સુણી ઇમ ચિંતવેરે, પુરંદરયશા નાર રે ક૦ ॥ ૪ ॥
ઓઘો ખરડ્યો રક્તથી રે, જાણી ભક્ષને હેત ।
અંબર ચઢિય ગૃધ્રચંચથી રે, પડીયો સ્વસા છે જેતરે ક૦ ॥૫॥
રજોહરણ તે ઓળખી રે, નિજ ભ્રાતનો તે જાણ
એ શું કીધું કારમું રે, રાજા પાપી અજાણ રે ક૦ ॥૬॥
વ્રત ગ્રહી પરલોક સાધીયો રે, પુરંદરયશા દેવ ।
અવધિએ જાણી કરી રે, અગ્રિમ મૃત્યુ સચીવ રે ક૦ ॥ ૭ ॥
દંડક રાયનો દેશ જે રે, કરે પ્રચંડ ગણુધાર ।
એ કે ઉણાં પાંચશે રે, પરિસહ સહે તિહાં સાર રે ક૦ ॥ ૮ ॥

કલશ

વધ પરિષહ ઋષિયે ખમ્યા, ગુરૂ અંધક જેમ એ ।
શિવ સુખ ચાહો જો જંતુ આ તવ, કરશો કોપન એમ એ ।
સંવત સપ્ત મુનીશ્વરે, વસુ ચંદ્ર (૧૧૭૭) વર્ષે પોષએ ।
માસ ષષ્ઠિ પ્રેમરાયે, ઋષભવિજય જગ ભાખએ ॥ ૯ ॥

સુભદ્રાસતીની સજ્ઝાય

ઢાલ પહેલી

નગરી તે એક ચંપાવતીરે, રાજા બુદ્ધિના નિધાનરે ।
લોકો તે સહુ સુખીયા વસેરે, તે ઘેર ધાન્યનો નહિ પારરે ॥૧॥
સમકિતશેઠ વસે તિહાંરે, તે ઘેર સુભદ્રા નારરે ।
સાસુની સેવા કરેરે, જાણે જનેતાએ માતરે ॥ ૨ ॥

મન વચન કાયાએ કરીરે, બીજા ભ્રાતને તાતરે ।
વૈશાખ સુદી ત્રીજનેરે, આહાર વહોરતા મુનિરાજરે ॥ ૩ ॥
માસખમણનું મુનિને પારણું રે, તરણું ખુચ્યું આંખ માંયરે ।
વાય વંટોળીએ ઉડે ઘણોરે, મુનિ આકુલવ્યાકુલ થાયરે ॥ ૪ ॥
એમાં સતીની નજરે પડેરે, તુરત આવ્યા ઘરની બહારરે ।
જીભેથી તરણું કાઢીયુંરે, મુનિને મુખે એંધાણુરે ॥ ૫ ॥
કુમતિ સાસુજી ઘેર આવીયારે, અવર ન જોયું બીજુ કોયરે ।
સજજાયેરે, બેઠો કાગનેરે, માખીયું હેલે જાયરે ॥ ૬ ॥

ઢાલ બીજી

મેં જાણ્યું વહુ છે નાનેરૂં બાળક કંઈ નથી જાણતી ।
કર્યા અનર્થ કામ અરે વહુ તેં શું કર્યું, ॥ ૧ ॥
લજવ્યો જૈન ધર્મ અરે વહુ તેં શું કર્યું ।
સાધુને ચડીયેલી આળ કુડા કલંક લાગીયા ॥ ૨ ॥
કરે શોષ અફશોષ સાસુ મન અતિ ઘણા ।
પતિને જમાડીને જમતી એવા ઢોંગ તેં બહુ કર્યા ॥ ૩ ॥
દીકરી તોલ ગણતીરે વહુરે તુજને ।
ન રહ્યું તેહનું પરિણામ અરે વહુ તેં શું કર્યું ॥ ૪ ॥

ઢાલ ત્રીજી

સાસુએ પુત્રને તેડાવીઓરે, કરે છે વિયોગની વાત ।
પુત્ર વધુ છે સોના સમીરે, શોભે નહિ ઘરવાસ ॥ ૧ ॥
માતાના વચન સુણીનેરે, કુંવર બોલે છે એમ ।
ગુણ વિના સિંધણશી લાકડીરે, ગુણ વિના નારી કજાત ॥ ૨ ॥

પિયુના વચન સતી સાંભળીરે, મનમાં ચિંતવે એમ ।
અઠ્ઠમ તપ હવે આદરૂંરે, ત્યારે ઉતરશે આળ ॥ ૩ ॥
અઠ્ઠમ તપ સતિએ આદર્યોરે, કાઉસ્સગ્ગ કીધો તેણીવાર ।
ત્યાંથી તો સતીજી ચાલીગયારે, જઈ રહ્યા નદિને કાંઠ ॥ ૪ ॥

ઢાલ ચોથી

સતી મનમાં ચિંતવે એમ, પાપ મેં તો બહુ કર્યારે ।
સતીને ચઢાવેલી આળ તેનારે પાપ જાગીયારે ।
કરે શોષ અફ્શોષ સતી મન અતિ ઘણારે, ॥ ૧ ॥

કર્યાં પાપ અનંતારે તેના પાપ નથી મટયારે ।
જીવના કર્યા જીવ ભોગવે તેમાં તો નથી મણારે ।
કરે શોષ અફ્શોષ સતી મન અતિ ઘણારે ॥ ૨ ॥

ભરડયા જીવ સોતા ધાન્ય અલગણુ જલ વાપર્યારે ।
સતીને ચઢાવેલાં આળ ધાવતા બાળ વિછુડીયારે ।
કુડી પુરી છે શાખ તેનારે પાપ જાગીયારે ।
કરે શોષ અફ્શોષ સતી મન અતિ ઘણારે ॥ ૩ ॥

ઢાલ પાંચમી

ઇંદ્રતણુ આસન ચલ્યું રે, સતીને ચઢાવેલ આળ ।
પોળ વસાવી નગરી તણીરે, ત્યારે ઉતરશેરે આળ ॥ ૧ ॥
ભુંગળ તો ભાંગે નહિરે, ગણુને લાગે નહિ ગાળ ।
નગરી લોક સહુ ટોળે મળ્યારે, આકુલવ્યાકુલ થાય ॥ ૨ ॥

વેગે પહોંચી છે વધામણીરે રાજા થયા છે નિરાશ ।
રાયે તે નિમિત્તીયાને તેડાવીયારે, જોશ જુઓ તેણીવાર ॥ ૩ ॥
જોશીએ જોઇને એમ કહ્યુંરે, સતી ઉઘાડશે પોળ ।
કાચે સુતરે ચાલણીરે, કુંભ સુતર જલને કાઢ ॥ ૪ ॥
તે એ પોળને છાંટશેરે, ત્યારે ઉઘડશે પોળ ।
રાજા તે મનમાં હરખીયારે, મુજ ઘેર ઘણી છે નાર ॥ ૫ ॥
નવશેં નવ્વાણુ મારે રાણીઓરે, સર્વેએ સતીઓ કહેવાય ।
રાજાએ વરઘોડો ચઢાવીએરે, ધામધુમનો નહિ પાર ॥ ૬ ॥
અંતે ઉર એકહું થયુંરે, રાણીઓ સર્વેએ જાય ।
કોઈ ચઢયું મંદિર માળીએરે, રાણીજી ચઢયા કુવાની કાંઠ ॥૭॥
કાચે સુતરે ચાલણીરે, તૂટી તૂટીરે જાય ।
એમ નવશેં નવ્વાણુ ચાલણીરે, પડી કુવાની માંય ॥ ૮ ॥
રાજા તે મનમાં ઉદાસ થયારે, નવસોએ ન સર્યાં કાજ ।
સમકિત શેઠને બારણેરે, સતી સુભદ્રા કહેવાય ॥ ૯ ॥
ઢોલી જઈ તિહાં ઢોલ ટીપેરે, પડહો ઝીલેરે મોરી માય ।
અઠ્ઠમતપ સતી પાળીનેરે, આવ્યા સાસુજીની પાસ ॥ ૧૦ ॥
લળીલળી સાસુજીને વિનવેરે, રજા આપોને મોરી માય ।
નફટ વહુ તુજને શું કહુંરે, નહિ નિર્લજને લાજ ॥ ૧૧ ॥
વળીવળી સાસુજીને વિનવેરે રજા આપોને મોરી માય ।
નવશેં નવ્વાણુ હેલે ગયારે આવ્યા કાચીડે રાજ ॥ ૧૨ ॥
કોઇના કીધા હુંના માનુંરે, નજરે ન જોયેલા કામ ।
વહુ સાસુજીને વિનવેરે, રજા આપોને મોરી માય ॥ ૧૩ ॥

જારે નફટ વહુ પડહો ઝીલોરે, નહિ આવું તાહરી સાથ ।
વહુ સાસુજીને વિનવીરે, પડહો ઝીલ્યો સતીએ આજ ॥ ૧૪ ॥
રાજાએ રથ મેણા મોકલ્યારે, બેસીને આવો મોરી માય ।
સાસુજી બેઠા રથમાંરે, સતી ચાલતાં જાય ॥ ૧૫ ॥
કોઈ ચઢયું મંદિર માળીએરે, સતી ચઢયા કુવાની કાંઠ ।
કલાવતીના કર સાધીયારે, સતી સીતાની લાજ ॥ ૧૬ ॥
જો સત હોય પ્રભુ માહરૂંરે, તો રાખજો મુજ લાજ ।
નવકાર મંત્ર ગણી કરીરે, ચાલણી મેલી કુવાની માંહ્ય ।
કાચે સુતરે ચાલણીને, કુંભ સુતર જલને કાઢ ॥ ૧૭ ॥

ઢાલ છઠ્ઠી

પહેલી તે પોળે સતી આવીયારે, ત્યાં તો છાંટયા છે નીરરે પ્રાણી ।
તરત ઉઘડી છે પોળરે પ્રાણી, શીયલનો મહિમા ॥ ૧ ॥
બીજી તે પોળે સતી આવીયારે, ત્યાં તો છાંટયા નીરરે પ્રાણી ।
તરત ઉઘડી છે પોળરે પ્રાણી, શીયલનો મહિમા ॥ ૨ ॥
એમ છએ પોળ ઉંઘાડીનેરે, સાતમી કર્યો વિચાર ।
કોઈ પિયર કોઈ સાસરેરે, કોઈ હશે માને મોસાળરે પ્રાણી ।
તે ઉઘાડશે પોળરે પ્રાણી, શીયલનો મહિમા ॥ ૩ ॥
હીરવિજય ગુરૂ એમ કહેરે, જે પાળશે શીયલ વ્રતરે ।
તે કરશે ધારેલા કામરે પ્રાણી, શીયલનો મહિમા ॥ ૪ ॥

શ્રી શ્રેણિક રાજાની સજ્ઝાય

દુહા–શ્રેણીકને સમકિત નહિ, તેહ સમેરી વાત ।
શ્રોતા સુણજો કાન દઈ, સ્થિર કરી મન વચ કાય ॥ ૧ ॥

રાજગૃહી નગરી વસે, શ્રેણીક તિહાં રાજન ।
રાણી તેહની ચેલણા, સકલ ગુણોની ખાણ ॥ ૨ ॥

॥ ઢાલ ૧ ॥ રાણી ચિત્ત મોઝાર, કરે અનેક વિચાર ।
આછેલાલ રાજા સમકિત કિમ લહેજી ॥ ૧ ॥
રાજા ચિત્ત મિથ્યાત, ભાવે અધિકિ વાત ।
આ૦ એકદિન રાણીને કહેજી ॥ ૨ ॥
આજ ગયો ગુરૂ પાસ, ઉપન્યું કેવલ જ્ઞાન ।
આ૦ માતપિતા સ્વર્ગે ગયાજી ॥ ૩ ॥
તારા તાતનો તાત, વળી પેઢાની ભાત ।
આ૦ ઈણહીજ વન હિરણ્ય થયુંજી ॥ ૪ ॥
રાણી કહે એ વાત, સાચી હશે શું નાથ ।
આ૦ કેવળી દેખવા જાવશુંજી ॥ ૫ ॥
વાંદવા ગયા દોય સાથ, પૂછી સઘળી વાત ।
આ૦ નોતરૂં દેઈ ઘરે આવીયાજી ॥ ૬ ॥
તાપસ બહુ પરિવાર, આવંતો હર્ષ અપાર ।
આ૦ રાણીને સમજાવશુંજી ॥ ૭ ॥
રાણી દાસીને કહે આપ, મોજડી તાપસની કાપ ।
આ૦ ખીર બનાવો ઊમદાજી ॥ ૮ ॥
તાપસ સહુ પરિવાર, જમતાં હર્ષ અપાર ।
આ૦ રાણીના ગુણ ઉચ્ચરેજી ॥ ૯ ॥
જમીને ચાલ્યા જાય, ગુરૂ કરો કહે રાય ।
આ૦ આજે દહાડો નવિ ભલોજી ॥ ૧૦ ॥

મોટો તાપસ તેણીવાર, મોજડી જુવે વારંવાર ।
આ૦ રાજા મન શંકા પડીજી ॥ ૧૧ ॥
રાણીને પૂછે રાય, મોજડી કિસવિધ જાય ।
આ૦ રાણી કહે એ કેવલીજી ॥ ૧૨ ॥
શરમાણો તિહાં રાય, ધર્મ તાપસનો જાય ।
આ૦ જીવ લઈ કોલે પડ્યોજી ॥ ૧૩ ॥
તારો મેલો ધર્મ, ભૂંડો જેહનો ભર્મ ।
આ૦ રાણી તેં કેમ ધારીયોજી ॥ ૧૪ ॥
રાણી ભાંખે તામ, ઇમ મત બોલો સ્વામ ।
આ૦ કર્મ બંધન છે આકરોજી ॥ ૧૫ ॥
તારો ધર્મ છે જેહ, બૌદ્ધ કહાવે તેહ ।
આ૦ ભક્ષ કરાવે હાથી તણોજી ॥ ૧૬ ॥
એહવા ગુરૂ તુમ રાય, જેહના સાથી થાય ।
આ૦ તે કિમ તરશે બાપડાજી ॥ ૧૭ ॥
રાજા ભાખે એમ, નહિ તાહરા ગુરૂને નેમ ।
આ૦ પરનારીને ભોગવેજી ॥ ૧૮ ॥
અવસરે દેશું બતાય, અભક્ષ્ય તે નિત્ય ખાય ।
આ૦ રાણી કહે તે માહરા નહિજી ॥ ૧૯ ॥
છલ દેખે નિત્ય રાય, જૈનમુનિ કોઈ આય ।
આ૦ લાજ ગુમાવું તેહનીજી ॥ ૨૦ ॥
નવિ દેખે કોઈ ગુજ, રાજા થયો અબુજ ।
આ૦ એક દીન રમવા નીકળ્યોજી ॥ ૨૧ ॥

વનમાં મંદીર એક, કાઉસ્સગ્ગ રહ્યો મુનિ દેખ ।
આ૦ વેશ્યા આણી તીણે સમેજી ॥ ૨૨ ॥
ઘાલી મંદીર માંહી, તાળુ દીધું ત્યાંહી ।
આ૦ રાજા આવાસે ગયોજી ॥ ૨૩ ॥
કાઉસ્સગ્ગ પાર્યો મુનિરાય, જાણ્યો સર્વ અભિપ્રાય ।
આ૦ જૈનધર્મની હાંસી હુએજી ॥ ૨૪ ॥
અવસરે આવ્યો કપટ, કરી મુનિ વેષ પલટ ।
આ૦ સર્વ કુશલ શ્વેતાંબરાજી ॥ ૨૫ ॥
દુહા મુનિવર મનમાં ચિંતવી, જાલા ગુંથી રાય ।
લબ્ધિ ઈહાં નહિ ફોરવું, ધર્મકી હાનિ થાય ॥ ૧ ॥

ઢાલ બીજી

લબ્ધિ ફોડી મુનિ કિયો વિસ્તાર, અગ્નિ લગાઈ તેણી વાર ।
ભભુતિ બનાઈ ચોલી અંગ, વન બેઠો બાવાનો ધીંગ ॥ ૧ ॥
સીંગીજટા બનાઈ મજબુત, વન બેઠો જોગી અબધૂત ।
સિંધૂર ટીકી અખીયા લાલ, બીછાઈ બેઠો ચિત્રશાલ ॥ ૨ ॥
હાથ કમંડલ પગ પાવડી, સેલી જટા બનાઈ બેવડી ।
રુદ્રાક્ષની માલા લોહનો કડો, આગળ લઇ બેઠો લાખનો ઘડો ॥૩॥
મુજ કંદોરો કાષ્ટ લંગોટ, વળી બનાયા ભભૂતના ગોટ ।
વિજયા કુંડીને ત્રિદંડીયું, લોહતણો કીધો ચીપીયો ॥ ૪ ॥
વલ્કલચીરીની વીંટી છાલ, ઓઢી બેઠો ચિત્રાકી ખાલ ।
ધગ્ ધગ્ ધુની ધીખાઈ તામ, ચલમ તમાકુ મેલ્યા ઠામ ॥ ૫ ॥
અડગ હોય જબ માંડ્યો જાપ, અલખ જગાવી બોલ્યા આપ ।
મુજથી અલગી રહેજે નાર, રખે કાયા હોવે તારી છાર ॥ ૬ ॥

થર થર ધ્રૂજે વેશ્યા નાર, કઠીન એ મુજ લાગ્યો લાર ।
જો જો હવે નીકળું દેહરા બાર, તો હું આવી નવે અવતાર ।।૭।।
રાજા રાણીને બોલીયો, તારા ગુરૂનો ચરિત્ર જુઓ ।
વેશ્યા ઘાલી મંદિર માંહિ, પ્રત્યક્ષ જઈને જુઓ ત્યાંહી ।। ૮ ।।
રાણી કહે રાજા તીણ ઠાય, તારા ગુરૂ હશે મહારાય,
મારા ગુરૂની પુરી પતિત, ધર્મતણી એ રાખે રીત ।। ૯ ।।
રાજાએ ઢંઢેરો ફેરીઓ, લોક બહુ તિહાં જોવાને મલ્યો ।
રાજા રાણી હર્ષ અપાર, જઈ બોલ્યા દહેરાના બાર ।। ૧૦ ।।
અલખ જગાવી નીકળ્યો બાર, ધક્કે જોગી લારે વેશ્યાનાર ।
રાજાજી હાંકો બાંકો થીયો, કઠીન પેઠો ને કઠીન ગયો ।। ૧૧ ।।
રાણી રાયને બોલી હસી, તારા ગુરૂની વાત જ ઈસી ।
ઇસ્યા ગુરૂ તાહરા મહારાજ, પરનારી શું કરે અકાજ ।। ૧૨ ।।
રાજાએ મુખ નીચો ઢાલીઓ, રાણીએ સમકિત સન્મુખ કીધો ।
ધન્ય ધન મોટા ઋષિરાય, ધર્મ તણી તેં રાખી લાજ ।। ૧૩ ।।
એક દિન રાજા વનમાં જાય, મુનિ અનાથી દેખ્યા ત્યાંય ।
પૂછી વૃત્તાંતને જાણ્યો ધર્મ, મિથ્યાત્વતણો તિહાં ભાંગ્યો ભર્મ ।।૧૪।।
સમકિત પામ્યો તેહની પાસ, ઉત્તરાધ્યયને જો જો એ ખાસ ।
પાંચ પ્રકારે કુગુરૂ વળી, અવંદનીય ત્યાં ભાખ્યા કેવલી ।।૧૫।।
સુણી વાત સમકિત દૃઢ કરે, તો તે નિશ્ચય શિવપદ વરે ।
વીરજિણંદની એ છે વાણ, ધન્ય ધન્ય પ્રાણી તે ગુણ ખાણ ।।૧૬।।
રૂચિ પ્રમોદે સમકિત લહે, ધનમુનિ કીર્તિવિજય સમ શોભા લહે ।
સર્વ ધર્મમેં સમકિત સાર, નિશ્ચે પામે મોક્ષ દ્વાર ।। ૧૭ ।।

શ્રી સનત્કુમાર ચક્રવર્તિની સજ્ઝાય

ઢાલ પહેલી

કુરૂદેશે ગજપુર ઠામે, તિહાં સનત્કુમાર એવે નામે ।
ચક્રવર્તિ બેઠો સોહે, તનુ તે જે ત્રિભુવન મોહે ॥ ૧ ॥
રૂપવંત માંહે એક રેખ, વખાણ્યો ઇંદ્રે વિશેષ ।
સુરપતિની સાંભળી વાણી, મનમાંહે સંશય આણી ॥ ૨ ॥
દોય દેવ ભરાણા બેઠે, આવ્યા તિહાં બ્રાહ્મણ વેષે !
નાહવા બેઠો રાજેન્દ્ર, જાણે ઉગ્યો પુનમનો ચંદ ॥ ૩ ॥
નજર માંડીને નીરખે, રૂપ દેખીને મન હરખે ।
અહો અહો એહનું રૂપ, ત્રિભુવન માંહે અનૂપ ॥ ૪ ॥
વિધાતાએ હાથે ઘડીયો, પુન્યે એ નજરે પડીયો ।
બોલાવે જબ રાજેન્દ્ર, તબ વિપ્ર કહેતે વચન ॥ ૫ ॥
તુજ રૂપ જોવા મહારાજ, દૂરથી આવ્યા અમો આજ ।
શું જુઓ છો સસનેહી, બેરે પીઠી ખરડી મુજ દેહી ॥ ૬ ॥
શિર છત્ર ધરાવું જ્યારે, માહરૂં રૂપ જોજે ત્યારે ।
આભૂષણ પહેરી અંગે, સભા માંહી બેસી રંગે ॥ ૭ ॥
વેગે તે વિપ્ર તેડાવ્યા, તે પણ તત્કાલ તિહાં આવ્યા ।
તવ વિપ્ર કહે તે વાણી, સુન સુન હો ચક્રી પ્રાણી ॥ ૮ ॥

ઢાલ બીજી

એવડો શ્યો અંતર દીશે, તવ ચક્રી બોલ્યો રીસે ।
તુમે પશ્ચાત બુદ્ધિ કહાવો, વલી વિપ્ર તે નામ ધરાવો ॥ ૧ ॥

પારખું કરી શું જાણો, આભૂષણે રૂપ પલટાણો ।
તવ દેવ કહે સુણો સ્વામી, તાહરા રૂપ માંહે થઈ ખામી ।। ૨ ।।
સોળ રોગ મહા વિકરાલ, ઘટમાં આવ્યા તત્કાલ ।
એમ સુણીને એને થાય, મનમાં કળકળીયો રાય ।। ૩ ।।
તંબોલ થુંકીને પેખે, ટળવળતા કીડા દેખે ।
હય ગય રથ રમણી પાળા, વળી બત્રીશ સહસ ભૂપાળા ।।૪।।
સહસ પચવીશ યક્ષ જીવારૂ, છ ખંડનું રાજ દીદારૂ ।
દેશ નગર ને ગરથ ભંડાર, તે તો વોસરાવ્યા તેણીવાર ।। ૫ ।।
શ્રી **સનતકુમાર** સોભાગી, દીક્ષા લીયે વૈરાગી ।
મનથી મૂકી સવે માયા, એકાકી કસી કાયા ।। ૬ ।।

ઢાલ ત્રીજી

શેઠ સેનાપતિ વાધીયારે, મુગટ પુરી રાજન બે ।
કેડ ન મૂકે કામની રે, પુરોહિતને પ્રધાન બે ।
પ્રાણજીવન ઘેર આવના, આવના બે દિલ લાવના બે પ્રાણ૦।।૧।।
અર્જ કરે રાણી રાજીયા, વિનતિ કરે કરજોડ બે ।
આંસુ ઢાળી કરે અંગના, સામું જુવો એકવાર બે પ્રાણ૦।।૨।।
ઠમક ઠમક પગલાં ઠવે, નયણે વરસે મેહ બે ।
સ્ત્રીરત્ન કહે સાહિબા, છટકી નદી ને છેહ બે. પ્રાણ૦।।૩।।
એક લાખને ઉપરે, બાળા બાણું હજાર બે ।
દાંતે દીયેા દશ અંગુલી, વિનવે વારંવાર બે પ્રાણ૦।।૪।।
અંતે બોળા પથરે, વિનંતિ કરે કરજોડ બે ।
એકવાર બોલો તાતજી, એમ કહે સુત સવા ક્રોડ બે પ્રા૦।।૫।।

શિર ઉપર છત્ર ઢળે, ચામર વીંજે બેહુ પાસ બે ।
એમ કેડે ફરતા થકાં, વહી ગયા ષટ માસ બે પ્રાણુ૦।।૬।।
ન જુવે સામુ બોલે નહિ, તવ વંદીને પાય બે ।
સહુ સહુને સ્થાનકે ગયા, વિહાર કરે ઋષીરાય બે પ્રાણુ૦।।૭।।

ઢાલ ચોથી

ધન ધન **સનતકુમારને**, ઇંદ્ર સભામાં પ્રશંસરે ।
કર્મ અડીયાસી આપણાં, પણ પરિગ્રહ શું ન પ્રેમ રે ધન૦ ૧
ઇંદ્ર વચન અણુમાનતો, વૈદ્ય રૂપે આવ્યો દેવ કોય રે ।
પણ છલે ન પડચા સાધુજી, અનેક ઉપાય કરી થાકચો સોયરે ધન૦ ૨
થુંક અડયું જેને સ્થાનકે, સોના વરણી થાય દેહ રે ।
લબ્ધિ દેખી ઋષિરાયની, દેવલોકે દેવ ગયા તેહ રે ધન૦ ૩
ષટ્‌ખંડ પૃથ્વી ભોગવી, ચક્રીપણે વર્ષ દોય લાખ રે ।
લાખ વર્ષ દીક્ષા વરી, પાળી તે શાસ્ત્રની શાખ રે ધન૦ ૪
સાતસેં વર્ષ લગે જેહને, રોગ પરિસહ સહ્યા રંગ રે ।
પણ ઉપચાર કીધો નહિ, સમતાશું રાખ્યો મન સંગ રે ધન૦ ૫
પહોંચ્યો દેવલોક ત્રીજીએ, ચારિત્ર પાળી નિરતિ–ચાર રે ।
એક ભવને આંતરે, મુક્તિ જશે તે નિરાધાર રે ધન૦ ૬
શ્રી **ધર્મનાથના** શાસને, ઉદ્યોતકારી થયો ઋષિરાય રે ।
ઉદયરત્ન ઋષિરાયના, કરજોડીને વંદે પાય રે ધન૦ ૭

।। શ્રી સનતકુમારની સજ્ઝાય સંપૂર્ણ ।।

શ્રી ગૌતમ સ્વામીના વિલાપની સજ્ઝાય

આધારજ હુંતોરે એક મુને તાહરોરે હવે કુણ કરશેરે સાર ।
પ્રીતડી હુંતીરે પહેલા ભવતણીરે તે કેમ વીસરીરે જાય આ૦।।૧।।
મુજને મેલ્યેારે ટળવળતો ઈહાંરે, નથી કાંઈ આંસુ લેાવણહાર ।
ગૌતમ કહીને કેાણ બેાલાવશેરે, કેાણ કરશે મેારી સાર અ૦।।૨।।
અંતરજામીરે અણઘટતું કર્યું રે, મુજને મેાકલીયેા ગામ ।
અંતકાલેરે હું સમજ્યેા નહિ રે, જે છેહુ દેશે મુજને આમ આ૦।।૩।।
ગઇ હવે શેાભારે ભરતના લેાકનીરે, હું અજ્ઞાની રહ્યો છું આજ ।
કુમતિ મિથ્યાત્વીરે જિમ તિમ બેાલશેરે,
કુણ રાખશે મેારી લાજ આ૦।।૪।।
વળી શૂલ પાણીરે અજ્ઞાની ઘણેારે, દીધું તુજનેર દુઃખ ।
કરૂણા આણીરે તેહના ઉપરરે, આપ્યું બહેાળુંરે સુખ આ૦।।૫।।
જે **અઇમુત્તો**રે બાળક આવીયેારે, રમતેા જલસ્યુંરે તેહ ।
કેવલ આપીરે આપ સમેા કીયેારે, એવડેા કર્યેા તસ સ્નેહ આ૦।।૬।।
જે તુજ ચરણે આવી ડંસીયેારે, કીધેા તુજને ઉપસર્ગ ।
સમતા વાળીરે તે **ચંડકેાશી**યેારે, પામ્યેા આઠમેા સ્વર્ગ આ૦।।૭।।
ચંદનબાળારે અડદના બાકુળારે પડિલાભ્યા તુમે સ્વામ ।
તેહને કીધીરે સાહુણીમાં વડીરે, પહેાંચાડી શિવધામ આ૦ ।।૮।।
દિન ત્યાશીના માતપિતા હુવારે, બ્રાહ્મણ બ્રાહ્મણી દેાય ।
શિવપુર સંગીરે તેહને તેં કર્યા રે, મિથ્યા મલ તસ ધેાય આ૦ ।।૯।।
અર્જુનમાળીરે જે મહાપાતકીરે, મનુષ્યનેા કરતેા સંહાર ।
તે પાપીને પ્રભુ તમે ઉદ્ધર્યેારે, કીધેા ઘણેા સુપસાય આ૦ ।।૧૦।।

જે જલચારીરે હુંતો દેડકોરે, તે તુમ ધ્યાન સોહાય ।
સોહમવાસીરે તેં સુરવર કીયોરે, સમકિત કેરે સુપસાય આ૦ ॥૧૧॥
અધમ ઉદ્ધર્યારે એહવા તેં ઘણારે, કહું તસ કેતારે નામ ।
માહરે તાહરા નામનો આશરોરે, તે મુજ ફલશેરે કામ આ૦ ॥૧૨॥
હવે મેં જાણ્યુંરે પદ વીતરાગનુંરે, જો તેં ન ધર્યોરે રાગ ।
રાગ ગયેથી ગુણ પ્રગટ્યા સવેરે,
તે તુજ વાણી મહાભાગ આ૦ ॥ ૧૩ ॥
સંવેગ રંગીરે ક્ષપક શ્રેણીએ ચઢયોરે, કરતો ગુણનો જમાવ ।
કેવલ પામ્યા લોકાલોકનારે, દીઠા સઘળારે ભાવ આ૦ ॥ ૧૪ ॥
ઇંદ્રે આવીરે જિનપદે થાપીયોરે, દેશના દીયે અમૃતધાર ।
પર્ષદા બુઝીરે આતમ રંગથીરે, વરીયા શિવપદ સાર આ૦ ॥૧૫॥

શ્રી બળભદ્રની સજ્ઝાય

શા માટે બંધવ મુખથી ન બોલો, નયણે આંસુડાની ધાર મુરારીરે ।
પુણ્ય જોગે દહિયો એક પાણી,
જડયો છે જંગલ જ્યોત મુ૦ શા૦ ॥ ૧ ॥

ત્રિકમ રીસ ચઢી છે તુજને, વનમાં હે વનમાળી મુ૦
વડી વારથી મનાવું છું વહાલા તુને,
વચન ન બોલ ફરીવાર મુ૦ શા૦ ॥ ૨ ॥

નગરી દાઝીને શોધ ન લાગી, મારી વાણી નિસુણી વહાલા મુ૦
આ વેળામાં લીધા અબોલા,
કાનજી કાં થયા કાલા મુ૦ શા૦ ॥ ૩ ॥

શી શી વાતો કહું શામળીઆ, વિઠ્ઠલજી આ વેળા મુ૦
શાને કાજે મુજને સંતાપો,
હરિ હસી બોલોને હેળા મુ૦ શા૦ ॥ ૪ ॥

પ્રાણ અમારા જાશે પાણીવિના, અધઘડીને અણબોલે મુ૦
આરતી સઘળી જાયે અલગી, બાંધવ જો તું બોલ મુ૦ શા૦ ॥૫॥
કુટુંબ સંહાર થયો માતાપિતા દેવલોકે, વલવલતાં વિસ્મિત વાટ મુ૦
સંકટ પડ્યું સહાય નથી કોઈની, એકલડા નિરાધાર મુ૦ શા૦ ॥૬॥

ત્રણ ખંડ નમાવીને વૈર વસાવ્યું, નથી ઉભા રહેવાનું ઠેકાણું મુ૦
પાંડવને દેશ નિકાલો કીધો,
નથી કોઈ બાંહ્ય ગ્રહણ હાર મુ૦ શા૦ ॥ ૭ ॥

જરકશીના જામા પહેરતા, પીળા પીતાંબર સોહે મુ૦
માથે મુગટ શિર છત્ર ધરંતા, ચઢતા સ્વારી શ્રીકાર મુ૦ શા૦ ॥૮॥

રસ વતી રસ ભોજન કરતાં, મુખવાસ મન ગમતાં મુ૦
ગલવટ ગાદી સુંવાળી ચાદર, પોઢતાં સેજ પલંગ મુ૦ શા૦ ॥ ૯ ॥

ભરી કચેરીમાં જઈ ધસમસતા, કોડી પરિજન સેવા સારે મુ૦
સોળ હજાર રાણી સાથે સુખવિલસતા,
રૂકિમણી મુખ્ય પટરાણી મુ૦ શા૦ ॥ ૧૦ ॥

એહવા સંસારમાં લીલા કરતાં, દૈવદાટ શિરવાળી મુ૦
માતાપિતાને વિયોગે વિલખિત, પૂરવ કર્મ વિપાક મુ૦ શા૦ ॥૧૧॥

ભૂખ તૃષાની વેદના સહેતાં, એ દુઃખથી સહુ દિલગીર મુ૦
એક હુંકારે હજારો ઉઠતાં, આજ રહ્યો એકાકાર મુ૦ શા૦ ॥૧૨॥

આકુળવ્યાકુળ ચિત્ત ઉચાટન, શૂરવીરની મત છૂટા મુ૦

બળવંત **બળભદ્ર** હારણ સાંનિધ્ય,
કાંઈ કરો કરૂણાય મુ૦ શા૦ ॥ ૧૩ ॥
જંગલ વાસ વન અટવીમાં ભમતાં, ભ્રાત શાણા ચતુર થઈ ચૂકો મુ૦
મુજ ઉપર શું કોપ કરીને, એકવાર દુઃખ મૂકો મુ૦ શા૦ ॥૧૪॥
ચારે તરફની દિશાઓ દેવાણી, દુઃખમાં નથી રહી ખામી મુ૦
આગળ પથરા પાછળ છે કાંટા, વેળુમાં કરી પથારી મુ૦ શા૦ ॥૧૫॥
સાંજવેળા **જરાકુમરે** ત્યાં આવી, મૃગની ભ્રાંતિએ બાણ માર્યું મુ૦
કૃષ્ણ કહે એ કોણ મુજ વયરી,
વિણ અપરાધે બાણ માર્યું મુ૦ શા૦ ॥ ૧૬ ॥
કહે **જરાકુમાર** હું નહિ તુજ વૈરી,
નેમનાં વચન કેમ થાય ખોટાં મુ૦
કૃષ્ણ કહે આલ્યો કૌસ્તુભ મણી,
જાઓ પાંડવ ચરણે ધાઈ મુ૦ શા૦ ॥ ૧૭ ॥
ધરતીની ધારણા આભના આધારે, પાણી વિના વલવલતા મુ૦
એમ રૂદન કરતાં **બલભદ્રજી**, કૃષ્ણને ખંધે ચઢાવી મુ૦ શા૦ ॥૧૮॥
ષટ માસ લગે પાળ્યો છબીલો, હૈયા ઉપર અતિ હેતે મુ૦
સિંધુ તટે સુરને સંકેતે,
હરિ દહન કર્મ શુભ રીતે મુ૦ શા૦ ॥ ૧૯ ॥
સંયમ લઈ ગયા દેવલોકે, કવિ **ઉદયરત્ન** એમ બોલે મુ૦
સંસારમાંહિ બલદેવ મુનિને, કોઈ ન આવે તોલે મુ૦ શા૦ ॥૨૦॥

।। દ્વારિકા નગરીની સજ્ઝાય ।।

દોનું બંધવ આરડે, દુઃખ ધરતા મન માંહે ।
બલતી દેખી દ્વારિકા, કીજે કવણ ઉપાય ।। ૧ ।।
રતન ભીંત સોવન તણી, તેહ બલે તત્કાલ ।
સોવન થંભા કાંગરા, જાણે બલે પરાલ ।। ૨ ।।

ઢાલ પહેલી

બલતી દ્વારિકા દેખીરે, ભાઈ ઘણા થયા દિલગીર ।
છાતી તે લાગી ફાટવારે,
ભાઇ નયણે વછુટ્યા નીરરે માધવ ઇમ બોલે ।। ૧ ।।
બે બંધવ મલીને તીહાંરે, ભાઈ વાત કરે કરૂણાય ।
દુખ સાલે દ્વારિકા તણુરે, ભાઈ અબ કીજે કવણ ઉપાયરે ।।માળા૨।।
કિહાંરે દ્વારિકાની સાહિબીરે, ભાઈ કીહાં ગજદલનો ઠાઠ ।
સજ્જનનો મેલો કિહાંરે, ભાઈ ક્ષણુમાં હુઆ ઘણા ઘાટરે ।।માળા૩।।
હાથી ઘોડા રથ બલેરે, ભાઈ બેંતાલી બેંતાલીસ લાખ ।
અડતાલીસ ક્રોડ પાલા હુતારે, ભાઈ ક્ષણુમાં હુઈ ગયા રાખરે ।।માળા૪।।
હલધરને હરજી કહેરે, ભાઈ ધિગ્ કાયરપણું મોય ।
નગરી બલે મુજ દેખતાંરે, ભાઈ જોર મુજ ન ચાલે કોયરે ।।માળા૫।।
નગરી બલે મુજ દેખતાંરે, ભાઈ રાખી ન શકું રે જેમ ।
ઇંદ્ર ધનુષ મેં ચઢાવીયું રે, ભાઈએ બલ ભાગ્યું કેમરે ।।માળા૬।।
જાણી દીશી જોવે તિણ દિશેરે, ભાઈ સેવક સહસ અનેક ।
હાથ જોડી ઉભા ખડારે, ભાઇ આજ ન દીસે એકરે ।।માળા૭।।

મોટા મોટા રાજવીરે, ભાઈ શરણે રહેત આય ।
ઉલટો શરણો તાકીયોરે, ભાઇ વેરણ વેલા આયરે ।। મા૦ ।। ૮ ।।

વાદલ વીજતણી પરેરે, ભાઈ ઋદ્ધિ બદલાયે સોય ।
ઈણ દોહીલીમાં આપણોરે, ભાઈ સગો ન દીસે કોયરે ।।મ૦।।૯।।
મહેલ ઉપગરણ આયુધ બલેરે, ભાઈ બલે સહુ પરિવાર ।
આ આપદા પુરી પડીરે, ભાઈ કીજે કવણ વિચારરે ।।મા૦।।૧૦।।

વળતાં હલધર ઈમ કહેરે, ભાઇ પ્રગટયાં પૂર્વનાં પાપ ।
બીજું તો સઘળું રહ્યુંરે, ભાઈ માંહે બળે માય બાપરે ।।મા૦।।૧૧।।

દોનું બાંધવ માંહે ધસ્યારે, ભાઈ નગરીમાં ચાલ્યા જાય ।
રથ જોડી તેણે સમેરે, ભાઈ માંહે ઘાલ્યા માત તાતરે ।।મા૦।।૧૨।।

દોનું બાંધવ જુતિયારે ભાઈ, આવ્યા પોળની માંય ।
બંધવ બહાર નીકળ્યારે, ભાઈ દરવાજે પડિયો આયરે ।।મા૦।।૧૩।।
પાછું વળી જુએ તીહાંરે ભાઇ ઘણા થયા દિલગીર ।
છાતી તે લાગી ફાટવારે, ભાઈ નયણે વછુટયાં નીરરે ।।મા૦।।૧૪।।

હળધરને હરજી કહેરે, ભાઈ સાંભળ બંધવ વાત ।
કિણ દીશી આપણે જાઇશુંરે, ભાઈ તે દિશ મોય બતાયરે ।।મા૦।।૧૫।।
વચન સુણી **માધવ** તણુંરે ભાઈ **હળધર** બોલે એહ ।
પાંડવ ભાઈ **કુંતા**તણોરે, ભાઈ અબ જાઇયે તેહને ગેહરે ।મા૦।૧૬।

વયણાં સુણી હળધર તણાંરે, ભાઈ માધવ બોલે એમ ।
દેશવટો દેઈ કાઢીયારે, ભાઈ તે ઘર જાઓ કેમરે ।। મા૦ ।।૧૭।।
વલતા હળધર ઈમ કહેરે, ભાઇ દેખી હોશે દિલગીર ।
તે કિમ અવગુણ આણશેરે, ભાઈ ગિરૂઆ ગુણગંભીરરે ।।મા૦।।૧૮।।

તેં તેહનાં કારજ કિયાંરે, ભાઈ ઘાતકી ખંડમાં જાય ।
દ્રૌપદી સોંપી આણીનેરે, ભાઈ તે કેમ ભુલશે ભાયરે ॥માળા૧૯॥
અહંકારી સીર સેહરારે, ભાઇ એહવી સંપદા થાય ।
તે નર પાળા ચાલિયારે, ભાઈ આપદા પડી બહુ આયરે ॥માળા૨૦॥
પાંડવ મથુરાં પ્રગટી જિહાંરે, ભાઇ અગ્નિખુણ સમુદ્રની તીર ।
તીણ નગરી ભણી ચાલીયારે, ભાઈ બંધવ બેહુ સધીરરે ॥માળા૨૧॥
જે નર સવ્યાએ પોઢતારે, ભાઈ તે નર પાલા હોય ।
કરજોડી વિનયવિજય ઈમ ભણેરે, ભાઈ આ ભવ પાર ઉતારરે ।
—માધવ ઈમ બોલે ॥ ૨૨ ॥

શ્રી ધન્ના અણગારની સજ્ઝાય

ચરણકમલ નમી વીરનારે, પૂછે શ્રેણિકરાય મુનિશ્યું મન માન્યો ।
ચૌદ સહસ મુનિ તાહરેરે, અધિકો કુણ કહેવાય મુનિ૦ ॥ ૧ ॥
જિન કહે અધિકો માહરેરે, ધન ધન્નો અણગાર મુ૦
ઋદ્ધિ છતી જેણે પરિહરીરે, તરૂણી તજી પરીવાર મુનિ૦ ॥૨॥
સિંહ તણી પરે નીકળી રે, પાલે વ્રત સિંહ સમાન મુ૦
ક્રોધ લોભ માયા તજીરે, દૂર કીધો અભિમાન મુનિ૦ ॥ ૩ ॥
મુજ હાથે સંયમ ગ્રહીરે, પાળે નિરતિચાર મુ૦
છઠ્ઠ છઠ્ઠ આંબિલ પારણેરે, લીયે નિરસ આહાર મુ૦ ॥ ૪ ॥
કોઈ ન વંછે માનવીરે, તેવો લીયે આહાર મુ૦
ચાલંતા હાડ ખડખડેરે, જિમ ખાખરના પાન મુ૦ ॥ ૫ ॥
સક્કર ભર્યું જેમ કોચલુંરે, તિમ ધન્ના મુનિનું વાન મુ૦
પંચ સમિતિ ત્રણ ગુપ્તિસુંરે, રંગે રમે નિશદિન મુ૦ ॥ ૬ ॥

સર્વાર્થસિદ્ધ સુખ પામીયારે, ધન ધન્નો અણગાર મુ૦
નવમે અંગે જેહનોરે, વીર કહ્યો અધિકાર મુ૦ ॥ ૭ ॥
પંડિત જિનવિજય તણોરે, નમે તેહને વારોવાર મુ૦
પ્રાતઃ ઉઠીને તેહનુંરે, નામ લીજે સુવિચાર મુ૦ ॥ ૮ ॥

શ્રી સ્થુલિભદ્રજીની સજ્ઝાય

વેષ જોઈને સ્વામી આપણો લાગી મારા તનડામાં લાયજી ।
અણધાર્યું રે સ્વામી આ શું કર્યું,
લાજે સુંદર કાયજી, કોણેરે ધૂતારે તમને ભોલવ્યા ॥ ૧ ॥
આવી ખબર જો હોત તો, જાવા દેત નહી નાથજી ।
છેતરી છેહ દીધો મને, પણ હું છોડું નહી સાથજી કોણે૦॥૨॥
બોધ સુણી સુગુરૂ તણો, લીધો સંયમ ભારજી ।
માતપિતા પરિવાર સહુ,
જુઠો આળ પંપાળજી, નથીરે ધુતારે મને ભોલવ્યો ॥ ૩ ॥
એવું જાણીને કોશા સુંદરી, ધર્યો સાધુનો વેષજી ।
આવ્યો ગુરૂની આજ્ઞા લઈ, દેવા તને ઉપદેશજી નથીરે૦ ॥ ૪ ॥
કાલે સવારે ભેગા રહી, લીધાં સુખ અપારજી ।
તે તમે બોધ દેવા આવીયા,
જોગ ધરીને આવારજી, જોગરે સ્વામીજી ઈહાં નહિ રહે ॥ ૫ ॥
કપટ કરીને મને છોડવા, આવ્યા તમે નિરધારજી ।
પણ છોડું નહિ કદી નાથજી, નથી નારી ગમારજી જોગરે૦ ॥૬॥

છોડ્યા માતપિતા વળી, છોડ્યો સહુ પરિવારજી ।
ઋદ્ધિ સિદ્ધિરે મેંતો તજી દીધી,
માની સઘળું અસારજી છેટી રહીરે કર વાત તું ॥ ૭ ॥

જોગ ધર્યોરે અમે સાધુનો, છોડ્યો સઘળાનો પ્યારજી ।
માત સમાન ગણું તુજને, સત્ય કહું નિરધારજી છેટીરહી૦ ॥૮॥

બાર વર્ષની પ્રીતડી, પલમાં તૂટી ન જાયજી ।
પસ્તાવો પાછળથી થશે, કહું લાગીને પાયજી જોગરે૦ ॥ ૯ ॥

નારી ચરિત્ર જોઈ નાથજી, તુરત છોડશો જોગજી ।
માટે ચેતો પ્રથમ તમે, પછી હસશે સહુ લોકજી જોગરે૦॥૧૦॥

ચાળા જોઇને તારા સુંદરી, ડગું નહિ લગારજી ।
કામ શત્રુ મેં કબજે કર્યો,
જાણી પાપ અપારજી, છેટી રહીરે ગમે તે કરો ॥ ૧૧ ॥

છેટી રહીરે ગમે તે કરો, મારા માટે ઉપાયજી ।
પણ તારા સામું હું જોઉં નહિ, શાને કરે તું હાયજી જો૦ ॥૧૨॥

માછી પકડે છે જળમાં, જળમાંથી જેમ મીનજી ।
તેમ મારા નેત્રના બાણથી કરીશ હું તમને આધીનજી જો૦ ॥૧૩॥

ઢોંગ કરવા તજી દેઈ, પ્રીતે ગ્રહો મુજ હાથજી ।
કાળજું કપાય છે માહરૂં વચનો સુણીને નાથજી જો૦ ॥ ૧૪ ॥

બાર વર્ષ તુજ આગલે, રહ્યો તુજ આવાસજી ।
વિવિધ સુખમેં ભોગવ્યા કીધાં ભોગ વિલાસજી ।
આશારે તજ હવે માહરી૦ ॥ ૧૫ ॥

ત્યારે હતો અજ્ઞાન હું, હતો કામમાં અંધજી ।
પણ હવે તે રસ મેં તજ્યો; સુણી શાસ્ત્રના પ્રબંધજી આ૦॥૧૬॥

જ્ઞાની મુનિને ઋષિયો, મોટા વિદ્વાન ભૂપજી ।
તે પણ દાસ બની ગયા, જોઈ નારીનું રૂપજી જો૦ ॥ ૧૭ ॥

સાધુપણું સ્વામી નહી રહે, મિથ્યા વદું નહિ લેશજી ।
દેખીરે નાટારંભ માહરો, ત્યજશો સાધુનો વેશજી જોગ૦॥ ૧૮ ॥

વિવિધ ભૂષણો ધારીને, સજી રૂડા શણગારજી ।
પ્રાણ કાઢી નાંખે તાહરો, કુદી કુદી આ ઠારજી આ૦ ॥ ૧૯ ॥

તો પણ સામું જોઉં નહીં, ગણું વિષ સમાનજી ।
સૂર્ય ઉગે પશ્ચિમ કદી, તો પણ છોડું ના માનજી આ૦॥૨૦॥

ભિન્ન ભિન્ન નાટક મેં કર્યાં, સ્વામી આપની પાસજી ।
તો પણ સામું જોઈ તમે,
પુરી નહિ મન આશજી, હાથરે ગ્રહોરે હવે માહરો ॥ ૨૧ ॥

હાથ જોડીરે હવે વિનવું, પ્યારા પ્રાણજીવનજી ।
બાર વર્ષની પ્રીતડી, યાદ કરો તુમે મનજી હાથ૦ ॥ ૨૨ ॥

ચેત ચેતરે કોશ્યા સુંદરી, શું કહું વારંવારજી ।
આ સંસાર અસાર છે,
નથી સાર લગારજી, સાર્થક કરો હવે દેહનું ॥ ૨૩ ॥

જન્મ ધરી આ સંસારમાં, નહી ઓળખ્યો ધર્મજી ।
વિધવિધ વૈભવ ભોગવ્યાં, કીધાં ઘણાં કુકર્મજી સાર્થક૦ ॥૨૪॥

તે સહુ ભોગવવું પડે, મુઆ પછી તમામજી ।
અધર્મી પ્રાણીને મળે નહિ, શરણું ન કોઈ ઠામજી સાર્થક૦ ॥૨૫॥

સિન્ધુરૂપી આ સંસારમાં, માનવ મીન રૂપધારજી ।
જંજાળજાળરૂપી ડગમગે, કાળરૂપી મચ્છી મારજી સાર્થ૦ ॥૨૬॥
વિષયરસ વહાલો ગણી, કીધા ભોગવિલાસજી ।
ધર્મના કાર્ય કર્યાં નહી, રાખી ભોગની આશજી ।
ઉદ્ધાર કરો મુનિ માહરો ॥ ૨૭ ॥
વ્રત ચૂકાવવા આપણું; કીધાં નાચને ગાનજી ।
છેડ કરીરે મુનિ આપની, બની છેક અજ્ઞાનજી ઉદ્ધાર૦ ॥ ૨૮ ॥
શ્રેય કરોરે મુનિવર મુજને, બતાવીને શુભ જ્ઞાનજી ।
ધન્યધન્ય છે આપને, દીસો મેરૂ સમાનજી ઉદ્ધાર૦ ॥ ૨૯ ॥
બાર વર્ષ સુખ ભોગવ્યું, બરચ્યા ખૂબ દીનારજી ।
તો હું તૃપ્ત થઈ નહી, ધિક મુજને ધિક્કારજી ઉદ્ધાર૦ ॥ ૩૦ ॥
છોડી મોહ સંસારનો, ધારો શિયલવ્રત ધારજી ।
તો સુખશાંતિ સદા મળે, આ ભવજલ પારજી સાર્થક૦ ॥ ૩૧ ॥
ધન્ય છે મુનિવર આપને, ધન્ય **શકડાલ** તાતજી ।
ધન્ય **સંભૂતિવિજય** મુનિ, ધન્ય લાંછન દે માતજી ।
મુક્ત કરીરે મોહજાળથી ॥ ૩૨ ॥
આજ્ઞા દીયોરે હવે મુજને, જાવું મુજગુરૂ પાસજી ।
ચોમાસું પુરૂ થયા પછી, સાધુ છડે આવાસજી ।
રૂડી રીતે શિયલવ્રત પાળજો ॥ ૩૩ ॥
દર્શન આપજો મુજને, કરવા અમૃત પાનજી ।
સૂરિ ઇન્દુ કહે સ્થુલિભદ્રજી, બન્યા સિંહ સમાનજી ।
ધન્ય છે મુનિવર આપને ॥ ૩૪ ॥

જ્ઞાનવિમલસૂરિ કૃત પર્યુષણની સજ્ઝાય

ઢાલ પહેલી ।। કડખાની દેશી ।।

પુણ્યની પોષણા પર્વપર્યુષણા, આવીયાં ઇણીપરે જાણીયે એ ।
હિયડે હર્ષ ધરી છઠ્ઠઅઠ્ઠમ કરી, ઉચ્છવે કલ્પઘર આણીયેરે ।।૧।।
ગુરૂ કરે વાંચના સુણે સહુ ભવિજના, કર્મનિકાચના પાચનારે ।
પ્રથમ જિનશાસને ઋજુ જડપ્રાણીયા,
વીરના વક્ર જડબહુ જનાએ ।। ૨ ।।
ત્રોટક ।। શુભમના સરલને દક્ષપ્રાણી મધ્ય જિનના જાણીએ ।
તેહભણી બહુપરે નિયતઅનિયત કલ્પચઉ ખટ(ષટ) આણીયે ।
કલ્પદશવિધ કહ્યો મુનિનો ધર્મ પૂરવ માનથી ।
ભદ્રબાહુસ્વામિ ભાષિત સૂત્રસુણો બહુ માનથી ।। ૩ ।।
કલ્પધર્મ માહાત્મ્ય તૃતીય રસાયનપરે,
બહુગુણ હોય એહને સુણતાં એ ।
નાગ કેતુપરે નાણલહી ઉજલું, પામીયે શિવપદ શાશ્વતાં એ ।। ૪ ।।
ઇણીપરે પીઠિકા કહી કલ્પ માંડીયે, પંચકલ્યાણક વીરનાંએ ।
દશમ દેવલોકથી આવીય ઉપના, ત્રણનાણ જંબુભરતમાં એ ।।૫।।
ત્રોકટ ।। તુરત માહણકુંડ ગ્રામે, ઋષભદત્ત દ્વિજનાર એ ।
દેવાનંદા મધ્યરયણિ પેખે, સુપન દશને ચાર એ ।
ઉત્તરા ફાલ્ગુની ચંદ્રયોગે શુકલછઠ શુદ્દિ માસની ।
સુપન વીતક કંત આગલ કહે આવી આસને ।। ૬ ।।
કહેતિહાં ઋષભદત્ત આપણે ઘરહોશે સુતસવિ શાસ્ત્રનો પારગામી ।
માનોપેત શરીર સુલક્ષણો, સુજશ સૌભાગ્ય ગુણસયલ ધામી ।।૭।।

વેદના ભેદ સવિ જુજુઆ દાખવે, ગણિત પ્રમુખે જશનહીં ખામી ।
તે સુણિ તહત્તિકરી ગઇય નિજસ્થાનકે,
દેવાનંદા એ શીષ નામી ॥ ૮ ॥
ઇણિસમે અવધિજ્ઞાને કરી જોયતાં, સોહમ ઇંદ્રજિન દેખીયા એ ।
કાર્તિક શેઠનો જીવ એ જાણીયે, પૂર્વભવ તેહનો ભાંખીયે એ ॥૯॥
ત્રોટક ॥ ભાષિઉં પ્રભુને રહી સન્મુખ સિંહાસનથી ઉતરી ।
શકસ્તવ કહે ભાવ આણી સાત આઠ પગ ઓસરી ।
ધર્મસારથી પદે સુણીયે કથા **મેઘકુમારની** ।
જ્ઞાનવિમલ પ્રભુ ગુણની વ્યાખ્યા **પ્રથમ** એ અધિકારની ॥ ૧૦ ॥

ઢાલ બીજી

॥ દેશી એ કરજોડી તામભદ્રા વિનવે ॥

શકસ્તવ કહે પૂરણ રોમાંચિત થઈ ભાવિ, અતીત જિનમન ધરીએ ।
પંચકલ્યાણક એમ શકસ્તવ થુણે,
સદા શકસ્તવ નામ તેહ ભણી એ ॥ ૧ ॥
હવે ચિંતે મન ઇંદ્ર એશું નીપનું એહ અચ્છેરૂ જાણીયે એ ।
કોઇક કાલને અંતે નીપજે એહવા, અચરિજકારી લોકને એ ॥૨॥
તોયે માહરી ભક્તિ ઉત્તમ ઠામમાં, ગર્ભપાલટી મૂકવો એ ।
તે કયો હરિણ ગમેષી સુરપાયક ઘણી,
વાત અચ્છેરાં દશ કહ્યાં એ ॥ ૩ ॥
[૧]જિનપદ લહેઉપસર્ગ [૨]**મલ્લી** તીર્થ થયું, [૩]ગર્ભપાલટો જાણીયે ।
[૪]નિષ્ફલ જિનઉપદેશ [૫]હરિધાતકીયે ગયા,
[૬]યુગલ નરક ગતિ પામીયા એ ॥ ૪ ॥

૭ ૮
ચમરેા સેાહમ્મે જાય ઉત્કૃષ્ટ તનુધણી આઠઅધિક શતસિઝીયા એ ।
૯
રવિસસિ મૂળવિમાન વંદન આવીયા,
૧૦
અસંયતિ યતિપરે પૂજનાએ ॥ ૫ ॥

નીચકુલે નવિ હેાય જિનચક્રી હરિયુગ, નીચકુલે નવિ ઉપજેએ ।
કર્મપ્રભાવે આવી ઉપના પણ જન્મ નવિ સંભવેએ ॥ ૬ ॥

ભવસત્તાવીસમાંહે મરિચી ત્રીજેભવે, ગેાત્રમદે એ બાંધિએાએ ।
તિણે હેતે થયું એહ પણ એ મૂકવા,
ક્ષત્રિયકુલ નરપતિ જિહાંએ ॥ ૭ ॥

ક્ષત્રિય કુંડ ગામે ભૂપસિદ્ધારથ, ત્રિશલારાણી તેહનીએ ।
થાયેા એ તસ કુખે તસ બેટીતણેા, ગર્ભ અછે તે તિહાં ઠવેાએ ॥૮॥

શીઘ્ર કરેા આદેશ માહરા વાલહા, તહત્તિ કરીને ચાલીયેાએ ।
વૈક્રિય નિર્મલરૂપ કરીનિજ શક્તિથી, નિરાબાધશું તે લઇએ ॥૯॥

થાપ્યેા ત્રિશલાકુંખે બ્યાશી દિનપછે, માનું શુભલગ્ન જોવા રહ્યા એ ।
ત્રણ જ્ઞાને ભગવંત આવી તિહાં વસ્યા,
આસેાજ વદિ તેરશ દિનેએ ॥ ૧૦ ॥

સુંદર ઘર સુખ સેજે સૂતિ સુંદરી,
સુપન ચઉદ લહે મજ્જિમનિસિ એ ।
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯
ગજવૃષભ સિંહ શ્રીદામ શશી રવિ ધ્વજ ઘટ,
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
સરેાવરેા દધિ વિમાન રયણ શિખાએ ॥ ૧૧ ॥

સિંહપ્રથમ મુખમાંહે પેખે પેસતો, અવરસમે ઈમ જાણીયેએ ।
નિરખી હરખી તામકંત કહેસુણો, શૂરવીર સુત હોયશે એ ॥ ૧૨ ॥
દેવાનંદા તામ દેખે એહવું, મુજ સુહણાં ત્રિશલા હરેએ ।
ઋષભદત્ત કહે એમ ન રહે રંકઘરે,
રત્ન નિધાન પરે એહવો એ ॥ ૧૩ ॥
વાસઘરે સુખસેજ અને વલ્લી સુપનડાં, સૂત્રમાંહે વર્ણવ્યા એ ।
ઉજ્વલગજ ચઉદંતરે ઐરાવણસમો, આવીને ઉભો રહ્યો એ ॥૧૪॥
લષ્ટપુષ્ટ જસુદેહરે તીખા શૃંગ છે, ભ્રમરોપમસમ લોયણાં એ ।
સિંહ ઉજ્વલ તીખી દાઢ અને શુભ લક્ષણો,
ઉન્નત સૌમ્ય સોહામણો એ ॥ ૧૫ ॥
લક્ષ્મી કમલે વસંતી હિમવંત પર્વતે, પદ્મદ્રહ છે અભિનવોએ ।
એક કોડી વીશ લાખ ઘટ વલયે મળી,
ચોથે લક્ષ્મી દેવતા એ ॥ ૧૬ ॥
ચારસુપનનો અર્થ ભાંખિ રાખીયે, સૂત્ર વખાણ બીજું થયું એ ।
વડા કલ્પ દિન એમ ઉચ્છવશું કરે,
જ્ઞાન વિમલ ગુરૂ મુખ સુણી એ ॥ ૧૭ ॥

ઢાલ ત્રીજી

॥ દેશી ચોપાઈની ॥

હવે દશ સુપન તણી વર્ણના, સૂત્રપાઠ સુણીયે એક મના ।
રાજા મજ્જન કૌતુક કરે, અંગે વસ્ત્ર વિભૂષણ ધરે ॥ ૧ ॥
કલ્પવૃક્ષ જિમ ફુલ્યો ફલ્યો, વાદલથી જિમ રવિ નીકળ્યો ।
તિમ બેઠો આવી આસ્થાન, તેડે કૌટુંબિક પુરૂષ પ્રધાન ॥ ૨ ॥

કહે બાહિર જે આસ્થાન શાલ, લીંપી શુદ્ધ કરો ધૂપાલ ।
સિંહાસન તિહાં માંડો સાર, તિહાં બેસી જે લઈ પરિવાર ॥૩॥
રાણી સિંહાસન અંતરે, પરિયચી વિચમાં અંતર ધરે ।
પૂર્વદિશિ ભદ્રાસન આઠ, મંડાવ્યો સવિ મેલ્યો ઠાઠ ॥ ૪ ॥
તેણે તેમ કીધું ધસમસી, તેણે સુણી રાજા થયો ખુશી ।
કહે હવે સુપન પાઠક ઘેર જઈ, તેડી આવો તે ગહગહી ॥ ૫ ॥
જે અષ્ટાંગ નિમિત્તના જાણુ, ડાહ્યા વૃદ્ધ આચાર પ્રમાણુ ।
તેહવાને તે તેડવા ગયા, નૃપે તેડવા રલિયાયત થયા ॥ ૬ ॥
નાહી પૂજી ઘરના દેવ, કીધાં તિલક તેણે સયમેવ ।
ઉત્તરાસંગ જનોઈ ધરે, નૃપને મલવા સવિસંચરે ॥ ૭ ॥
આવ્યા ગઢને સિંહ દુવાર મલીયા એકઠા કરે વિચાર ।
જેમ અણુમિલતાં પાંચશેં સુભટ, ન લહ્યા માન થયા ગહગટ્ટ ॥૮॥
તે માટે સવિસંપે થઈ, વૃદ્ધ એકની આજ્ઞા લઈ ।
કીજે કામ તો લહિજે માન, જિહાં સંપ તિહાં શ્રેયનિધાન ॥૯॥
ચિરંજીવ જયજય ભૂપાલ, આશીર્વાદ બોલે ગુણ માલ ।
આસણુબેસણુ રાજા દીયે, કુલ ફલાદિક કરમાં લીયે ॥ ૧૦ ॥
સુપન અર્થ ભાંખ્યું વૃત્તાંત, લખ્ય અર્થ ભાંખ્યો ઈમ તંત ।
માંહે માંહે વિચારી કહે, નિગમ શાસ્ત્રમાં જેહવું લહે ॥ ૧૧ ॥
બહોંતેર સુપનાં શાસ્ત્રે કહ્યાં, તેમાં બેંતાલીશ મધ્યમ કહ્યાં ।
ત્રીશ તેહમાં ઉત્તમ અછે, ચઉદ વિશેષે વિસ્તર રૂચે ॥ ૧૨ ॥
જિન ચક્રીમાતા એ લહે, હરિમાતા સગ ચઉ બલની કહે ।
મંડલિક એકલહે એ માંહે શુભ સૂચક એ સુપન અથાહે ॥ ૧૩ ॥

દીઠો સાંભલ્યો ને અનુભવ્યો, આધિ વ્યાધિ ચિંતાશું ગમ્યો ।
મલમૂત્રાદિક પ્રકૃતિ વિચાર, દીઠાં સુપન લહે ન લગાર ॥ ૧૪ ॥
ધર્મ કર્મથી સુર સાનિધ્યે, અતિ પાપો દ્વેગે અનવિધે ।
એહથી સુહણાં દીઠાં હોય, પ્રાયે સુપન ફલે સહુ કોય ॥ ૧૫ ॥
જે સ્થિર ચિત્ત જિતેંદ્રિય શાંત, ધર્મ રૂચિને શ્રદ્ધાવંત ।
ઇત્યાદિક ગુણનો જે ધણી, ફલે શુભાશુભ સુપન તણી ॥ ૧૬ ॥
કુલદીપકને વંશ આધાર, કીર્તિ લાભ બલ ભાંડાગાર ।
હોશે સુત રાજાનો રાય, કે ચક્રી કે જિનવર થાય ॥ ૧૭ ॥
ઈસ્યાં વચન સુણી હર્ષ્યો રાય, આપે ધન બહુ કરી સુપસાય ।
ચૌદ સુપનાર્થે એમ સુડાય, ચૌદ રાજ ઉપર શિવઠાય ॥ ૧૮ ॥
ચઉદંતો ગજ ચઉવિધ ધર્મ, કહે સુર ગજપતિ સેવીત કર્મ ।
ભરત બોધિબીજ વાવશે, ધોરી વૃષભ ધર્મ ધુરા થશે ॥ ૧૯ ॥
કુદ્રષ્ટિ શ્વાપદે ભવિ વન ભાંજતું, રાખશે સિંહબલે એ છતું ।
વરસીદાન દેઈ જિનપદ લચ્છી, ભોગવશે લક્ષ્મી ફલ અચ્છી ॥૨૦॥
શીષ ધરસે સવિ એહની આણ, કુસુમદામ ફલ એહ મંડાણ ।
ભવિ કુવલય બોધનને શશી, ભામંડલ ભૂષિત રવિ સસિ ॥ ૨૧ ॥
ધર્મ પ્રાસાદ શિખરે બેસશે, પૂર્ણ કલશ ફળ એમ પામશે ।
ધર્મ ધ્વજ શોભા હોયશે, ધ્વજ ફલ ચઉદિશિ ધ્વજ સોહશે ॥૨૨॥
સુર નિર્મિત પદકજ ઠાવશે, સરોવર ફલ ઈણી પરે ભાવશે ।
રત્નાકર દર્શન ફલમાન, કેવલ જ્ઞાન રત્ન અહિઠાણ ॥ ૨૩ ॥
ચઉસુર વૈમાનિક પર્યંત, સેવિત દેવવિમાન ફલકંત ।
રત્નાદિક ગઢ તત્ર વાસશે, રત્નરાશિ ફલએ થાયશે ॥ ૨૪ ॥

શુદ્ધ સ્વભાન કંચન શુધિકાર, નિર્ધૂમ અગ્નિનો એહ વિચાર ।
એહવા ફલ પ્રગટ ભાંખીયાં, સુપન શાસ્ત્ર કીધાં સાખિયાં ॥ ૨૫ ॥
નિસુણી રાજા રંજ્યેા ઘણું, પ્રીતે દાન તે કેતેા ભણું ।
નિજઘર પહેાતા સુપન પાઠવી, ભૂપે વાત સ્ત્રીને દાખવી ॥૨૬॥
સુપન પાઠક આવ્યા એટલે, ત્રીજું વખાણ થયું તેટલે ।
પણ સુપન અર્થ આગળથી કહ્યો, જ્ઞાનવિમલ ગુરૂથી જે કહ્યો ।૨૭।

ઢાલ ચેાથી ॥ થેાયની દેશી ॥

હવે ઇંદ્ર આદેશ ધનદ તણા જે દેવ,
તિર્યગ્જૃંભિક નામે નૃપ ઘરે ભરે નિત્યમેવ
ધન કણની કેાડી હેાડી કરે તેણીવાર,
એ જિનનું દેશું નામ વર્દ્ધમાન કુમાર ॥ ૧ ॥

એમ મનેારથ વધતે ગર્ભ ભગવંત,
તવ એક દિન ચિંતે માતાજી ગુણવંત ।
નવી હાલે ફરકે માનું સાધે કેાઈ ધ્યાન,
મેાહજીપન હેતે શૈલેશી કરે કેાઈ તાન ॥ ૨ ॥

તવ માતાને મન પસર્યેા શેાક સમુદ્ર,
નવી ખાવે પીવે ચિંતાતુર ગતનિંદ્ર ।
કેવન દવ દીધાં કે ભાંજ્યા બહુ માલ,
કે સરેાવર શેાષ્યાં કે ઋષિ દીધાં આલ ॥ ૩ ॥

કે તાવડે નાખ્યા જુ માંકડ ને લીખ,
પશુ પંખી પંજર કે કેઇ ભાંજી ભીખ ।

જ્ઞાનદેવ સાધારણ ગુરૂ કલ્પિત જે દ્રવ્ય,
તે અભક્ષ ભખાવ્યાં કીધી કરણી અભવ્ય ॥ ૪ ॥

વલી અવધિ આશાતના કીધી ને કરાવી,
વલી અશુદ્ધ પ્રવૃત્તિ શક્તે ને ન ચરાવી ।
કેશાતના કામણ કપટ કરીને વંચ્યાં.
માયા બકવૃત્તિ પાપકર્મ બહુ સંચ્યાં ॥ ૫ ॥

કેશીલ વિલૂપ્યાં કેવલી ગર્ભ હરાવ્યાં,
ઈત્યાદિક બહુલાં પાપકર્મ ફલ આવ્યા ।
ઈહાં દોષ ન કોઈનો શોચ કરે શું થાય,
જેમ જલધિમાં મૂકયાં છિદ્રે ઘડો ન ભરાય ॥ ૬ ॥

મધુ માસે ન ફુલે જો કરેડા તરૂ એક,
તિહાં જલદ વસંતનો, વાંક કિશ્યો કહો છેક ।
તરૂ ફલિયો ફલ નવી, વામન પામે ધૂક,
દેખે નવિ ઉગ્યો તેજવંત રવિસુત્ત ॥ ૭ ॥

નિર્ભાગ્ય શિરોમણી મેરૂ ચઢાવી પહાડ,
લોચન દઇ લીધાં ધિગ્ ધિગ્ કર્મ એ જાલ ।
ભોજન શુભ પીરસી કાઢી લીયે જિમથાલ,
તિમ હું દુઃખણીને રાજ્ય સુખે સવિ આલ ॥ ૮ ॥

કિહાં ગઈ કુલદેવી, આજ કરી ન સંભાલ,
એ જીવિત ધન સુખ શું કીજે સુકુમાલ ।
પૂછે તિમ સહીયર તિમ તિમ દુઃખ બહુ સાલે,
મૂર્છા લહી જાણી શીતલ જલ શું વાલે ॥ ૯ ॥

ઉપરત સતિ નાટક દેખી નૃપનું ગેહ,
તવ જ્ઞાન પ્રયુંજે ત્રિભુવન કરૂણા ગેહ ।
સુખ કાજે કીધું દુઃખ કાજે થયું તેહ,
ભાવિ કાલે લક્ષણ ગુણ તે દોષ અછેહ ॥ ૧૦ ॥

ઈમ જાણી ફરકયા એક દિસે પ્રભુ જમ,
તવ હર્ષિત ત્રિશલા, ફુલ્યું મુખકજ તામ ।
હું ત્રિભુવન ધન્યા ભાગ્યદશા વલી આજ,
જિનપદ સેવાથી સીધાં સઘલાં કાજ ॥ ૧૧ ॥

મનોરથ કલ્પદ્રુમ ફલીયેા સદલ સચ્છાય,
જિનઘર જિનપૂજા ધવલ મંગલ ગવરાય ।
કુંકુમના થાપા બાંધી તોરણ માલ,
નાટક પ્રારંભે ઉછાલે વર શાલ ॥ ૧૨ ॥

મોતીયે ચોક પૂરે ચૂરે સવિ દારિદ્ર,
સવિ અર્થે જનને દેઇ દાન અમંદ ।
શણગારે તસ જન રાજભુવન દેવલોક,
સરીખું તે વેલા મંગલ થોકા થોક ॥ ૧૩ ॥

તિહાં સાતમે માસે અભિગ્રહ લીયે ગર્ભમાંહે,
હું શ્રમણ ન થાઉં માત પિતા હોય જ્યાંહિ ।
હવે ત્રિશલા દેવી સ્નાન તિલક પ્રસિદ્ધ,
સહુ અલંકાર પહેરી ગર્ભ પાલના કીધ ॥ ૧૪ ॥

શુભ દોહલા પૂરે સિદ્ધારથ નૃપ તાસ,
પરિજન જિમ કહે તિમ વિચરે નિજ આવાસ ।

નિજ મહિલા ગર્ભે વસીયા પ્રભુ નવમાસ,
સાડા સાત દિન ઉપરે, પૂરી પૂરણ આસ ॥ ૧૫ ॥

તેણે કાલે સમયે ચૈત્ર તેરશ અજુઆલી,
દિસિ નિર્મલ પવન અનુકૂલે રજ ટાલી ।
સવિશકુન પ્રદક્ષિણા, મેદની સર્વિનઃપન્ન,
જનપદ સવિ સુખીયેા મુદિત લેાક સુપ્રસન્ન ॥ ૧૬ ॥

ઢાલ પાંચમી ॥ એકવીશાની દેશી ॥

જિન જન્મ્યાજી સુખીયા નારકી થાવરા,
તે જે ત્રિભુવનેજી પ્રગટે સમિર સુહંકરા ।
દિશિ કુમરીજી છપ્પન્નાં આસન ચલે,
અવધિયે જાણેજી સપરિવાર આવી મલે ॥
ત્રેાટક ॥ મિલે ચઉદિશી ઉર્ધ્વ અધેાદિશિ, આઠ આઠ તિમ વિદિશીની,
રૂચક નિવાસીની ચઉ ચઉ, ઈમ છપ્પન સુહાસિની ।
જિન માત લઈ ઘર કરી, સ્તુતિ મજ્જન તે કરે,
વરવસ્ત્ર ભૂષણ કરીય શેાભા, આવીયા તિમ સંચરે ॥ ૧ ॥

સવિ સુરપતિજી જન્મ મહેાત્સવ જિન તણેા,
મેરૂ આવેજી મલી સમુદય અતિ ઘણેા ।
લઈ જાવેજી કરી અભિષેક પાતક ગમે,
ધૂપ આરતિજી ગીત ગાન હર્ષે રમે ॥
॥ ત્રેાટક ॥ રમે નાટિકા ભક્તિપૂજા કરી આનંદ અતિ ઘણેા,
આઠ મંગલ ભણી એકશત, આઠ કાવ્ય રચના ભણે ।

બત્રીશ કોડી સુવર્ણ વરસી, ભૂપ પર જિન મેલીયા,
અઠ્ઠાઈ મહોત્સવ નંદીશ્વર કરી સકલસુર ઠામે ગયા ॥ ૨ ॥

હવે રાજાજી પ્રભાતે ઓચ્છવ કરે,
દશ દિનનાજી નગર સર્વ ઓચ્છવ કરે ।
નામ થાપેજી **વર્ધમાન** ગુણથી ભલું,
સગ કર તનુજી કંચનવાને નિર્મલું ॥
॥ ત્રોટક ॥ અતિ ભલું બલ શ્રી જિનનું હરિ કહે તે ન સહિ શકયો,
અન્નાણી સુર એક આવી, રમત રમવાને ધકયો ।
અહિ આમલી વૃક્ષ વીંટી રહ્યો નાખે કર ગ્રહી,
વલી ડિંભરૂપે વૃદ્ધિ પામ્યો તાડિયો પ્રભુ કર ગ્રહી ॥ ૩ ॥

પાય લાગીજી નામ **મહાવીર** દેઈ ગયો,
લેખક સાલેજી ઉણા આઠ વરસે થયો ।
પ્રભુ પરણ્યાજી **નરવર્મ** નૃપ **યશોદા** સુતા,
ભોગવતાજી વિષય સુખે થઇ એક સુતા ।
અનુક્રમેજી માતાપિતા સ્વર્ગે ગયા,
વર્ષ અઠાવીસજી ઘરવાસે પૂરણ થયા ।
॥ ત્રોટક ॥ અભિગ્રહ પૂરણ જાણ્યો, નંદીવર્ધન વિનવ્યા,
અનુમતિ ન આપે તેહથી વલી, વર્ષ દોય ઘરે રહ્યા ।
તિહાં બ્રહ્મચારી અચિત આહારી, બંધુ ઉપરે કરૂણા કરી,
લોકાંતિક સુર વયણ નિસુણી, દીયે દાન સંવચ્છરી ॥ ૪ ॥

એક કોડીજી અઠ્ઠલખ ઉપર નિત દીયે,
વાવર જોજી ઇમ ભાંખે સવિ ભવિલીયે ।

હરિ ચઉસઠજી આવ્યા સંયમ ઉચ્છવે,
ચંદ્રપ્રભાજી પાલખી જિન આગળ ઠવે ।
॥ત્રોટક॥ સ્તવે બહુપરે સકલ સુરવર **નંદિવર્ધન** નૃપનરા,
ધ્વજા કલશ મંગલ આગલ, વહે હય ગય રથવરા ।
ક્ષત્રિયકુંડ ગ્રામ્ય મધ્યે, દિખ (દિક્ષ) લેવા સંચરે,
નરનારી નીરખે નયણ હરખે, મુખે જય જય ઉચ્ચરે ॥ ૫ ॥
માગશીર વદિજી દશમ દિને પહોર પાછલે,
જ્ઞાત ખંડવનેજી અશોક તરૂતલે એકલે ।
છઠે ભક્તેજી ચઉવિહાર બીજે દિને,
વસ્ત્ર દેવદૂષ્યજી બંધે ઠવે હરિ શુભ મને ।
ત્રોટક ॥ શુભ મને લોચે કેશ સઘલાં, પંચમુષ્ટિ મુખ ભણે ।
કરેમિ સામાઇયં તવ નાણ પજ્જવ મુણે ।
હવે વીર **નંદીવર્દ્ધન** નૃપ પ્રમુખ વલે સુરવરા ।
અવશેષ મુહૂર્ત દિવસ હુંતે **કુમાર** ગ્રામે સંચર્યા ॥ ૬ ॥
તિણે રાતેજી ગોપે પરીષહ માંડિયા, તવઇંદ્રેજી અવધિ જ્ઞાને જોઇયા ।
કહે પ્રભુનેજી બારવર્ષ રક્ષા કરૂં, પ્રભુ ભાંખેજી આપ બલ કેવલ વરૂં ।
ત્રોટક ॥ ધરૂં સહાય ન કોઇની ઇમ, સુણી હરિ સ્વર્ગે ગયા ।
સિદ્ધારથ વ્યંતર પાસે થાપે પ્રભુ સંયમ ધર થયા ।
બહુલ બ્રાહ્મણ ઘરે પારણું પરમાન્ને પંચદિવ્ય શું ।
પંચમનાણ ઈણી પરે જાણીયે **જ્ઞાનવિમલ** કહે ઇસ્યું ॥૭॥

ઢાલ છઠ્ઠી

॥ દેશી ઝાંઝરિઆ મુનિવર ધનધન તુમ અવતાર ॥
પિતા મિત્ર તાપસ મિલ્યોજી, બાહ પસારી આય ।

કહે ચોમાસુ પધારજો, માને પ્રભુ ઈમ થાય ।
ચઉનાણી વીરજી ભૂતલ કરેરે વિહાર ॥ ૧ ॥
દિવ્ય ચૂર્ણવાસે કરીજી, ભમરા પણ વિલગંત ।
કામીજન અનુકૂલથીજી આલિંગન દેયંત ચઉ૦ ॥ ૨ ॥
મિત્ર દ્વિજ આવી મલ્યોજી, ચીવર દીધો અર્દ્ધ ।
આવ્યા તાસ વિઉલેજી, ચોમાસે નિરાબાધ ॥ ચઉ૦ ॥ ૩ ॥
અપ્રીતિ લહી અભિગ્રહ ધરીજી, એક પખ કરી વિચરંત ।
શુલપાણિ સુર બોધિયોજી, ઉપસર્ગ સહિ અત્યંત ॥ ચઉ૦ ॥ ૪ ॥
મુહૂર્ત માત્ર નિદ્રા લહેજી, સુહણાં દશ દેખંત ।
ઉત્પલ નામ નિમિત્તિયોજી, અર્થ કહે એમ તંત ચઉ૦ ॥ ૫ ॥
તાલપિશાચ[૧] હણ્યો જે પહેલો; તે હણશો તુમે મોહ ।
સિતપંખી[૨] ફલ ધ્યાયશોજી, શુકલ ધ્યાન અબોહ ચઉ૦ ॥૬॥
વિચિત્ર[૩] પંખી પેખીયોજી, તે કહેશો દુવાલશ અંગ ।
ગોવર્ગ[૪] સેવિત ફલ થાપશોજી, અનોપમ ચઉવિહ સંઘ ॥ચઉ૦॥૭॥
ચઉવિધ સુર સેવિત હશોજી, પદ્મ[૫] સરોવર દીઠ ।
મેરૂ[૬] આરોહણથી હોયશેજી, સુર સિંહાસન ઈઠ ॥ ચઉ૦ ॥૮॥
જે સૂરજ[૭] મંડલ દેખીઉંજી, તે હોશે કેવલ નાણ ।
માનુષોત્તર[૮] વીંટીયોજી; તે જગકીર્તિ મંડાણ ॥ ચઉ૦ ॥ ૯ ॥
જલધિતરણ[૯] ફૂલ એ હોયશેજી, તે તરશો સંસાર ।
દામયુગલ[૧૦] ફલ નવિ લહુંજી, તે કહો કરી ઉપગાર ॥ચઉ૦॥૧૦॥
કહે પ્રભુ તે ફલ તેહનોજી, ધર્મ દુવિધ કહું સંત ।
પ્રથમ ચોમાસુ તિહાં કરીજી, વિચરે સમતાવંત ॥ચઉ૦॥ ૧૧ ॥

ઉતરતાં ગંગાનદીજી, સુરકૃત સહે ઉપસર્ગ ।
સંબલ કંબલે વારીયોજી, પૂર્વ ભવે ગોવર્ગ ॥ ચઉ૦ ॥ ૧૨ ॥
ચંડકોશીયો સુર કીયોજી, પૂર્વે ભિક્ષુ ચારિત્ર ।
સીંચે નયન સુધારસેજી, હવે મલ્યો મંખલીપુત્ર ॥ચઉ૦॥૧૩॥
નદી નીરે પ્રતિબિંબિયાજી, જિનપદ લક્ષણ દીઠ ।
સામુદ્રિક જોઇ કહેજી, ઇંદ્ર થયો મન ઇઠ ॥ ચઉ૦ ॥ ૧૪ ॥
સંગમસુર અધમે કર્યોજી, બહુ ઉપસર્ગ સહંત ।
દેશ અનાર્યજ સંચર્યાજી, જાણી કર્મ મહંત ॥ ચઉ૦ ॥ ૧૫ ॥
વ્યંતરી કૃત સહે શીતથીજી, લોકાવધિ લહે નાણ ।
પૂર્વકૃત કર્મે નડ્યાજી, જેહના નહીં પ્રમાણ ॥ ચઉ૦ ॥ ૧૬ ॥
ચમરો શરણે રાખીયોજી, સુસમાર પુરે ધરી ધ્યાન ।
અનુક્રમે ચંદન બાલિકાજી, પ્રતિલાભે ભગવાન ॥ ચઉ૦ ॥ ૧૭॥
કાને ખીલા ઘાલીયાજી, ગોપ કરે ઘોર કર્મ ।
વૈદ્યે તે વલી ઉદ્ધર્યાજી, સહી વેદન અતિ મર્મ ॥ ચઉ૦ ॥ ૧૮ ॥
વર્ષ બાર સાડા લગેજી, કર્મ કર્યા શવિ જેર ।
ચઉ વિહાર તપ જાણવુંજી, નિતુ કાઉસ્સગ્ગ જિમ મેર ॥ચઉ૦॥૧૯॥
હવે તપ સંકલના કહુંજી, જે કીધાં જિનરાય ।
બેઠા તો કદીયે નહીંજી, ગાય દુહિકા સણુઠાય ॥ ચઉ૦ ॥ ૨૦ ॥

ઢાલ સાતમી ॥ પ્રભુ પાસનું મુખડું જોવા એ દેશી ॥

નવ ચઉમાસ છદ્દોમાસ, અઢી માસી દોઢ માસી ।
દુગ દુગ દુગ ત્રણ માસી, કીધો એક છ માસી ॥ ૧ ॥

માસખમણ બાર જાણી, બહોંતરે પખ દિલ આણો ॥
પણ દિન ન્યૂન છમાસ, દ્વિસય ગુણતીસ છઠ્ઠ તાસ ॥ ૨ ॥
ભદ્ર મહાભદ્ર પડિમા, તેમ સર્વતો ભદ્ર મહિમા ।
દુગ ચઉદસ દિન વાન, બાર અઠ્ઠમ ગુણખાણ ॥ ૩ ॥
દિખા દિનેથી લહીયે, પારણ દિન સકી કહીયે ।
ત્રણસેં ઓગણ પચ્ચાશે, ચઉવિહાર ઉલ્લાસે ॥ ૪ ॥
બાર વરસ ષટમાસ ઉપર, પખ એક ખાસ ।
એમ છદ્મસ્થ પર્યાય, પ્રભુ જૃંભક ગામે જાય ॥ ૫ ॥
ઋજુવાલિકા તીરે, જીર્ણ ચૈત્ય અદૂરે ।
સામા કોડંબીને બેટે, શાલિદ્રુમ તણે હેઠે ॥ ૬ ॥
છઠ્ઠ ભક્તને અંત, ગોદુહિકાઈ બેસંત ।
માધવ વૈશાખે રંગે, શુદિ દશમી ઈંદુ સંગે ॥ ૭ ॥
ઉત્તરા ફાલ્ગુની યોગે, પાછલે પહોરે પ્રસંગે ।
સૂર્ય પશ્ચિમ જાવે, વિજય મુહૂર્ત તિહાં આવે ॥ ૮ ॥
કેવલજ્ઞાન પાવે, સકલ સુરાસુર આવે ।
દીધો તિહાં ઉપદેશ, કોઈ ન લહ્યો ધર્મ લેશ ॥ ૯ ॥
તિહાંથી અપાપાયે આવ્યા, સમવસરણ કરી છાયા ।
તિહાં પ્રભુ દેશના દીધી, કર્ણ કટોરે પીધી ॥ ૧૦ ॥

ઢાલ આઠમી ॥ મેં ભેટયો રે ગિરિરાજ ॥ એ દેશી ॥

તિહાં અપાપામાં વસે, માહણ સોમિલ નામતો ।
યજ્ઞ મંડાવ્યો છે તિહાં, તેડયા માહણરે યજ્ઞના જાણકે,
ધન ધન વીર વાણી, ધન પ્રાણીરે જેણે હૃદયે આણી કે ધ૦ ॥ ૧ ॥

મગધદેશ ગોબર ગામથી, આવીયા ધરી અહંકારતો ।
ઇંદ્રભૂતિ આદે દઈ, અધીકારીરે માહણ અગીયાર તો ધ૦ ॥ ૨ ॥
ઇંદ્રભૂતિ અગ્નિભૂતિ. વાયુ સગા ત્રિબંધુ તો ।
વ્યક્ત સોહમ મંડિત મોરય,
અંકપિતા ચલભ્રાતારે મેતાર્ય પ્રભાસતો ધ૦ ॥ ૩ ॥
ચઉસહસ્સ ચારશે અછે, તેહનો સવિ પરિવારતો ।
એકેકો સંદેહ છે મનમાંહેરે જિમ ગિરિ ભારતો ધ૦ ॥ ૪ ॥
જીવ કર્મ તજ્જીવ શરીર, ભૂત તેહવો બંધ મોખતો ।
દેવનારક પુણ્ય પરલોકનો, મોક્ષ ન માનેરે એ સંશય દેખતો ધ૦॥૫॥
સુણી વીર સર્વજ્ઞને, આવીયા ધરી અભિમાનતો ।
નિઃસંશય કરી તેહને, દેઈ દીક્ષારે કર્યો જન્મ પ્રમાણતો ધ૦ ॥ ૬ ॥
ગણધર અગીયાર થાપીયા, તીર્થ આપે સાર ।
સોહમને આદે કરી, હસ્ત દીક્ષિતરે મુનિ ચૌદ હજારતો ધ૦ ॥૭॥
આર્ય ચંદના આદે દેઈ, સાધવી છત્રીશ હજાર ।
એકલાખ ઓગણસાઠ વ્રત ધરૂ,
શંખ પ્રમુખારે શ્રાવકને લહેસિતો ધ૦ ॥ ૮ ॥
સુલશા રેવતિ આદે દેઈ, શ્રાવિકા ત્રણ લાખ સાર ।
સહસ્સ અઢાર ઉપરે, ઓહીનાણીરે વલી તેરશે સારતો ધ૦ ॥૯॥
ચઉદ પૂર્વે ત્રણશે, સાતસેં કેવલનાણ ।
વૈકિય મણ પજ્જવિ, સગ પંચશેરે વાદી ચઉસય માન તો ધ૦॥૧૦॥
ઇત્યાદિક પરિવારશું, કરે ભવિકને ઉપગાર ।
મધ્ય અપાપા પુરિજીહાં,
તિહાં આવ્યારે, શ્રી વીર ઉદ્ધરતો ધ૦ ॥ ૧૧ ॥

પ્રથમ ચોમાસુ **અસ્થિગ્રામે**, વિશાલાયે બાર ।
ચૌદ રાજગૃહી જાણીયે, પૃષ્ઠ ચંપારે નિશ્રાયે ત્રણ સારતો ધ૦॥૧૨॥

ષટ્ મિથિલા દોય ભદ્રિકા, આલંભિકાયે એક ।
એક અનાર્યજ ભૂમિકા, સાવચ્છિરે નિશ્રાયે એકતો ધ૦ ॥૧૩॥

બેંતાલીશ ચોમાસાં ઈમ, કરી કરૂણા અગાર ।
હસ્તિપાલ રાજા ભણી,
દાન શાલારે અંતિમ ચોમાસું સારતો ધ૦ ॥ ૧૪ ॥

અમાવાસ્યા કાર્તિક તણી, નક્ષત્રે સ્વાતિ સંયોગ ।
સોલ પહોર દેશના દેયતા,
કરી પોસહરે સાંભલે સવિ લોકતો ધ૦ ॥૧૫॥

સર્વાર્થ મુહૂર્ત પાછલી, ઘડી બે રયણી જામ ।
યોગ નિરોધ કરી તિહાં, છઠ્ઠભત્તેરે એકાકી સ્વામતો ધ૦ ॥૧૬॥

શિવ પહોતા શ્રીવીરજી, તે સુણી **ગૌતમ સ્વામી** ।
આપ સ્વભાવે ભાવતાં, પ્રભાતેરે લહે કેવલ જ્ઞાનતો ધ૦ ॥૧૭॥

તિણે સમે કુથું અણુદ્ધરી, ઉપના જાણી વિશેષે ।
ભસ્મગ્રહ પણ સંક્રમ્યો, જન્મરાશે આયતિ ફલ પેખીકે ધ૦ ॥૧૮॥

ત્રીશ વરસ ઘરમાં વશ્યા, બેંતાલીશ વ્રતમાંહિ ।
સવિ બહોંતેર વર્ષનું, આઉખું જાણોરે જિનનું ઉચ્છાહિ ધ૦॥૧૯॥

પર્વદીવાલી તે થયો, જિહાં લહ્યા જિન શિવસુખ ।
સૂત્રમાંહે અધિકાર છે, તે સુણતાંરે જાયે ભવદુઃખતો ધ૦ ॥ ૨૦ ॥

શ્રી વીરના નિર્વાણથી, નવશેં ને એશી વર્ષ ।
એ સૂત્ર પુસ્તકે સંગ્રહ્યો, દેવર્ધિરે ખમાસમણે દેખતો ધ૦॥૨૧॥

ધ્રુવસેન નૃપ ઉપરોધથી, આનંદપુરમાં એહ ।
સભા સમક્ષે વાંચાયો, નવશેં ત્રાણુરે વરસે સસનેહતો ધ૦ ॥ ૨૨ ॥

દોય સહસ્સ વરસાં લગે, હોશે ભસ્મગ્રહ પ્રભાવ ।
ઉદિતોદિત પૂજા નહિ, પ્રવચનેરે એહવો કહ્યો ભાવતો ધ૦॥૨૩॥

ભસ્મગ્રહ પીડા ટાલીયે, પછી હોશે અધિક મંડાણ,
એકવીશ સહસ્સ વરસાં લગે, વીર શાસનનું કહ્યું પ્રમાણતો ધ૦॥૨૪॥

નવ ગણધર શ્રીવીરના, જિન છતે પામ્યા સિદ્ધ ।
રાજગૃહ માસ સંલેખના, કરી પહોતારે પરિવાર પ્રસિદ્ધતો ધ૦૨૫॥

વર્ષ બારે શિવ લહ્યા, વીરથી ગૌતમ સ્વામ ।
એ અતિશય મહોટો કહ્યો,
જે દિકખેરે તેલહે શિવ ઠામતો ધ૦ ॥ ૨૬ ॥

સાંપ્રત વરતે મુનિવરા, સોહમ સ્વામી પરિવાર ।
વીશે વરસે સિઝીયા, શ્રીવીરથીરે પંચમ ગણધરાતો ધ૦ ॥ ૨૭ ॥

પંચકલ્યાણુક એ કહ્યાં, શ્રીવીરનાં વિસ્તાર ।
જ્ઞાન વિમલ ગુરૂથી લહ્યો,
વ્યાખ્યાન રે છઠે અધિકાર તો ધ૦ ॥ ૨૮ ॥

ઢાલ નવમી

॥ દેખી કામિની હોય કે કામે વ્યાપ્યો એ દેશી ॥

હવે સુણો પંચ કલ્યાણુક શ્રી જિન પાસના,
મહારા લાલ કે શ્રી જીન પાસના ।
જિમહોએ સમકિત શુદ્ધ સદાશુભ વાસના મ૦લા૦ સદાશુભ વાસના ।

કાશીદેશ વિભૂષણ નયરી **વણારસી** મ૦ લા૦ નયરી૦ ।
અશ્વસેન નૃપવામા રતિ રંભાજિસિ મ૦ લા૦ રતિ૦ ॥ ૧ ॥
પ્રાણાંત કલ્પથી ચવીયા ચૈત્રવદિ ચોથનીમાં મ૦ લા૦ ચૈત્ર૦ ।
વિશાખા વિધુયોગે સમય મજ્જરયણિમાં મ૦ લા૦ સમય૦ ।
વામાકુખે ઉત્પન્ન ચૌદ સુપન લહે મ૦ લા૦ ચૌ૦ ।
વીરતણી પરે સર્વ સંકેત આગે કહે મ૦ લા૦ સં૦ ॥ ૨ ॥
અનુક્રમે પોષ બહુલ દશમી દિને જાઈયા મ૦ લા૦ દ૦ ।
માહવિશાખા મજ્ઝ રયણિ તિતાણ સહાઈયા મ૦ લા૦ તિ૦ ।
દિસિ કુમરી મહઈંદ્ર નૃપતિ આદે કરે મ૦ લા૦ નૃ૦ ।
સજ્જન કુટુંબને સાખે પાસ નામને ધરે મ૦ લા૦ પા૦ ॥ ૩ ॥
કૃષ્ણ સર્પ નિજ શય્યા પાસે દીઠા ભણિ મ૦ લા૦ પા૦ ।
નીલવર્ણ નવહાથ કાયા સોહામણિ મ૦ લા૦ કા૦ ।
નયર **કુશસ્થલ** સ્વામિ **પ્રસન્નજિત** કુંવરી મ૦ લા૦ પ્ર૦ ।
પ્રભાવતિને પરણ્યા અનુક્રમે વય ધરી મ૦ લા૦ અ૦ ॥ ૪ ॥
એકદિન જોએ ગોખેપુર જોયવા મ૦ લા૦ ગો૦ ।
એકદિશે લોકઅલક મલ્યો બલિને ઢોઈવા મ૦ લા૦ બ૦ ।
પૂછે **પાર્શ્વકુમાર** કિશ્યું એ જન મલે મ૦ લા૦ કિ૦ ।
કમઠ તાપસની વાત કહી તે સાંભલે મ૦ લા૦ કા૦ ॥ ૫ ॥
કૌતુક નથી પણ સહેજ ભાવે તિહાં ગયા મ૦ લા૦ ભા૦ ।
બલ તો પન્નગ દેખી કહે તુજ નહી દયા મ૦ લા૦ ક૦ ।
શુભ કુઠાર મંગાવી કાષ્ટ વિદારિયો મ૦ લા૦ સ૦ ॥ ૬ ॥
જલતો પન્નગ દેખી સહુયે ધિક્કારિયો મ૦ લા૦ સ૦ ।
સેવકમુખે નવકાર સુણાવી ઉદ્ધર્યો મ૦ લા૦ સુ૦ ।

મરી થયો **ધરણેંદ્ર** પ્રભુ જશ વિસ્તર્યો મ૦ લા૦ પ્ર૦ ।
અપમાન્યો તિહાંકમઠ હઠે બહુતપ કરી મ૦ લા૦ હ૦ ।
મેઘમાલી થયો દેવ અજ્ઞાનપણે મરી મ૦ લા૦ અ૦ ॥ ૭ ॥

ત્રીશવરસ ગૃહવાસે દેઈ દાન સંવચ્છરી મ૦ લા૦ દે૦ ।
પોષ બહુલ અગીયારસ દિન વ્રત આદરી મ૦ લા૦ દિ૦ ।
ત્રણસય પુરૂષ સંઘાતે વિશાખા ભૂમતપે મ૦ લા૦ વિ૦ ।
આમ્રશ ઉદ્યાન અશોક તણે ક્રુમે મ૦ લા૦ અ૦ ॥ ૮ ॥

ધન્ય વિપ્રઘરે પારણુ પરમાન્ને કરી મ૦ લા૦ ૫૦ ।
એકદિન વડતલે, રયણી કાઉસ્સગ્ગ ધર્યો મ૦ લા૦ રય૦ ।
તિહાં **મેઘમાલી** દેવ અધમ સુર આવીયો મ૦ લા૦ અ૦ ।
દેખી કરે ઉપસર્ગ જલદ વરસાવીયો મ૦ લા૦ જ૦ ॥ ૯ ॥

જલમલિ ધૂલની વૃષ્ટિ કરી નભ છાહિયો મ૦ લા૦ ક૦ ।
તિણિ રાતે તેહિજ દુષ્ટ કમઠશઠ વાહિયો મ૦ લા૦ ક૦ ।
મુશલપરે જલધાર ઝબૂકે વીજલી મ૦ લા૦ જ૦ ।
વહે તિહાં નદી અસરાલકે રાતિનલે મલી મ૦ લા૦ રા૦ ॥૧૦॥

આસનકંપે તામ ધરણસુર આવીયો મ૦ લા૦ ધ૦ ।
કરી નિજ ફણુનો છત્ર ધનોઘર–ખાવીયો મ૦ લા૦ ઘ૦ ।
પણ નાશા લગેનીર ચઢ્યો તવ જોઇયો મ૦ લા૦ ચ૦ ।
હાંકયો કમઠ ઉલ્લંઠ કે તેં એ શું કીયો મ૦ લા૦ કે૦ ॥૧૧॥

સ્વામિ આશાતના કીધ હવે જાઇશ કિહાં મ૦ લા૦ હ૦ ।
ચરણેશરણે પેસી ખમાવે તે તિહાં મ૦ લા૦ ખ૦ ।

કરી નાટક ધરણેંદ્ર સ્વકીય પદેગયા મ૦ લા૦ સ્વ૦ ।
પ્રભુ કરે વિહાર ત્યાસી દિવસ થયા મ૦ લા૦ ત્યા૦ ॥ ૧૨ ॥

ચૈત્ર બહુલ દિન ચોથ વિશાખા વિધુમંડલે મ૦ લા૦ વિ૦ ।
છઠ ભક્તે ધવ હેઠકે કેવલ જ્ઞલહલે મ૦ લા૦ કે૦ ।
ગણીગણ આઠ ઉદારમુણિ **આરજદિનમુખા** મ૦ લા૦ આ૦ ।
સોલ સહસ્સ તિમ સાહૂણી **પુષ્ફચુલા**
મુખા મ૦ લા૦ પુ૦ ॥ ૧૩ ॥

અડત્રીશ સહસ્સ સુણો હવે શ્રાવક શ્રાવિકા મ૦ લા૦ શ્રા૦ ।
એકલાખ ચોસઠ સહસ્સ **સુવ્રત** મુખ ભાવિકા મ૦ લા૦ સુ૦ ।
ત્રણ લાખ સહસ્સ સત્તાવીશ નિંદા આદિ છે મ૦ લા૦ નિં૦ ।
કેવલી સહસ્સ જ એક અવધિ મુનિ
ચૌદશેં મ૦ લા૦ અ૦ ॥ ૧૪ ॥

છસય ઋજુમણુપજ્જ વિપુલમતિ આઠશેં મ૦ લા૦ વિ૦ ।
ચઉદપૂર્વી સયઉઠ વાદીમુનિ છે છશેં મ૦ લા૦ વા૦ ।
દશસય સિધાસાધકે વીશસય સાધવી મ૦ લા૦ વી૦ ।
બારસયાં મુણિ અણુત્તર ગતિ એણીપરે મવી મ૦ લા૦ ગ૦ ॥૧૫॥

સીત્તેરવર્ષ વ્રતમાંહે રહી સમેત ગિરિ મ૦ લા૦ ૨૦ ।
આયુવર્ષ શત એક અંતે યોગ સંવરી મ૦ લા૦ અં૦ ।
માસ ભક્ત તેત્રીશ મુનિશું પરિવર્યા મ૦ લા૦ મુ૦ ।
કાઉસગ્ગે મધ્ય રયણિ સમય પ્રભુ શિવવર્યા મ૦ લા૦ સ૦ ॥૧૬॥

શ્રાવણશુદિ દિન આઠમ વિશાખા રિખમલે મ૦ લા૦ વિ૦ ।
વીર નિર્વાણથી વર્ષ અઢીસેં પાછલે મ૦ લા૦ અ૦ ।

એમ **શ્રીપાર્શ્વનાથ ચરિત્ર** તે ભાંખીયું મ૦ લા૦ ચ૦ ।
પુરૂષાદાણી એહ બિરૂદ એમ દાખીયે મ૦ લા૦ બિ૦ ।
જ્ઞાનવિમલગુરૂ વયણે **સ્થિર** ચિત્ત રાખીયે મ૦ લા૦ સ્થિ૦ ॥૧૭॥

ઢાલ દશમી

॥ જુંબખડાની દેશી ॥

નેમિ તણા હવે દાખીયે રે, પોઢા
પંચ કલ્યાણ સોભાગી સાંભળો ।
અપરાજિત અનુત્તર થકીરે, ચવીયા **શ્રીજિનભાણ** સોભા૦ ॥૧॥
બત્રીશ સાગર ભોગવીરે, સૌરીપુર અભિરામ સો૦ ।
સમુદ્રવિજય નૃપની પ્રિયારે, માતા **શિવાદેવી** નામ સો૦ ॥૨॥
કાર્તિક વદિ બારસ દિનેરે, ચિત્રારિખ વિધુ યોગ સો૦ ।
સુપન પેખણ ગર્ભ પોષણા રે, પાછલી પરે સવિ ભોગ સો૦ ॥ ૩ ॥
શ્રાવણ શુદિ પંચમી દિને રે, જન્મ્યા શ્રી જિનરાજ સો૦ ।
જન્મ મહોત્સવ સુર કરેરે, પૂર્વપરે નૃપ રાય સો૦ ॥ ૪ ॥
અરિષ્ટનેમિ નામ થાપીયેરે, યદુકુલનો શણગાર સો૦ ।
એકદિન આયુધ ઘર થયારે, શસ્ત્ર ગ્રહ્યા તેણીવાર સો૦ ॥ ૫ ॥
શંખપૂર્યો જબ શામલેરે, તવ થયો ત્રિભુવન કંપ સો૦ ।
શંકિત હરિ મનડું થયુંરે, નલહે ક્યાંહિ જંપ સો૦ ॥ ૬ ॥
બલ પરખીને હારિયો રે, જિમ જુવારી દાય સો૦ ।
કમે ગોપી મલી કરીરે, કીધા બહુલા ઉપાય સો૦ ॥ ૭ ॥
રાજીમતીને પરણવારે, તોરણ આવ્યા જામ સો૦ ।
પશુ પોકાર સુણી કરે રે, પાછા વલીયા તામ સો૦ ॥ ૮ ॥

કુમરપણે વર્ષ ત્રણશેરે, વસીયા દેઈ દાન સો૦ ।
શ્રાવણશુદિ છઠદિનેરે, સહસ પુરૂષશું માન સો૦ ॥ ૯ ॥
છઠ ભક્ત ચિત્તા રિખેરે, સહસા વને લીયે જોગ સો૦ ।
છદ્મસ્થ ચઉપન્ન દિનેરે, લહે કેવલ સંયોગ સો૦ ॥ ૧૦ ॥
આસોજ વદિ અમાવસીરે, છઠ કરી ચઉવિહાર સો૦ ।
પચ્છિમ યામે ચિત્તા રિખેરે, સહસાવને ગિરનાર સો૦ ॥ ૧૧ ॥
ગણી અઢારહ થાપીયારે, મુનિવર સહસ્સ અઢાર સો૦ ।
સહસ્સ ચાલીશજ સાધવીરે, ગુણમણિ રયણ ભંડાર સો૦ ॥ ૧૨ ॥
એકલખ ગુણસત્તરી સહસ્સારે, શ્રાવક સમવ્રત ધાર સો૦ ।
ત્રણલખ સહસ્સ છત્રીશ કહીરે, શ્રાવિકાનો પરિવાર સો૦ ॥ ૧૩ ॥
ચારશેં ચઉદ પૂરવ ધરારે, ઓહિનાણી દોઢ હજાર સો૦
વૈક્રિયલબ્ધિ કેવલીરે, પન્નરસય વલી સાર સો૦ ॥ ૧૪ ॥
સહસ્સ વિપુલમતિ જાણીયેરે, આઠશેં વાદી વિચાર સો૦ ।
સોલસય સાધુ અણુત્તર ગયારે, પન્નરસય સિદ્ધિસાર સો૦ ॥ ૧૫ ॥
ત્રણ સહસ્સ સિદ્ધિ આર્યકા રે, ઈમ જિનનો પરિવાર સો૦ ।
રાજીમતી સંયમગ્રહીરે, જિનહાથે લેઈ શિવસાર સો૦ ॥ ૧૬ ॥
ત્રણશેં વરસ ઘરે રહ્યારે, સાતશે વ્રત પર્યાય સો૦ ।
સહસ્સ વર્ષનું આઉખું રે, રૈવતગિરિ જિનરાજ સો૦ ॥ ૧૭ ॥
અષાડ શુદિ આઠમ દિનેરે, ચિત્રારિખ મધ્ય રાત સો૦ ।
પાંચશેં છત્રીશ સાધુશું રે, માસ ભકતે વિખ્યાત સો૦ ॥ ૧૮ ॥
પર્યંકાસને શિવ ગયારે, પાસથી અંતર માન સો૦ ।
ત્રાશી સહસ્સને સાતશેંરે, વર્ષ પચાસનું માન સો૦ ॥ ૧૯ ॥

પંચકલ્યાણુક નેમનારે, ભાખ્યાં કલ્પપ્રમાણ સો૦ ।
જ્ઞાનવિમલ ગુરૂ મુખ થકીરે, વિસ્તરે સુણજો જાણ સો૦ ॥ ૨૦ ॥

ઢાલ અગીયારમી ॥ નમો રે નમો શ્રી શેત્રુંજા ગિરિવર એ દેશી ॥

સવિ જિનના અવદાત ભણતાં, વાધે ગ્રંથ વિસ્તારરે ।
તેહ ભણી સવિ જિનના કહીયે,
આંતરાનો અધિકારરે સાંભલજો શ્રોતાજન વારૂ ॥ ૧ ॥
નેમ થકી પાંચલાખ વરસે, શ્રી નમિ જિનવર ભાણુરે ।
છટ લાખે સુવ્રત વલી મલ્લી,
ચોપન્ન લાખ વર્ષ પ્રમાણુરે ॥ સાં૦ ॥ ૨ ॥
કોટિ સહસ્સ વરસે અર જિનવર, કુંથુને આંતર જાણોરે ।
પલ્યોપમનો ભાગ ચોથો, કોડી સહસ્સવર્ષ ઉણોરે ॥ સાં૦ ॥ ૩ ॥
અર્દ્ધ પલ્યોપમે શાંતિ જિનેસર, ત્રણ સાગર ગયે ધર્મરે ।
પોણા પલ્યોપમે ઉણો કહીયે, ચાર સાગરે અનંતરે ॥સાં૦॥ ૪ ॥
નવસાગર શ્રી વીમલ જિનેસર, ત્રીશ સાગરે વાસુપૂજ્યરે ।
ચોપન સાગરે શ્રી શ્રેયાંસહ, જિનવર થયા જગપૂજ્યરે ॥સાં૦ ॥૫॥
એક કોડી સાગર ગયે શીતલ, તેહમાં એટલું ન્યુનરે ।
એકશત સાગરને છાસઠ લાખહ,
સોલ સહસ્સ વર્ષ ન્યુનરે ॥ સાં૦ ॥ ૬ ॥
સુવીધીનાથ નવ કોડિ સાગર, નેવું કોડી સાગરે ચંદરે ।
શ્રી સુપાસ નવસય કોડી સાગર,
અંતર એહ અમંદરે ॥ સાં૦ ॥ ૭ ॥

દશલાખ કોડી અંતર **શ્રી સંભવ**, ત્રીશલાખ સાગર કોડીરે ।
અજિત થયા તેહથી લખ પચાશ,
સાગરે **ઋષભને** કોડીરે ॥ સાં૦ ॥ ૮ ॥
એ નિર્વાણથી પશ્ચાનુપૂર્વી, અંતરકેરૂં માનરે ।
જિનનાં ત્રેવીશ અંતર ઈમ, ચોથા આરા પ્રમાણરે, ॥સાં૦ ॥૯॥
નવહજાર કોડી સાગરે જાણો, **પદ્મપ્રભ** જિનચંદરે ।
નેવું હજાર કોડી સાગર **સુમતિ**,
નવલખ કોડી **અભિનંદરે** ॥ સાં૦ ॥ ૧૦ ॥
સહસ્સ બેંતાલીશ વર્ષ પંચોત્તર, સાઢા માસ વલી આઠરે ।
એટલે ઉણો ચોથો આરો, ત્રેવીસ જિનને પાઠરે ॥ સાં૦ ॥૧૧॥
જ્ઞાનવિમલ ગુરૂ મુખથી લહીયે, **સાતમુ** એહ વખાણુરે ।
સવિ જીનવરનાં ચરિત્ર **સુણતાં**,
દિન દિન કોડ કલ્યાણુરે ॥ સાં૦ ॥ ૧૨ ॥

ઢાલ બારમી

॥ જીહો જાણ્યુ અવધિ પ્રયુંજીને, એ દેશી ॥

જીહો પંચકલ્યાણુક ભાંખીયે, જીહો ઋષભ તણા સુખદાય ।
જીહો ત્રીજા આરાને છેહડે, જીહો **સુષમદુષમ** કહેવાય,
ચતુરનર સુણીયે સૂત્ર સુજાણ ॥ ૧ ॥
જીહો ચુલસી લખ પૂરવવલી, જીહો વર્ષ ત્રણને અડમાસ ।
જીહો એક પખ ઉપર થાકતે,
જીહો કુલધર ઘર થયા વાસ ચ૦ ॥ ૨ ॥

જીહો વદિચેાથે આષાઢની, જીહો **જંબૂભરત** મઝાર ।
જીહો **સર્વારથથી** આવીયા,
જીહો **નાભિ** નૃપતિ શણગાર ચ૦ ॥ ૩ ॥

જીહો **મરૂદેવી** કુખે ઉપના, જીહો ઉત્તરાષાઢા ચંદ ।
જીહો મજ્જરયણિ તિહું નાણશું,
જીહો દેખે ચઉદ સુપન ચ૦ ॥ ૪ ॥

જીહો નાભિ અર્થ આપે કહે, જીહો અથવા ભાંખે ઇંદ્ર ।
જીહો સુપન પાઠક નથી તે સમે,
જીહો ઉચિત કરે સવિ ઇંદ્ર ચ૦ ॥ ૫ ॥

જીહો ચૈત્ર બહુલ આઠમ દિને જીહો ઉત્તરાષાઢાને ચેાગ ।
જીહો જન્મ્યા જિનતવ આવીયા,
જીહો સકલ સુરાસુર લેાગ, ચ૦ ॥ ૬ ॥

જીહો પ્રથમ વૃષભ દીઠા ભણી જીહો અથવા વૃષભનું રે અંક ।
જીહો **વૃષભ** નામ તિહાં થાપીઉં,
જીહો વંશ ઇક્ષ્વાક મયંક ચ૦ ॥ ૭ ॥

જીહો વિવાહાદિક સવિ કરે, જીહો ઇંદ્ર ઇંદ્રાણી આય ।
જીહો નયર **વીનીતા** વાસીયેા,
જીહો દેખી વિનય ગુણ ઠાય ચ૦ ॥ ૮ ॥

જીહો રાજા પ્રથમ એ જાણીએ, જીહો યુગલિક નર અભિષેક ।
જીહો કરતાં જાણી આવીયા, જીહો હરિ દાખે વિવેક ચ૦ ॥ ૯ ॥
જીહો **બ્રાહ્મી ભરત સુમંગલા**, જીહો પ્રસવે યુગલ સમેત ।

જીહો સુંદરી બાહુબલ જણે,
જીહો સુનંદા શુભ ચેત ચ૦ ॥ ૧૦ ॥

જીહો વલી સુમંગલાને થયા, જીહો યુગલ ઓગણપચાશ ।
જીહો શત બેટા દોય બેટડી, જીહો શત વિજ્ઞાન પ્રકાશ ચ૦॥૧૧॥

જીહો બહોંતેર પુરૂષ તણી કલા, જીહો નારી કલા ચોસઠ ।
જીહો લીપી અઢાર સોહામણી,
જીહો કુલ ચઉ થાપે ઉક્ષિઠ ચ૦ ॥ ૧૨ ॥

જીહો વીશ લાખ પૂરવ કુંવરમાં, જીહો ત્રેસઠ પૂરવ રાજ ।
જીહો દેસ દીયે સવિ પુત્રને, જીહો ભરત વિનિતા રાજ ચ૦ ॥૧૩॥

જીહો લોકાંતિક સુર વયણથી, જીહો દેઈ વરસી દાન ।
જીહો બેસી સુદંસણા પાલખી,
જીહો ચાર સહસ્સ નરમાન ચ૦ ॥ ૧૪ ॥

જીહો ચૈત્ર વદી આઠમ દિને, જીહો છઠ તપ ઉત્તરાષાઢ ।
જીહો ચઉમુઠી લોચન કરે, જીહો પરિસહ સહે આગાઢ ચ૦ ॥૧૫॥

જીહો વરસે કીધું પારણું, જીહો ઈક્ષુરસ દીયે શ્રેયાંસ ।
જીહો વરસ સહસ્સ છદ્મસ્થમાં,
જીહો વિહાર કરે નિરાશંસ. ચ૦ ॥ ૧૬ ॥

જીહો ફાગણ વદિ અગીયારસે, જીહો પુરીમતાલ ઉદ્યાન ।
જીહો અઠ્ઠમ ઉત્તરાષાઢશું, જીહો પામે કેવલ જ્ઞાન ચ૦ ॥૧૭॥

જીહો સકલ સુરાસુર આવીયા, જીહો ચકી ભરત નરીંદ ।
જીહો મરૂદેવી સિદ્ધિ તણો, જીહો ઉત્સવ કરે આણંદ ચ૦ ॥૧૮॥

જીહો ઋષભસેન આદે કરી, જીહો ચોરાશી ગણુધાર ।
જીહો સહસ્સ ચોરાશી મુનિવરા,
જીહો સાધવી ત્રણુ લખ સાર ચ૦ ।। ૧૯ ।।

જીહો ત્રણુ લાખ શ્રાવક જેહને, જીહો ઉપર પાંચ હજાર ।
જીહો પણુ લખ ચોપન સહસ્સ છે.
જીહો શ્રાવિકાનો પરિવાર ચ૦ ।। ૨૦ ।।

જીહો ચાર સહસ્સને સાતશેં, જીહો ચઉદ પૂરવ ધર જાણુ ।
જીહો નવ સહસ્સ ઓહિ કેવલી,
જીહો વીસ સહસ્સ પરિમાણુ ચ૦ ।। ૨૧ ।।

જીહો વીશ સહસ્સ છ શય ઉપરે, જીહો વૈક્રિય લબ્ધ મુણિંદ ।
જીહો બાર સહસ્સ છ શય વિપુલમતિ,
જીહો પચ્ચાશ અધિક અમંદ ચ૦ ।। ૨૨ ।।

જીહો તેટલા વાદી જાણીયે, જીહો વીશ સહસ્સ મુનિ સિદ્ધ ।
જીહો ચાલીશ સહસ્સ સાધુ સાધવી,
જીહો તેણે મનવાંછિત કિધ ચ૦ ।। ૨૩ ।।

જીહો સહસ્સ બાવીશ નવશયમુનિ, જીહો અણુત્તર પહોતા તેહ ।
જીહો એકલાખ પૂરવ ઈણી પરે, જીહો વ્રત પર્યાયે એહ ચ૦ ।।૨૪।।

જીહો લાખ ચોરાશી પૂર્વનું, જીહો પાલી પૂરણ આય ।
જીહો સહસ્સ મુનિશું પરિવર્યા,
જીહો અષ્ટાપદ ગિરિ જાય ચ૦ ।। ૨૫ ।।

જીહો માઘ બહુલ તેરશ દિને, જીહો અભિજિત નક્ષત્ર ચંદયોગ ।
જીહો ચૌદ ભક્ત પદ્માસને, જીહો શિવ પહોત્ત જિનચંદ ચ૦।।૨૬।।

જીહો આસન ચલે સવિ ઇંદ્રનાં, જીહો આવે લઈ પરિવાર ।
જીહો કરે ઉત્સવ નિર્વાણનો જીહો જંબૂ પન્નતિ અધિકાર ચ૦।।૨૬।।
જીહો પક્ષ નેવ્યાશી થાકતે, જીહો ત્રીજા આરામાંહ્ય ।
જીહો ઋષભજી શિવ સુંદરી વર્યા,
જીહો એ સ્થિતિનો પ્રવાહ ચ૦ ।। ૨૮ ।।
જીહો અધિકરણ એ ધર્મનો, જીહો એહશું ધર્મ સ્નેહ ।
જીહો પ્રથમ તીર્થંકર મુનિપતિ,
જીહો **જ્ઞાનવિમલ** ગુણગેહ ચ૦ ।। ૨૯ ।।

ઢાલ તેરમી

।। નમો નમો ખંધક મહામુનિ એ દેશી ।।

નમો નમો ગણધર થવિરને, વીર તણા અગ્યારરે ।
ઇંદ્રભૂતિ અગ્નિ વાયુભૂતિ,
વ્યક્ત સોહમ ગણધારરે નમો૦ ।। ૧ ।।
મંડિત મૌર્યપુત્રજી, અકંપિત અચલ ભ્રાતરે ।
મેતાર્ય પ્રભાસ જાણીયે, એકાદશ ગણી ખ્યાતરે નમો૦ ।। ૨ ।।
વીર છતે નવ સિવ લહ્યા સપરિવાર માસ ભત્તેરે ।
રાજગૃહે વલી **ગૌતમો**, બાર વર્ષ વીરને અંતેરે નમો૦ ।। ૩ ।।
સોહમગણી શ્રી વીરથી, વીશ વર્ષે સિદ્ધિ લહિયારે ।
તેહના જંબુ કેવલી, તિહાંથી શિવ કેવલ રહિયારે નમો૦ ।।૪।।
પ્રભાવ શય્યંભવ જાણીયે, **જશોભદ્ર સંભૂતિ વિજયારે ।**
ભદ્રબાહુ સ્થુલિભદ્રજી, એશ્રુત કેવલી ષટ કહિયારે નમો ।।૫।।

આર્ય સુહસ્તિ મહાગિરિ, સુસ્થિત સુપ્રતિબદ્ધારે ।
ઇંદ્ર દિન સિંહગિરિ જાણીયે,
દિન્ન ધન્નગિરિ સુપસિદ્ધરે નમો૦ ॥ ૬ ॥

વયરસામી વજ્જસેનજિ, એ દશ પૂરવ ધારીરે ।
ગુણસુંદર સામાચાર્યજિ, શાંડિલાચાર્ય ગુણધારીરે નમો૦ ॥ ૭ ॥

શ્રીધર્મ રેવતિ મિત્રજિ ભદ્રગુપ્તને શ્રી ગુપ્તરે ।
વજ્જસૂરિ દશપૂર્વી, યુગ પ્રધાન પવિત્રરે નમો૦ ॥ ૮ ॥

તો શાલિપુત્ર આર્યરક્ષિત, મનકને આર્યસમિ નામરે ।
યાવત્ દેવર્દ્ધી ગણિથકી, વરસવે ગુણધામરે નમો૦ ॥ ૯ ॥

શાખા કુલ વલી એહનાં, નંદિ આવશ્યકે કહીયેરે ।
કલ્પસૂત્રે સ્થવિરાવલી, તસ ગુણ સુણી ગહગહિયેરે નમો૦ ॥૧૦॥

આદિ ચરિત્ર સ્થવિરાવલી, કહીયે આઠમે વખાણુરે ।
પાર ન ગુણનો એહના, જ્ઞાનવિમલ ગુરૂ જાણુરે નમો૦॥ ૧૧ ॥

ઢાલ ચૌદમી

॥ અલબેલાની દેશી ॥

હવે સંવચ્છરીને દિનેરે લાલ, કરે ઓચ્છવ મંડાણુ સવિસામીરે ।
પુસ્તક પૂજે પ્રેમશુંરે લાલ, નિસુણી સૂત્ર વખાણુ સુખકારીરે,
સુત્ર સુણે વિધિસું સદારે લાલ,
જિમ લહે નિર્મલ નાણ સુ૦ સૂ૦ ॥ ૧ ॥

યોગ વાહી ગુરૂ જે હુવેરે લાલ, આચારી અર્થના જાણુ-સુ૦

અન ભિનિવેશી અમત્સરીરે લાલ,
સુવિહિત મુનિ ગુણખાણ સુ૦ સૂ૦ ॥ ૨ ॥
ગીત ગાન વાજિંત્રશુંરે લાલ, પૂરે મંગલ આઠ–સુ૦
સાવધાન બહુ ભાવશુંરે લાલ, કલ્પ સુત્રનો પાઠ–સુ૦ સૂ૦ ॥ ૩ ॥
પૂજાને પ્રભાવનારે લાલ, ચૈત્ય પરિવાડી સાર–સુ૦
પોસહ આરાધન કરેરે લાલ અઠ્ઠમ ઘર નર નાર–સુ૦ સૂ૦ ॥ ૪ ॥
લાહો લીજે નિજ વિત્તનો લાલ, કરી અતિ પરીગલ ચિત્ત–સુ૦
સંપૂરણ સૂત્ર સાંભલેરે લાલ, પર્વ એ સર્વપવિત્ત સુ૦ સૂ૦ ॥ ૫ ॥
આગમ અક્ષર સાંભલેરે લાલ, જાયે પૂરવ પાપ–સુ૦
વિધિયોગે જો સાંભલેરે લાલ, નાશે તિમિરસંતાપ–સુ૦ સૂ૦ ॥૬॥
સંપૂરણ તિહાં સાંભલીરે લાલ, ભાવે આપ સ્વભાવ–સુ૦
કરે વધાઈ લુંછણાંરે લાલ, જબ હોવે ધર્મજમાવ–સુ૦ સૂ૦ ॥૭॥
જ્ઞાનવિમલ ગુરૂ ઉપદિશેરે લાલ, સમાચારી મુનિધર્મ–સુ૦
આલાવા ચોસઠે કરીરે લાલ, અડવીશ ભેદે મર્મ–સુ૦ સૂ૦ ॥૮॥

ઢાલ પંદરમી

॥ ટોડરમલ જીત્યોજી એ દેશી ॥

ઇમ ઓચ્છવ આડંબરેજી સુણી સુણી સૂત્ર વખાણ ।
જીણંદરાય જીત્યારે જીત્યાજીત્યા કર્મનમર્મ જીણં૦ ।
ભાગ્યાભાગ્યા મિથ્યા મર્મ જીણં૦ ।
વિષયકષાય સમાવીયારે, પસરી સમતાવેલી જીણં૦ ।
જીનશાસન વર મંડપેરે, સાધર્મિક કરે કેલિ જીણં૦ ।

ગાયગાય ગોરી ગેલિ જીણું૦ કૂટકપટ સવિમેલિ જીણું૦ ।
કાઢયા કાઢયા દુશ્મન ઠેલી જીણું૦
જાગી જાગી અનુભવ વેલી જીણું૦ ॥ ૧ ॥

સતીય સોહાગણ સુંદરીરે, ગાયગાય મધુરા ગીત જીણું૦ ।
દર્શન જ્ઞાન ચારિત્રનીરે, બાંધીબાંધી સબલી નીત જીણું૦ ।
થઈ થઈ જગમાં જીત જીણું૦ પામી પામી પુરૂષપ્રતીત જી૦ ।
મલ્યામલ્યા મનના મિત્ત જીણું૦ ગઈ ગઈ ભવની ભીત જી૦ ॥૨॥

અનુભવ લીયે જે ગુણ હોયેરે, તે ભવની કોડાકોડી જીણું૦ ।
દુરિત ઉપદ્રવ ઉપશમેરે, ન કરે અનુભવ જોડી જીણું૦ ।
નહિં જિનશાસન હોડી જીણું૦ હર્ષિત હોડાહોડી જીણું૦ ।
મલીમલી મોડામોડી જીણું૦ ચૂરેચૂરે કર્મ વિછોડી જીણું૦ ॥૩॥

એમ શ્રીપર્વ સોહામણુંરે, કરે જિનમતના જાણ જીણું૦ ।
જ્ઞાનવીમલ ગુરૂ જોગથીરે, પ્રગટે પુણ્ય પ્રમાણ જીણું૦ ।
આજ ભલું સુવિહાણ જીણું૦ પ્રગટયો સમકિત ભાણ જીણું૦ ।
નાઠાંનાઠાં દુરિત અન્નાણ જીણું૦ આગમ મોજ મહીરાણ જીણું૦ ।

વાગ્યાંવાગ્યાં જય નિશાન જીણું૦ નમતાં રાણોરાણ જીણું૦ ।
ગાલ્યાં ગાલ્યાં કુમતિના માન જીણું૦
પેખ્યાં પેખ્યાં પુણ્યનાં ઠાણ જીણું૦ ।
ઉત્સવ અધિક મંડાણ જીણું૦ સજ્જનના મેલાણ જીણું૦ ।
ઓલેઓલે જયજય વાણ જીણું૦ દિનદિન કોડી કલ્યાણ જીણું૦ ।

પટ્ટાવલી–દુહા

હવે સુવિહિત પટ્ટાવલી, જિનશાસન શણગાર ।
આચારજ અનુક્રમે થયા નામ થકી કહું સાર ॥ ૧ ॥
એકેકાના ગુણ ઘણા, કહેતાં નાવે પાર ।
પરંપરાયે આવીયા, ધર્મતણા દાતાર ॥ ૨ ॥

ઢાલ સોળમી

॥ તપગચ્છંદન સુરતરૂ પ્રગટયા એ દેશી ॥

વીરતણે પાટે હવે પહેલા, **સોહમ** ગુણગણ ખાણીજી ।
બીજા **જંબુસ્વામી** કહીયે, છેલ્લા કેવલ નાણીજી ।
ત્રીજા **પ્રભવ** ગણી વલી, ચોથા **શય્યંભવ** ગણધારજી ।
મનકપુત્ર હેતે જેણે કીધું, **દશવૈકાલીક** સારજી ॥ ૧ ॥
જશોભદ્રગણી પંચમ જાણો, છઠ્ઠા **સંભૂતીવીજયાજી** ।
ભદ્રબાહુ એ ચૌદપૂર્વી **કલ્પસૂત્ર** જેણે રચીયાજી ।
દશનિર્યુક્તિ અને ઉવસગ્ગહર, સ્તોત્ર કર્યું સંઘ હેતેજી ।
સ્થુલિભદ્રગણિ સત્તમપાટે, જેહ થયા શુભ ચિત્તેજી ॥ ૨ ॥
નાગરકુલ આગર સવિગુણણે, કોસા જેણે પ્રતિબોધીજી ।
શીલવંત શિરદાર ભુવનમે, વિજય પતાકા લીધીજી ।
આર્યમહાગિરિ આર્યસુહસ્તિ, તસપાટે આઠમ કહીયેજી ।
દ્રમકદ્રિબ **સંપ્રતિ** નૃપ કીધો, જિનકલ્પ તુલના કહીયેજી ॥૩॥
નવમા **સુસ્થિત સુપ્રતિબદ્ધા**, દોય આચારજ જાણોજી ।
કોડીવાર સૂરિમંત્ર જપ્યાથી, કોટિક બિરૂદ ધરાણોજી ।

આઠ પાટલગે બિરૂદ નિગ્રંથનું, હવે દશમા ઇંદ્રદિન્નાજી ।
એકાદશમા દશપૂર્વધર, સૂરિશ્રી વલી દિન્નાજી ॥ ૪ ॥

બારસમા શ્રીસિંહગિરિશ્વર, તેરમા શ્રીવયરસ્વામીજી ।
અંતિમ એ દશપૂર્વધારી, લબ્ધિ અનેક જેણે પામીજી ।
નભોગામિને વૈક્રિયકિયા, શાસન ભાસન કરીજી ।
પ્રવચન રચના જેણે સમારી, અતિશય ગુણના ભારીજી ॥ ૫ ॥

વજ્રસેન તસ પાટે ચઉદમા, જેણે સોપારા નયરેજી ।
કહિ સુગાલ ચઉસુત વ્યવહારી, વિષભક્ષણથી વારેજી ।
દિખ દેઈને ભવજલ તાર્યા, ચાર આચારજ થાપ્યાજી ।
એકેકાના એકવીશ એકવીશ, તસ ચોરાશીગચ્છ થાપ્યાજી ॥૬॥

ચંદસૂરિ પનરમે પાટે, ચંદનગચ્છ બિરૂદ એ બીજુંજી ।
સામંતભદ્ર સોલમા વનવાસી, બિરૂદ થયું એ ત્રીજુંજી ।
વૃદ્ધદેવ સૂરીશ્વર સત્તરમા, અઢારમા પ્રદ્યોતનસૂરિજી ।
માનદેવ ઓગણીશમા જાણો, શાંતિ કરી જેણે ભૂરિજી ॥ ૭ ॥

માનતુંગ સૂરિવલી એકવીશમા જાણો, અભિગ્રહવ્રત જેણે દીધુંજી ।
જયાનંદસૂરિ બાવીશમા, દેવાનંદ ત્રેવીશાજી ।
ચોવીશમા શ્રીવિક્રમસૂરિ, શ્રીનરસિંહ પચવીશાજી ॥ ૮ ॥

સમુદ્રસૂરિ છવીશ સગવીસ, વલી સૂરિ શ્રી માનદેવાજી ।
વિબુધપ્રભાસૂરિ અડવીશા, જયાનંદ ઉણત્રીશાજી ।
રવિપ્રભ સૂરિ થયા વલી ત્રીશા, જશોદેવ એકત્રીશાજી ।
શ્રીપ્રદ્યોતનસૂરિ બત્રીશમા, માનદેવ તેત્રીશમાજી ॥ ૯ ॥

વિમલચંદસૂરિ ચઉતીસા, ઉદ્યોતન પાંત્રીશાજી ।
સર્વદેવ સૂરિ છત્રીશમા, દેવસૂરિ સડત્રીશાજી ।
વલી સર્વદેવસૂરિ અડત્રીશમા, વડગચ્છ બિરૂદ ધરાવ્યું જી ।
ઓગણચાલીશમા જશોભદ્રસૂરિ, રૈવતતીર્થ શોભાવ્યું જી ॥૧૦॥

નેમિચંદ્ર મુનિચંદ મુનીશ્વર, ચાલીશમે પટ દો ભાયાજી ।
અજીતદેવસૂરિ એકતાલીશમા, જિનવર ચારિત્ર રચાયાજી ।
વિજયસિંહ બેંતાલીશ પાટે, સોમપ્રભ મણિરયણાજી ।
દોય આચારજ ત્રેતાલીશમા, રચિત સિંદૂર પ્રકર્ણાજી ॥ ૧૧ ॥

જગતચંદસૂરિ ચુમાલીશમી પાટે, મહાતપા બિરૂદ ઉપાયું જી ।
જાવજીવ આંબિલ તપ સાધી, જિનમત સબલ સોહાયું જી ।
કર્મગ્રંથ ભાષ્યાદિક કીધાં, દેવેંદ્રસૂરિ પણયાલેજી ।
ધર્મઘોષસૂરિ છેંતાલીશમા, કોરંટતીર્થને વાલેજી ॥ ૧૨ ॥

આરાધના પ્રકરણના કર્તા, સોમપ્રભ સુડતાલીશાજી ।
સોમતિલક અડતાલીશ ગુણવન્ના, શ્રીદેવસુંદર સુરિશાજી ।
પાટે શ્રી સોમસુંદર સૂરિ, તે પચ્ચાશ પ્રસિદ્ધાજી ।
ઉપદેશ રત્નાકર અધ્યાત્મ, કલ્પ પ્રમુખ બહુ કીધાજી ॥ ૧૩ ॥

કર્તા સંતિકરંના જાણો, મુનિસુંદર એગવન્નાજી ।
કીધા શ્રાદ્ધવિધાદિક ગ્રંથા, રત્નશેખર બાવન્નાજી ।
લક્ષ્મીસાગર સૂરિ ત્રેપનમા, સુમતિ સાધુ ચોપનમાજી ।
હેમવિમલ સૂરીશ્વર જાણો, પ્રગટ થયા પણપન્નાજી ॥ ૧૪ ॥

શ્રી આનંદવિમલ સૂરીશ્વર, થયા છપ્પનમી પાટેજી ।
ક્રિયા ઉદ્ધાર કરીને કીધી, ઉજ્જવલ પ્રવચન માટેજી ।

વિજય દાનસુરિ સત્તાવનમે, પાટે જે ગુણ પૂરાજી ।
અઠાવનમી પાટે હીરવિજય-સૂરિ ગુણે ન અધૂરાજી ॥ ૧૫ ॥

સાહિ અકબરને પ્રતિબોધિ, શાસન સોહ ચઢાવીજી ।
વિજયસેન ગુણસઠમી પાટે, જાંગીર સભા હરાવીજી ।
પાટ સાઠમે પુણ્યે પ્રગટ્યા, વિજયદેવ ગણધારજી ।
આચારજ વિજયસિંહને દિધ્યા, મેદિની સુરશણગારજી ॥ ૧૬ ॥

સુરપ્રતિબોધન કાજે પહોત્યા, જાણી નિજપટ થાપેજી ।
શ્રીવિજયપ્રભસૂરિ એકસઠમી પાટે, વિજય ઋવસુરિ આપેજી ।
સંવેગીશુદ્ધપંથ પ્રરૂપક, વિમલશાખા શણગારીજી ।
જ્ઞાનવિમલસૂરિ બાસઠમી પાટે, વિજયવંત સુખકારીજી ॥ ૧૭ ॥

પૂર્વાચાર્ય થયા ગુણવંતા, જ્ઞાન ક્રિયા ગુણ ભરીયાજી ।
શ્રદ્ધા જ્ઞાન કથનને કરણી, એ ચઉવિધના દરીયાજી ।
તે સુવિહિત મુનિવંદન કરતાં, નિર્મલ સમકિત આવેજી ।
અહોનિશ આતમભાવ અનુપમ, જ્ઞાન અનંતુ પાવેજી ॥ ૧૮ ॥

॥ વિનયની ઉપર ॥ શ્રી ઢંઢણમુનિની સજ્ઝાય ॥

સરસ્વતિ મતિ અતિ નિર્મલીરે, આપો કરી સુપસાય,
ગાઇશ હું જીનધર્મનુંરે, મૂળ વિનય કરી ભાવરે વિનય સમાચરેા
વિનય સયલગુણ સારરે ॥ વિનય સમાચરેા ॥ ૧ ॥

જંબુ પ્રત્યે જુગતે કહેરે, શ્રી પંચમગણધાર ।
ચરમ જીનેશ્વરે ઇમ કહ્યુંરે, પ્રથમ અધ્યયન વિચારરે વિ॰ ॥ ૨ ॥

વિનય લગી વહીએ સહીરે, જ્ઞાન સુધાર સસાર ।
જ્ઞાને દરિસણ સંપજેરે. દરિસણે ચરણ ઉદ્ધારરે ,, ॥ ૩ ॥
ચરણથકી શીવ પુરતણોરે, લહીયે સુખ અનંત ।
ભવિક જીવ કારણ કહેરે, ભય ભંજન ભગવંતરે ,, ॥ ૪ ॥
ગુરૂ આજ્ઞાએ ચાલીએરે, રહીએ ગુરૂનીરે પાસ ।
ગુરૂ મનગમતું જોઈએરે, ઈમ જીવવિનય અભ્યાસરે ,, ॥ ૫ ॥
ગડ સુઅર કણ કુંડલુંરે, મૂકી માંડે મોહ ।
વિષ્ટા ઉપર તિમ રહેરે, મૂર્ખ ગુરુ એ દ્રોહરે ,, ॥ ૬ ॥
કોહીકાની જીમ કુતરીરે, ન લહે કયાંય વિશ્રામ ।
તીમ કુશિષ્ય અકહ્યાગરારે, પામે નહીંય સુઠામરે ,, ॥ ૭ ॥
ચંદ્રકિરણ સમનિર્મલીરે, જાગે તસ જશવાદ ।
વિનય નિરંતર જે કરેરે, મૂકી વિષય કષાયરે ,, ॥ ૮ ॥
ઈમ ગુણ વિનયતણા સુણીરે, જે નિત્ય કરે અભ્યાસ ।
શ્રી રાજશીલ ઉવઝાય ભણેરે, સફલ ફળે તસ આશરે ,, ॥૯॥

શ્રી આત્મા શિખામણની સજ્ઝાય–૧

અનુભવીયાના ભવિયારે, જાગીને જોજો
આગળ સુખ છે કેવારે, જીવો તો જોજો ॥ અનુ૦ ॥ ૧ ॥
બાળપણે ધર્મ ન જાણ્યોરે, તે રમતાં ખોયો
યૌવનમે મદ માતોરે, વિષયમાં મોહ્યો ,, ॥ ૨ ॥
ધર્મની વાત ન જાણીરે, ખોટી લાગી માયા
યૌવન જશે જરા આવશેરે, ત્યારે કંપશે કાયા ,, ॥ ૩ ॥

મોહ માયામાં માચ્યોરે, સમકિત કીમ વરશે
ક્રોધ વાપ્યો છે સબલોરે, બોલતો ન વિખલશે ,, ॥ ૪ ॥
ધનને કાજે ધસમસતોરે, હીંડે હળફળતો
પાસે પૈસા પૂર છેરે, પૂન્ય નથી કરતો ,, ॥ ૫ ॥
નેત્રને નાસિકા ગળશેરે, વળી વળશ્યો વાંકા
બોલ્યું કોઈ ન માનશેરે, ત્યારે પડશો ઝાંખા ,, ॥ ૬ ॥
દાંત પડ્યા મુખ ખાલીરે, ત્યારે કેહને કહેશો
ધર્મની વાત ન જાણીરે, પ્રભુજીને કેમ મળશો ,, ॥ ૭ ॥
ઉંબર ડુંગર થાશેરે, ગોલી થાશે ગંગા
પ્રભુજીનું નામ સંભારોરે, હોવે જીમ રંગા ,, ॥ ૮ ॥
શેરી પર શેરી થાશેરે, ત્યારે બેશી રહેશો
લોભને લલુતા વધશેરે, બેઠા કચકચ કરશો ,, ॥ ૯ ॥
દીકરાની વહુઓરે, રીસડીએ બળશે
એ ઘરડાં ઘરમાંથીરે, કે દાટે ટળશે ,, ॥ ૧૦ ॥
પીપળ પાન ખરંતારે, હસતી કુંપલીયા
અમ વીતી તુમ વીતશેરે, ધીરી બાપડીયાં ,, ॥ ૧૧ ॥
રાવણ સરીખ રાજવીરે. ગયા જન્મારો ખોતા
પાપી હાથ ઘસંતારે, જાણે જન્મ્યા નહોતા ,, ॥ ૧૨ ॥
ધન તો જીહાં તીહાં રહેશેરે, એકાકી જાવો ,, ॥ ૧૩ ॥
લોભને લલુતા મૂકીરે, અરિહંતને ધ્યાવો ,, ॥ ૧૪ ॥
શીવરમણી સુખ ચાખોરે, અનુભવનો મેવો
ચેતવું હોય તો ચેતજોરે, સંસાર છે એવો ,, ॥ ૧૫ ॥

કવિ ઋષભની શીખડીરે, હૃદયમાં ધારો
જીતી બાજી હાથથીરે, તુમે કીમ વીસારો ,, ॥ ૧૬ ॥

સમકિતની સજ્ઝાય

સમકિત નવિ લહ્યુંરે, એતો રૂલ્યો ચતુર્ગતિમાંહે ।
ત્રસ થાવરકી કરુણા કીની, જીવ ન એક વિરાધ્યો ।
તિન કાલ સામાયિક કરતાં, શુદ્ધ ઉપયોગ ન લાધ્યો ।
સમકિત નવિ લહ્યુંરે, એતો રૂલ્યો ચતુર્ગતિમાંહે ॥ ૧ ॥
જુઠા બોલનકો વ્રત લીનો, ચોરીકો પણ ત્યાગી ।
વ્યવહારાદિમાં નિપુણ ભયો પણ, અંતરદૃષ્ટિ ન જાગી સમ૦ ॥૨॥
ઊર્ધ્વભુજા કરી ઉંધો લટકે, ભસ્મ લગા ધૂમ વટકે ।
જટાજૂટ શિરમુંડે જુઠો, વિણ શ્રદ્ધા ભવભટકે સમ૦ ॥ ૩ ॥
નિજપરનારી ત્યાગ કરકે, બ્રહ્મચારી વ્રતલીનો ।
સ્વર્ગાદિક યાકો ફલ પામી, નિજકારજ નવિ સિધ્યો સમ૦ ॥૪॥
બાહ્ય ક્રિયા સબ ત્યાગ પરિગ્રહ, દ્રવ્યલિંગ ધર કીનો ।
દેવચંદ્ર કહે યા વિધ હમ તો, બહુત વાર કર લીનો સ૦ ॥૫॥

ઉપદેશની સજ્ઝાય

'પરમપ્રભુ' સબજન શબ્દે ધ્યાવે, જબલગ અંતર ભરમ ન ભાંગે ।
તબલગ કોઉ ન પાવે, પરમપ્રભુ સબજન શબ્દે ધ્યાવે ॥ ૧ ॥
સકળ અંશ દેખે જગલોગી, જો ખિનુ સમતા આવે ।
મમતા અંધ ન દેખે યાકો, ચિત્ત ચિહુરે ધ્યાવે । પરમપ્રભુ ॥૧॥

સહજ શક્તીઓર ભક્તીસુગુરૂકી, જો ચિત્ત જોગ જગાવે ।
ગુણ પર્યાય દ્રવ્યસુ અપને, તો લય કોઉ લગાવે। પરમપ્રભુ ।।૨।।

પઠત પુરાણ વેદ ઓર ગીતા, મૂરખ અર્થ નહી પાવે ।
ઉત ઈતિ કીરત ગૃહત રસ નાંહી, જયું પશુ ચવીંત ચાવે। પ૦ ।।૩।।

પુદ્ગલે ન્યારો પ્રભુમેરો, પુદ્ગલ આપ છીપાવે ।
ઉનસે અંતરનાંહી હમારો, અબકહાં ભાગો જાવે। પરમપ્રભુ ।।૪।।

અકળઅલખ ઓર અજર નીરંજન, સો પ્રભુ સહજ સુહાવે ।
અંતરયામી પૂરણ પ્રગટચો, સેવક જસ ગુણ ગાવે। પરમપ્રભુ ।।૫।।

પ્રતિક્રમણની સજ્ઝાય

કર પડીકમણું ભાવશું જી, શમભાવે ચીત્તલાય ।
અવિધી દોષ જો સેવશો જી, તો નહીં પાતક જાય ।
ચેતનજી એમ કેમ તરશો જી આજ ।। ૧ ।।

સામાયિકમાં સામટી જી, નયણે નિંદ્રા ભરાય ।
વિકથા કરતાં પારકી જી, અતી ઉલ્લસિત મન થાય। ચેતનજી ।।૨।।

કાઉસગ્ગમાં ઉભા રહી જી, કરતાં દુખેરે પાય ।
નાટક પ્રેક્ષણ જોવતાં જી, ઉભા રયણી જાય । ચેતનજી૦ ।। ૩ ।।

સંવરમાં મન નવી રુચે જી, આશ્રવમાં હોંશીયાર ।
સૂત્ર સુણે નહી શુભ મને જી, વાત સુણે ધરી પ્યાર। ચે૦ ।।૪।।

સાધુજનથી વેગળો જી, નીચશું ધારે નેહ ।
કપટકરે કોડો ગમે જી, ધર્મમાં ઝૂજે દેહ । ચેતનજી૦ ।। ૫ ।।

ધર્મની વેળા નવી દીએજી, કૂટી કોડીરે એક ।
રાઉલમાં રૂંધ્યો થકોજી, ખૂણે ગણી દીયે છેક । ચે૦ ॥ ૬ ॥

જિનપૂજા ગુરુ વંદનાજી, સામાયિક પચકખાણ ।
નવકારવાળી નવી રુચેજી, કરે મન આર્તધ્યાન । ચે૦ ॥ ૭ ॥

ક્ષમા દયા મન આણીએજી, કરીએ વ્રત પચ્ચખાણ ।
ધરીયે મનમાંહી સદ્ધાજી, ધર્મ શુકલ દોય ધ્યાન ।
એમ ભવ તરશોજી આજ ॥ ૮ ॥

શુદ્ધમને આરાધશોજી, જો ગુરૂના પદ પદ્મ ।
રૂપવિજય કહે પામશોજી, તો સુર શીવસુખ સદ્મ ।
ચેતનજી એમ ભવ તરશોજી આજ ॥ ૯ ॥

વૈરાગ્યની સજ્ઝાય

ઉંચાં તે મંદીર માળીયાં, સોડ વાળીને સૂતો ।
કાઢોરે કાઢો એને સહુ કહે, જાણે જન્મ્યોજ ન્હોતો ।
એકરે દીવસ એવો આવશે ॥ ૧ ॥

અબુધ પણામાંરે હું રહ્યો, મન સબળોજી સાલે ।
મંત્રી મલ્યા સર્વે કારમા, તેનું કાંઈ નવ ચાલે એકરે૦ ॥ ૨ ॥

સાવ સોનાનાંરે સાંકળાં, પહેરણ નવનવા વાધા ।
ધોળું વસ્ત્ર એના કર્મનું, તેતો શોધવા લાગ્યા એકરે૦ ॥ ૩ ॥

ચરૂ કઢાઈઆ અતિઘણા, બીજાનું નવિલેખું ।
ખોખરી હાંડી એના કર્મની, તેતો આગળ દેખું એકરે૦ ॥ ૪ ॥

કેનાં છોરૂ ને કેનાં વાછરૂ, કેનાં માયને બાપ ।
અંતકાળે જાવું એકલું, સાથે પુન્યનો પાપ એકરે૦ ॥ ૫ ॥
સગીરે નારી એની કામિની, ઉભી ટગમગ જુવે ।
તેનું પણ કાંઈ ચાલે નહિ, બેઠી ધ્રૂસકે રોવે એકરે૦ ॥ ૬ ॥
વ્હાલા તે વ્હાલા શું કરો, વ્હાલા વેળાવી વળશે ।
વ્હાલા તે વનકેરાં લાકડાં, તેતો સાથે જ બળશે એકરે૦ ॥૭ ॥
નહિં ત્રાપો નહિં તુંબડું, નથી તરવાનો આરો ।
ઉદયરત્ન પ્રભુ એમ ભણે, મને ભવજલ તારો એકરે૦ ॥ ૮ ॥

વૈરાગ્યની સજ્ઝાય

જોબનીઆની મોજો ફોજો, જાય નગારાં દેતીરે ।
ઘડીઘડી ઘડિઆળાં વાગે, તોહી ન જાગે તેથીરે જો૦ ॥ ૧ ॥
જરા રાક્ષસી જોર કરે છે, ફેલાવે ફજેતીરે ।
આવી અવધે ઉંચકી લેશે, લખપતિને લેતીરે જો૦ ॥ ૨ ॥
મ્હોલે બેઠો મોજ કરે છે, બાંતે જુવે ખેતીરે ।
જમડો ભમરો તાણી લેશે, ગોફણ ગોળા સેતીરે જો૦ ॥ ૩ ॥
જિનરાજાને શરણે જાવું, યમ રહે દૂર જેથીરે ।
દુનિયામાં દૂજો દીસે નહિં, આખર તરશો તેથીરે જો૦ ॥ ૪ ॥
દાંત પડયોને ડોસા થયો, કાજ સર્યું નહિ જેથીરે ।
ઉદયરત્ન કહે આપે સમજો, કહીએ વાતો કેતીરે જો૦ ॥ ૫ ॥

નવકારવાળીની સજ્ઝાય

કહેજો ચતુરનર એ કોણનારી, ધર્મીજનને પ્યારીરે ।
જેણે જાયા બેટા સુખકારી, પણ છે બાળકુંવારીરે ॥ ૧ ॥
કોઈ ઘેર રાતીને કોઈ ઘેર લીલી, કોઈ ઘેર દીસે પીળીરે ।
પંચરૂપી તે બાલકુમારી, મનરંજન મતવાલીરે કહેજો૦ ॥ ૨ ॥
હૈડા આગળ ઉભી રાખી, નયણાં શું મંડાણીરે ।
નારી નહિ પણ કામણગારી, જોગીસરને પ્યારીરે ક૦ ॥ ૩ ॥
એક પુરૂષ તસઉપર ઠાહે, ચાર સખીશું ખેલેરે ।
એક બેર છે તેહને માથે, તે તસ કેડ ન મેલેરે કહેજો૦ ॥ ૪ ॥
નવનવ નામે સહુ કોઇમાને, કહેજો અર્થ વિચારીરે ।
વીનયવીજય ઉવજ્ઝાયનો સેવક,
રૂપવીજય બુદ્ધિ સારીરે કહેજો૦ ॥ ૫ ॥

કર્મની સજ્ઝાય

સુખદુઃખ સરજ્યાં પામીએરે, આપદ સંપદ હોય ।
લીલા દેખી પરતણીરે, રોષ મ ધરજો કોયરે ।
પ્રાણી મન નાણો વિખવાદ, એતો કર્મતણા પ્રસાદરે પ્રા૦ ॥૧॥
ફળને આહારે જીવીયારે, બાર વરસ વનરામ ।
સીતા રાવણ લઈ ગયોરે, કર્મતણાંએ કામરે પ્રા૦ ॥ ૨ ॥
નીરપાખે વન એકલોરે, મરણ પામ્યો મુકુંદ ।
નીચતણે ઘરજળ વહ્યોરે, શીરધરી હરીશ્ચન્દ્રરે, પ્રા૦ ॥૩॥
નળે દમયન્તી પરિહરિરે, રાત્રિ સમય વનમાંય ।
નામ ઠામ કુળ ગોપવીરે, નળે નિરવાહ્યો કાળરે પ્રા૦ ॥ ૪ ॥

રૂપ અધિકજગ જાણીએરે, ચક્રી સનત્કુમાર ।
વરસ સાતશે ભોગવીરે, વેદના સાત પ્રકારરે પ્રા૦ ॥ ૫ ॥
રૂપે વળી સુર સારિખારે, પાંડવ પાંચ વિચાર ।
તે વનવાસે રડવડ્યારે, પામ્યા દુઃખ સંસારરે પ્રા૦ ॥ ૬ ॥
સુરનર જસ સેવા કરેરે, ત્રિભુવન પતિ વિખ્યાત ।
તે પણ કર્મે વિડંબીઆરે, તો માણસ કેઈ વાતરે પ્રા૦ ॥ ૭ ॥
દોષ ન દીજે કેહનેરે, કર્મ વિડંબણહાર ।
દાન મુનિ કહે જીવનેરે, ધર્મ સદા સુખકારરે પ્રા૦ ॥ ૮ ॥

મનને જીતવાની સજઝાય

મનાજી તુંતો જીન ચરણે ચિત્તલાય,
તેરો અવસર વીત્યો જાય મનાજી ।
ઉદર ભરણકે કારણેરે ગૌઆં વનમેં જાય ।
ચારો ચરે ચિહું દિશે ફરેરે, વાંકું ચિત્તડું વાછરડામાય મ૦ ॥૧॥
ચાર પાંચ સાહેલી મળીરે, હિલમિલ પાણી જાય ।
તાલીદીયે ખડખડ હસેરે, વાંકુ ચિત્તડું ગાગરીયામાંય મ૦ ॥ ૨ ॥
નટવા નાચે ચોકમાંરે, લખ આવે લખ જાય ।
વંશ ચઢી નાટક કરેરે, વાંકુ ચિત્તડું દોરડીયામાંય મ૦ ॥ ૩ ॥
સોની સોનાનાં ઘડે રે, ઘડે વળી રૂપાના ઘાટ ।
ઘાટ ઘડે મન રીઝવે રે, વાંકું ચિત્તડું સોનૈયામાંય મ૦ ॥ ૪ ॥
જુગટીયા મન જુગટું રે, કામીને મન કામ ।
આનંદઘન એમ વિનવેરે, ઐસે પ્રભુકો ધરો ધ્યાન મ૦ ॥ ૫ ॥

નિંદાત્યાગન સજ્ઝાય-૧

નિંદા ન કરશો કોઈની પારકીરે, નિંદાનું કહ્યું મહા પાપરે ।
વૈર વિરોધ વાધે ઘણોરે, નિંદા કરતાં ન જુવે માય બાપરે ।।નિંદા ।।૧।

દૂર બળંતી કાં દેખો તુમેરે, પગમાં બળતી દેખો સહુકોયરે ।
પરના મેલમાં ધોયાં લુગડાંરે, કહો કિમ ઉજળાં હોયરે ।। નિંદા ।।૨।।

આપ સંભાળો સહુ કો આપણોરે, નિંદાની મૂકો પડી ટેવરે ।
થોડે ઘણે અવગુણે સહુ ભર્યારે,
કોહના નળીઆ ચુએ કોનાને વરે ।। નિંદા ।। ૩ ।।

નિંદા કરે તે થાયે નારકીરે, તપ જપ કીધું સવિનાયરે ।
નિંદા કરો તો કરજો આપણીરે જેથી છૂટકબારો થાયરે ।। નિંદા ।।૪।।

ગુણ ગ્રહજ્યો સહુકો તણોરે, જેહમાં દેખો એક સુવિચારરે ।
કૃષ્ણપરે સુખ પામશોરે, **સમયસુંદર** સુખકારરે. ।। નિંદા ।।૫।।

નિંદાત્યાગની સજ્ઝાય-૨

મમ કર જીવડારે નિંદા પારકી, મત કરજે વિખવાદ ।
અવગુણ ઢાંકીરે ગુણ પ્રગટ કરે, મૃગમદ જીમરે જવાદ ।। મમ ।।૧।।

ગુણ છે પૂરારે શ્રી અરિહંતના, અવર ન દુજોરે કોય ।
જગ સહુ ચાલોરે જીમ માદળ મઢયું,
ગુણવંત વીરલોરે કોય ।। મમ ।। ૨ ।।

પુંઠ ન સુઝેરે પ્રાણી આપણી. કેમ સુઝે પરપુંઠ ।
મરમને મોસોરે કોહનો ન બોલીએ, લાખ લહે બાંધી મૂઠ ।। મમ ।।૩।।

રાગદ્વેષેરે સ્વામી હું ભર્યો, ભરીયો વિષય કષાય ।
રીસ ઘણેરીરે મુજ મન ઉપજે, કિમ પામું ભવપાર ।। મમ ।। ૪ ।।
સેવા કીજેરે સુધા સાધુની, વહીએ જીનવર આણ ।
પરાણે જઈ નેરે તેહશું બોલીએ, જે હોય તત્ત્વના જાણ ।। મમ ।।૫।।
જેહમાં જેટલા રે ગુણ લ્યો તેટલા, જીમ રાયણ લીંબોળ ।
સહજ કરો જીવ સુંદર આપણો, સમયસુંદરનારે બોલ ।। મમ ।।૬।।

માનવભવ દુર્લભતાની સજ્ઝાય

ચેત ચેત ચેત પ્રાણી, શ્રાવક કુલ પાયો ।
ચિંતામણી સે દુર્લભ ઐસો, મનુષ્ય જન્મ પાયો ।। ચેત ।। ૧ ।।
માયામેં મગન થઇ, સારો જન્મ ખોયો ।
સુગુરૂ વચન નિર્મલનીર, પાપમેલ ન ધોયો ।। ચેત ।। ૨ ।।
છિન છિન છિન ઘટત આયુ, જયું અંજલિ જળમાંહિ ।
યૌવન ધન માલ મુલક, થિર ન રહેશે કાંઈ ।। ચેત ।। ૩ ।।
પરરમણીકે પ્રસંગમેં, રાતદિવસ રાચ્યો ।
અજ્ઞાની જીવ જાણે નહિં, શીયલ રત્ન સાચો ।। ચેત ।। ૪ ।।
અબતો દેવગુરૂ ધર્મ, ભાવ ભક્તિ કીજે ।
ઉદયરત્ન કહે તીનરત્ન, યત્ન કરીલીજે ।। ચેત ।। ૫ ।।

વૈરાગ્યની સજ્ઝાય

કયા તન માંજતારે, એક દિન મિટ્ટિમેં મિલ જાના ।
મિટ્ટિમેં મિલ જાના બંદે, આખમેં અંધ જાના ।। કયાતન ।।૧।।

મિટ્ટીયા ચુન ચુન મ્હેલ બંધાયે, બંદા કહે ઘર મેરા ।
એક દિન બંદે ઉઠ ચલેંગે, યહ ઘર તેરા ન મેરા ।। કચાતન ।।૨।।
મિટીયા ઓઢણુ મિટિયા બીછાવણુ, મીટ્ટીકા શીરાણુા ।
ઈસ મીટીયાકું એક ભૂત બનાયે, અમર જાલ લોભાના ।।કચાતન ।।૩।।
મિટીયા કહે કુંભારનેરે, તું કયા જાણે મોય ।
એક દિન ઐસા આવેંગારે, મેં ખુંદુંગી તોય ।। કચાતન ।।૪।।
લકડી કહે સુથારનેરે, તું નવિ જાણે મોય ।
એક દિન ઐસા આવેગા પ્યારે, મેં ભુજુંગી તોય ।। કચાતન ।।૫।।
લકડી કહે સુથારનેરે, તું નવિ જાણે મોય ।
એક દિન ઐસા આવેગા પ્યારે, મેં ભુંજુંગી તોય ।। કચાતન ।। ૬ ।।
દાન શીયલ તપ ભાવનારે, શીવપુર મારગ ચાર ।
આનંદઘન ભાઈ ચેતલો પ્યારે, આખર જના ગમાર ।। કચાતન ।।૬।।

કદાગ્રહત્યાગની સજ્ઝાય

અવધૂ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગ સહુ જોઈ । અવધૂ૦
સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઈ ।
અવિનાશીકે ઘરકી બાતાં, જાણેંગે નરસોઈ ।। અવધૂ ।। ૧ ।।
રાવ રંકમેં ભેદ ન જાણે, કનક ઉપલ સમ લેખે ।
નારી નાગણુકા નહિં પરિચય, તે શિવમંદિર દેખે ।। અવધૂ ।।૨।।
નિંદા સ્તુતિ શ્રવણુ સુણીને, હર્ષ શોક નવિ આણે ।
તે જગમેં જોગીશ્વર પુરા, નિત્ય ચઢતે ગુણ ઠાણે ।। અવધૂ ।। ૩ ।।
ચંદ્ર સમાન સૌમ્યતા જાકે, સાયર જીમ ગંભીરા ।
અપ્રમત્ત ભારંડ પરે નિત્ય, સુરગિરિ સમ શુચિ ધીરા ।। અવધૂ ।।૪।।

પંકજ નામ ધરાય પંકસુ, રહત કમલ જીમ ન્યારા ।
ચિદાનંદ ઐસે જન ઉત્તમ, સેા સાહેબકું પ્યારા ॥ અવધૂ ॥૫॥

સમતાની સજ્ઝાય

હેા પ્રીતમજી પ્રીતકી રીત અનિત તજી ચિત્ત ધારીયે ।
હેા વાલમજી વચન તણેા અતિ ઉંડેા મર્મ વિચારીયે । એ આંકણી ।
તુમે કુમતિને ઘેર જાએા છેા, તુમે કુળમાં ખેાટ લગાવેા છેા ।
ધિક્ એંઠ જગતની ખાએા છેા, ॥ હેા પ્રીતમજી ॥ ૧ ॥

અમૃત ત્યાગી વિષ પીએા છેા, કુમતિનેા મારગ લીએા છેા ।
એ તેા કાજ અયુક્ત કીએા છેા ॥ હેા પ્રીતમજી ॥ ૨ ॥

એ તેા મેાહરાયકી બેટી છે, શિવસંપત્તિ એથી છેટી છે ।
એ તેા સાગર ગળતી પેટી છે ॥ હેા પ્રીતમજી ॥ ૩ ॥

એક શંકા મેરે મન આવી છે, કિણુવિધ એ ચિત્ત તુમ ભાવી છે ।
એ તેા ડાકણ જગમાં ચાવી છે ॥ હેા પ્રિતમજી ॥ ૪ ॥

સહુ રિદ્ધિ તમારી ખાએ છે, કરી કામણ ચિત્ત ભરમાવે છે ।
તુમ પુણ્ય યેાગે એ પાઇ છે ॥ હેા પ્રિતમજી ॥ ૫ ॥

મત આંખ કાજ બાઉલ બેાવેા. અનુપમ ભવ વિરથા નહિં બેાવેા ।
અબ બેાલ નયણ પ્રગટ જોવેા ॥ હેા પ્રિતમજી ॥ ૬ ॥

ઇણુવિધ સમતા બહુ સમજાવે, ગુણ અવગુણ કંઇ સહુ દર્શાવે ।
સુણેા ચિદાનંદ નિજ ઘર આવે ।
હેા પ્રિતમજી પ્રીતકી રીત અનિત તજી ચિત્ત ધારીયે ॥ ૭ ॥

નિયાણું નિવારક સજ્ઝાય.

સુધા સાધુજીરે, તુમે નિયાણું નિવારો ।
નિયાણું કરીને તુમે, તપ સંજમ કયાં હારો ।। સુધા ।। ૧ ।।
પંદરમા અધ્યયને પ્રગટ, વીર વદે એમ વાણી
સંજમ માંહિ મ ધરો સંશય, ખરા તો ગુણ ખાણી ।। સુધા ।। ૨ ।।
મંત્ર જંત્રના ભામા છોડો, છોડો રાગને રોષ ।
પરિષહે પગ પાછા મ ધરો, દૂર કરો સવિ દોષ ।। સુધા ।। ૩ ।।
પરિચય ગૃહસ્થ તણો પરિહરીએ, અરસ નીરસ લ્યો આહાર ।
પૂજાદિક મ વંછો કયારે, એ ઉત્તમ આચાર ।। સુધા ।। ૪ ।।
એણે પેરે સાધુ આચારે, જે ચારિત્રીયો ચાલે ।
ખરી ક્રિયાનો ખપ કરે તો, મુકિતપુરીમાં મ્હાલે ।। સુધા ।। ૫ ।।
સમિતે સમિતા ગુપ્તેગુપ્તા, સત્તાવીશ ગુણધાર ।
ઉદયરત્ન કહે એહને મેરો, નિત્ય હોજો નમસ્કાર ।।
સુધા સાધુજીરે તુમે નિયાણું નિવારો ।। ૬ ।।

તપની સજ્ઝાય

કીધાં કર્મ નિકંદવારે, લેવા મુકિતનું દાન ।
હત્યા પાતક છૂટવારે, નહિં કોઈ તપ સમાન ।।
ભવિક જન, તપ કરજો મન શુદ્ધ ।। ૧ ।।
ઉત્તમ તપના યોગથીરે, સેવે સુરનર પાય ।
લબ્ધિ અઠ્ઠાવીશ ઉપજેરે, મનોવાંછિત ફળ થાય ।। ભવિક ।। ૨ ।।

તીર્થંકર પદ પામીએરે, નાસે સઘળા રોગ ।
રૂપલીલા સુખ સાહ્યણીરે, લહીએ તપ સંયોગ ॥ ભવિક ॥ ૩ ॥
તે શું છે સંસારમાંરે, તપથી જે નવિ હોય ।
જે જે મનમાં કામીએરે, સફલ ફલે સવિતેહ ॥ ભવિક ॥ ૪ ॥
અષ્ટ કર્મના ઓઘનેરે, તપ ટાળે તત્કાળ ।
અવસર લહીને તેહનોરે, ખપ કરજો ઉજમાળ ॥ ભવિક ॥ ૫ ॥
બાહ્ય અભ્યંતર જે કહ્યારે, તપના બાર પ્રકાર ।
હોજો તેહની ચાલમાંરે, જેમ ધન્નો અણગાર ॥ ભવિક ॥ ૬ ॥
ઉદયરત્ન કહે તપ થકીરે, વાધે સુજસ સનૂર ।
સ્વર્ગ હુવે ઘર આંગણેરે, દુર્ગતિ જાવે દૂર ॥ ભવિક ॥ ૭ ॥

આત્મ શિખામણની સજઝાય

જાવું જરૂર મરી, ઓ જીવડા તારે જાવું જરૂર મરી । એ આંકણી ।
અનંત કાળથી ભવમેં ભટકતાં, પુન્યે નરદેહ ધરી । ઓ જીવડા ।
મળ મૂત્રમાં ઉંધે શિર લટકયો, જ્યું વડવાગુલી ॥ ઓ જીવડા ૧ ॥
ગર્ભાવાસની અંદર તુજને, વેદના અનંત પડી । ઓ જીવડા૦
જન્મ ટાણે મહાકષ્ટ સહ્યાં, તેતો જાણે એક હરિ ॥ ઓ જીવડા ॥૨ ॥
સંસારનો જબ વાયુ વાયો, તબ વેદન ગયો વિસરી । ઓ જીવડા૦
પયપાન માતાનું કરીને, જોબન વય ધરી ॥ ઓ જીવડા ॥ ૩ ॥
કામિની સાથે પ્રેમ કરીને, કર્મ બંધનો કરી ॥ ઓ જીવડા૦
માતપિતાથી જુદો થઈને, વસ્તુ ઘરમાં ભરી ॥ ઓ જીવડા ॥ ૪ ॥

છોરુ પ્રિયાની ટાપટીપતું, કરતો પળ પળ ધરી ।। ઓ જીવડા૦
સદ્‌ગુરુથી નિત્ય દૂર ફરતો, જ્યું સાધુસંતથી ડરી ।। ઓ જીવડા ।।૫।।
ગયું યૌવનને આવ્યું બુઢાપણુ, શરીર થયું જરજરી । ઓ જીવડા૦
દેવ આંખના આંખા થયા, વળી ઉજ્જડ કર્ણપુરી ।।ઓ જીવડા ।।૬।।
ઉંબર ડુંગર પાદર પરદેશ, ગોળી ગંગાસરી । ઓ જીવડા૦
હૃષ્ટપુષ્ટ કાયા ઘટીને, નબળાઈ દેહે વરી ।। ઓ જીવડા ।। ૭ ।।
વૃદ્ધપણામાં કુટુંબ કબીલે, ચાકરી નવિ કરી । ઓ જીવડા ।
અંતકાળે જીન નામ ન લીધું, મારૂં મારૂં કરી ।। ઓ જીવડા ।।૮।।
મરતી વખતે બૂરે હવાલે, જીવ જશે નિસરી । ઓ જીવડા ।।
જન્મ મરણની વેદના સુણતાં, હૈડું જાય થરથરી ।। ઓ જીવડા ।।૯।।
વીતરાગનું નામ વિસારી, દુર્ગતિ હાથ ધરી ।। ઓ જીવડા૦
નરક નિગોદના કારાગૃહમાં, બેસીશ તું કેમ ઠરી ।। ઓજીવડા ।।૧૦।।
પ્રભુ દર્શન છોડેથી પામ્યેા, લાખ ચોરાશી ફરી ।। ઓ જીવડા ।।
વીર મુનિ કહે ધર્મ કરો તો, સંસાર જાએો તરી ।। ઓ જીવડા ।।૧૧।।

શ્રી સમકિતના સડસઠ બોલની સજ્ઝાય

દુહા

સુકૃતવલ્લિ કાદંબિની, સમરી સરસ્વતી માત;
સમકિત સડસઠ બોલની, કહિશું મધુરી વાત. ૧
સમકિતદાયક ગુરુતણેા, પ્રત્યુપકાર ન થાય;
ભવ કોડાકોડે કરી, કરતા સર્વ ઉપાય. ૨
દાનાદિક કિરિયા ન દિયે, સમકિત વિણ શિવશર્મ;
તે માટે સમકિત વડું, જાણેા પ્રવચનમર્મ. ૩

દર્શનમોહ વિનાશથી, જે નિર્મળ ગુણઠાણ;
તે નિશ્ચય સમકિત કહ્યું, તેહનાં એ અહિઠાણ. ૪

ઢાલ પહેલી

(વીરજીનેશ્વર ઉપદિશે–એ દેશી.)

ચઉ સદ્દહણા તિલિંગ છે, દશવિધ વિનય વિચારો રે;
ત્રણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે. ૧

હરીગીત છંદ

પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીએ,
ષટ્જયણા ષટ્ આગાર ભાવના, છવ્વિહા મન આણીએ;
ષટ્ઠાણ સમકિત તણા સડસઠ, ભેદ એહ ઉદાર એ,
એહનો તત્ત્વવિચાર કરતાં, લહીજે ભવપાર એ.

ચાર સદ્દહણાનું સ્વરૂપ

ઢાળ

ચઉવિહ સદ્દહણા તીહાં, જીવાદિક પરમત્થો રે;
પ્રવચનમાંહિ જે ભાખીયા, લીજે તેહનો અત્થો રે. ૩

હરિગીત છંદ

તેહનો અર્થ વિચાર કરીએ, એ પ્રથમ સદ્દહણા ખરી.
બીજી સદ્દહણા તેહની જે, જાણ મુનિ ગુણ જવ હરી;
સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા,
તેહની સેવા કીજીએ જીત્ર, પીજીએ સમતા સુધા ૪

ઢાળ

સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવને અહાછન્દા રે,
પાસત્થા ને કુશીલિયા, વેષવિડંબક મંદા રે. ૫

હરિગીત છંદ

મંદા અનાણી દૂરે છંડો, ત્રીજી સદહણા ગ્રહી,
પરદર્શનીનો સંગ તજીએ, ચોથી સદહણા કહી;
હીણાતણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
જયું જળધિજળમાં ભળ્યું, ગંગા નીર લુણપણું લહે. ૬

સમકિતનાં ત્રણ લિંગ (ચિહ્ન) નું સ્વરૂપ

ઢાલ બીજી

(જંબુદ્વીપના ભરતમાં રે–એ દેશી)

ત્રણ લિંગ સમકિતતણાં રે, પહેલું શ્રુત અભિલાષ;
જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર દ્રાખ રે.
પ્રાણી ! ધરીએ સમકિત રંગ, જીમ લહીએ સુખ.
અભંગ રે. પ્રાણી !૦ ૧

તરૂણ સુખી સ્ત્રી પરીવર્યો રે, ચતુર સુણે સુરગીત;
તેહથી રાગે અતીઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે, પ્રાણી !૦ ૨
ભૂખ્યો અટવી ઉતર્યો રે, જિમ દ્વીજ ઘેબર ચંગ,
ઇચ્છે તીમ જે ધર્મને રે, તેહીજ બીજું લીંગ રે. પ્રાણી !૦ ૩
વેયાવચ્ચ ગુરૂ દેવનું રે, ત્રીજું લિંગ ઉદાર;
વિદ્યાસાધક તણી પરેરે, આળસ નવીય લગાર રે. પ્રાણી !૦ ૪

દશ પ્રકારના વીનયનું સ્વરૂપ

ઢાલ ત્રીજી

(સમકીતનું મૂળ જાણીએ જિ–એ દેશી)

અરિહંત તે જિન વીચરતા જી, કર્મ ખપી હુઆ સીદ્ધ;
ચેઇય જિનપડિમા કહી જી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ.
ચતુર નર ! સમજો વિનયપ્રકાર,
જિમ લહીએ, સમકિત સાર–ચતુર નર !૦ ૧
ધર્મ ખિમાદિક ભાખિઓ જી; સાધુ તેહના રે ગેહ;
આચારજ આચારના જી; દાયક નાયક જેહ. ચતુર૦ ૨
ઉપાધ્યાય તે શિષ્યને જી, સૂત્ર ભણાવણહાર;
પ્રવચન સંઘ વખાણીએજી, દરિસણ સમકિત સાર. ચ૦ ૩
ભગતિ બાહ્ય પ્રતિપત્તિથીજી, હૃદયપ્રેમ બહુમાન;
ગુણથુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનની હાણ. ચ૦ ૪
પાંચ ભેદે એ દશ તણોજી, વિનય કરે અનુકૂળ;
સીંચે તેહ સુધારસેજી, ધર્મવૃક્ષનું મૂળ–ચતુર નર !૦ ૫

સમકિતની ત્રણ શુદ્ધિનું સ્વરૂપ

ઢાલ ચોથી

(ધોબીડા ! તું ધોજે મનનું ધોતીયું રે–એ દેશી.)

ત્રણ શુદ્ધિ સમકિતતણી રે, તિહાં પહિલી મનશુદ્ધિ રે;
શ્રીજિન ને જિનમત વિના રે, જુઠ સકળ એ બુદ્ધિ રે,
ચતુર ! વિચારો ચિત્તમાં રે, ૧

જિનભગતે જે નવિ થયું રે, તે બીજાથી કેમ થાય રે?;
એવું જે મુખે ભાખીએ રે, તેની વચનશુદ્ધિ કહેવાયરે ચ૦ !૦ ૨

છેદ્યો ભેદ્યો વેદના રે, સહેતો અનેક પ્રકાર રે;
જિન વિણ પરસુર નવિ નમે રે, તેની કાયાશુદ્ધિ ઉદારરે ચ૦ !૦ ૩

સમકિતનાં પાંચ દૂષણનું સ્વરૂપ

ઢાલ પાંચમી

(કડવાં ફળ છે ક્રોધનાં–એ દેશી.)

સમકિત દૂષણ પરિહરો, જેહમાં પહેલી છે શંકા રે;
તે જિનવચનમાં મત કરો, જેહને સમ નૃપ રંકા રે;
સમકિત દૂષણ પરિહરો. ૧

કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજીએ;
પામી સુરતરૂ પરગડો, કિમ બાઉલ ભજીએ? સમ૦ ૨

સંશય ધર્મનાં ફળતણો, વિતિગિચ્છા નામે;
ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ પરિણામે. સમ૦ ૩

મિથ્યામતિ ગુણવન્તનો, ટાળો ચોથો દોષ;
ઉનમારગી થુણતાં હુવે, ઉનમારગ પોષ. સમ૦ ૪

પાંચમો દોષ મિથ્યામતિ–પરિચય નવ કીજે;
ઈમ શુભ મતિ અરવિંદની, ભલી વાસના લીજે. સ૦ ૫

આઠ પ્રભાવકનું સ્વરૂપ

ઢાલ છઠ્ઠી

(અભિનંદન જિન દરિસણ તરસીએ–એ દેશી.)

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ;
વર્ત્તમાનશ્રુતના જે અર્થનો, પાર લહે ગુણખાણ,
ધન ધન શાસનમંડન મુનિવરા. ૧

ધર્મકથી તે બીજો જાણીએ, નંદિષેણ પરે જેહ;
નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદયસંદેહ. ધ૦ ૨

વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ;
રાજદ્વારે જયકમલા વરે, ગાજંતો જિમ મેહ ધ૦ ૩

ભદ્રબાહુ પેરે જેહ નિમિત્ત કહે, પરમત જિપણ કાજ
તેહ નિમિત્તી રે ચોથો જાણીએ, શ્રી જિનશાસનરાજ ધ૦ ૪

તપગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવિ જિનઆણ;
આશ્રવ લોપે રે નવિ કોપે કદા, પંચમ તપસી તેજાણ ધ૦ ૫

છઠ્ઠો વિદ્યા રે મંત્રતણો વળી, જિમ શ્રી વયર મુણીંદ;
સિદ્ધ સાતમો રે અંજનયોગથી, જિમ કાલિકમુનિચંદ ધ૦ ૬

કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યાં, ધર્મહેતુ કરે જેહ;
સિદ્ધસેન પરે રાજા રીઝવે, અઠ્ઠમ વર કવિ તેહ ધ૦ ૭

જ્ઞ નવિ હોવે પ્રભાવક એહવા, તવ વિધિપૂર્વ અનેક;
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક ધ૦ ૮

સમકિતનાં પાંચ ભૂષણનું સ્વરૂપ

ઢાલ સાતમી

(સતીય સુભદ્રાની–એ દેશી,)

સોહે સમકિત જેહથી, સખી ! જિન આભરણે દેહ;
ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખી ! મન વસ્યાં તેહમાં નહીં સંદેહ,
મુજ સમકિત રંગ અચળ હોજો ૧

પહિલું કુશળપણું તિહાં, સખી વંદન ને પચ્ચક્ખાણ;
કિરિયાનો વિધિ અતિ ઘણો, સખી આચરે તેહ સુજાણ મુજ૦ ૨

બીજું તીરથસેવના, સખી તીરથ તારે તેહ;
તેહ ગીતારથ મુનિવરા, સખી તેહશું કીજે નેહ મુજ૦ ૩

ભગતિ કરે ગુરૂદેવની, સખી ત્રીજું ભૂષણ હોય.
કિણહિ ચળાવ્યો નવિ ચળે, સખી ચોથું ભૂષણ જોય મુજ૦ ૪

જિનશાસન અનુમોદના, સખી જેહથી બહુ જન હુંત:
કીજે તેહ પ્રભાવના, સખી પાંચમું ભૂષણ ખંત મુજ૦ ૫

સમકિતનાં પાંચ લક્ષણનું સ્વરૂપ

ઢાલ આઠમી

(ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું–એ દેશી.)

લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં, ધૂર ઉપશમ અનુકૂળ,
સુગુણનર ! અપરાધીશું પણ નવિ ચિત્તથકી,
ચિંતવીએ પ્રતિકૂળ સુગુણનર ! શ્રી જિનભાષિત વચન વિચારીએ ૧

સુરનરસુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક; સુ૦
બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગશું ટેક. સુ૦ ૨
નારક ચારક સમ ભવઉલગ્યો, તારક જાણીને ધર્મ; સુ૦
ચાહે નિકળવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ સુ૦ ૩
દ્રવ્યથકી દુઃખયાની જે દયા, ધર્મહીણાનીરે ભાવ; સુ૦
ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શકતે મન લાવ સુ૦ ૪
જે જિનભાખ્યું તે નહિ અન્યથા, એહવો જે દૃઢ રંગ; સુ૦
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ. સુ૦ ૫

છ જયણાનું સ્વરૂપ

ઢાલ નવમી

(ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી–એ દેશી)

પરતીરથી પરના સુર તેણે, ચૈત્ય ગ્રહ્યાં વળી જેહ;
વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ ભેય રે;
ભવિકા ! સમકિત યતના કીજે, ૧
વંદન તે કરયોજન કહીએ, નમન તે શીશ નમાવે;
દાન ઇષ્ટ અન્નાદિક દેવે, ગૌરવ ભગતિ દેખાવે રે ભ૦ ૨
અનુપ્રદાન તે તેહને કહીએ, વાર વાર જે દાન;
દોષ કુપાત્રે પાત્રમતિએ, નહિ અનુકંપા માન રે ભ૦ ૩
અણબોલાવે જેહ બોલવું, તે કહીએ આલાપ;
વારંવાર આલાપ જે કરવો, તે જાણો સંલાપ રે ભ૦ ૪
એ જયણાથી સમકિત દીપે, વળી દીપે વ્યવહાર;
એમાં પણ કારણથ જયણા, તેહના અનેક પ્રકાર રે ભ૦ ૫

સમકિતના છ આગારનું સ્વરૂપ

ઢાલ દશમી

(લલનાની દેશી.)

શુદ્ધ ધર્મથી નવિ ચળે, અતિ દૃઢ ગુણ આધાર લલના;
તો પણ જે નહિ એહવા, તેહને એ આગાર લલના ૧
બોલ્યું તેહવું પાળીએ, દૃંતીદૃંત સમ બોલ લલના,
સજ્જનને દુર્જનતણા, કચ્છપકોટિને તોલ લલના બો૦ ૨
રાજા નગરાદિક ઘણી, તસ શાસન અભિયોગ લલના;
તેહથી કાર્ત્તિકની પરે, નહિ મિથ્યાત્વસંયોગ લલના બોલ્યું૦ ૩
મેળો જનનો ગણ કહ્યો, બળ ચોરાદિક જાણ લલના;
ક્ષેત્રપાળાદિક દેવતા, તાતાદિક ગુરૂઠાણ લલના બો૦ ૪
વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ કાંતાર લલના;
તે હેતે દૂષણ નહીં, કરતાં અન્ય આચાર લલના બો૦ ૫

સમકિતની છ ભાવનાનું સ્વરૂપ

ઢાલ અગીયારમી

(પાંચ પોથી રે ઠવણી પાઠાં વિટાંગણાં–એ દેશી)

ભાવીજે રે, સમકિત જેહથી રૂઅડું,
તે ભાવના રે, ભાવો કરી મન પરવડું;
જો સમકિત રે, તાજું સાજું મૂળ રે,
તો વ્રતતરુ રે, દીએ શિવફળ અનુકૂળ રે, ૧

(હરિગીત છંદ)

અનુકૂળ મૂળ રસાળ સમકિત, તેહ વિણ મતિ અંધ એ,
જે કરે કિરિયા ગર્વભરિયા, તેહ જુઠો ધંધ એ;
એ પ્રથમ ભાવના ગુણે રૂડી, સુણો બીજી ભાવના,
બારણું સમકિત ધર્મપુરનું, એહવી તે પાવના. ૨

(ઢાળ)

ત્રીજી ભાવના રે, સમકિતપીઠ જો દૃઢ ગ્રહી,
તો મોટો રે, ધર્મપ્રાસાદ ડગે નહીં;
પાયે ખોટે રે, મોટે મંડાણ ન શોભીએ;
તેણે કારણે રે, સમકિતશું ચિત્ત થોભીએ ! ૩

(હરિગીત છંદ)

થોભીએ ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવીએ,
સમકિત નિધાન સમસ્ત ગુણનું, એહવું મન લાવીએ;
તે વિના છુટાં રત્નસરિખા, મૂળ ઉત્તર ગુણ સવે,
કિમ રહે ? તાકે જેહ હરવા, ચોરજોર ભવેભવે. ૪

(ઢાળ)

ભાવો પંચમી રે, ભાવના શમ દમ સાર રે,
પૃથ્વી પરે રે, સમકિત તસ આધાર રે;
છઠ્ઠી ભાવના રે, સમકિતભાજન જો મળે,
શ્રુત શીલનો રે, તો રસ તેહથી નવિ ઢળે. ૫

(હરિગીત છંદ)

નવિ ઢળે સમકિત ભાવના રસ, અમિય સમ સંવરતણો,
ષટ ભાવના એ કહી એહમાં, કરો આદર અતિ ઘણો,
ઈમ ભાવતાં પરમાર્થ જલનિધિ, હોય નિત્ય ઝકઝોલ એ,
ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે, ચિદાનંદ કલ્લોલ એ. ૬

સમકિતના છ સ્થાનકનું સ્વરૂપ

ઢાલ બારમી

(મંગળ આઠ કરી જસ આગળ–એ દેશી)

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહનાં ષટવિધ કહીએ રે,
તિહાં પહિલું થાનક તે ચેતન, લક્ષણ આતમ લહીએરે;
ખીરનીર પરે પુદ્ગલમિશ્રિત, પણ એહથી છે અળગોરે.
અનુભવ હંસચંચુ જો લાગે, તો નવિ દીસે વળગોરે. ૧

બીજું થાનક નિત્ય આતમા, જે અનુભૂત સંભારે રે,
બાળકને સ્તનપાનવાસના, પૂરવ ભવ અનુસારે રે;
દેવ મનુજ નરકાદિક તેહના, છે અનિત્ય પર્યાયો રે,
દ્રવ્યથકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમરાયા રે. ૨

ત્રીજું સ્થાનક ચેતન કર્તા, કર્મતણે સંયોગે રે,
કુંભકાર જિમ કુંભતણો જગ, દંડાદિક સંયોગેરે,
નિશ્ચયથી નિજ ગુણનો કર્ત્તા, અનુપચરિત વ્યવહારે રે,
દ્રવ્યકર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે. ૩

ચોથું થાનક ચેતન ભોકતા, પુણ્ય પાપ ફળકેરો રે,
વ્યવહારે નિશ્ચય નય દ્રષ્ટે, ભુંજે નિજ ગુણ નેરો રે;
પાંચમું થાનક પરમ પદ, અચલ અનંત સુખવાસોરે,
આધિ વ્યાધિ તન મનથી લહીએ, તસ અભાવે સુખખાસો રે. ૪

છટું થાનક મોક્ષતણું છે, સંજમ જ્ઞાન ઉપાયો રે,
જો સહેજે લહીએ તો સઘળે, કારણ નિષ્ફળ થાયો રે;
કહે જ્ઞાનનય જ્ઞાન જ સાચું, તે વિણ જૂઠી કિરિયા રે,
ન લહે રૂપું રૂપું જાણી, સીપ ભણી જે ફરિયા રે. ૫

કહે કિરિયાનય કિરિયા વિણ જે, જ્ઞાન તેહ શું તરશે રે ?
જલ પેસી કર પદ ન હલાવે, તારુ તે કિમ કરશે રે ?
દૂષણ ભૂષણ છે ઈહાં બહોળાં, નય એકેકને વાદે રે,
સિદ્ધાંતિ તે બેહુ નય સાધે, જ્ઞાનવંત અપ્રમાદેરે. ૬

ઇણિ પરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહેરે,
રાગદ્વેષ ટાળી મન વાળી, તે શમસુખ અવગાહે રે;
જેહનું મન સમકિતમાં નિશ્ચલ, કોઈ નહીં તસ તોલેરે,
શ્રીનયવિજય વિબુધપયસેવક, વાચકજસ ઇમબોલેરે, ૭

ઇતિ શ્રી સમકિતના સડસઠ બોલની સજ્ઝાય સંપૂર્ણ.

સમકિતના સડસઠ બોલની ટૂંક નોંધ.

ચાર સદ્દહણા—૧ પરમાર્થસંસ્તવ-જીવાદિક તત્ત્વનું જાણપણું.

૨ પરમાર્થજ્ઞાતૃસેવન--પરમાર્થના જાણનાર ગુરુની સેવા

૩ વ્યાપન્નદર્શનવર્જન-હીનાચારીએવા કુગુરુનો સંગ તજવો

૪ કુદર્શનસંસ્તવવર્જન-મિથ્યાદર્શનીનો પરિચય તજવો.

ત્રણ લિંગ—૧ શુશ્રૂષા-ધર્મ સાંભળવાની અભિરુચિ.

૨ ધર્મરાગ-ભૂખ્યા અને અટવી ઉતરીને બહાર આવેલા બ્રાહ્મણને સારાં ઘેબર મળતાં તેને જેવી ખાવાની ઇચ્છા થાય તેવી ધર્મ મેળવવાની ઇચ્છા.

૩ વૈયાવચ્ચ-દેવગુરુની ભક્તિ-બહુમાનાદિ કરવું તે.

દશપ્રકારનો વિનય-૧ અરિહંત દેવનો, ૨ સિદ્ધ ભગવાનનો, ૩ જિનચૈત્યનો, શ્રુત-સિદ્ધાંતનો, ૫ યતિધર્મનો, ૬ સાધુવર્ગનો, ૭ આચાર્યમહારાજનો, ૮ ઉપાધ્યાયજીનો. ૯ પ્રવચન-સંઘનો અને ૧૦ સમ્યગદર્શન-સમકિતનો.

ત્રણશુદ્ધિ-૧ મનઃશુદ્ધિ, ૨ વચનશુદ્ધિ અને ૩ કાયશુદ્ધિ.

પાંચદુષણ-૧ શંકા-જિનવચનમાં શંકા, ૨ કાંક્ષા-પરમતની વાંચ્છા, ૩ વિચિકિત્સા-ધર્મના ફળનો સંદેહ, ૪ મિથ્યાત્વીની પ્રશંસા અને ૫ મિથ્યામતિનો પરિચય.

આઠ પ્રભાવક-૧ શાસ્ત્રપારગામી, ૨ અપૂર્વ ધર્મોપદેશક, ૩ પરવાદીને નિરુત્તર કરનાર વાદી, ૪ નૈમિત્તિક, ૫ તપસ્વી, ૬ મંત્ર અને વિદ્યામાં પ્રવીણ, ૭ સિદ્ધિસંપન્ન અને ૮ શ્રેષ્ઠ કવિતા કરનાર.

પાંચભૂષણ-૧ જિનશાસનમાં કુશળતા, ૨ જિનશાસનની પ્રભાવના, ૩ તીર્થસેવા, ૪ ધર્મમાં નિશ્ચળતા અને ૫ શુદ્ધ દેવગુરુની ભક્તિ.

પાંચ લક્ષણ–૧ ઉપશમ, ૨ સંવેગ, ૩ નિર્વેદ, ૪ અનુકંપા અને ૫ આસ્તિકય.

છ યતના–૧ પરતીર્થિકાદિને વંદન, ૨ નમસ્કરણ, ૩ કુપાત્રમાં પાત્રની બુદ્ધિએ ભક્તિપૂર્વક દાન દેવું તે, ૪ અનુપ્રદાન–વારંવાર દાન આપવું તે, ૫ આલાપન, ૬ સંલાપન–આ છ પ્રકારે જયણા પાળવાથી–પરતીર્થીને વંદનાદી નહી કરવાથી સમકીત શોભે છે.

છ આગાર–૧ રાજાભિયોગ, ૨ ગણાભિયોગ, ૩ બલાભિયોગ, ૪ દેવાભિયોગ, ૫ કાંતારવૃત્તી–આજીવીકાને અંગે અણધારી મોટી આપત્તી આવી પડયે નીત્યનીયમવીરુદ્ધ કરવું પડે તે, ૬ ગુરુનીગ્રહ –વડીલના ઉપરોધથી પ્રતીજ્ઞાવીરુદ્ધ કરવું પડે તે.

છ ભાવના–સમકીતને ૧ ધર્મવૃક્ષનું મૂળ, ૨ ધર્મનગરનું દ્વાર, ૩ ધર્મમંદીરનો પાયો, ૪ ધર્મનો આધાર, ૫ ધર્મનું ભાજન અને ૬ ધર્મનો નીધી માને.

છ સ્થાન–૧ જીવ છે. ૨ જીવ નીત્ય છે, ૩ જીવ કર્મનો કર્ત્તા છે, ૪ જીવ કર્મનો ભોક્તા છે, ૫ મોક્ષ છે, ૬ મોક્ષપ્રાપ્તિના ઉપાય પણ છે. સમ્યગદર્શન[૧], સમ્યગજ્ઞાન[૨] અને સમ્યક્ચારિત્ર[૩] એ મોક્ષ મેળવવાના અવંધ્ય ઉપાય છે.

આ ૬૭ પૈકી પ્રથમના ૬૧ બોલ વ્યવહારસમકિતના છે અને છેલ્લા ૬ બોલ નિશ્ચયસમકિતના છે.

---

૧ આ ઉપર બતાવેલા ભેદોવાળું સમકિત. ૨ નિર્મળ બોધ. ૩ સદ્વર્તન, શીલસંતોષાદિ સદાચાર સેવન, અહિંસાદિ મહાવ્રતપાલન.

વણઝારાની સજ્ઝાય

નરભવ નગર સોહામણું વણઝારારે,
પામીને કરજે વ્યાપાર ।।અહો મોરા નાયકરે ।।
સત્તાવન સંવર તણી વણઝારારે, પોઠી ભરજે ઉદાર ।।અહો।।૧।।
શુભ પરિણામ વિચિત્રતા વણ, કરિયાણાં બહુમૂલ અહો ।
મોક્ષનગર જાવાભણી વણ, કરજે ચિત્ત અનુકુલ ।। અહો ।। ૨।।
ક્રોધ દાવાનલ ઓલવે વણ, માન વિષમ ગિરિરાજ અહો ।
ઓલંગજે હળવે કરી વણ, સાવધાન કરે કાજ ।। અહો ।। ૩ ।।
વંશજાળ માયા તણી વણ, નવિ કરજે વિશ્રામ અહો ।
ખાડી મનોરથ ભટતણી વણ, પૂરણનું નહિં કામ ।। અહો ।।૪।।
રાગદ્વેષ દોય ચોરટા વણ, વાટમાં કરશે હેરાન અહો ।
વિવિધ વીર્ય ઉલ્લાસથી વણ, તું હણજેરે ઠાય ।। અહો ।। ૫ ।।
એમ સવિ વિધન વિદારીને વણ, પહોંચજે શિવપુર વાસ અહો ।
ક્ષય ઉપશમ જે ભાવના વણ, પોઠે ભર્યા ગુણરાશ ।। અહો ।।૬।।
ક્ષાયિક ભાવે તે થશે વણ, લાભ હોશે તે અપાર અહો ।
ઉત્તમ વણજ જે એમ કરે વણ, પદ્મ નમે વારંવાર ।। અહો ।।૭।।

આત્મ સ્વભાવની સજ્ઝાય

આપ સ્વભાવમાંરે, અવધૂ સદા મગનમેં રહેના,
જગત જીવ હે કરમાધીના, અચરિજ કછુ અનલીના ।।આપા।।૧।।
તું નહીં કેરા કોઈ નહીં તેરા, કયા કરે મેરા મેરા ।
તેરા હે સો તેરી પાસે, અવર સભી અનેરા ।। આપ ।। ૨ ।।

વપુ વિનાશી તું અવિનાશી, અમહે ઇનકુ વિલાસી ।
વપુસંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી ॥આપા૩॥
રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા ।
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈશા ॥આપા૪॥
પારકી આશા સદા નિરાશા, એહે જગ જન પાસા ।
તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા ॥ આપ ॥પા॥
કબહિક કાજી કબહિક પાજી, કબહિક હુઆ અપભ્રાજી ।
કબહિક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલ કી બાજી ॥આપા૬॥
શુદ્ધ ઉપયોગને સમતા ધારી, જ્ઞાનધ્યાન મનોહારી ।
કર્મ કલંકકુ દૂર નિવારી, જીવ વરે શિવનારી ॥ આપ ॥ ૭ ॥

મૂર્ખ સ્વરૂપની સજ્ઝાય

જ્ઞાન કદિ નવ થાય, મૂરખને જ્ઞાન કદિ નવ થાય ।
કહેતાં પોતાનુ પણુ જાય, મૂરખને જ્ઞાન કદિ નવ થાય ॥એ આકણી॥
શ્વાન હોય તે ગંગાજળમાં, સો વેળા જો ન્હાય ।
અડસઠ તીરથ કરી આવે પણુ, શ્વાનપણું નવિ જાય ॥ મૂ૦ ॥૧॥
ક્રૂર સર્પ પયઃપાન કરતાં, સંતપણુ નવ થાય ।
કસ્તૂરીનું ખાતર જો કીજે, વાસ લસણુ નવ જાય ॥ મૂ૦ ॥ ૨ ॥
વર્ષા સમે સુગ્રીવ તે પક્ષી, કપિ ઉપદેશ કરાય ।
તે કપિને ઉપદેશ ન લાગ્યો, સુગ્રીવ ગૃહ વિખરાય ॥ મૂ૦ ॥ ૩ ॥
નદી માંહે નિશદિન રહે પણુ, પાષાણુપણું નવિ જાય ।
લોહ ધાતુ ટંકણુ જો લાગે, અગ્નિ તુરત ઝરાય ॥ મૂ૦ ॥ ૪ ॥

કાગ કંઠમાં મુક્તાફળની, માળા તેન ધરાય ।
ચંદન ચર્ચિત અંગ કરીજે, ગર્ધભ ગાય ન થાય ॥ મૂ૦ ॥ ૫ ॥
સિંહચર્મ કોઈ શિયાળ સુતને, ધારે વેષ બનાય ।
શિયાળ સુત પણ સિંહ ન હોવે, શિયાળપણું નવિ જાય ॥મૂ૦॥૬॥
તે માટે મૂરખથી અળગા, રહે તે સુખીયા થાય ।
ઉખર ભૂમિમાં બીજ ન ઉગે, ઉલટું બીજ તે જાય ॥ મૂ૦ ॥ ૭ ॥
સમકિત ધારીનો સંગ કરી જે, ભવ ભય ભીત મીટાય ।
મયાવિજય સદ્‌ગુરૂ સેવાથી, બોધિ બીજ પમાય ॥ મૂ૦ ॥ ૮ ॥

હિત શિક્ષાની સજ્ઝાય

આપે આપ સદા સમજાવે, મનમાં દુઃખ મત પાવે રે ।
કોઈ કીસીકો કામ ન આવે, આપકીયા ફલ પાવેરે ॥આપે ॥૧॥
જીમ પંખી તરૂએ મલી આવે, રજની વીતી જાવેરે ।
જીમ તીરથ મલી સવિ સોદ્દો,
કરી નિજ નિજ ઘર જાવે રે ॥ આપે ॥ ૨ ॥
આપ થકી કર્તવ્ય થયા જે, ભોગવે તેહ એકીલોરે ।
મારૂં મારૂં કરતો અહોનિશ, મૂઢપણે હોય ઘેલોરે ॥ આપે ॥૩॥
થિર નહિ એ સંસાર પ્રાણી, તન ધન યોવન વાનરે ।
જીમ સંધ્યાનો બાદલ રંગ, જીમ ચંચળ ગજકાનરે ॥ આપે ॥૪॥
એમ જાણીને ધર્મ આરાધો, આપે આપસભાહોરે ।
શ્રી જ્ઞાનવિમલ પ્રભુને ચિત્ત ધ્યાવો,
જીમ શિવસુખને પાવો રે । આપે આપ સદા સમજાવે ॥ ૫ ॥

શ્રી પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ—સમાપ્ત